Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
REGISTERED No. B. 1905

વર્ષ ૧૮ મું
ગ્રંથાંક ૨૧૬

વિવિધ ગ્રંથમાલા

સં૦ ૧૯૮૪
આસોમાસ

વાર્ષિક રૂા. ૪, પાકાં પૂંઠાં ૫)

आर्योना संस्कार

अथवा हिंदनी विद्याकळा

લેખકઃ–મોતીલાલ જેઠાલાલ મહેતા

મૂલ્ય ૦॥, સાદું પૂંઠું ૦॥

प्राप्तिस्थान–सस्तु साहित्य वर्धक कार्यालय

અમદાવાદ
ભદ્રપાસે

તંત્રી ભિક્ષુ–અખંડાનંદ.

મુંબઈ–૨
કાલબાદેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gurukul Library
Kangri

स्तोक प्रमाणीकरण १९८१-१९८२

14963

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવિધ ગ્રંથમાળા; ગ્રંથાંક ૨૧૬, વર્ષ ૧૮ મું, સંવત ૧૯૮૪

આર્યોના સંસ્કાર

અથવા હિંદની વિદ્યાકળા

લેખકઃ—મોતીલાલ જેઠાલાલ મહેતા—રાજકોટ.
અરવિંદ ઘોષનું તત્ત્વજ્ઞાન, ઇશોપનિષદ્,
પ્રેમકુસુમ, સેવાકુંજ વગેરેના લેખક.

CHECKED
Initial

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી
સંપાદક અને પ્રકાશકઃ—ભિક્ષુ—અખંડાનંદ
સ્થળઃ અમદાવાદ અને મુંબઈ—૨

આવૃત્તિ બીજી, પૃષ્ઠ ૨૫૬, પ્રત ૫૩૦૦, સં. ૧૯૮૫
પાકુ પૂંઠું ૦।।, સાદુ ૦।≈ પો૦ જૂદું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"છાપવા છપાવવાની સર્વને છૂટ"

* ओ३म् *
पुस्तक की संख्या.....63ग
च
पुस्तकालय-पञ्जिका-संख्या.....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकता। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

અમદાવાદ "સસ્તુ સાહિત્ય મુદ્રણાલય" માં
ભિક્ષુ-અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે નીચેનાં પુસ્તકો તૈયાર થયાં છે.

પંચરત્નગીતા–સામાન્ય અક્ષરવાળી, મૂળ શ્લોક તથા ગુજરાતી ટીકા સાથે. કદ ઈંચ ૩॥×૫॥, પૃષ્ઠ ૭૩૬, પાકા પૂંઠા સાથે ૦॥, રેશમી અથવા શણીયું પૂંઠું ૦॥≈

શ્રીમદ્ ભગવદ્ગીતા–શ્રીધરી ટીકાનુસાર અર્થ સાથે, કદ ૩॥×૫॥, પૃષ્ઠ ૪૮૦, પાકુ ૦।≈, શણીયું અથવા રેશમી ૦।≈

શ્રીમદ્ ભગવદ્ગીતા–સરલાર્થ સાથે નવમી આવૃત્તિ. કદ ૩॥×૫॥, પૃષ્ઠ ૨૭૨, સાદુ પૂંઠું ૦)≈ પાકુ ૦)≈ શણીયું ૦।

અમદાવાદ બહાર મુંબઇમાં તથા અન્ય સ્થળોના વેચનાર ગીતામાં ૦)૦॥ ને પંચરત્નમાં ૦)≈ વધુ લેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

संवत १९८४ नो पृष्ठमेळ

"विविध ग्रंथमाळा"ना अढारमा-संवत १९८४ ना वर्षमां नीकळेलां पुस्तकोनी विगतः-

ग्रंथांक	ग्रंथनुं नाम	मूल्य	साद्दुं	पृष्ठ
२०५ थी २०६	छोटमनी वाणी ग्रंथ ७ मो	१)	०।।।	२७६
२०७ थी २१०	शुभसंग्रह-भाग ४ थो	१।।	१।	४१६
२११ थी २१४	स्वामी श्री भास्करानंदजी अने विज्यकृष्ण गोस्वामी	१।।	१।	४७२
२१५	श्रीपंचरत्नगीता	०।।=	०।।=	६८८
२१६	आर्योना संस्कार	०।।	०।=	२५६
		५)=	४।	२०६८

उपली संख्यामां शुभसंग्रहनां मोटां पृष्ठ बदल पृष्ठ २०८ तथा चार चित्रो बदल २८ पृष्ठ उमेरी लइ तेमांथी छेल्लां बे पुस्तकना टुंका कद बदल ७१४ नी संख्या बाद करवाथी पाकी पृष्ठसंख्या १९९० नी रहेशे.

ओ उपरांत ओ वर्षना पेटामां नीचलां बे पुस्तक वधारानां अंकरूपे अपायां छे.

"भगवद्गीता"नो गुटको सरलार्थ अने साद्दां पूंठां साथे, सातमी आवृत्ति, कद ७।।×५।।, पृष्ठ २५६, मूल्य ०)=

"प्रभुमय जीवन"नी त्रीजी संशोधित आवृत्ति, पाकुं पूंठुं, कद ५×६ पृष्ठ १४४, मूल्य ०।=, ०।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Gurukula Library Kangri
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાસ સૂચના, ઇત્યાદિ

૧–આ સંસ્થાનાં પુસ્તકો જ્યાં જ્યાં સામયિક પત્રોના બદલામાં અથવા એવા કોઇ કારણસર મોકલાય, તે તે સજ્જનોએ તે વિષે અભિપ્રાય પણ આપવો જોઇએ એવું નથી. અભિપ્રાય આપવા માટે યોગ્યતા ઉપરાંત વાંચવા સમજવા માટે જે પરિશ્રમ અને સમયની જરૂર છે, તે પણ ધ્યાનમાં હોવાથી આ સંસ્થાનું પુસ્તક અભિપ્રાય માટે મોકલવું હોય ત્યારે તેવી વિનતિ સાથેજ મોકલાય છે.

૨–વિવિધ ગ્રંથમાળામાં હાલ (૫૪૯ ના કદનાં) વાર્ષિક ૧૬૦૦ પૃષ્ઠનો નિયમ છતાં આ વર્ષમાં ઉપર લખ્યા પ્રમાણે વિશેષ અપાયાનું મુખ્ય કારણ વાંચનારનું પુણ્ય સમજવાનું છે, અને તેથી પ્રત્યેક વાંચનાર બંધુ એ પુણ્યફળોનો અધિકાધિક સદુપયોગ કરી કરાવીને પોતાના જ્ઞાન–ચારિત્રને અધિકાધિક ઉન્નત કરતા ચાલે–અર્થાત્ પોતાનું સાચું કર્તવ્ય પ્રાપ્તવ્ય સમજી તથા સાધીને કૃતકૃત્ય બની રહે; એવી ભિક્ષા આ ભિક્ષુ માગે છે. જે બંધુઓ એવું તેવું અતિ અગત્યનું સ્વહિત સમજવા–સાધવાને બદલે સદ્ગ્રંથરૂપી પુણ્યફળોને માત્ર દેખાવ માટે કે ખોટા સંતોષ માટે સંઘરીજ રાખતા હોય એવાઓને પરમાત્મા સન્મતિ આપે.

૩–સાદાં પૂંઠાંનાં ગ્રાહકોને પાકાં પૂંઠાંવાળી "પંચરત્ન-ગીતા" મોકલવાનું એક એ કારણ પણ છે કે તે સજ્જનો પાકાં પૂંઠાંવાળાં પુસ્તકોનું અનેકગણું ટકાઉપણું ધ્યાનમાં લઇ બનતાં સુધી પાકાં પૂંઠાંના ગ્રાહક થાય. આ પુસ્તકનું વી. પી. સ્વીકાર્યા પછી પણ જે સજ્જનો પાકાં પૂંઠાં બદલ વધારાનો ૩ ૧) દીવાળી સુધીમાં મોકલી આપશે, તેમને પણ નવા વર્ષથી પાકાં પૂંઠાંવાળાં મોકલાશે.

CC-0.In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરવર્ષે અબજોના ખર્ચે હિંદમાં ચાલતું ખ્રિસ્તીઓનું પ્રચારકાર્ય

ભારતવર્ષમાં ખ્રિસ્તીઓનું પ્રચારકાર્ય કેટલું જોરશોરથી ચાલી રહ્યું છે તેનો ખ્યાલ બહુ થોડા ભારતવાસીઓને હશે. બ્રિટન, અમેરિકા, જર્મની વગેરેનાં જે અનેક મિશનો અહીં સતત પ્રચારકાર્ય કર્યે જાય છે, તેમને ભારતવાસીઓને ખ્રિસ્તી બનાવવા માટે પોતપોતાના દેશોમાંથી થોકબંધ પૈસા મળે છે. હિંદુ સમાજની માહિતી માટે એ મિશનોના કાર્યનો થોડોક અહેવાલ અત્રે આપીએ છીએ.

એકલા ભારતવર્ષમાં એવી ૭૦૦ ખ્રિસ્તી સંસ્થાઓ મોટા પાયા ઉપર કામ કરી રહી છે. તેમાં મુખ્ય આ પ્રમાણે છેઃ–

બ્રિટિશ મિશન પોતાના દેશમાંથી ભારતમાં ખ્રિસ્તી-ધર્મનો પ્રચાર કરવા માટે દર વર્ષે પોણાત્રણ કરોડ પૌંડથી કંઈક વધુ રકમ મેળવે છે. એજ પ્રમાણે અમેરિકન મિશન પોતાના દેશમાંથી લગભગ ૫ કરોડ પૌંડ મેળવે છે. સ્વીડન-નૉર્વે અને સ્વીટ્ઝર્લેન્ડનાં મિશનો ૮ લાખ પૌંડ તથા જર્મનીનું મિશન ૭૦૦૦ પૌંડ મેળવે છે. આ મદદ દર વર્ષે મળ્યાજ કરે છે. આ ધનથી અનેક ઉપાયોદ્વારા ખ્રિસ્તી બનાવવાનું કામ કરવામાં આવે છે. સાત હજારથી વધારે દેશી ખ્રિસ્તી તથા અઢારહજારથી વધારે વિદેશી પાદરીઓ એ મિશનોમાં કામ કરે છે. એ પાદરીઓમાં પુરુષો ઉપરાંત ૧૪૮૧ વિવાહિત સ્ત્રીઓ તથા ૨૪૦૮ કુમારિકાઓ છે. આ મિશનોનાં ઉપદેશકો તૈયાર કરનારાં ૬૧ વિદ્યાલયો, ૧૪૧ અનાથાલયો, ૧૭૦ શિલ્પવિદ્યાલયો, ૭૧૭ હાઇસ્કૂલો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૦૦૦ થી વધારે રવિવારની નિશાળો, ૬૮ ખેતીની શાળાઓ, ૫૦ કૉલેજો, ૬૪ ટ્રેનિંગ સ્કૂલો અને ૪૩ છાપખાનાંઓ ભારતવર્ષમાં છે. દેવળોના અધિકારીઓ તરફથી ૬૫ સ્કૂલ, ૬૯ વર્તમાનપત્ર અને ૪૦૦ થી વધારે દવાખાનાં કાયમનાં છે. આ મિશનો તરફથી ૧૫૦૦ ડૉક્ટરો અને નર્સો જનસમાજની મફત સેવા કરે છે અને ૫૦,૦૦૦ શિક્ષકો તાલીમ આપે છે. આ મિશનોની સ્કૂલો અને કૉલેજોમાં પાંચ લાખથી વધારે વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવે છે. આ મિશનોની સભાઓના સભાસદો લગભગ ૮ લાખ છે, અને આવક લગભગ ૧૬ લાખ છે.

શું ધર્મપ્રેમી દેશાભિમાની અને સમજુ હિંદુ શ્રીમાનોએ, અગ્રેસરોએ અને વિદ્વાનો વગેરેએ આ બાબત તરફ ધ્યાન નહિ આપવું જોઇએ કે ઉપર જણાવેલાં બધાં ખ્રિસ્તી અનાથાલયો, સ્કૂલો, કૉલેજો અને હસ્પીતાલો વગેરે **ભારતવાસીઓને ફસાવવવાની જાળો** છે? હિંદુઓ આ જાળોમાંથી પોતાનાં ભાઇબહેનોને બચાવવા માટે શું કરી રહ્યા છે? શું તેમનામાં એટલી પણ અક્કલ નથી કે જ્યાંસુધી આપણા તરફથી સરળ સ્વભાવવાળી હિંદુ જનતાની સગવડો માટે એના જવાબમાં પૂરતાં અનાથાલયો, સ્કૂલો, કન્યાપાઠશાળાઓ, દવાખાનાં વગેરે ખોલવામાં નહિ આવે, ત્યાંસુધી ખાલી વાતોના તડાકા મારવાથી આપણે ખ્રિસ્તીઓની સ્પર્ધા નહિ કરી શકીએ? આપણા દેશના ધનવાનો વગેરે હજી પણ શું યૂરોપીયનોની વિલાસિતાનું જ અનુકરણ કર્યા કરશે? તેમની દાનશીલતા અથવા ધર્મપ્રચારને માટે અબજો રૂપિયા ખર્ચવાના ઉત્સાહનું તેઓ દશમા ભાગે પણ અનુકરણ નહિ કરે?

(હિંદી "સુધા" માસિકમાંથી સ્વતંત્રાનુવાદ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रकाशकनुं निवेदन

"विविध ग्रंथमाळा"ना अढारमा (संवत १९८४ ना) वर्षनो आ छेल्लो अंक छे. आ पुस्तकनो विषय, हेतु, पहेली आवृत्ति, इत्यादि विषे आ पछी आपेली प्रस्तावनामां लेखक महोदये जणाव्युं छे.

तेओश्रीए छेल्ली वारनां प्रूफ पंडे जोई यथाशक्य सुधारो वधारो कर्यो तथा आ पुस्तक आ संस्था अने कोइपण माणस गमे तेटली वार (कोइने पूछ्या विना) छापे छपावे एवी परवानगी कांइ पण अदलो के शरत सिवाय आपी ते अदल आ संस्था तेमनो उपकार माने छे.

भाद्रपद–१९८५. भिक्षु–अखंडानंद.

अनुक्रमणिका

प्रकरण	विषय	पृष्ठ
१ लुं	विद्याकळानी तुलना	१ थी ३६
२ जुं	पुरुषार्थ	३७ थी ६४
३ जुं	समाजव्यवस्था	६५ थी १११
४ थुं	स्वराज्य	११२ थी १६०
५ मुं	मोक्ष	१६१ थी २२८

शुद्धिपत्र

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
७०	१२	એવા	એવી
१०३	१५	राणीना	राणी लक्ष्मीबाइना
१०६	२०	त्यां	तेने त्यां
१२१	५	अने	अने तेज प्रमाणे

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખકની પ્રસ્તાવના

કેવા પ્રકારનું જીવન સારૂં કહી શકાય, તે વિષે દેશકાળ પ્રમાણે મતભેદ ચાલ્યા કરે છે. જે વખતે જે દેશમાં જેવી વિદ્યા આપવામાં આવે છે, તે વખતે તે દેશમાં તેવી કળા માણસના જીવનમાં આવે છે.

એશિયાની વિદ્યાકળા પહેલાં હતી તેવી હમણાં નથી અને યૂરોપની વિદ્યાકળા પણ પહેલાં હતી તેવી હમણાં નથી. વળી યૂરોપ, એશિયા અને બીજા ખંડોમાં રહેતા માણસોની કેળવણીમાં અને તેમના જીવનમાં હજુ ફેરફાર થયા કરે છે. કોઈ પણ દેશમાં મોટા ફેરફાર કોઇ તેજસ્વી, તપસ્વી કે જ્ઞાની માણસથી થાય છે. તે પોતાના તેજથી લોકોનાં મન વશ કરી તેમને નવા વિચાર આપી તેમનાં જીવન ફેરવે છે. આ સામાન્ય નિયમ હોવાથી હિંદમાં પણ મોટા ફેરફાર આવાજ માણસ કરી શક્યા છે અને કરી શકશે; તેથી બીજાનું ભલું કરવા ઇચ્છતા માણસે પોતે પહેલાં તેજસ્વી થવું જોઇએ.

તેજસ્વી માણસ, લોકો તરફથી મળતાં વખાણથી પોતાની કિંમત આંકતો નથી. તે પોતાના ગુણ અને દોષ બન્ને જાણે છે, તેથી ગુણનું અભિમાન રાખતો નથી. જ્યાં અભિમાન નથી ત્યાં આત્મભોગ છે, ત્યાં ખરી નીતિ અને સેવાભાવ છે.

હાલના વખતમાં માણસને સુધારવા માટે દરેક બાબતમાં માણસ ઉપર ધારા, ધોરણ, નિયમ વગેરે એટલા બધા વધી ગયા છે કે જાણે તેનાથીજ માણસની ઉન્નતિ થઇ શકવાની હોય. અમુક અંશે તેનાથી લાભ છે, પણ માણસનું માણસપણું તેટલામાં સમાઇ જતું નથી. માણસના રચેલ કાયદાથી માણસનું આખું જીવન બાંધી દેવું જોઇએ નહિ. જે માણસ કાયદાથી છૂટો રહી શકે છે તે કાયદાની ભૂલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇ શકે છે. ગુન્હેગારને શિક્ષા કરનાર ન્યાયાધીશ પોતે પોતાના જીવનમાં કેટલી ભૂલો કરતો હશે તે કોણ જુએ છે? વળી એક દેશમાં એક વખતે જે બાબત ગેરકાયદેસર મનાય છે, તેજ બાબત તે દેશમાં બીજે વખતે અથવા બીજા દેશમાં તેજ વખતે કાયદેસર મનાય છે. જેમ વખત બદલાય છે, તેમ ગુન્હેગારને બદલે ન્યાયાધીશને શિક્ષા કરવાનો પ્રસંગ આવે છે.

મનુષ્યના જીવનમાં, જીવનનો હેતુ કયે વખતે કેવો રહે છે તે ઉપર કાયદાનો આધાર છે. જ્યારે આત્મજ્ઞાન મેળવવું એ જીવનનો હેતુ હોય છે, ત્યારે ગરીબાઇ અથવા અપરિગ્રહ એ ભૂષણ મનાય છે. જ્યારે અર્થપ્રાપ્તિ એ જીવનનો હેતુ મનાય છે ત્યારે ગરીબ રહેવું એ પાપ મનાય છે. સ્ત્રીપુરુષોનો સંબંધ પણ દેશકાળ પ્રમાણે ફરતો રહે છે. તેનાં અનેક દૃષ્ટાંત મળી શકે છે. તે ઉપરાંત કેટલાક ચોર નીતિવાન હોય છે અને ધનવાનો અનીતિવાન પણ હોય છે. ત્યારે ખરી નીતિ કોને કહેવી?

સામાન્ય રીતે કાયદા બાંધનાર માણસો જે પ્રકારના સ્વભાવવાળા હોય છે, તે પ્રકારના કાયદા સમાજમાં આવે છે. જ્યારે બ્રાહ્મણો રાજસત્તા ભોગવતા ત્યારે તેઓને અનુકૂળ લાગતો તે ધર્મ સમાજમાં ચાલતો. ક્ષત્રિયો રાજસત્તા ભોગવતા ત્યારે તેમના હુકમ પ્રમાણે સમાજ ઉપર ફરજ રહેતી. વેપારીઓનું રાજ્ય થયું ત્યારે વેપારી નીતિ દાખલ થઇ અને મજુરોના રાજ્યમાં મજુરની નીતિ દાખલ થશે. જે વખતે જે દેશમાં જે પ્રકારની સમાજ સત્તામાં આવે છે, તે વખતે તે દેશમાં તેવા કાયદા હયાતીમાં આવે છે. હજુસુધી પૈસાદાર તે ગુણવાન મનાય છે; પણ મજુરોની સત્તાવાળી સમાજ નજીકમાં આવતી દેખાય છે. હાલ કાયદા પૈસાદારની તરફેણમાં છે. ગરીબોને ન્યાય મળતો નથી. ઘોડાની શરતમાં અને સટ્ટામાં ગમે તેટલો જુગાર રમાય તે માફ થાય છે; કારણ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે કામ પૈસાદાર માણસો કરે છે. પણ ગરીબ માણસો નાના ગામમાં નાની શેરીમાં પૈસા કે આનાની નાની રમત કરે તો પોલીસ તેને કેદ કરે છે. સમાજમાં સુંદર કપડાંથી સુશોભિત અને સુંદર મોટરોમાં ફરતાં અનેક ધનવાન સ્ત્રીપુરુષોનાં હૃદયમાં કેટલાં પાપ ભર્યાં હોય છે તે કોણ માપી શકે છે ? અને ભીખારીના વેશમાં આત્મજ્ઞાની પુરુષ ફરતો હોય તેને કેટલા માણસ ઓળખી શકે છે ? અને કેટલા માણસ તેને શરીરના રક્ષણમાટે જોઇતી થોડી ચીજો ખુશીથી આપે છે ?

'પોલ પત્રિકા'માં જે સાધુઓનાં વર્ણન આવે છે તેવા બધા સાધુ હોતા નથી. બધા સાધુઓ તરફ તિરસ્કારવૃત્તિ રાખવાથી સમાજનું જીવન સુધરશે નહિ. સમાજની ઉન્નતિ માટે આત્મજ્ઞાની પુરુષોની જરૂર હમેશાં રહેશે, તેથી તેમના પ્રત્યે માન રાખવું જોઇએ. તેમના શરીરના રક્ષણ માટે જે થોડી વસ્તુઓ જોઇએ તે આપવી પડશે, તેમને રહેવા માટે અને આત્મવિદ્યાનો પ્રચાર કરવા માટે આશ્રમો બાંધી આપવા પડશે. આ વાત હાલના રજોગુણી વાતાવરણમાં ભૂલી જવાય તેવો સંભવ છે તેથી લખવી પડી છે.

ઝાડ જીવે છે ત્યાંસુધી ઉગે છે, તેથી તેનામાં જ્ઞાન ઉત્પન્ન થતું નથી. માણસનું શરીર થોડાં વર્ષ સુધી વધે છે અને જ્યારે શરીરને વધવાનું કામ પૂરું થાય છે ત્યારે મન જાગ્રત થાય છે, બુદ્ધિ ખીલે છે; તેવીજ રીતે જ્યાંસુધી મન અને બુદ્ધિ વધે છે ત્યાંસુધી આત્માનું જ્ઞાન, તેની શક્તિ, તેની વિશાળતા, તેનો આનંદ મળતાં નથી. કેમકે તે અનુભવવા માટે મન અને બુદ્ધિનું કામ બંધ કરવું જોઇએ. જ્યારે આ પૃથ્વી ઉપર માનસિક શાંતિનો વખત હતો ત્યારે દિવ્ય જ્ઞાન અને દિવ્ય પ્રેમના અનુભવવાળા મહાત્માઓ પ્રમાણમાં વધારે દેખાતા હતા, હાલના વખતમાં પણ જે જે સ્ત્રીપુરુષો એવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંત વાતાવરણમાં રહે છે અથવા અંદરની શાંતિ રાખી શકે છે તેમને એવા સંયોગ મળે છે.

એટલું ખરું છે કે, દેશ અને કાળ પ્રમાણે બાહ્ય નીતિ અને બાહ્યધર્મ ફરવા જોઇએ. બધા દેશમાં કાયમ નીતિ સારી રહે એવા કાયદા રચવા હોય તો જૂદે પ્રકારે વિચાર કરવો જોઇએ.

સામાન્ય રીતે દોષવગરનો માણસ મળવો મુશ્કેલ છે; પણ તે પહેલાં દોષ કોને કહેવો તે સમજવું મુશ્કેલ છે. એક દૃષ્ટિએ જે કર્મ દોષરૂપ લાગે છે, તે બીજી દૃષ્ટિએ ગુણમય લાગે છે. આત્મદૃષ્ટિએ દોષમાં ગુણ દેખાય છે, અને ગુણ ખોટી જગ્યાએ હોય તો તે દોષ કહેવાય છે. કામવાસના પરસ્ત્રી ઉપર થાય તો તે દોષરૂપ છે, પણ તેજ પ્રેમ ભગવાન ઉપર થાય તો તે ગુણરૂપ છે. તેથી જે જે ક્રિયાથી આત્મ-જ્ઞાન થાય; આત્માની શક્તિ, વિશાળતા, આનંદ મળે; તે બધી ગુણમય કહી શકાય. સમાજની બધી નીતિનો ખાસ હેતુ માણસને પૂર્ણ કરવામાં હોવો જોઇએ; પણ આત્મજ્ઞાન માટે સમાજના કેટલાક ચાલુ નિયમોનું ઉલ્લંઘન કરવું પડે છે તે વખતે સમાજ તે કામને શું કહેશે ? જે વખતે જે દેશની સમાજે જે ધર્મ રાખ્યા હોય તેને તે વખતે ભાંગવા તે સમાજની દૃષ્ટિએ અનીતિ મનાય છે. તેથી સમાજે રચેલ ધર્મ સાચા છે કે નહિ, તેમના હેતુ શા છે, માણસના જીવનના બધા પ્રકારના પુરુષાર્થ માટે તે ઉપયોગી છે કે નહિ ? તે બાબત વિચાર કરવો જોઇએ. પણ જ્ઞાની માણસના વિચાર કેટલીક વાર સમાજ સહન કરી શકતી નથી. આથી માણસના જીવનમાં ઘણી ફરજ અને વિરુદ્ધ ફરજ એક વખતે આવી પડે છે; છતાં આપણે જેમ પોતાના આત્માનું કલ્યાણ ઇચ્છીએ છીએ, તેમ બીજાના આત્માનું પણ કલ્યાણ ઇચ્છી તે પ્રમાણે સમભાવ અને પ્રેમ રાખી વર્તવાથી ઘણી મુશ્કેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછી થાય છે. કેટલીક વાર બીજાનું ભલું કરવામાં પોતાને દુઃખ ભોગવવું પડે છે. તે વખતે દુઃખ ભોગવવામાં આનંદ આવવો જોઇએ. ઉત્તમ પુરુષના રસ્તા કાંટાવાળા હોય છે; તેથી જે સમાજના માણસો પોતે દુઃખ ભોગવી બીજાને સુખી કરવા ઇચ્છે છે, તે સમાજ ઉત્તમ કહી શકાય. પણ સુખ કોને કહેવું, દુઃખ કોને કહેવું ? તે વેપારી દૃષ્ટિથી નક્કી કરવાનું નથી. એક માણસ ગરીબને પૈસાની મદદ કરીને તેની ગરીબાઇ થોડા વખતને માટે દૂર કરે છે; અને બીજો અજ્ઞાનીને જ્ઞાન આપી તેનું જીવન સુધારવા પ્રયત્ન કરે છે. કદાચ એ બંને પ્રકારના ભલું કરનારાઓને દુઃખ આવી પડે છે; છતાં એમ ન કહી શકાય કે, જ્ઞાન આપનાર કરતાં ગરીબાઇ દૂર કરનારનું કામ વધારે સારું છે. માણસના જીવનમાં જેમ હોજરીની ક્રિયાની જરૂર છે, તેમ મનની ક્રિયાની પણ જરૂર છે. સૌ પોતપોતાની લાયકાત પ્રમાણે લાભ આપી શકે છે, પણ પોતાનુંજ કામ સારું અને બીજાનું ખરાબ એમ માનવું જોઇએ નહિ; અને કોઇ પણ રીતે સમાજનું જીવન ઉત્તમ થતું હોય તો મદદ કરવી જોઇએ. સમાજનો આદર્શ ખોટો લાગતો હોય તો બીકવગર ભૂલ બતાવવી જોઇએ. કારણ કે બધા માણસ સમાજના કાયદાના બંધનમાં રહે તો કોઇ માણસ સમાજને સુધારી શકે નહિ.

જે સુધારાથી લોકોનાં દુઃખ દૂર થાય તેનેજ ખરા સુધારા કહી શકાય. કેટલાક સુધારાથી લોકોનાં દુઃખ તાત્કાલિક મટે છે, પણ તે પાછાં ઉત્પન્ન થાય છે. અને કેટલાકથી તે મટે છે તે પાછાં ઉત્પન્ન થતાં નથી. જે સુધારાથી દુઃખ કાયમને માટે મટે તેજ ખરા સુધારા કહી શકાય; અને આવા સુધારા જે દેશમાં હોય, તેજ દેશને વિદ્વાન અને કળાવાન કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાયમનું સુખ ત્યારેજ મળે કે જ્યારે સુખ માટે માણસને પોતા સિવાય બીજી વસ્તુની જરૂર ન પડે, અને પોતાનું સુખ પોતામાંથી મળે. આ લાભ માટે પોતે 'કોણ'? આ બધું શું? એ વગેરેનું તત્ત્વજ્ઞાન થવું જોઇએ; પણ આ બહુજ ઉપયોગી બાબત વેપારી અંગ્રેજી કેળવણીમાં ભૂલી જવાઇ છે.

અંગ્રેજી વિદ્યાકળામાં વેપારીની દૃષ્ટિ છે. તેના સુધારા વેપારીના સુધારા છે, તેના લાભ વેપારીના લાભ છે, તેનું સુખ વેપારીનું સુખ છે. તેનાથી લોકોનાં દુઃખ કાયમને માટે દૂર થાય તેમ નથી. જ્યારે ધનવાન વધારે ધનવાન થાય છે, ત્યારે ગરીબ વધારે ગરીબ થાય છે. યંત્રોની મદદથી વધારે ઉત્પન્ન થતું ધન વેપારી રાજનીતિમાં ધનવાનને મળે છે. વળી ધનવાનના ધનની મદદથી ચાલતાં કેટલાંક ન્યુસપેપરો ધનવાનની લૂંટને પુરુષાર્થનું નામ આપે છે.

હિંદમાં એવા સુધારાની જરૂર છે, કે જેથી હિંદમાં જેને આદર્શ જીવન કહેવાય છે તે સિદ્ધ થઇ શકે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર હિંદના જીવનના આદર્શ છે. દેશનું ધન દેશમાં રહે, એટલુંજ નહિ પણ દેશનું ધન વધે એવા સુધારા કરવાથી અર્થ અને કામ એ બે પુરુષાર્થ સિદ્ધ થઇ શકે છે. આ વ્યાવહારિક લાભ છે અને વ્યાવહારિક સુખ માટે તેની જરૂર છે. તે ઉપરાંત બીજો એક પારમાર્થિક લાભ પણ બહુ જરૂરનો હોવાથી કેળવણી એવા પ્રકારની જોઇએ કે જેથી ધર્મ અને મોક્ષ એ બે પુરુષાર્થ સિદ્ધ થાય. આ કામ કંઇ ઇંગ્લાંડની વેપારી બુદ્ધિવાળી પાર્લામેન્ટના કમીશનના સભ્યો કરી શકે તેમ નથી. તેઓ પાર્લામેન્ટની સત્તાને આધીન છે અને પાર્લામેન્ટ અંગ્રેજ વેપારીઓની અને અંગ્રેજ મજુરોની અસર નીચે રહે છે.

ધર્મ અને મોક્ષ જેવા ઉત્તમ પુરુષાર્થ સિદ્ધ કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે અને લોકોને સારાં દૃષ્ટાંત દેખાડવા માટે રાજ્યના અમલદારોમાં નીતિનું જોર આવવું જોઇએ. વેપારી રાજ્યને સ્થાને ધર્મનું રાજ્ય સ્થાપન થવું જોઇએ. કલેક્ટર એટલે પૈસા ઉઘરાવનારની જગ્યાએ નિઃસ્વાર્થી ઋષિ એટલે સત્યદ્રષ્ટા અથવા મહાત્મા જેવા અમલદાર બેસવા જોઇએ.

વેપારી દૃષ્ટિવાળી યૂરોપની પ્રજા અને આત્માર્થી દૃષ્ટિવાળી હિંદની પ્રજાના સંબંધથી અહીંની વિદ્યાકળામાં ઘણી સેળભેળ થઇ છે. આવી સેળભેળવાળી વિદ્યાકળામાં સામાન્ય માણસને સત્ય સૂઝતું નથી. તેના જીવનમાં કેટલીક વખત એક ફરજની સામે બીજી ફરજ આવી પડે છે. જેમ પોતાના કુટુંબનું ભરણપોષણ કરવું એ એક ફરજ છે, તેમ સમાજ અને દેશની સેવા કરવી એ પણ દરેક માણસની ફરજ છે; અને પોતાના આત્માને ઓળખવો એ પણ દરેક માણસની જરૂરી ફરજ છે. ઘણી વખત એક ફરજ બજાવતાં બીજી તરફ બેદરકાર રહેવું પડે છે. આવાં ધર્મસંકટ બુદ્ધ, ચૈતન્ય, પ્રહ્લાદ, નચિકેતા, વિભીષણ, ભર્તૃહરિ, મીરાંબાઈ, મહર્ષિ અરવિંદ, મહાત્મા ગાંધી વગેરે તેજસ્વી સ્ત્રી-પુરુષોને નડ્યાં હતાં.

વિરુદ્ધ ફરજના સંકટ વખતે સામાન્ય માણસ સમાજના નિયમ પ્રમાણે પોતાની ફરજ નક્કી કરે છે. વિશેષ પ્રજ્ઞાવાળો માણસ માણસના રચેલ કાયદા કરતાં માણસના આત્માને વધારે માન આપે છે અને બે ફરજના સંકટ વખતે ઊંચી ફરજ સ્વીકારે છે. તે વખતે સત્યાગ્રહ શરૂ થાય છે. તે સમજે છે કે, સમાજમાં હું પણ એક અંગ છું અને મને સુધારવાથી સમાજ તેટલે અંશે સુધરી જશે. તે બીજા માણસને ખરાબ કહેવામાં પોતાનો વખત ખોતો નથી, પણ પોતાનું જીવનજ એવું કરે છે કે તેના સંબંધમાં આવે તે બધા માણસ તેના જીવનની મીઠી સુગંધ લઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશકાળ પ્રમાણે વિદ્યાકળામાં અને માણસની ફરજમાં ફેરફાર થયા કરે છે. જે ફરજ અદા કરવાથી નિત્યજીવન સુધરે તે સૌથી વધારે સારી કહી શકાય. તે માટે બીજી રીતે મળતો તાત્કાળિક લાભ મૂકવાની જરૂર પડે તો મૂકવો જોઇએ.

એમ સમજવું જોઇએ કે, મનુષ્યજીંદગી એ યુદ્ધક્ષેત્ર છે. તેમાં હાર-જિત બન્ને રહેલાં છે. તેમાં અનેક પ્રકારના લાભ-ગેરલાભ રહેલા છે. સામાન્ય માણસને તાત્કાળિક લાભ વધારે ગમે છે. તે એમ માને છે કે, આ જીંદગીમાં જેટલું સુખ ભોગવ્યું તેટલું પોતાનું. પાછળથી કોને ખબર છે કે શું થશે? આવી વૃત્તિ જીંદગીનો સટ્ટો કરાવે છે. સટોરીઓ સ્વભાવ કાળનો વિચાર કરતો નથી; પણ તેથી કાળ પોતાનું કામ બંધ કરતો નથી. માણસનું જીવન કાળને જીતવા માટે છે; કાળને વશ થવા માટે નથી. તેનો ઉપાય આ પુસ્તકના પાંચમા પ્રકરણમાં બતાવેલ છે.

યૂરોપની છેલ્લી લડાઇનું બી વેપારની હરીફાઇમાં હતું. તે હરીફાઇ હજુસુધી દૂર થઇ નથી; એટલું જ નહિ પણ ત્યાંની પ્રજાનો મુખ્ય આદર્શ વેપારની વૃદ્ધિ કરવામાં છે. તેથી હરીફ વેપારીઓમાં રાગદ્વેષ રહ્યા જ કરશે, પ્રજામાં રજોગુણ જોર કરશે અને તે લડાઇથી થોડો વખત શાંત થશે.

કોઇ પણ સમાજમાં સારો ફેરફાર કરવો હોય તો સમાજ પાસે ઉંચો આદર્શ મૂકવો જોઇએ. એ આદર્શ સિદ્ધ કરવામાં વેપારી લાભ મૂકવા પડે છે; પણ એકંદરે તેથી સમાજનું જીવન સારૂં થાય છે. રજોગુણની જગ્યાએ સત્ત્વગુણ દાખલ થવો જોઇએ. માણસમાં જ્ઞાન અને પ્રેમ વધવાં જોઇએ. તે કામ તેજસ્વી પુરુષો જ કરી શકે છે.

ઉત્તમમાં ઉત્તમ રાજ્યનો હેતુ માણસને વિદ્યાકળા આપી તેનો સ્વભાવ સુધારવામાં હોવો જોઇએ. જે રાજ્યમાં પ્રજાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાબે રાખવા ઘણા કાયદા બાંધવા પડે, તેનો રાજા રાજ્ય કરવાને લાયક નથી. જ્યાં આખી પ્રજાને રાજનીતિના વિચાર નિત્ય કરવા પડે છે, ત્યાં ઉત્તમ વિચારને જગ્યા મળતી નથી, ત્યાં જ્ઞાન અને પ્રેમ ઉત્પન્ન થતાં નથી, ત્યાં વિદ્યાકળામાં મોટી ખામી છે એમ જણાઈ આવે છે.

મોટર કેમ ચાલે છે તે જાણવાથી આપણે ક્યાં જવાનું છે તે જાણી શકાશે નહિ. તે માટે માણસના જીવનનો હેતુ સમજવો જોઇએ. ઘડિયાળનાં ચક્કર ગણવાથી ઘડિયાળના ઉપયોગની ખબર પડશે નહિ. માણસને ચીરી તેના જૂદા જૂદા ભાગ જોવાથી ખરો માણસ દેખાશે નહિ.

'સ્વરાજ્ય' એટલે શું ? એનો બરાબર વિચાર કર્યા વગર સરકારના બધા કામ ઉપર માત્ર ટીકા કરવાથી, અથવા તેમની હારથી ખુશી થવાથી, અથવા કોઇના કહેવાથી સરકારની સામે થવાથી, અથવા અંગ્રેજો આ દેશમાંથી ચાલ્યા જાય તો સારૂં એવું ઇચ્છવાથી, અથવા ન્યુસપેપરોમાં જનસમાજને ઉશ્કેરે તેવી ઉતાવળથી લખેલી વાતો સાચી માનવાથી 'સ્વરાજ્ય' મળશે નહિ અને મળશે તો નભાવી શકાશે નહિ. રાજ્ય મેળવવું અને રાજ્ય ચલાવવું એ સહેલું કામ નથી. હિંદુસ્થાનનું રાજ્ય બુદ્ધિપૂર્વક સારી રીતે ચલાવી શકે તેવા માણસો આ દેશમાં છે; પણ તેમની સંખ્યા મોટી નથી.

ઈંગ્લાંડમાં જેમ વેપારી બુદ્ધિવાળા માણસોની સત્તા ત્યાંની પાર્લામેન્ટ ઉપરથી દૂર કરવા માટે ત્યાંના મજુરોએ બુદ્ધિપૂર્વક દલીલોથી ત્યાંની પ્રજાને ખાત્રી કરી આપી કે, વેપારી બુદ્ધિના માણસોએ પોતાના સ્વાર્થ માટે પ્રજાનું જીવન બગાડયું છે અને મજુરોમાં તેના પ્રમાણમાં નિઃસ્વાર્થ બુદ્ધિ હોવાથી તેઓ જગતમાં સમભાવ લાવી શકશે. તેવીજ રીતે આ દેશમાં અંગ્રેજ રાજ્યથી થયેલ નુકસાન પ્રજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ મૂકવું જોઇએ; એટલું જ નહિ પણ જૂદી જૂદી જ્ઞાતિ-ઓ અને જૂદા જૂદા ધર્મોથી ઉત્પન્ન થયેલ ભેદો દૂર કરવા જોઇએ અને એટલું મનોબળ જે માણસો બતાવી શકશે તથા નિઃસ્વાર્થપણે બધાના લાભનો વિચાર કરી શકશે, તેજ ખરૂં સ્વરાજ્ય સ્થાપી શકશે.

એક દેશી રાજ્યના દિવાનને મેં એક વખત પૂછ્યું કે, અહીં પ્રજાની ઇચ્છાનુસાર રાજ્ય ચાલે એવી ધારાસભા ક્યારે દાખલ કરશો ? એટલે તે કહે કે, હજુ પ્રજામાં નિષ્પક્ષ-પાતી અને નિઃસ્વાર્થી માણસો જોઇએ તેટલા પ્રમાણમાં મળતા નથી. કાંઇક અંશે આ જવાબ સાચો છે; પણ એવા માણસો તૈયાર ન થઇ શકે એવું પણ નથી. તે માટે પ્રજાના માણસોને ઉત્તમ પ્રકારની કેળવણી આપવી જોઇએ.

શસ્ત્રબળમાં પ્રમાણમાં મુસલમાનો અંગ્રેજોથી નબળા છે. તેઓએ સેંકડો વર્ષ સુધી આ દેશમાં રાજ્ય કર્યું. તેઓને હિંદમાંથી કાઢી ન શક્યા તો હવે જે અંગ્રેજો શસ્ત્રબળમાં તેમનાય કરતાં ચઢીઆતા છે તેમને અહીંથી કાઢવાનું કામ સહેલું નથી. કદાચ ૧૮૫૭ ના બળવા વખતે હિંદુમુસલમાનનું જેવું ઐક્ય થયું હતું તેવા ઐક્યથી આ કામ બને; પણ ઇ. સ. ૧૯૨૦ પછી થયેલ ખીલાફતની ચળવળ પછી મુસલમાનો-ને સ્વરાજ્ય કરતાં ધર્મનો ઉદ્ધાર વધારે ગમે છે; અને હિંદુ અને મુસલમાની ધર્મોમાં ધર્મને નામે કેટલીક ખોટી રૂઢિઓ ચાલુ હોવાથી કોમ કોમ વચ્ચે ભેદ પડતાં વાર લાગતી નથી.

૧૮૫૭ ના બળવા પછી હિંદના મુખ્ય સેનાધિપતિ લૉર્ડ રોબર્ટસને પાર્લામેન્ટના કોઇ મોટા અંગ્રેજ અમલદારે પૂછ્યું હતું કે "હવે પછી હિંદમાં ફરીથી એવો બળવો થાય તેમ છે કે નહિ ?" ત્યારે તેણે જવાબ આપ્યો હતો કે, હિંદુ-સ્તાનના લોકોની ધર્મની લાગણી દુભાવશો તો થશે. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબમાં સ્વરાજ્યની ચાવી રહેલી છે. તે માટે ધર્મની કેટલીક ખોટી રૂઢિઓ દૂર કરવાની જરૂર છે, કે જેથી ધર્મને નામે ભેદ પડે નહિ; અને ધાર્મિક કેળવણી એવી આપવી જોઇએ કે સૌ પોતાનો ધર્મ બરાબર પાળે અને છતાં બીજા ધર્મવાળાને વિઘ્ન કરે નહિ અને બીજાના ધાર્મિક મત સહનશક્તિથી સાંભળે અને ધર્મને નામે વેર લે નહિ. એમ સમજીને કે, જે પ્રભુ હિંદુમાં છે, તેજ મુસલમાનમાં છે અને તેજ અંગ્રેજ, પારસી વગેરેમાં છે.

ખરી રીતે જોતાં હિંદુધર્મના મુખ્ય સિદ્ધાંતો અને મુસલમાની ધર્મોના મુખ્ય સિદ્ધાંતોમાં ફેર નથી. બન્નેમાં એકેશ્વરવાદ છે અને જે શ્રીકૃષ્ણ પરમાત્મા અને હજરત મહમદ પેગમ્બર (સલ) બન્ને હાલ મળે તો તેઓ વચ્ચે ગાઢ મિત્રતા તરત બંધાઇ જાય; પણ તેમના અનુયાયીઓ ખોટી રૂઢિઓના બંધનમાં આવી ગયા છે.

વળી અંગ્રેજો પણ અક્કલ વગરની પ્રજા નથી. તેઓની સંખ્યા આ દેશમાં થોડી છે તેથી અપ્રમાણિક રાજનીતિથી તેઓ આ દેશમાં લાંબો વખત રહી શકશે નહિ, એ વાતની તેમને ખબર છે.

આવા સંજોગોમાં પ્રજામાં સમભાવ લાવી પ્રજાનું જીવન સાચે માર્ગે દોરવું એ સામાન્ય બુદ્ધિનું કામ નથી. રશિયામાં મુડીવાળાની સત્તા તોડી મજુરોએ પોતાની સત્તા જમાવી છે અને ગરીબાઇ દૂર કરવા માટે દરેક માણસ ઉપર મજુરી કરવાની ફરજ નાખેલ છે. આ રીતે આર્થિક સમાનતા આવેલ છે; પણ મજુરીના ધર્મ દાખલ કરવામાં માનસિક શાંતિ માટે જે વખત જોઇએ તે મળતો નથી, તેથી તે પ્રજા પાસે મોટો દેશ હોવા છતાં અસંતોષ રહે છે. રશિયાના તે સિદ્ધાંતોનું બધી રીતે અનુકરણ કરવામાં લાભ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂદા જૂદા સ્વભાવના માણસો જૂદી જૂદી રીતે ગરીબાઇ દૂર કરે છે. તેનાં થોડાંક દૃષ્ટાંત નીચે આપેલ છે.

૧–સ્વરાજ્ય મેળવી, ખોરાકના પદાર્થો પરદેશ જતા અટકાવવા અને તે સસ્તા થાય તેટલા પ્રમાણમાં અહીં ઉત્પન્ન કરવા. આ કામ રાજનીતિકુશળ માણસો કરી શકે છે.

૨–પરદેશથી જે વસ્તુઓ આવતી હોય તે અહીં બનાવવી. આમાં કેટલીક વસ્તુઓ થોડા માણસની મહેનતથી થઇ શકે છે અને કેટલીક માટે મોટી કંપનીઓ સ્થાપવી જોઇએ. વળી કેટલીક જાતના વેપાર માટે રાજ્યની મદદની જરૂર રહે છે અને કેટલીક જાતના વેપાર માત્ર બુદ્ધિબળથી થઈ શકે છે. અહીં જે વસ્તુઓ બને તે બીજા દેશોના જેવીજ સારી થવી જોઇએ અને લોકોએ પણ સ્વદેશી વસ્તુઓ વાપરવાની ટેવ પાડવી જોઇએ.

૩–પૈસાદાર લોકો દેશના હાલના સંજોગો ધ્યાનમાં લઇ સાદી ટેવથી રહે અને વધારાનો પૈસો નવા હુન્નર-ઉદ્યોગમાં વાપરે તો મધ્યમ વર્ગના માણસોની ગરીબાઇ દૂર થાય તેમ છે. આ કામ નિઃસ્વાર્થી માણસ કરી શકે તેમ છે.

૪–ગામડાંઓમાં હજુ એટલી પડતર જમીન છે કે તેમાંથી ખોરાકની અને જરૂરીઆતની વસ્તુઓ ઉત્પન્ન થઇ શકે તેમ છે, રેંટીઆથી પોતાનાં કપડાંનું ખર્ચ બચાવી શકાય તેમ છે. જેઓને ગામડાંનું સાદુ જીવન ગમતું હોય તેઓ આ કામ કરી શકે છે.

૫–કોઇ વિદ્વાન માણસ આત્મજ્ઞાન તરફ વધારે લક્ષ આપે અને પોતાની કામવાસના ઓછી કરી સંયમથી રહે તો કુટુંબ બહુ વધે નહિ અને ગરીબાઇ બહુ નડે નહિ. જ્યારે દેશમાં ગરીબાઇ હોય ત્યારે નવી ઉત્પન્ન થતી પ્રજા દુઃખી થાય છે અને તેથી માબાપ પણ દુઃખી થાય છે. આ બાબત વિષે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Gurukula Library
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત મહાત્મા ગાંધીજીએ સૂચના આપી હતી. પણ આ કામ માત્ર સંયમવાળાં સ્ત્રીપુરુષોથીજ થઇ શકે છે. તેમાં સ્વરાજ્ય લેવાની હિંમત કરતાં પણ વધારે હિંમતની જરૂર છે.

૬–પૂર્ણ જ્ઞાની પુરુષોને ખોરાક શોધવા જવો પડતો નથી, પણ તેમની પાસે ખોરાક આવી પડે છે; કારણ કે તેમનો જીવ, જગત જેટલો મોટો હોય છે. કોઇ કોઈ મહાત્માઓ યોગસિદ્ધિથી બે માણસની રસોઇમાંથી બસોને જમાડી શકે છે. આવી તૈયાર રસોઇ કેવી રીતે આવે છે તે સામાન્ય દૃષ્ટિથી સમજાય તેવું નથી, છતાં આવા બનાવ પણ બને છે, એ વાત જેને અનુભવ હોય તે માની શકે છે. આત્માનું ક્ષેત્ર શક્યતાનું ક્ષેત્ર છે, ભક્તની દૃષ્ટિએ વરદાનનું ક્ષેત્ર છે. એનો અર્થ એમ નથી કે, ભગવાન પાસે ખાવાનું માગવાથી મળશે. ભગવાન કાંઈ બોર્ડિંગ હાઉસ રાખીને બેઠા નથી; પણ જે માણસને ભગવાનજ જોઇએ છીએ અને બીજું કાંઇ જોઇતું નથી, તે માણસ ભૂખે મરશે નહિ અથવા તેને ભૂખ લાગશે નહિ. ચકલા અને ચકલીઓ દાણો વાવતાં નથી, અને લણતાં પણ નથી; પણ આવી દૃઢતા વિરલ પુરુષોજ રાખી શકે છે. આ ધર્મ સામાન્ય માણસમાટે ચાલે તેમ નથી.

આ પ્રમાણે જૂદા જૂદા પ્રકારના સ્વભાવવાળા માણસો ગરીબાઇ દૂર કરવા જૂદા જૂદા માર્ગ લઇ શકે છે. જેમ હાલ જે બચ્યું હોય છે તે પાછળથી માણસ થાય છે, તેમ હાલ જે વિચાર આવે છે તેમાંથી ભવિષ્યનું જીવન ઘડાશે. માટે હાલના વિચાર સુધારી શકાય તો ભવિષ્ય એની મેળેજ સુધરી જશે. જેને વખતનો સદુપયોગ કરતાં આવડે છે તેનું જીવન દિનપ્રતિદિન સારૂં થતું જાય છે.

બાળકની કેળવણી શરૂ કરતી વખતે જાણે કે તેનામાં સમજણશક્તિ ન હોય, તેમ માની તેના ઉપર શિક્ષકની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજણ નાખવામાં આવે છે. આને ઉત્ક્રાન્તિવાદ કહે છે. સાપેક્ષવાદ પ્રમાણે બાળકને આત્મા છે એમ મનાય છે અને શિક્ષક પોતે જો બાળકનો આત્મા જાગ્રત કરી શકે તો જે શિક્ષણ લેતાં તેને ૨૫ વર્ષ લાગે, તે ૨૫ દિવસમાં પણ મળી શકે. મદાલસાનું હાલરડું જેણે સાંભળ્યું હશે તે આ બાબત સહજ સમજી શકશે. આ પદ્ધતિ હિંદમાં સેંકડો વર્ષો પહેલાં પ્રચલિત હતી. યૂરોપમાં અને અમેરિકામાં હવે તે દાખલ થતી જાય છે. પ્રૉ. ઈન્સ્ટીનની નવી શોધથી આ પદ્ધતિને ઘણો ટેકો મળશે; પણ આ દેશમાં તે દાખલ થતાં ઘણાં વર્ષ લાગશે એમ જણાય છે; કારણ કે તે માટે યોગ્ય શિક્ષકો તૈયાર થવા જોઇએ.

આ પુસ્તકમાં પહેલા પ્રકરણમાં યૂરોપની અને અહીંની વિદ્યાકળાની તુલના કરી છે. વળી કેટલાક માણસો પ્રારબ્ધ ઉપર આધાર રાખે છે અને કેટલાક પુરુષાર્થ ઉપર આધાર રાખે છે; તેથી બીજા પ્રકરણમાં પુરુષાર્થનો વિચાર કરેલ છે. યૂરોપની વિદ્યાકળાની અસરથી અહીંની સમાજમાં કેટલીક અવ્યવસ્થા ઉત્પન્ન થઇ છે; તેમાં સાચો રસ્તો માણસ શોધી શકે તેટલા માટે ત્રીજા પ્રકરણમાં સમાજવ્યવસ્થા વિષે લખેલ છે. ચોથા પ્રકરણમાં સ્વરાજ્યનો વિચાર વ્યાવહારિક અને પારમાર્થિક દૃષ્ટિથી કરેલ છે. કારણ કે તે બાબતમાં ઘણા વિદ્વાનોની બુદ્ધિ પણ ગોટે ચઢે છે. હિંદનો મુખ્ય પુરુષાર્થ 'મોક્ષ'પ્રાપ્તિનો હોવાથી પાંચમા પ્રકરણમાં તે વિષે થોડા વિચાર આપેલા છે. મોક્ષપ્રકરણમાં ધર્મ અને સાયન્સની એકતા કરી છે; એટલું જ નહિ પણ ઉત્ક્રાન્તિવાદ(ઇવોલ્યુશન)ની ભૂલો બતાવી, આત્મજ્ઞાનમાં સાપેક્ષવાદ(રીલેટીવીટી)ની નવી શોધનો ઉપયોગ સમજાવેલ છે.

આ પુસ્તકને અંતે ઋગ્વેદનું વાક્સૂત્ર આપેલ છે. તેમાં જણાવેલ આદિત્ય, રુદ્ર, અશ્વિન, સોમ, ત્વષ્ટા, પૂષા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવિષ વગેરે નામો આધિદૈવિક ભાવે યજ્ઞક્રિયામાં વપરાય છે. યજ્ઞનો ખરો અર્થ હમણાંના વિદ્વાનો શોધી શકયા છે. જેમ સુફીઓના સાહિત્યમાં 'સનમ' અને 'શરાબ'ના અર્થ આત્મજ્ઞાનમાં વપરાય છે, તેમ 'યજ્ઞ' અને 'સોમરસ' એ શબ્દો પણ આત્માનુભવ સમજવા માટે વૈદિક કાળમાં ઉપયોગમાં લેવાતા. યજ્ઞ એટલે આત્મસાક્ષાત્કાર માટે કરવો પડતો ત્યાગ. અશ્વ એટલે પ્રાણ અથવા ઇચ્છા અને અશ્વમેધ એટલે ઇચ્છા છોડવાથી થતો સમાધિલાભ. તેમાં સોમરસ એટલે આત્માનંદ મળે છે અને તે શરીરરૂપી કળશમાં ધારણ કરાય છે. સમાધિ અને સંયમથી જ્યારે સમ્યક્ દર્શન પ્રાપ્ત થાય છે, ત્યારે પરા વાણી ખુલે છે અને તે આત્મભાવે વાક્સૂત્રમાં જણાવેલ ભાવયુક્ત પોતાનું સ્વરૂપ વર્ણવે છે.

આ નાના પુસ્તકમાં મનુષ્યના જીવનની બધી મુશ્કેલીઓ કેવી રીતે દૂર થઇ શકે તે બતાવી શકાય તેમ નથી; અને બતાવી શકાય તોપણ બધા માણસને એકજ પ્રકારનું જીવન ગમતું નથી. માણસના સ્વભાવની રચના એવી વિચિત્ર પ્રકારની છે કે બધા માણસને બધી રીતે સંતોષ આપી શકાતો નથી. આવા સંજોગોમાં એક નાના પુસ્તકનો લેખક શું કરી શકે ? અને કેટલી આશા રાખી શકે ? આ પુસ્તકનો કેટલોક ભાગ અંદરની પ્રેરણાથી સહજ લખાયો છે. અંદરથી સહજ ઉત્પન્ન થતા વિચારો સૂચનારૂપ હોય છે, પણ એ સૂચનામાં નવા અર્થ સમાયેલ હોય છે. જે વાંચનાર તે અર્થ પકડી શકશે, તેને આમાંથી નવું જાણવાનું મળશે.

કર્મયોગનો વિશાળ અર્થ કરવો જોઇએ. શરીરનાં કર્મ, પ્રાણનાં કર્મ, મનનાં કર્મ અને આત્માનાં કર્મ, એ બધાં કર્મ છે. તે એકજ શક્તિથી ચાલે છે; પણ માણસની વિચારશક્તિ તે રચના સમજી શકતી નથી. તેનું કારણ એ છે કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસને જેવું જગત દેખાય છે તેવું જ ભગવાને રચેલ નથી.

સત્ય દૃષ્ટિ પ્રાપ્ત કરી આપવી એ હિંદની વિદ્યાકળાનો મહિમા છે, આર્યોના સંસ્કારનું ફળ છે.

આ પુસ્તકની પહેલી આવૃત્તિ મારા વડીલ શ્રી. રેવાશંકર જગજીવન ઝવેરીની મદદથી યોગ્ય સ્થળે ભેટ આપવા માટે છપાવી હતી, અને વહેંચવામાં આવી હતી. પાછળથી ભિક્ષુ–અખંડાનંદજીએ સસ્તા સાહિત્યની ગ્રંથમાળામાં તે પ્રસિદ્ધ કરવાની ઇચ્છા જણાવવાથી આ પુસ્તકમાં યોગ્ય સુધારા વધારા કરી તે સંસ્થા ઉપરાંત બીજા પણ ગમે તે અને ગમે ત્યારે ગમે તેટલી વાર છાપે છપાવે એવી અનુમતિ આપવામાં આવે છે.

રાજકોટ,
ભાદ્રપદ–૧૯૮૫

મોતીલાલ જે. મહેતા

ખાસ સુચના

આ પુસ્તકની પહેલી આવૃત્તિની થોડીક નકલો જિજ્ઞાસુઓને અને લાયબ્રેરીઓને ભેટ આપવા માટે રાખેલી છે, તે નીચેને ઠેકાણે ત્રણ આનાની ટપાલની ટીકીટ મોકલવાથી મળી શકશે.

પ્રોફેસર કેશવલાલ હીમતરામ કામદાર. એમ. એ.
વડોદરા કૉલેજ, વડોદરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્યોના સંસ્કાર

અથવા હિંદની વિદ્યાકળા

પ્રકરણ ૧ લું—વિદ્યાકળાની તુલના

હિંદની ઉન્નતિ શી રીતે થાય ? એ પ્રશ્ન ઘણો ચર્ચાય છે. તેના સંતોષકારક ઉત્તર માટે " ઉન્નતિ " એટલે શું એ વિષે ચોક્કસ નિર્ણય થવો જોઈએ.

આ પૃથ્વી ઉપર જે પ્રવૃત્તિમય જીવન આજે સારૂં મનાય છે તે એક વખત સારૂં મનાતું નહોતું; અને એક વખત નિવૃત્તિમય જીવન સારૂં મનાતું હતું તે આજે સારૂં મનાતું નથી.

અને આજની દૃષ્ટિથી જે જીવન સારૂં મનાય તે પ્રમાણે સુધારા કરીએ તે ભવિષ્યના જીવનવિકાસમાં કદાચ વિઘ્નરૂપ થાય. તેથી જીવન સુધારવામાં કેવી વિદ્યા, કેવી કળા ઉપયોગી થાય તે માટે સૂક્ષ્મ વિચારની જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં જે નિવૃત્તિમય જીવન સારૂં મનાતું હતું તેનું કારણ સુખ મેળવવાનું હતું અને હાલ જે પ્રવૃત્તિમય જીવન સારૂં મનાય છે તેનું કારણ પણ તે માર્ગે સુખ મેળવવામાં રહેલ છે; અને વળી, મનુષ્યજીવનમાં વારંવાર જે સુધારા થાય છે તે પણ સુખ મેળવવા માટે થાય છે; છતાં એમ ન કહી શકાય કે, માણસજાતને સુખ મળ્યું છે અને એમ પણ ન કહી શકાય કે, સુખ મળ્યું નથી. કોઈ સુખ એવું હોય છે કે જેનો લાભ કોઇ દેશમાં કોઇ વખતે ઘણા માણસને મળે છે અને કોઇ દેશમાં કોઇ વખતે થોડા માણસને મળે છે. તેનું કારણ તે તે દેશના અને તે તે કાળના માણસોના સંસ્કાર ઉપર રહેલું હોય છે.

દરેક દેશમાં વિદ્વાનો અને તત્ત્વચિંતકો જીવન સુધારવા માટે નવા રસ્તા બતાવી શકે છે. તેઓ માણસના સ્વભાવમાં રહેલ ગુણદોષની પરીક્ષા સારી રીતે કરી શકે છે. જે મૌનવૃત્તિ રાખી મનન કરતા તે મુનિ કહેવાતા અને સત્ય જોઇ શકતા તે ઋષિ કહેવાતા. અરણ્યમાં પર્ણકુટિ બાંધી રહેવાથી અથવા ગુફાઓમાં રહેવાથી અને લાંબી દાઢી રાખવાથીજ મુનિ કે ઋષિ થઇ શકાતું નથી. તેટલી ક્રિયાથીજ ઋષિ કે મુનિ થવાતું હોય તો તે કામ સહેલું છે. પણ સત્યદ્રષ્ટા થવું સહેલું નથી. વ્યવસાયવાળી બુદ્ધિને સમાધિ પ્રાપ્ત થતી નથી. સમાધિવગર સંયમ નથી અને સંયમવગર સત્યનું જ્ઞાન થતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલ પશ્ચિમની અને પૂર્વની વિદ્યાકળામાં બહુ સેળ-ભેળ થઇ ગઇ છે. તેથી હિંદના ઉદ્ધારના પ્રશ્નમાં બન્ને પ્રકારની વિદ્યાકળાની તુલના કરવી જોઈએ. કોઇ કહે છે કે, હિંદ બહુ પડતી દશામાં છે અને એ વાત જે લોકો સ્વતંત્ર વિચાર કરી શકતા નથી તે તરત માની લે છે. પણ પડતી કોને કહેવી, ચઢતી કોને કહેવી, જૂદા જૂદા ટીકાકારો કેવી કેવી દૃષ્ટિથી વાત કરે છે, તેમાં કેટલી સાચી છે, કેટલી ખોટી છે, તે માટે સ્વતંત્ર વિચાર કરવો જોઇએ.

મુંડક ઉપનિષદ્માં એક એવી કથા છે કે, દેવોમાં પહેલાં બ્રહ્મા ઉત્પન્ન થયા. તેમણે સર્વ વિદ્યામાં ઉત્તમ એવી બ્રહ્મવિદ્યા પોતાના મોટા પુત્ર અથર્વને સંભળાવી. અથર્વે અંગિરને આપી. અંગિરે ભારદ્વાજને અને ભારદ્વાજે અંગિરસને આપી. અંગિરસ ઋષિ પાસે શૌનક મુનિ ગયા અને તેમને શિષ્યવૃત્તિથી પૂછયું કે "હે ભગવાન! શું જાણવાથી આ સર્વ જાણ્યું એમ લાગે?" અંગિરસે જવાબ આપ્યો કે "બે વિદ્યા જાણવા લાયક છે; એક પરા અને બીજી અપરા. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ, જ્યોતિષ વગેરેનો 'અપરા' વિદ્યામાં સમાવેશ થાય છે, અને બીજી 'પરા' વિદ્યા કે જેથી **અક્ષર**નું જ્ઞાન થાય છે. **અક્ષર** તેજ કે જે આંખોથી જોઈ શકાતું નથી, હાથથી પકડી શકાતું નથી, જેને ગોત્ર નથી, જેને આપણા જેવી આંખો નથી, કાન નથી, હાથ નથી, પગ નથી; છતાં જે નિત્ય છે, વિશાળ છે, સર્વમાં વ્યાપક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, સૂક્ષ્મ છે, અમર છે. તેમાંથી પ્રાણીમાત્ર ઉત્પન્ન થયા છે એમ ધીર પુરુષો સમજે છે. જેમ કીડો પોતાની લાળ ઉત્પન્ન કરે છે અને વિંટાળી લે છે, જેમ પૃથ્વીમાં ઔષધિઓ ઉત્પન્ન થાય છે, જેમ પુરુષમાં વાળ, નખ વગેરે ઉત્પન્ન થાય છે તેમ તે **અક્ષરથી** આ વિશ્વ ઉત્પન્ન થયું છે.

તે **અક્ષર**નું જેથી જ્ઞાન મળે તે પરાવિદ્યા. તે એકનું જ્ઞાન થાય તો સર્વનું જ્ઞાન થાય, ન જાણ્યું એવું કાંઈ રહે નહિ. તે એક વસ્તુ જાણવાથી હૃદયની ગ્રંથિ ભેદાય છે, સંશય છેદાય છે, કર્મનો ક્ષય થાય છે, તેને સૂર્ય પ્રકાશ કરી શકતો નથી; ચંદ્ર, તારા, વિજળી પણ પ્રકાશ આપી શકતા નથી તો અગ્નિની શી શક્તિ! કારણ તેમાંથીજ તે સર્વને પ્રકાશ મળે છે.”

કથાનો ભાગ છોડી દઇએ અને ઉપદેશ તરફ જોઇએ તો જણાશે કે, એક વસ્તુના જ્ઞાનથી સર્વ વસ્તુનું જ્ઞાન થાય એવી વિદ્યા છે એમ નિશ્ચયપૂર્વક કહેવું એ સાધારણ માણસનું કામ નથી. જૈન દર્શનમાં આ ભાવને દ્રવ્યાર્થી નય કહે છે.

જેની પાસે ‘અપરા’ વિદ્યા હોય તે ‘અપરા’ આપી શકે. જેની પાસે ‘પરા’ હોય તે ‘પરા’ આપી શકે. જે ‘અપરા’ લેવાને લાયક હોય તે ‘અપરા’ લઇ શકે. જે ‘પરા’ લેવાને લાયક હોય તેને ‘પરા’ મળે છે. જેવી વિદ્યા તેવી કળા. જેવી કેળવણી તેવું જીવન. અંગ્રેજી કેળવણીથી તૈયાર થયેલ અહીંની પ્રજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનાં લંડન ઉત્પન્ન કરી શકે છે, પણ એક વસ્તુના જ્ઞાનથી સર્વ વસ્તુનું જ્ઞાન થાય એવી વિદ્યા અંગ્રેજી સંસ્કૃતિમાં દેખાતી નથી. અહીંની કેળવણીમાં હાલ બહુ સેળભેળ થયેલ છે. ઘણાં વર્ષ સુધી કેળવણી ખાતું અંગ્રેજ સરકારના હાથમાં રહ્યું અને પોતાને જે કેળવણી યોગ્ય લાગી તે કેળવણી તેણે આપી. તેના લાભ માટે આપણે જે શીખવું જોઈએ તે શીખ્યું. તેઓનો લખેલ હિંદનો ઈતિહાસ ભણ્યા અને તેની આપેલ દૃષ્ટિએ હવે હિંદના ઉદ્ધારનો પ્રશ્ન થવા લાગ્યો છે.

અંગ્રેજી વિદ્યામાં જેટલું તત્ત્વ મનબુદ્ધિને સમજાય, આંખથી દેખાય, કાનથી સંભળાય, નાકથી સુંઘાય, ચામડીથી સ્પર્શ થાય, જેનો સ્વાદ જીભથી જાણી શકાય તેટલુંજ સાચું મનાય છે. એક વસ્તુના જ્ઞાનથી સર્વ વસ્તુનું જ્ઞાન થાય એ તેના વ્યવહારમાં કલ્પનામાત્ર છે. યૂરોપની વિદ્યાકળાના સંસ્કાર આપણામાં એટલા બધા દાખલ થઈ ગયા છે કે આપણે યૂરોપીયનના જેવી વિદ્યા અને કળા દાખલ કરીએ તોજ જગતમાં સંસ્કારી દેશ તરીકે ઓળખાઇ શકીએ, એમ ઘણાને લાગે છે.

પશ્ચિમની વિદ્યાકળાની દૃષ્ટિએ આપણે હજુ જંગલી દેશમાં છીએ અને તેના જેવા નહિ થઇએ ત્યાંસુધી જંગલીજ રહેવાના એમ મનાય છે. તેથી ત્યાંની અને આપણી વિદ્યાકળાની તુલના કરવી જોઇએ. યૂરોપને વ્યાવહારિક સત્ય જોઇએ છીએ. જે સત્ય, જે ધર્મ વ્યવહારમાં કામ લાગે, જેનાથી ધન વધે, વેપાર વધે, શરીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારૂં રહે, ચોખ્ખાં ઘર રખાય, ઉત્તમ કપડાં પહેરાય, વહાણો લઇ પરદેશ જવાય, જ્યાં નવા સંઘ બંધાય, નવા દેશો જીતાય તેવો ધર્મ યૂરોપને જોઇએ છીએ. આ ધર્મની દૃષ્ટિએ હિંદુસ્થાન હાલ પાછળ કહી શકાય; કારણકે હિંદને કોઇ દેશ જીતવાની ઇચ્છા થઇ નથી. વળી યૂરોપની દૃષ્ટિએ હિંદના ભગવાં વસ્ત્રધારી સાધુઓ વિચિત્ર રૂપે જોવામાં આવે છે; તેઓ એમ માને છે કે, શરીરે ભસ્મ ચોળી, આખો દિવસ ગાંજો પી, ગંગાજીને કાંઠે પગ ઉપર પગ ચઢાવી બેઠા રહેવાથી દેશને શો ફાયદો છે? જે વિદ્યાએ હિંદને પરાધીન કર્યું, જ્યાં શરીર નબળાં, મન નબળાં, જ્યાં પ્રજા પરતંત્ર, જ્યાં વર્તમાન જીવન તુચ્છ ગણવામાં આવે, જ્યાં પરલોકના વિચાર ઉપર ભાર દેવામાં આવે તે દેશની ઉન્નતિ ક્યારે થાય? જૂઠા સાધુઓનો જૂઠો સંગ, જૂઠી રૂઢિના જૂઠા અપવાસ, મનુષ્યજીવનને ક્ષણિક માની સુધારવું નહિ, પોતાનાજ મોક્ષની ઇચ્છા કરવી, બીજાને તેથી કેટલું નુકસાન થાય છે તેની દરકાર કરવી નહિ; કુટુંબની, દેશની શી દશા થવા લાગી છે તેનો વિચાર ન કરવો; શરીર, પ્રાણ, મન વગેરે જે સુખનાં સાધન છે તેને માયા માનવી, તેનું સુખ ન લેવું, એવા જ્યાં સંસ્કાર પડ્યા છે, તે દેશની ઉન્નતિ ક્યારે થાય? આગળ જંગલી હતા અને હજુ જંગલીજ રહ્યા. અંગ્રેજો માને છે કે, જ્યાં નેપોલિયન કે નેલ્સન જેવા પુરુષો પાક્યા નહિ, જ્યાં મૂર્તિઓ પણ એવી બનાવી છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇને ચાર હાથ તો કોઇને છ હાથ અથવા અર્ધું શરીર માણસનું અને અર્ધું પશુનું, જ્યાં વારંવાર પરદેશી પ્રજાના હુમલા આવ્યા કરે, જ્યાંનું રાજ્યબંધારણ પાકું થઈ ન શકયું, હિંદ એક દેશ છે એવો ભાવ જ્યાં પહેલેથી ઉત્પન્ન થયોજ નહિ, જ્યાંના સમાજના રિવાજો કઢંગા, ત્યાંની વિદ્યાકળાનો શો વિચાર કરવો? આવી વિદ્યાકળા શા કામની ?

એક અમેરિકન બાઇ મીસ મેયોએ પોતાના "હિંદમાતા"ના પુસ્તકમાં લખેલ છે કે, જ્યાં બાળલગ્નના પ્રચારથી પ્રજા શક્તિહીન થયેલ છે, જ્યાં પહેલી સુવાવડે અનેક સ્ત્રીઓ મરે છે, જ્યાં સુવાવડની માવજત પણ જંગલી રીતે થાય છે, જ્યાં પતિને પરમેશ્વરરૂપે મનાય છે, જ્યાં સતી થઇ બળી મરવાનો ચાલ પણ અંગ્રેજોએજ નાબુદ કર્યો, જ્યાં કૉલેજોમાંથી પાસ થઇ આવેલા વિદ્યાર્થીઓ સરકારને કહે છે કે " મને નોકરી આપો અથવા મોત આપો, " જ્યાં સાસુ વહુ ઉપર જુલમ ગુજારતી હોય અને તેજ વહુ સાસુ થયા પછી તેવોજ જુલમ ચાલુ રાખતી હોય, જ્યાં વિધવાઓ અનેક પ્રકારે દુરાચાર કરી આપઘાત કરે છે અને બાળહત્યા કરે છે, જ્યાં વિધવાઓ ફરીથી પરણી ન શકે અને તેના તરફ સૌ તિરસ્કારથી જુએ, જ્યાં અનેક સ્ત્રીઓ પડદામાં જીવન ગાળે છે અને દુનિયાનું સૌંદર્ય પણ જોઇ શકતી નથી, જ્યાં કન્યાઓ જન્મે ત્યારથી અપશુકન મનાય અને તે પરી કેળવણી પામે નહિ, જ્યાં બ્રાહ્મણો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોટાં શાસ્ત્રોના ખોટા અર્થ કરી લોકોને છેતરે, જ્યાં શૂદ્રોથી એક કૂવે પાણી પણ ન ભરાય, તેને અડાય નહિ, જ્યાં કેળવાયેલા માણસો ગરીબ માણસની દરકાર કરતા નથી, જ્યાં અનેક ભાષાઓ, નાત જાતના અનેક ભેદ, જ્યાં મોટી વસ્તી અજ્ઞાન બેકુતવર્ગની, જ્યાં પશુઓની પૂરી સંભાળ લેવાતી નથી, જ્યાં હિંદુમુસલમાન સંપથી રહી શકે નહિ, જ્યાં શહેરોની ગલીઓ ગંદી અને ગામડાનાં માટીનાં ઘરો ભાગ્યેજ સ્વચ્છ દેખાય, જ્યાં આવી ગંદી રહેણીકરણીથી અનેક રોગ ફેલાય, જે દેશ પૃથ્વીની મોટી મનુષ્યજનતિથી ભરેલો છે, તે આવી દશામાં રહે તો આખી પૃથ્વીનાં માણસોને મોટા ભયરૂપ છે. તે દેશ બીજાને પણ બગાડશે અને ન સુધરે તો જલદી મરે તે વધારે સારૂં છે. હિંદની સંસ્કૃતિ ઉપર આવા અનેક આક્ષેપો બીજા દેશના લોકો મૂકે છે.

અંગ્રેજી કેળવણીથી તૈયાર થયેલ જુવાનોને આ પ્રશ્નોના ઉત્તર જોઇએ છીએ. આનો ઉત્તર સંતોષકારક મળે તોજ હિંદની વિદ્યાકળા ઉપર તેમને ભાવ બેસે તેમ છે. આ પ્રશ્નોના સંતોષકારક ખુલાસા આપી શકાય તેમ છે, પણ તે પહેલાં આપણાં કેળવાયેલ જુવાનોએ નિષ્પક્ષપાત રીતે બન્ને વિદ્યાકળાની તુલના કરવી જોઇએ.

પહેલાં તો એ સમજવું જરૂરનું છે કે, યૂરોપમાં અર્થ અને કામ એ બેજ પુરુષાર્થ મનાય છે. ધર્મ પણ સામાન્ય રીતે જેટલો અર્થમાં કામ આવે તેટલોજ ઉપયોગી માનવામાં આવે છે. હિંદુસ્થાનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર પુરુષાર્થ મનાય છે. વર્તમાન કાળમાં અર્થ અને કામ એ બે પુરુષાર્થમાં યૂરોપ આગળ વધ્યું છે.

તે ઉપરાંત યૂરોપના માણસોના જીવનની સરેરાશ ઉંમર ૫૦ વર્ષની આવે છે. તેટલા વખતમાં ત્યાં બે પુરુષાર્થ પૂરા કરવાના રહ્યા. હિંદમાં સરેરાશ ઉંમર ૩૦ વર્ષની આવે છે અને તેટલા વખતમાં અહીં ચાર પુરુષાર્થ પૂરા કરવા પડે છે.

ઉપર બતાવેલ હિંદની કેટલીક બામીઓ સાચી છે અને સુધારવા લાયક છે. મનુષ્યના ટુંકા જીવનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર પુરુષાર્થ સિદ્ધ થાય એવી સમાજવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા અને ધર્મવ્યવસ્થા કરવાનું કામ સહેલું નથી. યૂરોપની પેઠે બેજ પુરુષાર્થ અહીં હોત–એટલે અર્થ અને કામમાંજ મનુષ્યજીવનનું સાર્થક થતું હોત તો તેવી વ્યવસ્થા આ દેશમાં થઇ હોત; પણ ચાર પુરુષાર્થ મનુષ્યના ટુંકા જીવનમાં સિદ્ધ કરવા એ કામ ઘણું મુશ્કેલ છે.

વળી વિદ્યા અને કળાનો સ્વભાવ ઘણી વખત વિરુદ્ધ રહે છે. જ્યારે આત્મજ્ઞાન તરફ વધારે લક્ષ રહે છે ત્યારે બહારના જીવનનો વિકાસ મંદ રહે છે; અને જ્યારે બહારના જીવનમાં રસ રહે છે ત્યારે આત્મજ્ઞાન મંદ રહે છે. આવી રચનામાં વિદ્યા અને કળા બન્ને સારાં રાખવાં એટલે કે અંદરનું અને બહારનું જીવન બન્ને બરાબર રાખવાં અને બે પુરુષાર્થથી તૈયાર થયેલ યૂરોપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની પ્રજાના હુમલાની સામે થવું એ કામ સહેલું નથી.

હાલના વખતમાં જે દેશ પૈસાદાર હોય તે સુધરેલો મનાય છે. પૈસો બીજા દેશોને લૂંટીને ભેગો કર્યો હોય તોપણ બધા ગુણ સોનામાં સમાઇ જાય છે. પૈસો મેળવવો તે એક પુરુષાર્થ છે, પણ તેટલામાંજ મનુષ્યજીવન સમાપ્ત કરવું હોય તો બીજા પ્રકારનું જંગલીપણું ઉત્પન્ન થયા વગર રહેશે નહિ. એવી રીતે કેળવાયેલ પ્રજા અધર્મથી પૈસો પેદા કરે છે, આખી પૃથ્વીને ભયરૂપ થાય છે અને માણસના ઉત્તમ સ્વભાવને વિકાસ પામવાને વખત આપતી નથી.

યૂરોપના હૃદયને પૂછો. તેણે જે પુરુષાર્થ કર્યો છે તેનાથી તેને સંતોષ થયેલ છે? અથવા તેના પુરુષાર્થમાં કાંઇ ખામી છે? અથવા તેને કોઇ નવો પુરુષાર્થ કરવાની જરૂર લાગે છે? તેના મજુરોનાં જીવન જુઓ, સ્ત્રીઓનાં જીવન જુઓ, કારભારીઓનાં કારસ્તાન જુઓ. જ્યાં રાજ્યતંત્ર પણ એવું બનાવ્યું કે ઑસ્ટ્રીઆના કુંવરનું સર્વીઆમાં ખૂન થાય તેમાં ઇંગ્લાંડ, જર્મની અને બધા દેશો ભયંકર લડાઇ જાહેર કરે, જેમાં કરોડો માણસનો જીવ જાય. આ કયા પ્રકારની વિદ્યાકળા અને કેવો પુરુષાર્થ? મનુષ્યજીવનનું આમાં શું કલ્યાણ? આ પુરુષાર્થની અને તેના પરિણામની હિંદને ખબર હતી. જ્યારે યૂરોપ જંગલી દશામાં હતું, જે વખતે ત્યાં એક પણ પુરુષાર્થ ન હતો તે વખતે હિંદમાં ચાર પુરુષાર્થ જીવતા હતા અને ચારમાં મોક્ષજ ખરો પુરુષાર્થ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ ડાહ્યા માણસોએ નક્કી કર્યું હતું. સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા પણ એ હેતુથીજ કરી હતી. તેથીજ ધર્મથી અર્થ અને કામ સિદ્ધ કરવા માટે ધર્મને હમેશ આગળ રાખવામાં આવેલ હતો. તે વખતે જો અર્થ અને કામ મુખ્ય પુરુષાર્થતરીકે મનાયા હોત તો કદાચ હિંદનું લશ્કર ઇંગ્લાંડ કબજે કરી આવ્યું હોત. પણ બધા પુરુષાર્થની તુલનામાં અર્થ અને કામ હલકા માલૂમ પડયા હતા. તેથીજ જ્ઞાતિની વ્યવસ્થામાં પહેલા બ્રાહ્મણ, પછી ક્ષત્રિય, પછી વૈશ્ય અને શૂદ્ર, એમ પુરુષાર્થ પ્રમાણે ભાગ પડયા. મોક્ષ નામનો ઉત્તમ પુરુષાર્થ સાધતા તેને બ્રાહ્મણ કહેતા; બીજાનું રક્ષણ કરનાર રજોગુણી સ્વભાવવાળાને ક્ષત્રિય કહેતા; અર્થ સાધતા તેને વૈશ્ય કહેતા અને શરીરની સેવાને ધર્મ માનતા તેને શૂદ્ર કહેતા. ઇંગ્લાંડમાં અર્થશાસ્ત્રમાં કુશળ હોય તેને ઉત્તમ પદવી અપાય છે. તેની અને આપણી વિદ્યાકળા જૂદી દિશામાં વહી છે.

પણ વર્તમાનકાળમાં તો વિદ્યાકળામાં એટલી ભેળસેળ થઈ ગઇ છે કે સાચું જીવન કોને કહેવું તે સમજવુંજ મુશ્કેલ થઇ પડયું છે.

કયું જીવન સાચું, કયી વિદ્યા સારી; એ સમજવા પહેલાં માણસનો સ્વભાવ સમજવાની પહેલી જરૂર છે. માણસના સ્વભાવમાં કુદરતી વાસના રહેલી હોય છે; તેની તૃપ્તિ માટે સ્ત્રી, પુત્ર વગેરેની જરૂર છે અને તે માટે 'કામ' નામનો પુરુષાર્થ સાધવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની કુદરતી વૃત્તિ હોય છે એટલે પથ્થર જેવું આળસુ જીવન ગાળવા કરતાં સ્ત્રી ભોગવી ચંચળ જીવન કરવું એ વધારે સારૂં છે. બીજું તે જીવન સુખકારક થાય તેટલા માટે અર્થ એટલે ધનપ્રાપ્તિની પણ માણસને જરૂર રહે છે; તેથી તે પુરુષાર્થ પણ જરૂરનો છે. તેથી આંખ, કાન, જીભ, નાક વગેરે ઇંદ્રિયોને સંતોષ આપી શકાય છે. પણ શરીર અને ઇંદ્રિયો કરતાં માણસને માટે એક મોટું સુખકારક સાધન મન છે અને તેના સંતોષમાટે "ધર્મ" નામનો ત્રીજો પુરુષાર્થ કરવાની જરૂર છે. બીજાપ્રત્યે પોતાની ફરજ બજાવવી, ચિત્તશુદ્ધિ કરવી, બીજાનું કલ્યાણ કરવું વગેરે સારા ભાવથી મનને સંતોષ થાય છે. તે સુખ, કામ અને અર્થથી વધારે સારૂં છે, એમ ધાર્મિક મનુષ્યને લાગે છે. તેથી ધર્મથી અર્થ અને કામ સિદ્ધ થાય એવી વિદ્યા આ દેશમાં આગળના વખતમાં આપવામાં આવી હતી.

આ ત્રણ પુરુષાર્થનાં ફળ—શરીર, પ્રાણ અને મનને સુખ આપે છે પણ તે સુખ કાયમ રહેતું નથી; તેથી તે ઉપરાંત કોઇ સારો પુરુષાર્થ હોવો જોઇએ. મનુષ્યની અંદર મન ઉપરાંત તેનો આત્મા છે. તે સુખ-સ્વરૂપ છે, આનંદમય છે, અમર છે. તેનું સુખ નિરપેક્ષ છે, સ્વતંત્ર છે, અખૂટ છે. જ્યાંસુધી તે ન મળે ત્યાંસુધી પહેલા ત્રણ પુરુષાર્થનું ફળ પણ દુઃખ-રૂપ મનાય છે; તેથી મોક્ષ નામના ચોથા પુરુષાર્થની જરૂર પડી. તે મેળવવાની મનુષ્યની પહેલી ફરજ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ નક્કી થયું. યૂરોપની દૃષ્ટિએ મોક્ષમાટે પુરુષાર્થ કરવો એ આળસુ માણસનું કામ છે. હિંદની દૃષ્ટિએ તે ઉત્તમમાં ઉત્તમ પુરુષાર્થ છે. મોક્ષ એટલે નવું વિશાળ જીવન, નવું વિશાળ જ્ઞાન, નવી શક્તિ, નિત્ય અખૂટ આનંદ. તે મનુષ્યની અંદર છે. તે જીવન પ્રાપ્ત કરવું એ દરેક મનુષ્યની ફરજ છે. ચક્રવર્તી રાજા અશોકે ધર્મ, અર્થ અને કામ, એ ત્રણે પુરુષાર્થ કરી તેની તુલના કરી ત્યારે રાજ્યસુખ તુચ્છ લાગ્યું અને તેથી તેણે મોક્ષમાટે પુરુષાર્થ શરૂ કર્યો. અર્થપ્રાપ્તિ અને કામતૃપ્તિમાં જેટલી બુદ્ધિ, જેટલી હિંમત, સાહસ વગેરે જોઇએ છીએ તે કરતાં ધર્મવૃત્તિ અને મોક્ષ-સિદ્ધિમાં વધારે બુદ્ધિ, વધારે હિંમત અને વધારે સાહસ જોઇએ છીએ; અને જે દેશ આવો ઉત્તમ પુરુષાર્થ કરવા જેવી સમાજવ્યવસ્થા કરી શક્યો તેને જંગલી કહેનાર માણસને કેવા સમજવા ?

આત્મા મનુષ્યનું ઉત્તમ અંગ છે, શરીર નીચું અંગ છે. ઉત્તમ અંગનું સુખ પણ ઉત્તમજ હોય છે. ઉત્તમ અંગ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ પણ ઉત્તમજ ગણાય.

બેશક, શરીર સારૂં રાખવું, ઘર ચોખ્ખાં રાખવાં, રસોડાં અને પાયખાનાં સ્વચ્છ રાખવાં, કપડાં ચોખ્ખાં રાખવાં, બાળલગ્ન અટકાવવાં, સુવાવડમાં સ્ત્રીઓ અને બાળકોના શરીરની સંભાળ રાખવી; સ્ત્રીઓને કેળવણી આપવી; તેમને હરવા ફરવાની યોગ્ય છૂટ આપવી; મા અને સ્ત્રી બન્ને તરફ સમભાવ રાખવો; બાળવિધવાઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરણાવવી, અથવા વિધવાઓ તરફ તિરસ્કારની નજર ન રાખવી; શૂદ્રો તરફ દયાભાવ રાખવો અને તેમને પણ તેમનું જીવન સુધારવા વિદ્યા આપવી; એ બાસ જરૂરનું છે. નબળા શરીરવાળા અને અજ્ઞાની માણસો વિચાર કરી શકતા નથી. સ્ત્રીઓને પડદામાં રહેવું પડે છે તેનું બરૂં કારણ પુરુષોની બોટી દૃષ્ટિ છે. સ્ત્રીઓએ વધારે હિંમત રાખવી જોઈએ અને પુરુષોએ તેમના તરફ માનની દૃષ્ટિથી જોવું જોઈએ. સ્ત્રી જગતની શક્તિનો અંશ છે અને તેને પડદામાં રહેવું પડે તો જીવનમાં બરી શક્તિ આવશે નહિ. જીવનમાં કળા લાવવી જોઈએ. પુરુષો પણ સ્ત્રીઓના શરીરમાં ઉત્પન્ન થતા હોવાથી, સ્ત્રીઓના જીવનમાં સૌંદર્યની જરૂર છે. તેથીજ સ્ત્રીઓને સારાં કપડાં, ઘરેણાં, દેખાવ વિગેરે, પુરુષો કરતાં વધારે ગમે છે. સ્વચ્છતા, સુઘડતા અને નિર્ભયતા હોય છે, ત્યાં પ્રભુ વસે છે. આ બાબતો જરૂરી છે; પણ તે છતાં યૂરોપની પેઠે માત્ર બહારનું જીવન સુધારવામાંજ મનુષ્યજીવન પૂરૂં કરવામાં આવે તો અંતર્જ્ઞાનને વિકાસ પામવાની જગ્યા રહેતી નથી, તેને માટે પૂરતો વખત પણ રહેતો નથી. મન નિરંતર બહારની વસ્તુઓના વિચારમાં ભમ્યા કરે, આત્મા જેવી કોઇ વસ્તુ હોયજ નહિ એમ માની માણસ બેદરકાર રહે તો તે પણ બીજી જાતનો સુધરેલ પશુજ બને. કળા જરૂરની છે તેમ વિદ્યા પણ જરૂરની છે; એટલુંજ નહિ પણ જો એમ માનીએ કે, શરીર કરતાં આત્મા વધારે ઉપયોગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તો કળા કરતાં વિદ્યા વધારે ઉપયોગી સમજવી જોઇએ. તે કારણને લઇનેજ હિંદમાં જીવનકળા તરફ ઓછું લક્ષ રહ્યું. તેમ કરવાથી કેટલાંક અનિષ્ટ પરિણામો આવ્યાં અને ધર્મને નામે ખોટી રૂઢિઓ સમાજમાં પેસી ગઇ, પણ મૂળ હેતુ ઉત્તમ વસ્તુ પ્રાપ્ત કરવાનો હતો.

જ્યારે વેપારી દૃષ્ટિથી વિદ્યાનો ઉપયોગ થાય છે ત્યારે સ્ત્રીઓ માતા થવાનું પસંદ કરતી નથી; કારણકે છોકરાંઓને ઉછેરી મોટાં કરવામાં ઘણું ખર્ચ થાય અને પોતાના સુખમાં વિઘ્ન આવે. પણ જ્યારે ધર્મની દૃષ્ટિથી વિદ્યાનો ઉપયોગ થાય ત્યારે સ્ત્રીઓ બાળકને જન્મ આપી, સારા સંસ્કાર પાડી તેમને મોટા કરવામાં માન સમજે છે. તે પોતાના સુખનો વિચાર કરતી નથી. જેમ પુરુષોમાં વેપારી બુદ્ધિ હાનિકારક છે, તેમ સ્ત્રીઓમાં તેવી બુદ્ધિ વધારે હાનિકારક છે.

સ્વચ્છતા અને સુઘડતામાં આ દેશમાં ઘણે ઠેકાણે રસોડાં અને પાયખાનાં જોઇએ તેટલાં સ્વચ્છ રહેતાં નથી, તેમાં સુધારો કરવાની જરૂર છે. પાયખાના માટે મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં દાખલ કરેલી રીત જ્યાં બની શકે ત્યાં દાખલ કરવા જેવી છે; અને મેલાં પાણીની ટાંકીઓ હાથ લગાડયા વગર પંપથી સાફ કરવાની જે રીત ઘાટકુપરની મ્યુનિસિપાલિટીએ દાખલ કરી છે તે પણ અનુકરણ કરવા જેવી છે. રસોડામાં દક્ષિણી લોકોની પેઠે હમેશાં ગાર કરવાની રીત બહુ સારી છે. પણ ચોખ્ખાઇના વિષયમાં બધી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યૂરોપની નકલ કરવામાં ફાયદો નથી. જે ગરમ પાટલૂનો યૂરોપીયનો પહેરે છે તે ઘણા દિવસ સુધી ધોવાતાં નથી. હિંદુઓનાં ધોતીઆં રોજ ધોવાય છે. યૂરોપીયનના જમવામાં વપરાતા કાંટા ચમચા દરેક માણસના મોઢામાં જાય છે; વળી જમ્યા પછી તેઓ મોઢું પણ ધોતા નથી અને હમેશાં નહાવાની રીત પણ તેઓ આ દેશના માણસો પાસેથી શીખ્યા હોય તેમ લાગે છે. કુદરતી હાજતે જતાં પાણીને બદલે કાગળનો ઉપયોગ અહીંની દૃષ્ટિએ સુઘડ લાગતો નથી, અને મડદાને બાળવા કરતાં દાટવામાં પણ તેમની રીત સારી લાગતી નથી. નાકમાંથી બરાબ પદાર્થ નીકળે તે રૂમાલમાં લઇ તે રૂમાલ તેઓ ખિસ્સામાં મૂકે છે અને અહીંના કેટલાક માણસોએ પણ તે રીત સ્વીકારી છે. વગર વિચારે તેઓના સંસ્કાર સ્વીકારવાથી જીવન કઢંગું થશે અને અહીંની સારી રૂઢિઓ નષ્ટ થશે.

જ્યારે વેપારી સંસ્કારનું જોર હોય છે ત્યારે કુરસદનો વખત પણ વધારે પૈસો મેળવવામાં વપરાય છે, સારાં પુસ્તકોનું વાંચન કે આત્મવિચાર સૂઝતો નથી. પૈસો ન મળે તેમ હોય ત્યારે કુરસદને વખતે શું કરવું તે તેમને સૂઝતું નથી તેથી ન્યુસપેપરો હાથમાં લઈ તેમાંથી ઉપયોગી અને બીનઉપયોગી બાબતો ઉપર મનને દોડાવે છે. પોતાની ટુંકી જીંદગીમાં શો પુરુષાર્થ કરવાનો છે તેનો સાચો વિચાર સૂઝતો નથી, અને જીંદગીના અંતે પણ તેજ દશા રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનમાં અશાંતિ ચાલુ હોય છે. પોતાની પાસે હોય તે કરતાં વધારે મેળવવું અને પોતે જે જગ્યાએ હોય ત્યાંથી બીજી કોઇ જગ્યાએ જવું એ ઉદ્દેશ રહે છે. કુદરતી આરામ ત્યારેજ મળે છે કે જ્યારે આત્માનો સંબંધ દરેક કામમાં ચાલુ રહે. વિષયોમાં મન જવાથી તે સંબંધ તૂટે છે અને તેજ સાથે શરીર અને મનની પ્રકૃતિ બગડે છે. મોટાં શહેરોમાં માણસો ભારે ચિંતા-વાળા દેખાય છે. ત્યાં ગામડાના જેવી કુદરતી શાંતિ નથી. શહેરોના માળામાં રહેતા માણસ પ્રમાણમાં ચકલાના માળા જેટલી જગ્યામાં રહે છે અને પાસેની ઓરડીમાં કોણ રહે છે તેની પણ તેમને ઘણી વાર ખબર હોતી નથી.

જ્યાં મોટાં મકાન હોય તેને મોટું શહેર કહી શકાય નહિ, પણ જ્યાં મોટા મનના એટલે જ્ઞાની અને નિઃસ્વાર્થી માણસ રહેતા હોય, પછી ત્યાં થોડાંક ઝુંપડાં હોય તોપણ તે મોટું શહેર છે.

ત્યાગવૃત્તિ આળસુનો સ્વભાવ નથી. ત્યાગ કરવા-માં બહુ શક્તિ જોઇએ છીએ. ત્યાગવિના કોઇ મોટું કામ થતું નથી. સ્વાર્થી માણસ કોઇને ઉપયોગી થતો નથી. સંયમથી હલકો સ્વભાવ તાબે થાય છે અને ઉત્તમ સ્વભાવ ખીલે છે. મોટું જીવન, મોટું જ્ઞાન, મોટી શક્તિ અને મોટો આનંદ લેવા માટે નાનું જીવન, નાનું જ્ઞાન, નાની શક્તિ અને નાનો આનંદ છોડવાંજ જોઇએ. જેનામાં વધારે તેજ, વધારે શક્તિ હોય, તેજ તે છોડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે છે. યૂરોપને જ્યારે હિંદ સાથે પહેલો સંબંધ થયો ત્યારે તેણે જોયું કે, અહીં તો બધાના જીવનમાં શરૂઆતમાં ઈશ્વર, મધ્યમાં ઈશ્વર અને અંતમાં ઈશ્વર; બધું જીવન ધર્મથી ઘડાયેલ, બધાં માણસો ઈશ્વરને માટેજ જીવે, ધર્મ અને મોક્ષ માટે બહારનું જીવન ત્યાગ કરવાને તૈયાર, અર્થ અને કામ માટે બેદરકાર, ભગવો રંગ, સાદું જીવન, અને અંદર જ્યોતિર્મય આત્માનો અનુભવ પ્રાપ્ત કરી, સિદ્ધ ભાગવત, યોગી અને મુક્ત, થવામાંજ માન લેવાય. આ જીવન યૂરોપને વિલક્ષણ લાગ્યું, સમજાયું નહિ; પણ પોતાના સ્વાર્થ માટે અનુકૂળ લાગ્યું.

મનુષ્યજીવનનું સાફલ્ય સમજવામાં હિંદે બીલકુલ ભૂલ કરી નથી. આત્માનો અનુભવ મુશ્કેલ છે. કરોડો જન્મની મહેનત પછી મળે છે, પણ છતાં જરૂરનો છે. તે બાબત સમજવી, તે પ્રમાણે જીવન ગોઠવવું, તે પ્રમાણે સમાજની વ્યવસ્થા કરવી એ હિંદની વિદ્યાકળાનો મહિમા છે. તે વ્યવસ્થાનો ઈતિહાસ રામાયણ અને મહાભારતમાંથી મળી આવે છે.

છતાં એવી વ્યવસ્થામાં કોઇ કોઇ ખામી જણાય એ સ્વાભાવિક છે. આત્મપ્રાપ્તિમાં એકજ જાતની વ્યવસ્થા પૂરતી નથી. બધા કાળમાં તે વ્યવસ્થા સારી રહે તે પણ બનવું મુશ્કેલ છે. એવો એકે દેશ નથી કે જેની વિદ્યાકળા ખામીવગરની હોય, કે જે બધા કાળમાં ખામી વગરની રહી શકે અને આત્મપ્રાપ્તિમાં સહાયભૂત થાય. હિંદમાં તે માટે ઘણો વિચાર થયેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આખરે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ; બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ, એ ચાર આશ્રમ; અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ; એ ચાર પુરુષાર્થ નક્કી થયા.

આ પ્રકારની વ્યવસ્થાથી હિંદની પ્રજા ઉન્નતિને શિખરે પહોંચી હતી. બધા પ્રકારના પુરુષાર્થમાં કુશળ હતી. અર્થ અને કામમાં પણ કુશળ હતી; પણ યૂરોપની માફક બીજા દેશો જીતવાની સ્વાર્થવૃત્તિ આ પ્રજાએ કરી ન હતી; કારણ કે તેમ કરવાથી પ્રજામાં એટલી સ્વાર્થતા આવવાનો સંભવ લાગ્યો કે ધર્મ અને મોક્ષ એ બે મોટા પુરુષાર્થ થઈ શકે તેમ લાગ્યું નહિ.

યૂરોપની વૃત્તિ વેપાર બીલવવાની હતી; હિંદની મોક્ષ તરફ જવાની હતી. જે વૃત્તિ હિંદમાં બહુ પાકી ન હતી તે યૂરોપની વૃત્તિથી હારી. તે હારથી સનાતન ધર્મની પણ હાર થઇ એવો દેખાવ થયો; અને હજુ પણ યૂરોપનો પુરુષાર્થ સારો એવું કહેનારાં ઓછાં માણસો નથી. આ એક બસો વર્ષનો દેખાવ છે. કાળ અનંત છે. યૂરોપને પણ પોતાની ભૂલ દેખાવા લાગી છે. તે કોઈ નવા પુરુષાર્થની શોધ કરે છે. આપણે હજુ તેની વિદ્યાકળાનો મોહ છોડી શકતા નથી; છતાં યુગસંધિ વખતે હિંદની વિદ્યાકળા પોતાની અસર જણાવ્યા વગર રહેતી નથી. ૧૮૫૭ નો બળવો ધર્મરક્ષણ માટે થયો હતો. અર્થપ્રાપ્તિ અને કામતૃપ્તિ માટે થયો ન હતો. ૧૯૨૦-૨૨ નો સત્યાગ્રહ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદની વિદ્યાકળાનો પુનરુદ્ધાર કરવા માટે થયો હતો.

ધર્મને બહાને હિંદુમુસલમાન વચ્ચે કુસંપ થાય છે એનું કારણ પણ એ છે કે, ધર્મ મોક્ષનું સાધન છે. તેઓને સ્વરાજ્ય મેળવવા કરતાં ધર્મનું રક્ષણ વધારે પ્રિય લાગે છે. મનુષ્યના સ્વભાવ પ્રમાણે તેના જૂદા જૂદા માર્ગ થયા છે. તેમાં એક માણસ બીજાને હરકત કરે તો તે માણસ પોતાનો જીવ આપવા તૈયાર થાય છે. બીજાને પણ પોતાના ધર્મની તેટલી જરૂર છે, એમ સમજીને બીજાને હરકત કરવી ન જોઈએ. એટલી સમજણ પણ ન રહી એ યૂરોપની વિદ્યાકળાનું પરિણામ છે. યૂરોપની વિદ્યામાં ધર્મપ્રત્યે માન નથી, અને એ વિદ્યા શીખેલા લોકો એ માન ભૂલી ગયા છે. મંદિરો કે મસ્જીદો મોક્ષ આપે તેમ નથી, પણ મોક્ષ તરફ લઇ જવાનાં સાધન છે. તે દૃષ્ટિએ બન્ને સરખાં ઉપયોગી છે.

ધર્મનું ઝનુન હોય, અભિમાન હોય તેથી વિદ્યાકળાની બાબી જણાતી નથી. ઉલટું તેથી તેનું મહત્ત્વ સિદ્ધ થાય છે. યૂરોપમાં જેમ વેપારની અભિવૃદ્ધિમાં જે માણસ અભિમાન લે તે વિદ્વાન ગણાય છે, તેમ હિંદમાં ધર્મમાં અભિમાન લેનાર વિદ્વાન મનાય છે અને જો હિંદની વિદ્યાકળા હિંદમાં અપાતી હોત તો હિંદુ એમ માનત કે, મસ્જીદમાં મુસલમાન જે બંદગી કરે છે તે મારા પ્રભુની સ્તુતિ કરે છે અને તેથી તેને અડચણ ન આવે તેમ મારે વર્તવું જોઈએ. મુસલમાન એમ માનત કે, મંદિરમાં જે ઘંટાનાદ થાય છે તે ખુદાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Gurukula Library Kangri
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોકારવાની બાંગ છે. ગાય બુદ્ધની કામધેનુ છે અને તેથી ગાય પગે લાગવાને યોગ્ય છે. વળી ગાય તરફથી દૂધ, દહીં, છાશ, ઘી, અને બળતણ માટે છાણ મળે છે એ કાંઈ ઓછો લાભ નથી. આવી જાતના રાષ્ટ્રીય શિક્ષણની જરૂર છે.

હિંદનો ધર્મ તેજ ઈશ્વરને માને છે, કે જેને કાળ નથી, રૂપ નથી, નામ નથી; છતાં જે સર્વમય છે, જે મુસલમાનમાં છે, અંગ્રેજમાં છે, સર્વમાં છે. એજ સનાતન ધર્મ છે; તેને કેમ સમજવો એજ મુશ્કેલ છે. આપણી દૃષ્ટિ બહાર જાય છે અને ઈશ્વર બહારની દૃષ્ટિમાં આવી શકતો નથી. વિદ્યાકળાની ભેળસેળથી બહારની સાધના ઉપર વધારે લક્ષ રહ્યું. અંદરની સાધના તરફ લક્ષ કમી થયું. પહેલાં અંદરની સાધનામાટે અંતર્જ્ઞાન અને બહારની સાધના માટે પુરાણ કથા વગેરે સાધન હતાં. અંગ્રેજની વેપારી વિદ્યામાં આંતરિક સાધના માટે કામતૃપ્તિ અને બહારની સાધનામાટે અર્થપ્રાપ્તિ રહી છે.

તેથીજ સારી તંદુરસ્તીવાળા અને નીતિવાળા માણસની સંખ્યા ઓછી થતી જાય છે અને દાક્તરો અને વકીલોની સંખ્યા વધતી જાય છે. પહેલાંના કાળમાં શિક્ષણજ એવા પ્રકારનું હતું કે સૌ પોતાનું શરીર કેમ સારૂં રાખવું તે સમજતા અને દાક્તરોની જરૂર હાલના જેટલી લાગતી નહોતી. ગરીબાઈ ઓછી અને ધર્મનું શિક્ષણ વધારે હોવાથી ચોરીનો ભય નહોતો, અને વકીલો અને ન્યાયની અદાલતો વગર વ્યવહાર ચાલતો. પુરુષો અજાણી સ્ત્રીને બહેન કહીને બો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાવતા અને સ્ત્રીઓ અજાણ્યા પુરુષોને ભાઇ કહીને બોલાવતી. આવા સંબોધનથી યૂરોપની પેઠે ભ્રષ્ટાચાર થતો નથી. મિસ્ટર અને મિસિસમાં ભાઇબહેનના શબ્દો જેટલું જોર આવતું નથી.

ધર્મવૃત્તિ અને મોક્ષસિદ્ધિ સૂકાઇ જવા માંડયાં છે. તે આળસુની નિદ્રા મનાય છે. તેની પુરુષાર્થમાં ગણત્રી નથી. અધિકારનો વિચાર ગયો, વર્ણ અને આશ્રમની વ્યવસ્થા તૂટી અને જીવનનો હેતુ ભૂલાવા લાગ્યો. આપણે કયાં છીએ અને કયાં જવાનું છે તે યૂરોપનાં ચશ્માંથી જોવામાં આવે છે અને તેથી આપણને તેના જેવા થવાનું મન થાય છે. શિવાજી કરતાં ક્રૉમ્વેલ સારો લાગે છે. શંકરાચાર્ય કરતાં લ્યુથર ઉત્તમ જણાય છે. સીતા અને દ્રૌપદી કરતાં ક્લીઓપેટ્રામાં ગુણ વધારે લાગે છે.

યૂરોપની નજરે રામ અને સીતાનું જીવન નકામું લાગે છે. રામે કોઇ જાતનો વેપાર કર્યો નહિ; સાવકી માને ખુશી કરવા અને પિતાનું વચન પાળવા ભરતખંડનું રાજ્ય છોડી દીધું; પણ હિંદની દૃષ્ટિએ તે ઈશ્વરનો અવતાર હતા. તે દૃષ્ટિએ સ્વચ્છંદી જીવન કરતાં સંયમી જીવન સારૂં ગણાય છે. તે હજી યૂરોપને શીખવાનું છે. રામચંદ્રજી વનવાસ ગયા ત્યારપછી જ્યારે ભરત પોતાના મામાને ત્યાંથી પાછા આવ્યા અને રામચંદ્રજીને અરણ્યમાં મળવા ગયા, ત્યારે ભરતજીએ રામચંદ્રજીને કહ્યું કે "મારે ધર્મ, અર્થ, કામ કે મોક્ષ કાંઇ જોઇતું નથી. હું તો જન્મે જન્મ શ્રીરામચંદ્રજીમાં પ્રીતિ રહે તેજ માગું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું." છેવટે શ્રીરામચંદ્રજીની આજ્ઞા મળ્યા પછી ભરતજીએ રાજ્ય કર્યું.

ધર્મને ખાતર હિંદનું રાજ્ય છોડનાર જે મહાપુરુષો ઉત્પન્ન થયા અને અર્થને ખાતર મતદારોનાં મત માગતા ભીખારી જેવી સ્થિતિના ધારાસભાના સભાસદો જે વિદ્યાથી ઉત્પન્ન થયા તેની તુલના સહજે કરી શકાય તેમ છે.

યૂરોપની કળાથી તૈયાર થયેલાં ચિત્રો અને પૂતળાં જુઓ અને હિંદની કળાથી થયેલ મૂર્તિઓ જુઓ. યૂરોપનાં ચિત્રો અને પૂતળાંમાં અર્થ અને કામની ભાવના જણાશે, જ્યારે હિંદનાં ચિત્રો અને મૂર્તિઓમાં ધર્મ અને મોક્ષની ભાવના જણાશે. તેમાં અર્થ અને કામની ભાવના નહિ આવે. કોઇ મૂર્તિને ચાર હાથ દેખાય છે તે મનુષ્યજીવનનો વિકાસ બતાવે છે. માણસને મન, પ્રાણ, શરીર અને આત્મા એ ચાર હાથ છે. દશ માથાંવાળી મૂર્તિઓ દશ ઇંદ્રિયોની શક્તિ બતાવે છે. મૂર્તિનું માથું માણસના માથા કરતાં મોટું હોય તે મનની મોટાઇ બતાવે છે. આવાં ચિત્રો–મૂર્તિઓ અંતરાત્માને જગાડે છે. જે વસ્તુ બુદ્ધિથી ન સમજાય તેને સમજવા માટે આવા રૂપની જરૂર છે.

હિંદની વિદ્યાકળાના નમુના માટે ઈલોરા અને એજન્ટાની ગુફાઓ જુઓ. ત્યાં બુદ્ધના શિષ્યોના વિહાર જુઓ. તેની આસપાસ સૃષ્ટિનું સૌંદર્ય જુઓ. બેહજાર વર્ષ ઉપર તૈયાર કરેલ ચિત્રો જુઓ. આ બધો જંગલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજાનો ઇતિહાસ નથી. તે ચિત્રોમાં અને મૂર્તિઓમાં પણ રૂપ, ભેદ, લાવણ્ય, પ્રમાણ, ભાવ, વર્ણિકાભંગ વગેરે જણાઇ આવે છે. યૂરોપની દૃષ્ટિએ તે દુઃખ અને દયાના નમુના છે. હિંદની દૃષ્ટિએ તે સંયમ અને મોક્ષના રસ્તા બતાવે છે. જે દૃષ્ટિથી સામાન્ય વિષય નથી સમજાતા, તે દૃષ્ટિથી વેદના અર્થ, ઉચ્ચાર, વાક્યરચના, હેતુ કેમ સમજાય ? રાધા અને કૃષ્ણની લીલામાં તે શું જુએ ? આ લીલા નિત્ય છે, અલૌકિક છે. તેના અલૌકિક ભાવ સમજવા માટે શ્રી વલ્લભાચાર્યની સુબોધિની જોવી જોઇએ.

પણ હિંદની દૃષ્ટિએ હિંદની વિદ્યાકળા આટલી ઉત્તમ હતી તો આટલી પરાધીનતા શા માટે ? એ વાત સાચી છે કે, યૂરોપના જેવું ઉદ્યોગી જીવન કારખાનાના ધૂમાડા, પાર્લામેન્ટના સ્વાર્થી ઠરાવ વગેરે હિંદમાં થયેલ નથી, પણ તે દૃષ્ટિએ હિંદને જોવાનું નથી. યૂરોપમાં અર્થ અને કામ એ બે પુરુષાર્થ મનાતા હોવાથી મુડીવાળા અને મજુરીવાળાની બે જ્ઞાતિ બંધાયેલ છે. હિંદમાં અર્થ, કામ, ધર્મ અને મોક્ષ, એ ચાર પુરુષાર્થ મનાતા હોવાથી બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્ર, એમ ચાર જ્ઞાતિ બંધાયેલ છે. અર્થ અને કામ કરતાં ધર્મ અને મોક્ષ ઉત્તમ હોય તો હિંદની વિદ્યાકળા યૂરોપ કરતાં ઉત્તમ માની શકાય. મનુષ્યની અંદર રાજસિક અને તામસિક વૃત્તિ સારી ગણાય તો યૂરોપને સંસ્કારી દેશ કહેવો જોઇએ અને સાત્વિક અને ધાર્મિક વૃત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારી ગણાય તો હિંદને સંસ્કારી દેશ ગણવો જોઈએ. જે દેશની વિદ્યાકળા મનુષ્યના સારા સ્વભાવને ખીલવે તે દેશ ઉત્તમ કહેવાય.

હિંદી રાજ્યતંત્રમાં ઋષિને ખાસ જગ્યા હતી. તેની સલાહને માન અપાતું. ધર્મ, નીતિ અને રાજ્યના કાયદા તેની સલાહથી બંધાતા. હવે તે કામ યૂરોપની પદ્ધતિ પ્રમાણે લેજીસ્લેટિવ કાઉન્સીલ કરે છે. તેઓ યૂરોપના જેવું રાજ્યતંત્ર માગે છે અને યૂરોપની માફક અર્થ અને કામ એ બે પુરુષાર્થ સિદ્ધ થાય એવા કાયદા બાંધે છે. જીલ્લાઓમાં ઋષિની જગ્યાએ 'કલેક્ટર' એટલે 'પૈસા લેગા કરનાર' દાખલ થયેલ છે.

મહાત્મા સાહું જીવન માગે છે કે જે જીવન ધર્મ અને મોક્ષ એ બે પુરુષાર્થ સિદ્ધ કરવામાં ઉપયોગી થાય.

યૂરોપની વિદ્યાકળાનું પરિણામ મનવારો, હવાઈ વિમાનો, અનેક માણસોને એકી વખતે મારી નાખવાનાં સાધનો, એકબીજામાં અવિશ્વાસ, સ્ત્રીઓને કમાવાની ચિંતા અને તેથી થતા અનેક દોષો, મુડીવાળા અને મજુરીવાળાના ઝગડા વગેરેમાં આવ્યું છે. તેની વિદ્યાકળા નાશ થયા વગર રહેશે નહિ. અર્થ અને કામ એ બેજ પુરુષાર્થ નથી. ધર્મ અને મોક્ષ પણ પુરુષાર્થ છે. હિંદે જ્યારે બીજા દેશો જીતવાની ઇચ્છા કરેલી ત્યારે ત્યાં ધર્મ અને મોક્ષ ફેલાવા માટેજ. અર્થપ્રાપ્તિ અને કામતૃપ્તિ માટે નહિ. હેતુમાં ફેર હોવાથી પરિણામમાં ફેર પડયો. સિંહ માણસને મારી શકે તેથી તે પૂજાતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. સિંહ કરતાં માણસનું જીવન હલકું કહેવાય નહિ.

વળી માણસમાં હલકા વિચાર સહેલાઈથી આવે છે, સારા વિચાર મુશ્કેલીથી આવે છે; તેથી યૂરોપના હલકા પુરુષાર્થ હિંદમાં તરત દાખલ થઇ ગયા. જેમ કામવાસનાને વશ થયેલ માણસ અધોગતિએ પહોંચે છે, તેમ હિંદ અંગ્રેજી વિદ્યાના સંસ્કારથી અધોગતિએ પહોંચ્યું છે. હવે જ્યારે યૂરોપમાં નવો પુરુષાર્થ શોધવાની શરૂઆત થાય છે ત્યારે હિંદે સુધારા કરવામાં બહુ સાવચેત રહેવાનું છે.

ધર્મ પણ અર્થ અને કામમાં ઉપયોગી થાય એમ કરવા હાલના વિદ્વાનો પ્રયત્ન કરે છે. 'હિંદુ મહાસભા' અને ' મુસલમાની તાન્ઝીમ ' નું બરું કામ ધર્મની જાગૃતિ કરી મોક્ષનો રસ્તો ખુલ્લો કરવાનું છે; તેને બદલે આ બન્ને સંસ્થાઓ રાજદ્વારી હક્ક માંગે છે. કુરાનમાં ખુદાનાં જે નામો આપવામાં આવેલ છે તે અને વિષ્ણુ સહસ્રનામમાં વિષ્ણુનાં જે નામો આપવામાં આવેલ છે તે લગભગ સમાન છે. આવી હકીકત લોકો પાસે મૂકી લોકોમાં સમભાવ લાવવો જોઇએ.

સમાજસેવા કરવી એ પહેલી ફરજ છે, એમ માની અંધકારમાં ભમતી સમાજને વધારે વિષયો આપી સમાજને વધારે અંધારામાં નાખવી જોઇએ નહિ. અંધારામાં ભમતી સમાજને વધારે 'અજવાળા'ની જરૂર છે, જ્ઞાનની જરૂર છે, શરીરસેવાની જરૂર નથી. પ્રકાશ હશે તો સૌ પોતાને જોઇતું હશે તે શોધી લેશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજ સરકારે દશ રૂપિયાની નોટની પાછળ છાપ્યું હતું કે "હેવન્સ લાઇટ, અવર ગાઇડ" એટલે આત્માનો પ્રકાશ અમને માર્ગ બતાવશે. એ વાક્ય પણ દશ રૂપિયાની નવી નોટમાંથી કાઢી નાખ્યું છે.

પ્રાચીન કાળમાં એશિયાના મહાત્માઓએ જગતને સ્વર્ગનો પ્રકાશ આપ્યો હતો અને તેથી યૂરોપની દૃષ્ટિ એશિયા તરફ વળી છે. તેથીજ કદાચ ઇંગ્લાંડ અને હિંદનો સંબંધ કુદરતે કરી આપેલ છે; કારણ કે એશિયાનું એશિયા હિંદ છે.

યૂરોપની વિદ્યાકળામાંથી પણ ઘણું શીખવાનું છે; પણ વગર વિચારે તે સ્વીકારવાથી તેના સારા ભાગ સાથે તેનો બરાબ ભાગ પણ આવી જાય છે, અને અહીંના જીવનને વધારે બગાડે છે. રજોગુણની વૃદ્ધિ થાય ત્યારે તમોગુણ સુધરે છે, પણ સત્ત્વગુણ દબાઇ જાય છે અને તે દબાઇ જવાથી આત્મજ્ઞાન મંદ થાય છે.

બહારની દૃષ્ટિથી જોતાં એમ જણાય છે કે, યૂરોપની વિદ્યાકળાથી જન્મેલ તાર, ટપાલ, રેલ્વે, છાપખાનું, રેડીઓ, સ્ટીમર, કેળવણીનાં સાધન, હુન્નરઉદ્યોગોનાં સાધન, નહેરોથી ખેતીનો વિકાસ, ઇસ્પીતાલો, સુધારા ખાતાંઓ, બેંકો, કંપનીઓ કાઉન્સીલો વગેરેથી લાભ થયા છે. સમાજના કેટલાક કઢંગા રિવાજ પણ તેની અસરથી દૂર થયા છે. તેઓની વ્યવસ્થાશક્તિથી જીવનમાં સૌંદર્ય અને નવો રસ આવ્યો છે; પણ તાર, ટપાલ, રેલ્વે વગેરેથી અંગ્રેજો ધનવાન થયા છે; કારણ કે તેમાં રહેલી મુડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સત્તા તેઓના હાથમાં છે. વળી વેપારી સંસ્કાર અને વેપારી કેળવણીની અસરથી જીવન એટલું બધું વ્યવસાયવાળું થયું છે કે તેમાં આત્મવિકાસને માટે વખત રહેતો નથી. મનુષ્યનું ઉપયોગી તત્ત્વ ખોવાઇ જાય છે. યૂરોપની દૃષ્ટિ જ્યાં રજોગુણ ન હોય ત્યાં તમોગુણ જુએ છે. હિંદની દૃષ્ટિ જ્યાં સત્ત્વગુણ ન હોય ત્યાં રજોગુણ જુએ છે. તમોગુણ કરતાં રજોગુણ કદાચ સારો કહી શકાય, પણ બન્ને પશુ છે. ખરી વિદ્યાકળામાં પ્રભુભાવ પ્રાપ્ત થવો જોઇએ.

કારખાનાઓની કળા સ્વીકારવામાં મજુરોની દશા કેટલી ખરાબ થઇ છે તે ભૂલી જવાનું નથી. ઘણીવાર પશ્ચિમની વિદ્યાનો સારો ભાગ સ્વીકારતાં ખરાબ ભાગ પણ સાથે આવી જાય છે, અને અંગ્રેજી વિદ્યાથી થયેલ કેટલાક ફેરફાર દૂર કરવા મુશ્કેલ છે અને કોઇ પણ દેશના સંસ્કારની અસર વગર રહેવું પણ મુશ્કેલ છે જે સુધારા કરવા તે યૂરોપના છે કે બીજા દેશના છે માટે કરવા જોઇએ એમ માનવાનું નથી પણ માણસનું જીવન તેનાથી વધારે સંયમી, સરળ, ઉત્તમ ભાવના આપે તેવું થાય તેમ છે કે નહિ તેનો વિચાર કરી કરવા જાઇએ.

જપાને યૂરોપની નકલ કરી છે અને કેટલીક કળામાં તો તે યૂરોપથી પણ વધી ગયું છે, પણ તેથી ત્યાં આત્મવિદ્યા કેટલી મંદ થઇ ગઇ છે તે પણ સમજવું જોઇએ. બહારનું જીવન કળાવાન કરવું અને તેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે અંદરનો વિકાસ બીલકુલ અટકે નહિ એ કામ સહેલું નથી. જે વખતે જે જગ્યાએ વૃત્તિ અને પ્રાણ બહાર જાય છે તે વખતે તે જગ્યાએ તે અંદર જઇ શકતા નથી; અને જ્યારે અંદર જાય છે ત્યારે બહાર જઈ શકતા નથી. બન્ને બાબત ધ્યાનમાં રાખીને હિંદની વિદ્યાકળા પ્રમાણે સમાજવ્યવસ્થા થઇ હતી અને થોડીક ખામી છતાં તેનાથી જીવન ઠીક ચાલતું હતું; પણ છેલ્લાં સો વર્ષથી થયેલ સાયન્સની નવી શોધોથી પશ્ચિમના લોકોને મળેલ નવી શક્તિથી થયેલ હુમલા સામે હિંદની કળા ટકી શકી નહિ; કારણ કે હિંદની કળાનો હેતુ વિદ્યાનો વિકાસ કરવાનો હતો, લડાયક સ્વભાવ ઉત્પન્ન કરવાનો નહોતો. હિંદમાં "અહિંસા" એ પરમ ધર્મ મનાય છે. અહિંસક વૃત્તિથી સાત્વિક ગુણ વધે છે, તેનાથી જ્ઞાન વધે છે. જેઓને આત્મજ્ઞાનની જિજ્ઞાસા છે તે તો સમજે છે કે, જે વસ્તુ આ પૃથ્વી ઉપર ક્યાંઇ મળે તેમ નથી, તે હિંદમાં મળે તેમ છે. તે હિંદની અધ્યાત્મવિદ્યા છે, તે હિંદનું ધન છે. તે દૃષ્ટિએ હિંદ હજુ પણ સંસ્કારી દેશ છે, સુધરેલ છે અને બીજાને સુધારી શકે તેમ છે.

હિંદની વિદ્યા પશ્ચિમવાળાને સમજવી બહુ મુશ્કેલ પડે છે. એક વસ્તુના જ્ઞાનથી સર્વ વસ્તુનું જ્ઞાન થાય એ સિદ્ધાંતજ બહુ આશ્ચર્યકારક છે. તે ભાવ ભગવાનની ભક્તિવિના મળતો નથી. ભગવાનમાં પ્રેમ કરવા માટે બીજી વસ્તુમાંથી પ્રેમ દૂર થવો જોઇએ. બહારનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન સુધારવામાં બહારના જીવન ઉપર પ્રેમ રાખવો જોઈએ અને તેટલો પ્રેમ ભગવાન ઉપર ઓછો થાય છે.

પણ કેટલાક કહે છે કે, બહારનું જગત પણ ભગવાનનું જ રચેલ છે. તે સુધારતાં સુધારતાં પણ ભગવાન મેળવી શકાય છે. આવી દલીલમાં ચોખ્ખી સમજણ રહેલી નથી. જરૂર, ભગવાન સર્વમાં છે, સર્વરૂપ છે; પણ છતાં બધે ભગવાન છતાં સામાન્ય માણસ ભગવાનને બદલે બીજી વસ્તુઓ દેખે છે. જ્યાં જ્યાં જે જે વખતે માણસ, માણસરૂપે દેખાય ત્યારે તેની સેવા તે માણસની સેવા કહેવાય. જ્યારે માણસ ભગવાનરૂપે દેખાય ત્યારે તે સેવા ભગવાનની સેવા કહેવાય અને બધે ભગવાન જોવા માટે દ્રષ્ટાની દૃષ્ટિ કરવી જોઈએ. બરી રીતે ભગવાન સર્વત્ર છે છતાં સાધુ પુરુષોમાં પ્રગટ દેખાય છે, તેથી બરા સાધુ પુરુષોની સેવા થાય તે ભગવાનની સેવા છે એમ કહી શકાય. જે માણસો વિષયોના ગુલામ છે તેની સેવા થાય તે વિષયોની સેવા કરવા બરાબર છે છતાં તેમને જ્ઞાન આપી સાચે રસ્તે દોરવા એ સાચી સેવા છે. હોજરી ચાલવાથી મન અને ઇંદ્રિયો ચાલશે. પણ જ્ઞાન વગર મન અને ઇંદ્રિયો વિષયો તરફ દોડશે. સાચી દૃષ્ટિ પ્રાપ્ત થવા માટે ઇંદ્રિયોના રસ અને બહારની વસ્તુઓના મોહ છોડવાજ પડશે. આ વાત પશ્ચિમના મહાત્મા જેકબ બહમી, એડવર્ડ કાર્પેન્ટર, વોલ્ટ વીટમેન વગેરે પણ સારી રીતે સમજી શક્યા છે. છતાં આવા મુશ્કેલ પ્રશ્નોના ઉકેલમાં ભૂલો થવાનો સંભવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે છે. પ્રાચીનકાળમાં ઋષિમુનિઓ ભૂલો સુધારી રસ્તો બતાવતા. સંસારી લોકો પોતાની ટેવો ધીરે ધીરે સુધારી શકે અને સમજી શકે તેવી વિદ્યા તેમને મળે તે માટે પુરાણો રચાયાં છે. અધિકાર પ્રમાણે આત્મવિકાસને માટે જગ્યા કરેલી છે. આત્મવિકાસ તરફ મુખ્ય દૃષ્ટિ રાખવી એ જરૂરનું છે કે નહિ તે સુધારકોએ વિચારવાનું છે.

એક વખત હિંદના નાયબ વજીરે પાર્લામેન્ટમાં જણાવ્યું હતું કે "હિંદના લોકો આ જીવન ક્ષણિક માની તે સુધારવા તરફ બેદરકાર રહે છે. સરકારની સત્તા તેમના રીતરિવાજ ઉપર ચાલતી નથી. યૂરોપના રીતરિવાજ ઉપર યૂરોપની સત્તા ચાલે છે તેથી તે પ્રજાનું જીવન સરકાર સુધારી શકે છે. પણ હિંદમાં તેવું નથી."

યૂરોપની સરકારે ત્યાંની પ્રજાનું જીવન કેવું બનાવ્યું છે તે હવે અજાણ્યું રહ્યું નથી. ત્યાંની પ્રજા હવે કોઇ નવો માર્ગ શોધે છે તે વિષે શંકા નથી. ધર્મ એ ઢોંગ છે, આત્મા જેવી કોઇ વસ્તુ નથી, મોક્ષનો વિચાર નકામો છે એ કહેવું સહેલું છે, પણ માણસ પોતે છે તેટલોજ રહી શકતો નથી. યૂરોપની વિદ્યાકળાથી મનુષ્યત્વ પૂરતું ખીલતું નથી. માણસનું માણસપણું બુટ અને ટોપીની વચ્ચે સમાઇ જતું નથી.

હિંદમાં મહાત્માઓજ હતા એમ નથી. હિંદમાં સારા કવિઓ, વેપારીઓ, રાજ્યકર્તાઓ, યોદ્ધાઓ, વીરો વગેરે થયા છે, તે અનેક લડાઇઓ જીત્યા છે, તેમણે નવાં રાજ્યો સ્થાપ્યાં છે; છતાં જેટલે દરજ્જે મહાત્માઓનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસ દેખાય છે તેટલો બીજા મહાન પુરુષોનો રહ્યો નથી. તેનું કારણ હિંદને મહાત્માઓના ઇતિહાસની બાસ જરૂર હતી. બુદ્ધ, મહાવીર, રામાનુજ, ચૈતન્ય, કબીર, નાનક, નરસિંહ મહેતો, મીરાંબાઈ, જ્ઞાનેશ્વર, એકનાથ, રામદાસ, તુકારામ, રામકૃષ્ણ, રામતીર્થ, વિવેકાનંદ, દયાનંદ વગેરેનાં નામો અહીં વધારે પ્રખ્યાત થયાં છે. કવિઓમાં પણ કાળીદાસ, ભવભૂતિ, માઘ, ભર્તૃહરિ, જયદેવ, તુલસીદાસ, વિદ્યાપતિ ચંડીદાસ, રામપ્રસાદ, ટાગોર વગેરે યૂરોપના કવિઓથી ઉતરે તેવા નથી.

અને ઉપનિષદ્‌ના ગ્રંથો તો આજે પણ અનુવાદદ્વારા પાશ્ચિમના સાધુઓના આત્મા જગાડી રહ્યા છે.

આ કાંઇ જંગલી પ્રજાનો ઇતિહાસ નથી. જંગલી લોકોમાં આવી વિદ્યાકળા આવી શકેજ નહિ. માટે ટીકાકારોએ નિષ્પક્ષપાત દૃષ્ટિથી બન્ને વિદ્યાકળાની તુલના કરવી જોઇએ. પશ્ચિમની વિદ્યાકળાનો સારો ભાગ ગ્રહણ કરવો, પણ તે અહીંના સારા ભાગને દબાવે નહિ તે તરફ ધ્યાન આપવું જોઈએ.

આપણા બહારના જીવનમાં જણાતી ઘણી બામીઓ દૂર કરવાની જરૂર છે, બોટા રિવાજ દૂર કરવાની જરૂર છે, સ્ત્રીકેળવણીની જરૂર છે; પણ તેની સાથે બહારના જીવનમાં એટલો અને એવી રીતે રસ લેવો ન જોઇએ કે જેથી અંદરનું જીવન, અંદરનો વિકાસ તદ્દન બંધ થઇ જાય. યૂરોપની વિદ્યાકળામાં આ મોટી બામી છે. તે પ્રજા બહારનું જીવન સુધારવામાં અંદરનો વિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાસ કરી શકી નથી અને તેને પરિણામે આજે પણ ત્યાંના લોકોના મનમાં અશાંતિ રહ્યા કરે છે. તેથીજ લડાઇના સાધનમાટે અખૂટ ધન વાપરવું પડે છે. જેમ અર્થપ્રાપ્તિ અને કામતૃપ્તિ એ પુરુષાર્થ છે, તેમ ધર્મ-વૃત્તિ અને મોક્ષસિદ્ધિ એ પણ પુરુષાર્થ છે. મનુષ્ય પોતાના આત્માનો અનુભવ ન કરે, ત્યાંસુધી મનુષ્ય-જીવન નકામુંજ સમજવાનું છે. પણ બધા મનુષ્યના સ્વ-ભાવ સરખા હોતા નથી, બધાને અનુકૂળ સંજોગો મળતા નથી; તેથી મળેલ સંજોગો સુધારવામાંજ વિદ્યા-કળાની મહત્તા છે. બહારનું જીવન સુધરે ને અંદરનું પણ સુધરે એમ રહેવું મુશ્કેલ છે, છતાં એવા પ્રકારનું જીવન જે મનુષ્ય ગાળી શકે તેજ ખરો પુરુષાર્થી કહી શકાય. મુશ્કેલીના પ્રસંગોમાંથી નવા રસ્તા કાઢી શકે તેજ ખરી વિદ્યાનું ફળ છે. તે વખતેજ જીવનમાં કળા દેખાય છે. કળા એટલે જીવનમાં નવીનતા લાવવી, આત્માનો વિકાસ કરવો અને આટલું કામ જે વિદ્યાથી થાય તેજ સારી કહી શકાય. પાશ્ચમમાંથી તે માટે મળે તે લેવું, હિંદમાંથી જે સારું હોય તે ગ્રહણ કરવું અને બન્નેની અસરથી વિદ્યાવાન, કળાવાન થઇ પોતાનું જીવન બીજાને દૃષ્ટાંતરૂપ થાય તેમ રહેવું જોઇએ. તેમાંજ હિંદની ઉન્નતિ સમાયેલ છે.

ઋગ્વેદ વગેરેમાં આપેલ પ્રાચીન ઇતિહાસ જોતાં જણાય છે કે, હિંદના સંસ્કારની અસરથી ગ્રીક અને ઈજીપ્તના લોકોમાં આત્મજ્ઞાન આવ્યું હતું. પણ યૂરોપ-ના બીજા દેશોના વેપારી સંસ્કારથી ત્યાંની પ્રજામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેપારી બુદ્ધિ આવી. તે બુદ્ધિના સંસ્કાર અમેરિકામાં ઉગ્યા અને ત્યાંથી જાપાનમાં ગયા. ત્યાંની અસરથી ચીનમાં જાગૃતિ આવી અને તેજ સૂર્ય પાછો હિંદને જગાડવા પૃથ્વીપ્રદક્ષિણા કરીને આવે છે. હિંદે જે વિદ્યા પહેલાં પશ્ચિમના દેશોના આત્માને જાગ્રત કરવા આપી હતી, તે બીજા દેશોના સંસ્કાર લઇને પૂર્વમાંથી આવતી દેખાય છે. તેમાં ઘણી સેળભેળ થયેલી છે. તેમાં ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોના સંસ્કાર ઘણા ભળેલા છે. તેથી સાચા ખોટા સંસ્કારને જૂદા પાડી સારા ગ્રહણ નહિ થઈ શકે તો ઘણા જન્મને અંતે મળેલ મનુષ્ય-જન્મ નકામો જશે અને બરો પુરુષાર્થ થઈ શકશે નહિ.

યુગધર્મ એવી રીતે પાળવો જોઈએ કે સનાતન ધર્મ ભૂલાય નહિ. બીજા દેશો તરફથી આવેલ સંસ્કારને ફેરવી, સુધારી, તેમને નવા રૂપમાં પાછા આપવાથી અને તે દેશોને તે સ્વીકારવા પડે એટલું આત્મબળ બતાવવાથી હિંદની કીર્તિ વધશે અને બીજા દેશોના માણસોનાં જીવન પણ તે અસરથી સુધરશે.

તે માટે આપણે ભૂતકાળમાં કેવા હતા, હાલ કેવા છીએ અને ભવિષ્યમાં કેવા થવાનું છે તે બરાબર સમજવું જોઇએ. ભૂતકાળના ઋષિઓ તરફથી મળેલ આત્મવિદ્યામાં શ્રદ્ધા જોઈએ, પણ સમાજની રૂઢિઓથી કરોડો લોકોને અસ્પર્શ્ય માની તેમના જીવન તરફ બેદરકાર રહેવાની ભૂતકાળની ભૂલ ફરીથી કરવી જોઈએ નહિ. વર્તમાનકાળમાં યૂરોપના સાયન્સથી થયેલ જે શોધો આત્મજ્ઞાન તરફ વાળે તે સ્વીકારવી; પણ વર્ત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનકાળમાં ચારે તરફ ફેલાતી વેપારી બુદ્ધિ સમાજના જીવનમાં દાખલ થાય નહિ તેની સંભાળ રાખવી જોઇએ. વળી અહીંના સારા સંસ્કારની અસર બીજા દેશો ઉપર પાડવી હોય તો બીજા દેશો પણ કેવા હતા, હાલ કેવા છે અને કેવા થવા પ્રયત્ન કરે છે તે પણ સમજવું જોઇએ.

જ્યારે જ્ઞાની અને અજ્ઞાની મળે છે ત્યારે જો જ્ઞાની માણસ પોતાના સંસ્કારની છાપ અજ્ઞાની માણસ ઉપર પાડી શકતો નથી તો અજ્ઞાની માણસના સંસ્કાર કોઇ વાર જ્ઞાની માણસ ઉપર પડે છે; તેવીજ રીતે જો આર્યોના સંસ્કારની અસર બીજા દેશો ઉપર નહિ પાડી શકાય તો બીજા દેશોના સંસ્કારની અસર અહીંની પ્રજા ઉપર થશે. હવે બધા દેશો એટલા નજીક આવી ગયા છે કે ભૂતકાળની માફક માત્ર અરણ્યમાં બેસી આત્મચિંતન કરવાથી સમસ્ત જીવન સુધરશે નહિ; તેમ વર્તમાનકાળનો વેપારી સ્વભાવ, અને નજીકના ભવિષ્યમાં બીજા દેશો તરફથી આવતી મજુરોની બુદ્ધિની અસર પણ અહીંનું જીવન સુધારી શકશે નહિ. અહીંના જીવનમાં નવી દિશા ઉઘાડવાની જરૂર છે. નવા, ઉત્તમ અને બળવાન આત્માના સંસ્કારની જરૂર છે. ભૂતકાળની ભૂલો ફરીથી થાય નહિ, વર્તમાનકાળની ભૂલો સુધારવામાં વિલંબ થાય નહિ અને ભવિષ્યકાળમાં અહીંના સંસ્કાર એટલા સારા થાય કે બીજા દેશો ઉપર તેની અસર જાય ત્યારેજ આર્યોનું આર્યપણું ટકી શકશે. તેમ નહિ થાય તો અનાર્યપણું–અનાડીપણું સમાજમાં દાખલ થશે, ધર્મની ગ્લાનિ થશે અને તે દૂર કરવા કલ્કીને આવવું પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્કીને માટે શક્તિવાન ઘોડાની જરૂર પડશે. હાલ હવાઈ વિમાન જેવી યાંત્રિક શોધોની શક્તિ "હૉર્સ પાવર"થી મપાય છે. અમેરિકામાં એક એવી ટ્રેનની શોધ થઇ છે કે તેમાં બેસીને ટ્રેનને કહીએ કે "ચાલ" એટલે ચાલવામાં માંડે છે અને કહીએ કે "ઉભી રહે" એટલે ઉભી રહે છે. તે વિજળીની શક્તિથી ચાલે છે; પણ કલ્કીની શક્તિ–ત્રણ હજાર વર્ષ પહેલાં ઈજીપ્તમાં મોઝીઝે આત્મબળથી ઇજીપ્તનું લશ્કર સ્થિર કર્યું હતું તેમ–આત્મબળથી જીવતાં લશ્કરોની ગતિ કુંઠિત કરશે. મહાત્મા ગાંધીજીના નૈતિક બળથી સરકારની તોપો ઉપર કાટ ચઢવા લાગ્યો છે; પણ જ્યારે કલ્કીનું આત્મબળ કામ કરશે ત્યારે લશ્કર ઉપર કાટ ચઢશે. આર્યોના સંસ્કારમાં કલ્કીનું ગુપ્ત આત્મબળ રહેલું છે. તે જાગ્રત કરવાથી હિંદની વિદ્યાકળાનો મહિમા પ્રગટ થશે. તે બળને વેદના વખતમાં 'અશ્વ' કહેતા હતા. તે ઘોડા ઉપર બેસીને કલ્કી આવશે. વ્યક્તિમાં–સમષ્ટિમાં જ્યારે એવું દુઃખ આવે છે કે તે દુઃખ ભગવાન વિના કોઈ દૂર કરી શકે નહિ ત્યારે અવતાર થાય છે. હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ, રાવણ, દુર્વાસા, કંસ, શિશુપાલ વગેરેના સ્વભાવ જેવી વ્યક્તિઓ ઉત્પન્ન થાય ત્યારે સમાજનું જીવન એટલું બગડે છે કે અવતાર સિવાય તે સુધરી શકતું નથી. આવા અવતારની શક્યતા વસુદેવ અને દેવકીજી જેવા દરેક સંસ્કારી સ્ત્રીપુરુષોના આત્મામાં હતી, છે અને રહેશે. તે શક્યતા પ્રગટ થાય ત્યારે આર્યોના સંસ્કારનું તેજ માનવજાતિને મળી શકે અને ત્યારેજ ખરો પુરુષાર્થ સિદ્ધ કર્યો કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પ્રકરણ ૨ જું–પુરુષાર્થ

કોઇ પણ દેશની વિદ્યાકળા સમજવા માટે એટલું તો સમજવું જરૂરનું છે કે, તે વિદ્યાકળામાંથી કેટલા પુરુષાર્થ સિદ્ધ થાય છે. આ બાબત પહેલા પ્રકરણમાં સંક્ષેપમાં સમજાવેલ છે. તે વધારે સ્પષ્ટ સમજવા માટે પુરુષાર્થ કોને કહેવો, માણસનો સ્વભાવ કેટલો ગુંચવણી ભરેલો છે, તેનામાં શાં શાં તત્ત્વો રહેલાં છે, તે પહેલાં સમજવું જોઇએ.

પુરુષમાં બે પ્રકારનો સ્વભાવ છે. એક પોતાની પ્રકૃતિ પ્રમાણે ચાલતો સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણવાળો અને બીજો અંતર્યામીની ગુપ્ત પ્રેરણાથી ચાલતો અંદરનો સ્વભાવ. અંદરના સ્વભાવનો પહેલાં સ્પષ્ટ અનુભવ હોતો નથી; તેથી તે સ્વભાવ પ્રમાણે ચાલવામાં પુરુષની અશક્તિ જણાઇ આવે છે. તેનું ખાસ કારણ તેના ઉપર પહેલા ત્રણ ગુણવાળા સ્વભાવનું વધારે જોર રહે છે. પ્રકૃતિનો આ ટુંકો સ્વભાવ સામાન્ય અનુભવમાં આવે છે અને તે પૂરો હોય એમ જીવ માની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસે છે. આ માયા છે; તેથીજ દેખાતું જગત પૂર્ણ લાગતું નથી. દરેક ક્રિયા અલ્પ, અપૂર્ણ હોય છે; છતાં તે દરેકની અંદર અંતર્યામી તેનો સ્વભાવ ચલાવતા હોય છે. તે અંતર્યામીનો સ્વભાવ જે વખતે અનુભવમાં ન આવે તે વખતે કોઈ ક્રિયામાં પૂર્ણ સુખ મળતું નથી. તેથી તેમાં રહેલું અગમ્ય તત્ત્વ શોધવાની જરૂર પડે છે. તે શોધમાં દરેક ક્રિયામાં કામ કરતાં નવાં તત્ત્વો મળે છે અને ખબર પડે છે કે, જેમ આપણે સંજોગોને આધીન છીએ, તેમ સંજોગો પણ આપણા ઉપર આધાર રાખે છે. નવાં તત્ત્વો શોધવાં, સંજોગો ફેરવવા, પોતાની નવી શક્તિઓ ખીલવવી તેમાં સાહસ અને જોખમ રહેલું જ છે. તે જોખમ ખેડયા વગર જીવનો જીવભાવ પૂરો ખીલતો નથી. જીવને જીવભાવ મૂકવો ગમતો નથી; તેથી નવો ભાવ પ્રાપ્ત કરતાં દુઃખ થાય છે, આખું જગત પ્રભુની ઇચ્છા પ્રમાણે ચાલતું હોવાથી જીવની ઇચ્છાને વારંવાર આઘાત પહોંચે છે. આવા સંજોગોમાં જીવનો અલ્પ સ્વભાવ વારંવાર હારી જાય છે. પણ હારની દરકાર કર્યા વગર પોતાનો સ્વભાવ દુઃખ ખમીને પણ તે જીવ સુધારે તો દરેક સંજોગો જીતવાની શક્તિ પણ જીવમાં રહેલ અંતર્યામી તેનામાં પ્રગટ કરે છે. તે વખતે ખબર પડે છે કે, જ્યાંસુધી જીવભાવ પ્રભુની ઇચ્છાને તાબે ન રહે ત્યાંસુધી તે સુખી થઇ શકતો નથી. પ્રભુ તેનો અંતરાત્મા છે. તેના તરફ બેદરકારી રાખવાથી સુખ મળે નહિ. માત્ર જીવરૂપે એટલે અલ્પ સ્વભાવે જીવવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનો કાંઇ ઉપયોગ નથી.

જીવભાવ છોડવામાં અને પ્રભુભાવ પ્રગટ થવા દેવામાં શરૂઆતમાં દુઃખ લાગે છે. પણ જે દિશામાં દુઃખ છે તે દિશામાંજ સુખ છે; કારણ કે ત્યાં જીવનો પૂર્ણ સ્વભાવ એટલે પ્રભુતા પ્રગટ થાય છે. હાલમાં પ્રવૃત્તિમય બહિર્મુખ જીવનમાં આ ઉપયોગી બાબત ભૂલાઇ ગઈ છે. અને પૈસાથીજ બધું સુખ મળશે એવી માન્યતાથી જીવન શરૂ થાય છે અને પુરૂં થાય છે.

અર્થ અને કામ એ બે પુરુષાર્થથીજ પ્રભુતા પ્રગટ થતી નથી. અર્થપ્રાપ્તિ અને કામતૃપ્તિમાં કેટલો દંભ છે તે પહેલાં બરોબર સમજવું જોઇએ. પોતાનામાં કેટલું અજ્ઞાન રહેલું છે, બીજા લોકો ધર્મ અને મોક્ષને પુરુષાર્થ તરીકે શા માટે માને છે? એ સમજવું જોઇએ. પોતાની અંદર કેટલો ગુપ્ત સ્વભાવ, અંદરની પ્રેરણા, વિચારની ઉત્પત્તિ, તેના નિયમ, તેની દિશા, તેનાં આકર્ષણ વગેરે છે તે સમજવાં જોઇએ.

ધાર્મિક માણસમાં પ્રભુ તરફ ભક્તિ રહે છે. પ્રભુ સર્વત્ર કામ કરતા હોવાથી સર્વ ક્રિયા તરફ તેનો સમભાવ રહે છે. તેટલે દરજ્જે તેનો સ્વભાવ ખીલે છે, વિશાળ બને છે. તે વખતે તેને તેનો આગળનો સ્વભાવ તુચ્છ લાગે છે. ધાર્મિક માણસનું મન વેપારી માણસના કરતાં વધારે આરોગ્ય હોય છે, તેનામાં શાંતિ હોય છે. શાંતિથી તે સાચા અને સારા વિચાર કરે છે. અશાંત, કામી અને ક્રોધી મનમાં સત્ય સમજવાની શક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોતી નથી. જીવને પ્રભુતામાંજ સુખ મળે છે. પ્રભુતા મેળવવા માટે દુઃખ ખમવામાંજ જીવપણાનો ઉપયોગ છે. આ દિશા અપરિચિત હોવાથી શ્રદ્ધાની જરૂર રહે છે. શંકાવાળાને ભય થાય છે.

દરેક માણસને સ્વાર્થ પસંદ છે. પણ સ્વાર્થ શામાં છે તે ઘણા વિચાર કરતા નથી. જીવના અલ્પ-જ્ઞાનથી જે સ્વાર્થ મનાય છે તે બીજા માણસના સ્વાર્થ-ની આડે આવે છે. બીજાનું બૂરૂં કરવાથી પોતાનો સ્વાર્થ સધાય છે, પણ જ્યારે જીવમાં ધાર્મિક બુદ્ધિ ઉત્પન્ન થાય છે, પ્રભુતા તરફ તેનું મન વળે છે ત્યારે તે બીજાના સ્વાર્થને બગાડયા વગર પોતાનો સ્વાર્થ સિદ્ધ કરી શકે છે. તેથી એકંદરે સમાજજીવન ઉત્તમ થાય છે. વિદ્યાકળાના બરા નમુના પ્રત્યક્ષ દૃષ્ટિએ પડે છે.

પણ મને જેવી લાગણી થાય છે તેવી બીજાને કેમ થતી નથી? અને બીજાને થાય છે તેવી મને કેમ થતી નથી? તેનું બરૂં કારણ પોતાની માની લીધેલી ભાવના છે. આપણી પોતાની લાગણીનું આપણે ઉત્પન્ન કરેલ બંધનજ બીજાની લાગણી જાણવામાં આડું આવે છે. આપણે પોતાનો માનેલો સ્વાર્થ, પોતે માનેલું તેજ સાચું, બીજાનું ખોટું, આવી વૃત્તિથી બીજા મા-ણસોથી આપણે આપણને દૂર કરીએ છીએ. એટલું તો કૂતરા પણ સમજી શકે છે કે, પોતાના ધણી ઉપર કોઇ હુમલો કરે ત્યારે પોતે ધણીના દુશ્મનને–હુમલો કરનારને કરડે છે. તે વખતે તે પોતાના સુખદુઃખનો વિચાર કરતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની લાગણીમાં એટલે પોતાના શરીરના સુખમાંજ મન રાખીએ તો સમભાવ થઇ શકતો નથી. આવી લાગણી ખોટો સમભાવ પ્રગટ કરે છે, મનની પાછળ રહેલ આત્માની અનંત શક્તિઓ દાબી દે છે, તેથી પોતાની પ્રભુતા પ્રગટ થતી નથી. બીજાને મદદ થાય કે ન થાય પણ બીજાનાં હૃદય, મન સમજવાની, તેને માન આપવાની, તેને દુઃખ ન દેવાની વૃત્તિઓ હોવીજ જોઇએ; કારણ કે આત્મભાવે બીજાનાં શરીર, બીજાનાં મન પણ પોતાનાંજ છે. પોતાની લાગણી ફેરવ્યા વિના આત્મભાવ પ્રગટ થતો નથી. સારી અને ઉત્તમ લાગણીવાળો માણસ હમેશાં ઉત્તમ કાર્ય કરી શકે છે અને ઉત્તમ કાર્યથી પોતાનો સ્વભાવ ઉત્તમ કરતો જાય છે. તેનામાં જ્ઞાન અને હિંમત વધતાં જાય છે. તેજ ઉત્તમ ફળ છે. જ્ઞાન અથવા સમજણ વગરની દયાથી કેટલીક વખત ખોટી લાગણી પ્રગટ થાય છે અને તેનું ખોટું ફળ આવે છે. સમજણપૂર્વક લાગણીથી સમજણ વધે, બુદ્ધિ વધે તેમ વર્તવું જોઇએ.

પણ દરેક માણસ પોતાનું પોતાપણું મૂકી દે તો બધાનાં શરીર અને મન એક થઇ જાય અને માણસ-તરીકે કોઇ જાતિ ઉત્પન્ન પણ થાય નહિ? એમ કોઇને પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. તેનો જવાબ એટલોજ છે કે, દરેક માણસમાં પ્રભુની શક્તિ અમુક અમુક ગુણો પ્રગટ કરે છે. તે ભાવ ધ્યાનમાં રાખી દરેક માણસ પોતાના ગુણનો વિકાસ કરી શકે અને પ્રભુની શક્તિ પોતાની અંદર પ્રગટ કરી પ્રભુતા બતાવી શકે. જે ગુણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતામાં હોય, જે બીજી જગ્યાએ ન હોય તે જગ્યાએજ પ્રભુતા પ્રાપ્ત કરે તો પોતાને અને બીજાને લાભ કરી શકે. આવા વિકાસમાં અનેક માણસનું કામ એક માણસ ઘણી વખત કરી શકે છે. એક માણસના વિચારથી અનેકને ફાયદો થાય છે અને બીજાના સ્વભાવ અને શરીર ઉપર પણ ઘણી સારી અસર થાય છે.

તે વખતે ભેદદૃષ્ટિ મંદ પડે છે અને અંતે નાશ થાય છે. કાર્યસિદ્ધિ અમુક રીતેજ થવી જોઇએ એ નિયમ નથી. એક મકાન બાંધવામાં અનેક માણસો અનેક રીતે ઉપયોગી થાય છે; તેથી અમુક પ્રકારનુંજ એટલે તેમના સ્વભાવ પ્રમાણે મકાન થવું જોઇએ એ નિયમ નથી. મકાનનો કોઇ પણ ભાગ કોઇ પણ માણસના સ્વભાવ સાથે સરખાવી શકાય નહિ; તેવીજ રીતે જગતની વિવિધ ક્રિયાઓમાં અનેક માણસ અનેક રીતે કામ કરી શકે છે અને એકબીજાના કામની એકબીજા ઉપર અસર થાય છે.

પણ આપણે બીજા માણસ સાથે એક ન હોઇએ તો આપણે આપણી સાથે પણ શામાટે એક થઇ રહેવું જોઇએ? આપણો ભૂતકાળનો સ્વભાવ આપણા વર્તમાન કાળના સ્વભાવ કરતાં ઘણો જૂદો અને દૂર હોય તેમ લાગી શકે અને આપણા વર્તમાન કાળનો સ્વભાવ બીજા માણસના વર્તમાન કાળના સ્વભાવ સાથે વધારે અનુકૂળ અને નજીક પણ લાગી શકે. આ દૃષ્ટિએ જોતાં જેમ આપણું આગલું અને પાછલું જીવન આપણું કહીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ, તેમ બીજાનું જીવન પણ આપણું કહેવું જોઇએ અથવા બન્નેને આપણાથી ભિન્ન માનવા જોઇએ. પણ ભિન્નતા ક્ષણિક સ્વભાવનું પરિણામ છે. એકતા સમસ્ત અને નિત્ય સ્વભાવનું પરિણામ છે. આત્મભાવે જૂદા થઇ શકતા નથી. આ અનુભવ ન થવાનું કારણ આપણે આપણો સ્વભાવ પૂરો જાણતા નથી.

આપણા અજ્ઞાનનું કારણ શું? આપણી હદ શામાટે બંધાય છે? આ પ્રશ્નનો જવાબ પરિમિત મનને સંતોષ થાય તેવો મળી શકે નહિ. મન કાર્ય છે, આત્મા કારણ છે. કાર્યથી કારણ સમજાય નહિ. આ પુસ્તકના અક્ષર જોઇ તે જે માણસે છાપ્યા તે માણસનું નામ જાણી શકાય નહિ. પૂર્ણ દૃષ્ટિ લેવી હોય તો મનની ઉપર જવું જોઇએ. એમ સમજવું જોઇએ કે, મનના વિચારમાં, તેનાથી ઉત્પન્ન થતા તર્કમાં કાંઈ કિંમત નથી. જેમ જેમ પ્રભુભાવ ઉત્પન્ન થતો જશે, તેમ તેમ જીવભાવ અદૃશ્ય થતો જશે.

પણ નાટકનાં પાત્રો કામ કરેજ નહિ તો નાટક થાય નહિ. નાટક રચનાર કવિની કલ્પનામાં આખું નાટક એકસાથે રમતું રહે છે; પણ નાટકનાં પાત્રોને તો તે છૂટું છૂટું ભજવવું પડે છે, કવિએ કલ્પેલ રચના પ્રમાણે ભજવવું પડે છે. છતાં ભજવનારની કળા ઓછી ઉપયોગી નથી. કવિએ ઉત્પન્ન કરેલ સંજોગો ધ્યાનમાં રાખવા જોઇએ, પણ દરેક સંજોગોમાં નવીનતા બતાવવાની કળા ભજવનારમાં હોય તોજ નાટક શોભે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવીનતા બતાવવાની શક્તિ દરેક જીવમાં પ્રભુએ રાખી છે તેનું જ્ઞાન થવું જોઇએ અને તેનો અનુભવ લેવો જોઈએ.

નાટકમાં બે ભાવ રહેલા હોય છે. એક કવિએ ઉત્પન્ન કરેલ અને બીજો ભજવનારની કળાનો અને તેને આપવી જોઇતી સ્વતંત્રતાનો. કેટલાંક પાત્રો પોતાનું કામ હમેશાં એકજ રીતે કરે છે. કેટલાંક પોતાના કામમાં હમેશાં કવિની રચના બગાડ્યા વગર નવીનતા લાવે છે. નવીનતા લાવવા માટે કવિનું હૃદય સમજવું જોઇએ. દરેક પાત્રના કાર્યને કવિ સાથે સંબંધ હોય છે, પણ કોઇકજ કવિને બરાબર સમજી શકે છે. જે તે સમજી શકે છે તે કવિના હૃદયમાં રહેલી નવીનતા પણ પ્રગટ કરી શકે છે અને કવિનો મહિમા વધારે છે. નવીનતાને માટે હમેશાં દરેકમાં જગ્યા રહે છે. જેમ શૃંગારમાં સ્થાયી ભાવ શૃંગારને વધારે છે, વિદ્યામાં સર્વાત્મભાવ વિદ્યાનો વિકાસ કરે છે; તેમ કળામાં નવીનતા કળાનો મહિમા વધારે છે.

જેમ જેમ જીવને પોતાના આખા સ્વભાવની ખબર પડે છે, તેમ તેમ તે દરેક સંજોગોમાં નવીનતા જોઇ શકે છે અને પોતાની શક્તિ પ્રમાણે નવીનતા લાવી શકે છે. દરેક સંજોગોમાં નવાં દૃષ્ટિબિંદુ હોય છે. પોતાને મળેલી વિદ્યાથી અને પોતાની જીવનકળાથી દરેક જીવ દરેક સંજોગોને નવું રૂપ આપી શકે છે. આ દૃષ્ટિએ જોતાં જગતમાં નવીનતા લાવવા માટે જીવ ઉત્પન્ન થવાજ જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ માત્ર વિચારથી નવીનતા આવતી નથી. વિચારથી આચાર ઉત્પન્ન થાય છે; પણ વિચાર ઉપર મનોબળ જોઇએ. એટલુંજ નહિ પણ મનોબળથી ઉપરના ક્ષેત્રમાં રહેલ આત્માની અનંત શક્તિઓને કામ કરવા પોતામાં જગ્યા આપવી જોઇએ. અમુક સંજોગો ઉભા થાય, તેમાં ઘણી મુશ્કેલીઓ દેખાય; છતાં બધી મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢી વ્યવસ્થિત કામ કરવાની શક્તિ આવવી જોઇએ. તેને માટે માત્ર બહારના દેખાવ ઉપર આધાર રાખવો જોઇએ નહિ. જગત એક છે, એકજ શક્તિથી ચાલે છે. ઉત્તમ જીવના પુરુષાર્થદ્વારા તેની એકતા નભે છે. જે માણસ તે નવીનતા જોઇ શકે છે તે ખરો પુરુષાર્થ સાધી શકે છે. આ દૃષ્ટિએ વિચાર થાય તો સ્વરાજ્યનું મુશ્કેલ કોકડું પણ ઉકેલી શકાય. માત્ર એક માણસના વિચાર પ્રમાણે ચાલવાથી સ્વરાજ્યને બદલે નવા પ્રકારની પરાધીનતા વધે છે. સ્વરાજ્ય માટે દરેક માણસે સ્વતંત્ર વિચાર કરવો જોઇએ. દરેક સંજોગોમાં નવા રસ્તા સૂઝવા જોઇએ. બીક અને સ્વાર્થ છોડવાથી નવી બુદ્ધિ બીલે છે, તેનાથી નવું સૂઝે છે.

પણ કેટલાક સંજોગોમાં નિષ્ફળતા પ્રત્યક્ષ દેખાય છે તેનું શું ? આ વિચારની સાથે એટલો વિચાર પણ કરવો જોઇએ કે નિષ્ફળતાની સાથે સંજોગો કેટલા ફરી બેસે છે. અસહકાર નિષ્ફળ ગયો એમ માનવા પહેલાં તે નિષ્ફળતામાં દેશના સંજોગો કેટલા બદલાઇ ગયા તે ભૂલવું જોઇએ નહિ. સિદ્ધાંતદરીકે જોતાં દરેક સંજોગો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં નવો રસ્તો હમેશ રહેલો હોય છે. દરેક જગ્યાએથી સમસ્ત વિશ્વને પહોંચી શકાય છે. નિષ્ફળતાનું કારણ કાંઇકિ મનમાં રહેલી બીક, અભિમાન, સ્વાર્થ હોય છે. સ્વદેશનો અભિમાની પુરુષ ઘણી વખત સ્વદેશની મુશ્કેલી દૂર કરી શકતો નથી. તેણે આસપાસના અને બીજા બધા દેશોના સંજોગો, તેઓની વિદ્યાકળા, તેઓના પુરુષાર્થની દિશા વગેરેનો વિચાર કરવો જોઇએ. ક્રિયાનું ક્ષેત્ર પોતાના દેશમાંજ હોય પણ વિચારનું ક્ષેત્ર તો તેથી ઘણું મોટું રહેવું જોઇએ. વિચારમાં વિશાળતા, પૂર્ણતા, સામા માણસનો હેતુ સમજવાની અને તેને તાબે કરવાની કળા રહેવી જોઇએ. વિચારની દૃઢતા અને વિશાળતા સામે સંજોગોની હઠ ટકી શકતી નથી. દરેક સંજોગોમાં તેને ફેરવવા માટે નવો રસ્તો રહેલો હોય છે. તેમાં આત્મભાવ રહેલો હોય છે. જે જીવમાં આત્માની વિશાળતા આવી હોય તે તે રસ્તો તરત જોઇ શકે છે. દરેક સંજોગમાં આત્મા છે. તે સંજોગ આત્મભાવ શોધે છે અને તેથી મહાત્માઓની અસરને તરત તાબે થાય છે. પણ મહાત્માનું મન પ્રભુ જેટલું વિશાળ રહેવું જોઇએ, કારણકે તે સંજોગોને પણ તેનાદ્વારા પ્રભુરૂપ બનવું છે. તેવો ભાવ ન હોય તો સંજોગ તાબે થશે નહિ. જડ જગત જીવદ્વારા ચેતન થાય છે; એ સિદ્ધાંત સમજી જીવની વિશાળતામાં જગત પહેલાં સમાવી દેવું જોઇએ. દરેક મહાન બનાવો જીવોથી બન્યા છે અને દરેક જીવમાં પૂર્ણ શક્તિ ગુપ્ત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણે કામ કરે છે, પણ જે જીવ તે શક્તિ પ્રગટ કરી શકે છે તે જગતમાં મહાન ફેરફાર કરી શકે છે અને મુશ્કેલીમાં નવા રસ્તા કાઢી શકે છે.

દરેક સંજોગોમાં માણસની પોતાની માન્યતા રહેલી હોય છે, તે માન્યતા કાઢી લઈએ તો સંજોગોમાં ઘણું નવું જોવામાં આવે છે. તેના દેખાવ ઉપરાંત તેમાં ઘણું નવું જીવન રહેલું હોય છે; તે સમજી શકાય તો સંજોગો ફેરવવાની શક્તિ આવે છે. સંજોગને વશ કરવામાં કાળની અને માણસની શક્તિની જરૂર છે. જે સંજોગ કોઈ વખતે વશ ન થાય તે ઉપર વધારે વખત ધ્યાન આપવાથી વશ થાય છે. તેમજ માણસની સામાન્ય શક્તિથી જે સંજોગોનું માપ થાય છે તેજ વિશેષ શક્તિથી વધારે સારા કરી શકાય છે. કેટલાક માણસ વેપારમાં અને નોકરીમાં બીજા માણસની નિષ્ફળતા જોઈ નિરાશ થાય છે, પણ જ્યાં કેટલાક માણસ નિષ્ફળ થયા હોય ત્યાં બધા માણસ નિષ્ફળ થાય તેવો સંભવ નથી. કેટલીક વખત કાર્ય સાધવા માટે ભોગ આપવો પડે છે અને તે આપવા માટે કોઈ માણસમાં વધારે હિંમત હોય છે, અને હિંમતવાળો નિષ્ફળતામાં સફળતા લાવી શકે છે; પણ કેવળ હિંમતથી કામ થતું નથી. તેની સાથે વિશાળ દૃષ્ટિબિંદુ હોવું જોઈએ. દરેક વસ્તુ પૂરી જોવાની ટેવ હોવી જોઈએ. દરેક સંજોગ પૂરો સમજવાની શક્તિ જોઈએ. આવી ટેવથી જીવમાં પૂર્ણતા આવતી જાય છે. જીવનો સ્વભાવ ફરતો રહે છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂલવું જોઈએ નહિ. જે સ્વભાવ ફરતો હોય તેનો વિકાસ પણ થઇ શકે. વિકાસ પામેલ જીવ સંજોગો જીતી શકે છે, અથવા નવા ઉત્પન્ન કરી શકે છે. માણસની શક્તિ દરેક દેશમાં અને દરેક કાળમાં વ્યાપી શકે છે.

લોકોની વચ્ચે રહી લોકોના મત પ્રમાણે ચાલવું સહેલું છે, એકાંતમાં રહી પોતાના મત પ્રમાણે ચાલવું સહેલું છે; પણ ખરો પુરુષાર્થી માણસ તેજ છે, કે જે લોકોની વચ્ચે પોતાના આત્માની સ્વતંત્રતા અને મધુરતા રાખી શકે છે.

જ્યારે આપણે આપણા હક્કનો વિચાર કરીએ, ત્યારે આપણી જવાબદારીનો પણ વિચાર કરવો જોઇએ. જ્યારે પ્રભુનો આશ્રય માગીએ ત્યારે તેના પ્રત્યેની જવાબદારી પણ સમજવી જોઈએ. તેના તરફની જવાબદારી સાથે બીજા માણસપ્રત્યેની જવાબદારી અને તેનાથી ઉત્પન્ન થતાં જોખમ અને સાહસ પણ ખેડવાં જોઈએ. આ દૃષ્ટિએ જીવને ભઠ્ઠીમાં ગળાવું પડે છે. જીવ પરિમિત છે. તેની અંદર રહેલ પ્રભુ અપરિમિત છે; તેથી પરિમિત સંબંધમાં તેને સુખ મળતું નથી. પોતાના સ્વભાવ સાથે નિરંતર યુદ્ધ ચાલ્યા કરે છે. આ યુદ્ધથી પુરુષાર્થ જન્મે છે. પણ માત્ર અર્થ અને કામ એ બે પુરુષાર્થથી પરિમિતપણું મટતું નથી. ધર્મમાં પણ જીવભાવ રહે છે. માત્ર મોક્ષમાંજ જીવભાવ મટે છે. ધર્મની કેટલીક રૂઢિઓ, અર્થ અને કામ માણસના બનાવટી વ્યવહારથી નભે છે. તે માત્ર ટુંકા સમયના દેખાવ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી ખરો આત્મભાવ જાગતો નથી. ઉલટું તે પુરુષાર્થમાં આત્માની અનંત શક્તિઓને ટુંકા ક્ષેત્રમાં કામ કરવું પડતું હોવાથી દુઃખ થાય છે. તેની ઇચ્છા પ્રભુની ઇચ્છાને આડી આવે છે. પ્રભુની ઇચ્છા તરત સમજાતી નથી અને અશાંતિ અને વિક્ષેપ ચાલ્યા કરે છે. જગતને સુધારવાની ઇચ્છા થાય છે અને તે ઇચ્છાની સામે આપણી ટુંકી ઇચ્છા સંબંધ બાંધે છે. જગત આપણી બાંધ ઉપર બેઠું નથી. આપણી જવાબદારી રહે છે, પણ તે પહેલાં 'આપણે કોણ?' તે નક્કી કરવું જોઇએ. કોઇ પણ પુરુષાર્થ સિદ્ધ કરવા માટે આપણો પૂરો સ્વભાવ જોવો જોઇએ. આપણામાં રહેલ પ્રભુ તરફ ધ્યાન રાખવું જોઇએ. તેની પ્રભુતા આપણા કામમાં પ્રગટ થવી જોઇએ. વિદ્યા, કળા અને સૌંદર્યના રસથી આપણો સ્વભાવ મોટો થાય છે અને આપણને મોટા કરે છે. આ ફળની આશાથીજ મનુષ્યનું ટુંકું જીવન નભી શકે છે. માણસના માનેલા ધર્મ અને કામકાજ સાચા મનાતા હોત તો જીવન ક્લેશમય થાત અને પુરુષાર્થને જગ્યા ન રહેત. જીવ પ્રભુનો અંશ છે, તેથી જીવના હૃદયમાં પ્રભુની પ્રભુતાના ધબકારા વાગતા રહે છે. પોતાના અહંકારી હક્ક સિદ્ધ થવા માટે પોતાની દૃષ્ટિ ન સુધારવાથી અસંતોષ થાય છે.

વળી આપણા માનેલા હક્ક સાચા હોતા નથી, તે ભાંગતાં વાર લાગતી નથી અને ઘણી વાર પ્રશ્ન ઉઠે છે કે, આપણને આવા બનાવ્યા કોણે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ બાબત સમજવા માટે આપણા માનેલા હક્કથી શરૂઆત કરવી ન જોઇએ. આપણું માનેલું જ સાચું એમ આગ્રહ રાખવાથી સત્ય મળશે નહિ. એવા આગ્રહથી આપણે પ્રભુથી જૂદા થઇએ છીએ. ખોટો આગ્રહ રાખવા છતાં પણ પ્રભુ તો પોતાનું કામ કર્યેજ જાય છે, તેથી અણધારેલ પરિણામ આવે છે અને દુઃખ થાય છે; કારણ કે આપણા માનેલા હક્કને વિઘ્ન થાય છે.

જ્યારે આપણા હક્ક મૂકીએ ત્યારે આપણો પુરુષાર્થ આત્માર્થી થાય છે. ત્યાં બધા જીવની એકતા દેખાય છે. બીજાની ખાતર દુઃખ ખમવામાં સુખ મનાય છે, કારણ કે તેથી આત્મવિકાસ થાય છે. આત્મવિકાસમાંજ પુરુષાર્થ રહેલો છે, ત્યાં જીવભાવે માનેલા હક્ક રદ થાય છે. તેથીજ યૂરોપની વિદ્યાકળા અને હિંદની વિદ્યાકળા જૂદી જૂદી દિશામાં ચાલી છે; જ્યાં જીવદૃષ્ટિએ હક્કનો વિચાર થાય છે, ત્યાં ઉત્તમભાવ–પ્રભુભાવ નથી એમ માની લેવું પડે છે; અને જીવભાવે માનેલ વ્યવહાર નભાવવા ન્યાયની અદાલતો ઉભી કરવી પડે છે.

પણ પ્રભુ જીવના કાયદાને માન આપતા નથી, તેને જીવના ખાસ હક્કની દરકાર નથી; તેથીજ જ્યાં જ્યાં માત્ર અર્થ અને કામ એ એજ પુરુષાર્થ કામ કરે છે, ત્યાં આત્યંતિક દુઃખનિવૃત્તિ થતી નથી. ઑસ્ટ્રીઆના કુંવરને સર્વિયામાં કોઇ મારે તેના પરિણામમાં ઇંગ્લાંડ અને જર્મની લડી પડે, એ કેવા પ્રકારની રાજનીતિ અને કુશળતા કહી શકાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે દેશમાં ધર્મ અને મોક્ષ પુરુષાર્થરૂપે મનાય છે, ત્યાં આવા પ્રસંગ બનતા નથી; કારણ કે શિક્ષણજ એવા પ્રકારનું હોય છે કે કોઇની જમીન અન્યાયથી લેવાય નહિ. ત્યાં પ્રભુ તરફ દૃષ્ટિ રહે છે, નીતિનું જોર રહે છે; કારણ કે મોક્ષ એટલે પોતાની માનેલી હદમાંથી છૂટવું અને તેથી કોઇ પોતાના ખાસ હક્કનો વિચાર કરતા નથી, ત્યાં ઉત્તમ પુરુષ પોતાના સુખનો વિચાર કરતા નથી. તે પોતા ઉપર મોટી જવાબદારી લે છે, દુઃખ ખમે છે, ધર્મથી અર્થ અને કામ સિદ્ધ કરે છે; તેનું ફળ તે તેનો આત્મવિકાસ છે, તેજ તેનો પુરુષાર્થ છે. જે સુખ બીજા માણસ માગે છે, તે સુખ આત્માર્થી માણસ માગતો નથી. તે એમજ માને છે કે, જેટલો પોતે ભોગ આપે તેટલો તેનો વિકાસ વધારે થાય છે. પૈસો ગુણ પ્રમાણે મળતો નથી. ઘણી વખત પૈસાદાર માણસ કરતાં ગુણવાન માણસ જગતનું વધારે ભલું કરી શકે છે. ગુણવાન ગુણવિકાસમાંજ લાભ દેખે છે, તે જગતના કાયદાથી બંધાતો નથી; છતાં દુઃખ ખમવામાં, આત્મભોગ આપવામાં વધે છે. જગતમાં અનંત શક્તિઓ કામ કરી રહી છે તેને માણસના ટુંકા મનથી બાંધેલ કાયદામાં બાંધી શકાય નહિ. માણસ જગતમાં જે જુએ છે તે કરતાં જગતમાં ઘણાં વધારે તત્ત્વો રહેલાં હોય છે અને તે વધારે સમજવા માટે નવું જીવન ઘડવું જોઇએ, જૂના રસ છોડવાનું દુઃખ ખમવું જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યનો સ્વભાવજ એવો ગોટાળાભરેલો છે કે દુઃખ અને અસંતોષ નીપજવાજ જોઇએ. આપણા કાયદા આપણું રક્ષણ કરી શકતા નથી. આપણો સ્વભાવ દેખાય છે તેના કરતાં મોટો છે. તે પૂર્ણ ન થાય ત્યાંસુધી તેને સુખ મળતું નથી. અપૂર્ણતા અને પૂર્ણતા વચ્ચે યુદ્ધ ચાલ્યા કરે છે. પૂર્ણતા તરફ જતાં સુખ ઉપજે છે; પણ સુખ આવ્યા પહેલાં તેનું વિરહદુઃખ રહે છે. અપૂર્ણ માણસ પૂર્ણ પુરુષોત્તમમાં સમાવાથીજ પૂર્ણ બનતો નથી. તેનામાં તદ્દન રૂપાંતર થવું જોઇએ. તે અપૂર્ણભાવે પૂર્ણતામાં રહી શકે નહિ.

તેથી બધાં દુઃખ બરાબ નથી, પૂર્ણતા મેળવવામાં દુઃખ આવે તે ખમવામાં લાભ છે. મનુષ્યજીવનનું કોકડું સમજવું સહેલું નથી. જીવનનો વિકાસ જીવન ફેરવવાથી થાય છે, તેથી પોતે માનેલી સુખદુઃખની વસ્તુઓ અને સંજોગો પણ ફરી જાય છે.

દુઃખ એ માત્ર પાપનું ફળ નથી. કુંતાજીએ ભગવાન પાસે દુઃખ એટલા માટે માગ્યું હતું કે જેથી ભગવાનમાં વૃત્તિ રહે. ભગવાનમાં વૃત્તિ રહેવાથીજ જીવની ઉત્તમ ગતિ થાય છે. તેથી ઉત્તમ ગતિ કરવી હોય તો દુઃખ અને મરણને વધાવવાં જોઇએ. જીસસ ક્રાઇસ્ટે પણ દુઃખને વધાવ્યું હતું. ગોપીઓએ પણ દુઃખ માગ્યું હતું, છતાં દુઃખ અને મરણ નિત્ય નભતાં નથી. જીવનને આગળ ગતિ આપી તે જતાં રહે છે, પણ જે માણસ પાછળ રહેલ હોય તેને ગતિ આપવા માટે તે જરૂર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાં હોવાથી જગતમાંથી તદ્દન નિર્મૂળ થતાં નથી. આપણા જીવનના સંજોગો, એ અપૂર્ણતા અને પૂર્ણતા વચ્ચેની ખેંચતાણ છે અને પૂર્ણતા મેળવવી જરૂરની હોવાથી ખેંચતાણનું દુઃખ અને વિરહ ભોગવવા પડે છે.

ઇચ્છા પૂરી થવામાં સુખ મળે છે, પણ તે વખતે કેવા પ્રકારની ઇચ્છા રહેલ છે અને કેવા પ્રકારનું સુખ હોય છે તે સમજવું જોઇએ. ઇચ્છા ફરતી જાય છે તેની સાથે સુખનો પ્રકાર પણ ફરતો જાય છે. ભગવદ્-ભાવ પ્રાપ્ત કરવાની ઇચ્છા જૂદા પ્રકારની હોય છે અને તે પૂરી થતાં તેનું સુખ પણ જૂદા પ્રકારનું હોય છે. મોક્ષ એટલે છૂટવાની ઇચ્છા, એ ચોથો પુરુષાર્થ છે; અને એ પુરુષાર્થનું ફળ પણ બીજા ત્રણ પુરુષાર્થના ફળ કરતાં જૂદા પ્રકારનું હોય છે. મોક્ષમાં સર્વ જીવનની એકસૂરતા અથવા સર્વાત્મભાવ પ્રાપ્ત થાય છે. જે સુખથી સર્વાત્મભાવ પ્રાપ્ત ન થાય તે ખરૂં સુખ નથી. દુઃખથી તે ભાવ આવતો હોય તો તે દુઃખમાં લાભ છે. આ દૃષ્ટિએ જોતાં માણસ જેને સારૂં નરસું કહે છે તે સર્વથા સત્ય નથી. ઇચ્છા, ટેવ, વિચાર, હેતુ વગેરેથી જીવન બંધાય છે અને વિકાસ પામે છે; તેથી સુખ-દુઃખની અને સારાનરસાની લાગણીઓ મપાય છે. પણ આવી ટેવ સૌની સરખી હોતી નથી, માણસની દૃષ્ટિએ સારૂં નરસું નક્કી થઇ શકતું નથી. માણસ અપૂર્ણ છે તેને પૂર્ણ થવા જે કામ આવે તે સારૂં એટલું જ કહી શકાય. તેને જે આડું આવે તે ખરાબ સમજવું. માણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ જેને સારૂં માને છે તેટલા સારાથી તેને સંતોષ થશે નહિ, કારણ કે તેનાથી તેની અપૂર્ણતા મટતી નથી. માણસના આખા સ્વભાવને સંતોષ થવા માટે આખી વસ્તુ જોઇએ, અને આખી વસ્તુ પ્રભુ સિવાય બીજી કોઇ નથી. તે મેળવવા માટે પોતે આખો થવો જોઇએ, અને પોતાની અપૂર્ણતા છોડવી જોઇએ. તે માટે ભૂલ થતાંજ સુધરાય છે, દુઃખ અમતાં અમતાંજ વધાય છે. ઘણી ભૂલોથી ઉત્પન્ન થયેલ સ્વભાવ તરત સહેલાઇથી છૂટતો નથી. તેમાં સાહસ અને પુરુષાર્થની જરૂર રહે છે. ઘણી વખત અંધારે રસ્તે જીવ આથડી પડે છે. ભૂલ ન કરે તો તેનું પોતાનું જીવન પોતાનું સુધારેલું કહેવાય નહિ. પ્રભુતા પ્રાપ્ત કરવા માટે ઘણી મુશ્કેલીઓ ઓળંગવી પડે છે; દરેકને પોતાનું કામ સંભાળવું પડે છે, પોતેજ પોતાને સુધારી શકે છે.

પૂર્ણ પૂર્ણતા આપણી માનેલી પૂર્ણતા જેવી હોતી નથી. જેને આપણે સારામાં સારૂં સુખ, સૌંદર્ય, સત્ય, આનંદ, જ્ઞાન, શક્તિ કહીએ છીએ, તેનાથી વધારે સારા પ્રમાણમાં અને અધિક રસવાળાં તત્ત્વો તે પૂર્ણ જીવનમાં હોય છે. આ બધા ભાવનો સરવાળો તે પૂર્ણતા ન કહેવાય. પૂર્ણતામાં નવુંજ જીવન તૈયાર થાય છે. પૂર્ણતામાં અપૂર્ણતા પણ રહે છે, પણ ત્યાં અપૂર્ણતાનું રૂપ ફરી જાય છે. એકજ બાબત જે અપૂર્ણ દૃષ્ટિએ ભૂલવાળી લાગે તે પૂર્ણ દૃષ્ટિએ ભૂલવગરની લાગી શકે છે. ખરી રીતે અપૂર્ણ દૃષ્ટિથીજ ભૂલ ઉત્પન્ન થાય છે. જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ દૃષ્ટિ પૂર્ણ થતી જાય, તેમ તેમ તે દૃષ્ટિને જગતમાં ભૂલ ઓછી લાગે છે અને અંતે ભૂલ દેખાતીજ નથી.

જે વસ્તુમાંથી સત્ય બને છે તેમાંથીજ અસત્ય બને છે. એવું કોઇ અસત્ય નથી કે જે ફરી શકે નહિ અને ફરવાથી સત્ય થઈ શકે નહિ. સત્ય ખોટી જગ્યાએ દેખાય તેજ અસત્ય કહેવાય છે. ખુની માણસની ખૂન કરવાની વૃત્તિ ખરાબ કહી શકાય, પણ તેની હિંમત વખાણી શકાય. તેજ હિંમત યોગ્ય માર્ગે વળી હોય તો તે ઘણું સારૂં કામ કરી શકે. પૂર્ણ દૃષ્ટિમાં સારો ભાગ તરત દેખાય છે.

પણ સુધરેલું જગત કોને કહેવું ? તે પહેલાં સ્પષ્ટ સમજવું જોઇએ. અર્થ અને કામની દૃષ્ટિએ જે સારૂં લાગે તે ધર્મ અને મોક્ષની દૃષ્ટિએ સારૂં ન લાગે. જો માણસનો સ્વભાવ નિયત હોય તો સારૂં શું તે નક્કી કરી શકાય; પણ સ્વભાવને અનંત દિશામાં વિકાસ પામવાની જગ્યા હોવાથી નવા પુરુષાર્થમાં નવા જીવનના નવા સંજોગો નવી રીતે સારા મનાય છે.

માણસના સ્વભાવનો વિકાસ થઇ શકતો હોવાથી તેનામાં ધર્મભાવના જાગવી જોઇએ. સામાન્ય માણસ પોતે માનેલ કાયદાથી જીવે છે. તેને પોતાનું જીવન સુધારવા તે કાયદા તોડવા પડે છે; તેથી નવા કાયદાની જરૂર પડે છે. તે કાયદા ધર્મ અને મોક્ષ નામના બે પુરુષાર્થ માટે જે રસ્તા ખુલ્લા હોય છે ત્યાંથી મળે છે. પણ તે પહેલાં પોતાની અપૂર્ણતા ધ્યાનમાં આવવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇએ. પોતાના માનેલ કાયદાની અને પોતાના ગુણની કાંઇ કિંમત નથી, એમ સમજવું જોઇએ. ત્યારેજ નવા પુરુષાર્થને જગ્યા મળે છે. આપણે જે વસ્તુઓને ખોટી કિંમત આપીએ છીએ તેનાથી આપણી મુશ્કેલી ઉભી થાય છે. તે કિંમત ફેરવી શકાય તો સંજોગો ફેરવી શકાય; અને પૂર્ણ થવા માટે નવા પુરુષાર્થને ગતિ મળે. જો આપણા ટુંકા સ્વાર્થના સંતોષ માટે જગત પાસેથી કાંઇ માગીએ નહિ અને અંતરાત્માની અસરથી જીવવા ઇચ્છીએ તો જીવનવિકાસને સારી સ્થિરતા મળે છે.

ભક્ત પોતાની અપૂર્ણતા જોઇ સ્વભાવે દીન રહે છે; સ્વરૂપદૃષ્ટિએ સર્વત્ર પ્રભુને દેખી પૂર્ણતા દેખે છે; એ પણ ઓછો પુરુષાર્થ નથી. ભક્ત પોતાથી મોટા જીવનને સ્વીકારે છે, તેને માન આપે છે; સામાન્ય માણસ અપૂર્ણ જીવનને અથવા સમાજે માનેલ પૂર્ણતાને માન આપે છે. સામાજિક જીવન હમેશાં અપૂર્ણ રહે છે તેથી અર્થ અને કામ ઉપરાંત ધર્મ અને મોક્ષને પુરુષાર્થ-તરીકે સ્વીકારવા પડે છે. તેજ પૂર્ણતાનો રસ્તો છે. પ્રભુજ પૂર્ણ છે અને તેની સાથે એક થવું તે પુરુષાર્થ છે. ત્યાં જીવને પ્રભુતા મળે છે. તે પ્રભુતા સામે જગત-ના કોઈ સંજોગો કે દુઃખ પોતાનું જોર કરી શકતાં નથી. પ્રભુ સિવાયની વસ્તુ તે સ્વીકારતો નથી. ત્યાં નિષ્ફળતામાં પણ સુખ દેખાય છે; કારણકે પોતાનું જીવન પ્રભુને અર્પણ કરેલ હોવાથી પ્રભુની શક્તિ પોતામાં કામ કરતી દેખાય છે. તેની અસર નીચે બીજી અસર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દબાઇ જાય છે. દુઃખ કરતાં સુખ વિશેષ રહે છે. જગતના સ્વભાવની અપૂર્ણતા દેખે છે, અને જગતના સુખને તુચ્છ માને છે. તેનો પોતાનો અનુભવ પોતાને પૂરતો લાગે છે. તેમ લાગે તોજ તેની સ્થિરતા અને સુખ કાયમ રહી શકે; છતાં તે સુખ કલ્પિત નથી. તે અંતરાત્માનું સુખ છે અને અંતરાત્માનું જીવન બહિરાત્મા કરતાં વધારે સાચું અને વિશાળ હોય છે.

પ્રભુતા અથવા પૂર્ણતા નિત્ય છે અને નિત્ય હોવાથી વર્તમાન કાળમાં દરેક ક્ષણમાં પણ રહેલી હોય છે. આપણે જેને કાળ કહીએ છીએ, તે માણસનો કાળ છે. આપણે જેને દિવસ અને રાત કહીએ છીએ, તે માણસના અનુભવ છે; પણ મનુષ્યસ્વભાવનો વિકાસ થતાં દુઃખ અને કાળનો સ્વભાવ પણ તે માણસપ્રત્યે ફરી જાય છે. તેને વર્તમાનકાળમાં દરેક ક્ષણમાં પ્રભુતાનો, પૂર્ણતાનો અનુભવ થાય છે. સ્વરૂપદૃષ્ટિએ જગતની સ્થિતિમાં જગતની ઉત્પત્તિ દેખાય છે. ભવિષ્યનો વિચાર કરવા કરતાં પૂર્ણતાનો વિચાર કરવાથી ભવિષ્ય પણ વર્તમાનમાં દેખાય છે. આપણે શું જોઇએ છીએ તે નક્કી કરવું જોઇએ અને જો આત્માજ જોઇતો હોય તો તે નિત્ય હાજર છે. તેની સાથે તેનાં જ્ઞાન, શક્તિ, આનંદ નિત્ય રહેલાં હોય છે. જ્યારે આત્માસિવાય બીજું કોઇ જોઇએ ત્યારે તે બીજા કોઇને આપણા સ્વભાવ પ્રમાણે આપણી કલ્પિત કિંમત આપીએ છીએ; તે કલ્પિત કિંમત સાચી કિંમત સાથે ટકતી નથી. તેથી દુઃખ ઉત્પ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્ન થાય છે. કેટલાક માણસને કલ્પિત જીવનનું સુખ ગમે છે, પણ તે સુખને વિઘ્ન ઘણું નડે છે; કારણ કે તે સાચું નથી. નાનું જીવન મોટાની સાથે અથડાય છે અને મરે છે. આપણે વધારે મોટા જીવનની જરૂર નથી, પણ વધારે સારા જીવનની જરૂર છે અને તે જીવન મળતાં, હાલનું માનેલું જીવન સારાતરીકે રહી શકે નહિ. ભગવાને જગતને રચીને છોડી દીધું નથી. તે દરેક ક્રિયામાં દરેક ક્ષણે હાજર છે. તે સંબંધનો અનુભવ થાય તેજ વખતે અલ્પ જીવનનો મોક્ષ થાય છે, તેનામાં બધા રહે છે. તે સ્થિતિમાં આપણાપણું રહેતું નથી અને રાખવાની જરૂર પડતી નથી.

આપણા સંસ્કાર આપણા ક્ષણિક અનુભવથી ઉત્પન્ન થયેલા હોય છે, આત્મવિકાસમાં તે ભૂલવા પડશે. જેને આત્માનુભવ થયો હોય છે તે પાછલા સંસ્કાર ભૂલી જાય છે. નરસિંહ મહેતો અને મીરાંબાઇ વગેરેનાં આધ્યાત્મિક જીવનજ પ્રસિદ્ધિમાં આવ્યાં છે. નવા જીવનમાં નવા ધર્મ રહેવા જોઇએ. તેટલા માટેજ શ્રીકૃષ્ણે ગીતામાં અર્જુનને આખરે કહ્યું છે કે

सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज।

ઉત્તમ જીવન પ્રાપ્ત કરવું હોય તો આપણે જેવા છીએ તેવા રહી શકીએ નહિ, અને રહેવાની ઇચ્છા કરવી જોઇએ નહિ. આત્મવિકાસ થયા પછી એમ પણ ન કહી શકાય કે, હું અમુક જગ્યાએ અમુક વખતે જન્મ્યો હતો. તે દેહાભિમાનની વૃત્તિ છે અને તે વૃત્તિ આત્મવિકાસમાં નાશ પામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આપણું જીવન પ્રભુના વિરાટ શરીરના અંગતરીકેજ રહે છે, અને પ્રભુ આપણો આત્મા બને છે.

કોઇ પૂછે કે, મરણ પછી કેવું જીવન રહે છે ? પણ આ પ્રશ્ન અપૂર્ણ દૃષ્ટિથી પૂછાય છે, માણસનો કાળ તે બરો કાળ નથી. માણસ જેને જન્મ અને મરણ કહે છે તે બરાં જન્મ અને મરણ નથી. અપૂર્ણ દૃષ્ટિથી એવાં ઘણાં બોટાં દૃશ્ય ઉત્પન્ન થાય છે. કાળ અનંત છે, તેમાં આપણે માનીએ છીએ તેવી ચોજના નથી. હોય તો ચોજના પૂરી થાય એટલે કાળનો અંત આવે. કાળનો અંત નથી, જીવનનો અંત નથી; તેથી જીવનની શરૂઆત અને પ્રલય રોજ થયા કરે છે. રોજ અનંત પૃથ્વીઓ ઉત્પન્ન થાય છે અને પ્રલય પામે છે. આદિ અને અંતનો વિચાર આપણા ક્ષણિક ભાવના સંસ્કારથી ઉત્પન્ન થાય છે. તે સંસ્કાર સાચા નથી. કાળ અને દેશ સાપેક્ષ છે. તેનો આધાર દ્રષ્ટાની દૃષ્ટિ અને સ્થિતિ ઉપર છે. આ બાબત હમણાં સાયન્સની રીતિએ જર્મન પ્રોફેસર ઇન્સ્ટીને પણ આશ્ચર્યકારક રીતે ગણિતથી સાબીત કરી આપી છે. કાળ માત્ર દેખાવ છે, પર્યાય છે, વર્તમાન દૃષ્ટિએ અનુભવમાં આવે છે, પણ વર્તમાન દૃષ્ટિજ સાચી ન હોવાથી નવી દૃષ્ટિમાં નવી લાગણી હોવાથી કાળનું સ્વરૂપ પણ ફરી જાય છે. સુખમાં વખત જલદી જાય છે અને દુઃખમાં તેટલોજ વખત જતાં બહુ વાર લાગે છે. આત્મવિકાસમાં સુખ વિશેષ હોવાથી લાખો વર્ષ જતાં રહે તોપણ બબર પડે નહિ. કાળનો આધાર આપણી લાગણી ઉપર છે અને આપણી લાગણી નિયત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી–એટલે કે નિત્ય એવી ને એવી રહેતી નથી.

આત્મા ક્ષણપરિણામી નથી. જેમ મનનો અનુભવ વારંવાર ઉત્પન્ન થતા વિચારથી થાય છે, તેમ આત્માનું જ્ઞાન થતું નથી. આત્માનું જ્ઞાન એકદમ સ્ફૂરે છે, તેને કાળની જરૂર નથી; તેથી આત્મવિકાસમાં મનના સ્વભાવનો નાશ થાય છે. તેની સાથેજ મનથી કલ્પેલ કાળ પણ નાશ પામે છે. આત્મા શબ્દોથી જવાબ આપતો નથી પણ જે વસ્તુની જરૂર હોય છે તે આપીને જવાબ આપે છે.

સંગીત ચાલતું હોય ત્યારે તેના ધ્વનિ એક પછી એક ચઢતા ઉતરતા સંભળાય છે. તે દરેક યાદ રાખવાની જરૂર નથી. તેનો રાગ ધ્યાનમાં આવે તો આખું સંગીત એકસાથે સમજી શકાય છે. સંગીતશાસ્ત્રીઓ આ બાબત બરાબર સમજે છે. જેને સંગીતનો શોખ નથી તેઓ જૂદા જૂદા ધ્વનિ પકડવાની મહેનત કરે છે અને તેમનો પ્રયત્ન નિષ્ફળ જાય છે. તેવીજ રીતે જગત પણ એક આખું સંગીત છે. તેને આખું ને આખું જ સમજવું જોઇએ. જે સમજણમાં કોઇ પણ ભાગ સમજવો રહી જાય, તે સાચી સમજણ નથી.

પૂર્ણતા બે રસ્તે મેળવાય છે. કર્મયોગથી અને જ્ઞાનયોગથી. કર્મયોગથી મનુષ્ય પોતાને જૂદી વ્યક્તિ માની પોતાનો ઉદ્ધાર કરવા મથે છે. જ્ઞાનયોગી પોતાના જ્ઞાનથી પોતાને પરમાત્મામાં સમાવે છે. પૂર્ણતા કોઇ ક્રિયા ઉપર ક્રિયા કરવાથી અથવા ક્રિયાઓનો સરવાળો કરવાથી આવતી નથી; છતાં ક્રિયાદૃષ્ટિવાળા એમ માને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે, $\frac{3}{4}$ માં $\frac{1}{4}$ ઉમેરવાથી પૂરો ૧ થશે. જ્ઞાનયોગી માને છે કે, ૧ માંથી $\frac{1}{4}$ બાદ કરી જોવાથી $\frac{3}{4}$ દેખાય છે. તે બાદ કરવાની દૃષ્ટિ છોડી દઇએ તો કાંઈ પણ ક્રિયા કર્યા વગર પૂર્ણતા મળે છે. ક્રિયાવાળો ભવિષ્યનો વિચાર કરે છે, જ્ઞાનવાળો આત્માનો એટલે પૂર્ણતાનો વિચાર કરે છે. ભવિષ્યનો વિચાર કરવો તે વર્તમાનકાળની અપૂર્ણતા સૂચવે છે અને વર્તમાનકાળની અપૂર્ણતા અલ્પ દૃષ્ટિનું પરિણામ છે. સત્ય દૃષ્ટિએ પૂર્ણતા વર્તમાનકાળમાં રહેલી છે. તેનો કાળથી પરિચ્છેદ નથી. આપણા જ્ઞાનમાં થોડો થોડો વિકાસ થતો હોવાથી આપણે એવી માન્યતા ઉપર આવી શકીએ છીએ કે, હવે પછી આત્મા પ્રાપ્ત થશે અને તેનું જ્ઞાન થશે; પણ આત્મા જાણ્યા પહેલાં પ્રાપ્ત હોય છે. તે ખોવાઇ જતો નથી, તેને છોડી શકાતો નથી, તે મેળવી શકાતો નથી; તેથી સત્ય સમજણ માટે પૂર્ણ દૃષ્ટિની જરૂર છે. સમસ્ત જીવન એકસાથે જોવાની ટેવ જોઇએ. તે ટેવથી નવો પુરુષાર્થ ઉત્પન્ન થશે. ભવિષ્યમાં જગત તો એવું ને એવું જ રહેશે, પણ સમસ્ત જગત એકસાથે જોઇ શકાય એવી નવી દૃષ્ટિ જ્ઞાનથી મળશે. તે જ્ઞાન ભૂતકાળમાં પણ અધિકારી માણસોને મળ્યું હતું, અને હમણાં પણ મળે છે. માત્ર નવા સંજોગોમાં નવા રસ્તા દેખાશે.

કેટલાક રાજદ્વારી નેતાઓ કહે છે કે, બીજા દેશો આગળ વધી જાય છે અને આપણે પાછળ રહીએ છીએ; પણ બીજા દેશો કયી બાબતમાં આગળ વધે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આપણે કયી બાબતમાં પાછળ છીએ તે સમજવું જોઇએ. વિષયસુખની દૃષ્ટિએ જોઇએ તો બીજા દેશો આગળ વધેલા લાગશે, પણ આધ્યાત્મિક સુખની દૃષ્ટિએ તેઓ આગળ વધી ગયા નથી, અને આપણે પાછળ રહી ગયા નથી. ગરીબાઇ દૂર કરવી એ સારો પુરુષાર્થ છે; પણ રૂશિયાની પેઠે આત્માનો અનુભવ ખોઇને ગરીબાઇ દૂર કરવી એ સારો પુરુષાર્થ નથી. હિંદુસ્થાનના ઉત્તમ પુરુષોએ તો ગરીબાઇ ભોગવીને પણ આત્માનું રક્ષણ કર્યું છે. તેવી વૃત્તિવાળા પુરુષો, ભગવાનના મુખમાંથી નીકળ્યા અને બ્રાહ્મણ કહેવાયા; સ્વદેશનું રક્ષણ કરવા-વાળા પુરુષો ભગવાનના હાથમાંથી નીકળ્યા અને ક્ષત્રિય કહેવાયા; ખેતી કરી દ્રવ્ય ઉત્પન્ન કરનાર અને તે વસ્તુઓનો વેપાર કરી લોકોમાં વહેંચનાર ભગવાનના ઉદરમાંથી નીકળ્યા તે વૈશ્ય કહેવાયા; અને સેવા કરનાર તેના ચરણમાંથી નીકળ્યા અને શૂદ્ર કહેવાયા. ગુણકર્મ પ્રમાણે ચારે પ્રકારના માણસ ચારે પ્રકારના પુરુષાર્થ સાધે છે; અને કોઇ કાળે કોઇ દેશમાં કોઇ વૃત્તિવાળા માણસ વધારે પ્રમાણમાં રહે છે. જેમ સવારે માણસ ઈશ્વરની આરાધના કરે છે, ત્યારપછી જમે છે, પછી દ્રવ્ય માટે કામ કરે છે અને રાત્રે આરામ લે છે; તેમ પુરુષો-ત્તમના સ્વભાવમાં પણ કાળ પ્રમાણે નવા નવા પુરુષાર્થ ચાલ્યા આવે છે, અને તે પ્રમાણે કોઇ કાળે બ્રાહ્મણની વૃત્તિનું જોર રહે છે, કોઇ કાળે ક્ષત્રિયની, કોઇ કાળે વૈશ્યની અને કોઇ કાળે મજુરોની નીતિનું જોર રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક યુગમાં આ ચાર વૃત્તિવાળા માણસ વધતા ઓછા પ્રમાણમાં હોય છે. આ બધા મળીને દૃશ્ય–વિરાટ્ પુરુષનું શરીર બને છે; પણ જેટલું જગત ચર્મચક્ષુથી દેખાય છે તે કરતાં–તે દૃષ્ટિથી નથી જોઈ શકાતું એવું–અદૃશ્ય જગત ઘણું વિશાળ છે. સમસ્ત જગતના ચાર ભાગ કરીએ તો તેમાંથી એક ભાગને માણસ પોતાની દૃષ્ટિથી જોઈ શકે છે એમ કહી શકાય, અને તેટલું પણ તે એકસાથે જોઈ શકતો નથી તેથી પુરુષાર્થની જરૂર છે.

પુરુષાર્થ એટલે પુરુષને અર્થે જીવવું. પુરુષ એટલે દૃશ્ય–અદૃશ્ય એવા ચરાચર પુરમાં નિત્ય શયન કરીને રહે છે તે. તેના અનુભવ માટે માણસનો અપૂર્ણ સ્વભાવ છોડવો, તેનો યજ્ઞ કરવો, તે યજ્ઞમાં પશુના જેવી વૃત્તિઓ હોમવી એટલે દૈવી સ્વભાવ પ્રાપ્ત થશે. તે સ્વભાવ પણ છોડવો એટલે મૂળ પુરુષનો એટલે પુરુષોત્તમનો સ્વભાવ મળશે. દેવોએ વિરાટ્ પુરુષને એટલે દૃશ્યજગતને પશુ માની તેને આત્મયજ્ઞમાં હોમ્યું હતું અને તે યજ્ઞના ફળરૂપે તેમણે જે જે કલ્પના કરી તે પ્રમાણે નવા જીવવાળું નવું જગત બન્યું હતું એમ પુરુષસૂક્ત ઉપરથી જણાય છે. ઉપર કહ્યું તેમ આત્મા શબ્દથી જવાબ આપતો નથી, પણ જે વસ્તુની જરૂર હોય તે આપીને જવાબ આપે છે. આ સ્વભાવ સમજી શકાય તો મોટામાં મોટો પુરુષાર્થ થઈ શકે, જાણવાનું જાણી શકાય, મેળવવાનું મેળવી શકાય. આત્મભાવથી જીવ, જગત અને ઈશ્વર એકરૂપ લાગશે. તે અનુભવ ન હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને જ્યાં એક વસ્તુ છે ત્યાં બે દેખાય છે, અને બેાટા દેખાવમાંથી અનેક કઢંગા પ્રશ્નેા ઉત્પન્ન થાય છે.

આત્મદૃષ્ટિએ એમ લાગે છે કે, દૃશ્યજગતમાં કાંઇ સુધારેા કરવાનેા નથી. ઉપર કહ્યું તેમ દૃશ્યજગત એ પૂર્ણ જગત નથી, અને સામાન્ય માણસ જેને સુધારેા કહે છે તે ખરેા સુધારેા નથી. ભૂલનું મૂળ માણસના સ્વભાવમાં છે તેથી જ્યાં ભૂલ છે ત્યાંજ તે સુધારવી જોઇએ. જગતને અપૂર્ણ જોવું તે અપૂર્ણ દૃષ્ટિનું પરિણામ છે. કેાઇ પણ માણસની અપૂર્ણ દૃષ્ટિ કેાઇ પણ વખતે પૂર્ણ થઇ શકે છે. પૂર્ણ માણસને તેા જગત નિત્ય પૂર્ણજ લાગે છે. તેવી દૃષ્ટિ થવા માટે અપૂર્ણ દૃષ્ટિ કિંમતવગરની છે એમ ચેાક્કસ માનવું જોઇએ. તેને માટે ધર્મ અને મેાક્ષ પુરુષાર્થરૂપે સિદ્ધ થવા જોઇએ. જે દેશ આટલું કરી શકે તે સંસ્કારી કહી શકાય, તેની વિદ્યાકળા ઉત્તમ કહી શકાય. બુદ્ધિના જોરથી ભેદદૃષ્ટિ વધે છે. તેથીજ યૂરેાપના બુદ્ધિવાદથી ઉત્પન્ન થયેલ વિદ્યાકળાનું પરિણામ મનુષ્યને મેાટા યુદ્ધમાં અને કજીઆકંકાસમાં નાખે છે. ત્યાં સુખનાં સાધનેા સુખ આપતાં નથી. હાલ જેમાં સુખ મનાય છે તે વસ્તુઓમાં કદાચ ભવિષ્યમાં સુખ ન મનાય. ત્યાં પણ વિદ્યાકળામાં ફેરફાર થવાનેા સંભવ છે. છેલ્લી લડાઇ પછી ફેરફારનાં જે થેાડાંક ચિહ્નેા જણાય છે તે ઉપરથી લાગે છે કે, તેની વિદ્યાકળાનું બધી રીતે અનુકરણ કરવામાં લાભ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૩ જું–સમાજવ્યવસ્થા

પશ્ચિમના દેશોની શોધખોળ આધિભૌતિક માર્ગમાં થયેલ હોવાથી મનુષ્યનું બહારનું જીવન સુધારવા ઉપર તેમની સમાજવ્યવસ્થા રચાયેલ છે; તેથી માણસના રચેલા કાયદા, રૂઢિ, નિયમ વગેરેને ત્યાં માણસ કરતાં વધારે મહત્ત્વ અપાય છે. માણસને મન અને આત્મા છે તે વાત તેઓ સમાજની વ્યવસ્થા કરવામાં ભૂલી ગયેલ છે. સમાજવ્યવસ્થા બરાબર કરવી હોય તો માણસના બધા ભાગનો વિકાસ થાય તેવી થવી જોઇએ.

પણ આત્માનો અનુભવ બહુ થોડા માણસમાં હોવાથી સમાજના વિકાસમાટે આત્માના ભાવને સામાન્ય માણસ સમજી શકે તેવાં રૂપક આપી સમજાવવા પડે છે. તેથીજ હિંદમાં વેદના કાળમાં જૂદા જૂદા પ્રકારના યજ્ઞોની વાત નજરે પડે છે. યજ્ઞો શા માટે, કેવી રીતે ઉત્પન્ન થયા તેનો બહુ થોડા માણસ વિચાર કરે છે. અશ્વનો અર્થ ઘોડો અને પ્રાણ થાય છે. અશ્વમેધ એટલે પ્રાણમાં રહેલી વાસનાઓનો યજ્ઞ કરી, વાસનાની આહુતિ જ્ઞાનવેદીમાં આપવી પડે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈશ્ય અને શૂદ્ર, એ નામની ચાર જાતો પણ ગુણકર્મ પ્રમાણે રચવામાં આવી હતી; એટલું જ નહિ પણ પુરુષ-સૂક્ત વાંચતાં જણાશે કે, બ્રાહ્મણ એ ભગવાનનું મુખ છે, ક્ષત્રિય બાહુ છે, વૈશ્ય ઉદર છે અને શૂદ્ર પગ છે. એટલે જેવી જેવી અંતરાત્માની વૃત્તિઓ, જેવા જેવા માણસના ગુણ તે પ્રમાણે તે માણસ માનસિક દૃષ્ટિએ અંતરાત્માનું મુખ, હાથ, પેટ અથવા પગ છે, એમ આ દેશમાં મનાતું. પરમાત્માનું આવું સ્વરૂપ, રૂપકવિના સમજવું મુશ્કેલ છે. જેનામાં જ્ઞાન હોય તે બ્રાહ્મણ, શક્તિ હોય તે ક્ષત્રિય, પોષણનાં સાધન ઉત્પન્ન કરનારા તે વૈશ્ય અને સેવા કરનાર તે શૂદ્ર માનવામાં આવતા. પરમાત્માજ જ્ઞાતારૂપ, રક્ષણ કરનાર, ઉત્પન્ન કરનાર અને નાશ કરનાર થાય છે. નાશ પામેલ બી પાછું ઝાડરૂપ થઈ બીરૂપ થાય છે. એક વખતે જે પરિણામ બી કહેવાય છે તેજ બી બીજે વખતે અંકુર કહેવાય છે, અને ત્રીજે વખતે તેજ બી ઝાડ કહેવાય છે: એકજ વસ્તુનાં નામ અને રૂપ માણસની દૃષ્ટિએ ફરતાં દેખાય છે. ભગ-વાનની આ જૂદી જૂદી શક્તિઓ જૂદા જૂદા પ્રકારે કામ કરતી અનુભવવામાં આવે તેટલા માટે ઘણા પ્રકારનાં રૂપક(એટલે 'સીમ્બોલ')થી આ બાબત સમજાવવામાં આવતી હતી. પણ વખત જતાં આ રૂપક રૂઢિબદ્ધ થઇ ગયાં. રૂઢિઓથી મૂળ વાત ભૂલાઇ ગઇ અને સમાજની ઉન્નતિને બદલે અવનતિ થઈ. જે બંધારણ આત્માના અનુભવ સમજવા માટે કરવામાં આવ્યું હતું તે મુખ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેતુ ભૂલાઇ જવામાં મદદગાર થયું. બ્રાહ્મણો એટલે જ્ઞાનથી બ્રાહ્મણ નહિ પણ જન્મથી બ્રાહ્મણ માનવામાં આવ્યા. રૂઢિના બંધનમાં જ્ઞાન મંદ થવાથી બ્રાહ્મણોની કિંમત ઘટી અને તે સાથે જ્ઞાનીઓની પણ કિંમત ઘટી. તેવીજ રીતે બીજી જ્ઞાતિઓએ પોતપોતાનું કામ છોડયું અને તેથી વીરતાની કિંમત ગઇ, દ્રવ્ય ઉત્પન્ન કરનારની કિંમત ગઇ અને માત્ર મજુરીની કિંમત રહી.

માણસના સામાન્ય સ્વભાવને રૂઢિઓ બહુ ગમે છે; તેથી સમાજવ્યવસ્થામાં સંભાળ ન રહે તો રૂઢિનું બંધન થતાં વાર લાગતી નથી. આવા રૂઢિના બંધનમાં માણસના આત્માના વિકાસને જગ્યા રહેતી નથી. માત્ર શાસ્ત્રોને જોઇ સંતોષ રાખવો પડે છે. ઉન્નતિમાં તેનો ઉપયોગ શો છે તે ભૂલી જવાયું. જ્યાં સમાજનું મન રૂઢિબદ્ધ થઇ જાય, ત્યાં મહાત્માઓનાં વચનો પણ જોર કરી શકતાં નથી.

પણ માણસનું મન આખરે કઢંગી રૂઢિઓથી થાકી જાય છે. તેને પરિણામે થોડા વખત થયાં જૂદી જૂદી નાતોમાં વિવાહ શરૂ થયા છે. જૂદા જૂદા ધર્મોમાં, જૂદા જૂદા પ્રાંતોમાં અને હિંદુ અને યૂરોપીયન અથવા અમેરિકન વચ્ચે પણ વિવાહ થવાની શરૂઆત થઇ છે. આખર સુધી રૂઢિઓ માણસની સ્વતંત્રતાની આડે આવી શકતી નથી. માણસમાં વિચાર કરવાની શક્તિ છે અને જે જીવન આત્માના વિકાસને અટકાવે તેને ફેરવવાનો માર્ગ શોધવો પડે છે. આવા સંજોગોમાં ઓટી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રચાયેલ સમાજનું શું થશે ? તેનો વિચાર માણસ કરતો નથી. આત્માના વિકાસને અટકાવનારી રૂઢિઓને તોડનારા માણસોની સંખ્યા વધે છે અને નવા પ્રકારની સમાજ ઉત્પન્ન થાય છે.

વ્યક્તિની આવી સ્વતંત્રતાનો જન્મ યૂરોપમાં થયો છે. હિંદમાં હજી તેની થોડી અસર થઈ છે. આવા સ્વતંત્ર માણસમાં નવી શક્તિ, નવું તેજ હોય છે. હિંદમાં પણ રૂઢિનું બંધન વધી ન ગયું હોત તો આવી સ્વતંત્રતા માણસને સારો રસ્તો બતાવી શકત. યૂરોપમાં આ સ્વતંત્રતાએ માત્ર માણસના સામાન્ય જીવનના ઉપયોગ ઉપર ધ્યાન રાખ્યું છે. ત્યાં માણસના આત્માના વિકાસને જગ્યા નથી. યૂરોપમાં પાદરીઓનું માન આથી ઓછું થયું છે. સ્વતંત્ર બુદ્ધિ ભગવાનના અસ્તિત્વમાં અને તેના શબ્દોમાં પણ શંકા કરવા લાગે છે. પોતાના મનને જે વાત સમજાય તેજ સાચું એમ લાગે છે અને તેને પરિણામે અનીતિ માટે જગ્યા મળે છે.

જ્યાં આત્મવિદ્યા ઘણા કાળથી ખીલેલી હતી તેવા આ દેશમાં એવા સ્વતંત્ર માણસ જન્મ્યા હોત તો અહીં ઘણા ઋષિમુનિઓ અને મહાત્માઓ ઉત્પન્ન થાત; પણ યૂરોપમાં ભૌતિક વિદ્યાનું જોર હોવાથી આવા સ્વતંત્ર માણસો સ્થૂલપદાર્થોમાં પોતાનું સુખ શોધવા લાગ્યા.

કંઈ પણ આદર્શ વગર સ્વતંત્રતા આવે તો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસનું જીવન બગાડી નાખે છે. તેથી સમાજની ઉન્નતિ માટે ઉંચો આદર્શ રાખવાની ખાસ જરૂર છે. વર્તમાન કાળમાં સાયન્સની શોધથી મળતા ફાયદાથી માણસનું બહારનું જીવન સુધારવામાં આદર્શ સિદ્ધ થાય છે, એમ યૂરોપમાં મનાયું; અને તેને માટે સમાજનું ભલું થાય તોજ વ્યક્તિનું ભલું થશે એમ માની વ્યક્તિની કેટલીક સ્વતંત્રતા ત્યાં ઓછી કરવામાં આવી છે.

આવી સાયન્સની સમાજથી પશ્ચિમના લોકોનું જીવન બંધાયું છે અને તેમાં નવા પ્રકારની એટિકેટ એટલે રૂઢિઓ જન્મ પામી. થોડાં વર્ષ થયાં પશ્ચિમમાં પણ નવા માનસશાસ્ત્રીઓ અને તત્ત્વવેત્તાઓ જન્મ્યા છે અને તેમનાં લખાણોએ ત્યાં એવી અસર કરી છે કે લોકો પોતાની ભૂલ જોવા લાગ્યા છે અને સમાજની વ્યવસ્થામાં ફેરફાર કરવાની જરૂર જણાવા લાગી છે.

યૂરોપના સુધારાની અસર એશીઆમાં થઇ છે. એશીઆમાં તે અસરથી સ્વતંત્ર વિચારના માણસો ઉત્પન્ન થતા જોવામાં આવે છે; પણ તે માણસો માત્ર જો યૂરોપની નકલજ કરશે તો આદર્શમાં બહુ ફેર થાય તેમ નથી. અહીંની સ્વતંત્રતા પાસે નવો આદર્શ રજુ કરવાની જરૂર છે. સમાજની ઉન્નતિ માટે વ્યક્તિની ઉન્નતિની જરૂર છે. તેને આત્મવિકાસ માટે વખત આપવો જોઇએ. બીજાના વિચાર પ્રમાણે તેને ચાલવુંજ જોઇએ, એવી ફરજ તેના ઉપર નાખવી જોઇએ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદની ભૂતકાળની આત્મવિદ્યા પ્રમાણે ફરીથી સમાજવ્યવસ્થા કરવામાં રૂઢિનાં બંધન ઉત્પન્ન થવાનો સંભવ છે. આત્મલાભ ભૂલ્યા વગર, વ્યક્તિની સ્વતંત્રતા પણ ગુમાવ્યા વગર, ઉંચા આદર્શ સિદ્ધ થાય એવી વ્યવસ્થા શી રીતે થઇ શકે? તે વિચારવાનું છે.

તેને માટે પહેલાં એ જરૂરનું છે કે, જે જે સમાજના નિયમ છે, તે વિષે પ્રશ્ન પૂછવા. તે શામાટે છે, તેનો શો ઉપયોગ છે, માણસના સામાન્ય જીવનને સુધારવામાં તે શા કામનાં છે? વગેરે બાબતનો વિચાર કરવો જોઇએ. સમાજવ્યવસ્થા માણસના આત્માના વિકાસને મદદ કરે એવા હોવી જોઇએ. માણસની અંદર જે જે શક્તિ, જ્ઞાન, પ્રેમ વગેરે રહેલાં છે તેનો પૂરો વિકાસ થવો જોઇએ. આ કામ માત્ર બુદ્ધિથી થઇ શકે તેમ નથી. આત્માના ક્ષેત્રમાં એટલાં ગૂઢ અને આશ્ચર્યકારક તત્ત્વો રહેલાં છે કે તેને બુદ્ધિ પહોંચી શકતી નથી; તેથી બુદ્ધિ મૂકી, બુદ્ધિ ઉપર રહેલ આત્માને શરણ રહી તેની અસર લેવામાં જીવનો વિકાસ વધારે સારો થાય છે. તે અસર વધારે ને વધારે આવતી જાય તો જીવન નવા પ્રકારનું અને વધારે સુંદર થતું જાય; અને તે માણસ સમાજનાં બીજાં માણસોને દૃષ્ટાંતરૂપ થાય.

સગપણ વખતે યુવક પોતે પોતાની ભાવી સ્ત્રી સ્વતંત્ર રીતે પસંદ કરે તેના કરતાં તેવી બાબતમાં માબાપની સંમતિ મુખ્ય રહે તો વધારે લાભ છે; કાર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણુકે માબાપની બુદ્ધિ છોકરાં કરતાં વધારે સારી હોય છે. પણ કેવળ માબાપ ઉપર એ વાત છોડવી અને છોકરાંની સંમતિ બિલકુલ ન લેવાય તે પણ સારૂં નથી. હાલની કેળવણીથી તૈયાર થયેલ બુદ્ધિવાન યુવકો પોતાની જીંદગીમાં ભાગીદાર થનાર સ્ત્રીની પસંદગી તદ્દન માબાપ ઉપર છોડી શકશે નહિ. તેથી માબાપની તેમજ યુવકની પસંદગી સાથે થવી જોઇએ. તેવીજ રીતે કન્યાના માબાપે પણ કન્યાનો મત જાણી લેવો જોઇએ. હજુ સ્વયંવર કરવા જેવો વખત આવેલ નથી. તે માટે કેળવણી જૂદા પ્રકારની હોવી જોઇએ. રૂપની પસંદગી કરવી સહેલી છે, પણ ગુણની પસંદગી કરવી સહેલી નથી. ગુણવાનના ગુણની પરીક્ષા કરનારમાં ગુણ હોવા જોઇએ. હવાઇ વિમાનની નવી શોધથી યૂરોપના દેશો હિંદની એટલા નજીક આવી જશે કે બે ત્રણ દિવસમાં ત્યાં જઈ શકાશે અને ત્યાંના માણસો અહીં આવી શકશે. આવી સ્થિતિમાં સમાજમાં પણ મોટા ફેરફાર થશે અને અહીંના લોકોને માત્ર રૂપનો લોભ રહેશે તો યૂરોપની કુંવારી કન્યાઓ અહીંના ધનાઢ્ય માણસોને પરણવા નીકળશે અને વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થશે. આવા થોડાક દાખલા બન્યા છે, તે ઉપરથી શિખામણ લેવાની છે; નહિતર કજોડાં ઉત્પન્ન થશે અને છૂટાછેડાના દાખલા પણ વધશે.

બીજી ખાસ બાબત એ ધ્યાનમાં રાખવાની છે કે, કેટલીક જ્ઞાતિઓમાં દીકરીને કરીઆવરમાં એટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધી રકમ અથવા દાગીના આપવા પડે છે કે દીકરીનો જન્મ માબાપને ગમતો નથી. તેથી કેટલીક જગ્યાએ દીકરીને દૂધપીતી કરે છે–એટલે કે જન્મ વખતેજ તેને મારી નાખે છે. આનું મૂળ કારણ જે કઢંગી રૂઢિઓ છે તે ફેરવવી જોઇએ. જેમ દીકરાને જીવવાનો હક્ક છે તેમ દીકરીને પણ જીવવાનો હક્ક છે; એટલુંજ નહિ પણ બન્નેને યોગ્ય કેળવણી મળવી જોઇએ.

ખાસ કરીને ગામડાંઓમાં પહેલાંના જેવી વિદ્યાની સગવડ રહી નથી, તેથી સ્ત્રીકેળવણીની બહુ મુશ્કેલી નડે છે. ત્યાં સ્ત્રીકેળવણીનાં સાધન વધારવાની ખાસ જરૂર છે. એમ સમજવું જોઇએ કે, પુરુષો પણ સ્ત્રીના પેટમાં ઉત્પન્ન થાય છે અને સ્ત્રીઓમાં સારા સંસ્કાર આવશે તો પુરુષોમાં પણ સારા સંસ્કાર આવશે.

એટલું ખરૂં છે કે, ગામડાંઓમાં ગરીબાઇ પહેલાં કરતાં હાલના વખતમાં વધારે પ્રમાણમાં હોવાથી કેટલાક દોષ દૂર થઇ શકતા નથી અને ગુણ આવી શકતા નથી તેનું એક કારણ પરદેશી રાજ્યનું વેપારી દૃષ્ટિવાળું રાજ્યબંધારણ છે. પણ હિંમતવાળા માણસ એકસંપથી કામ કરે તો રાજ્યનું બંધારણ ફરી શકે છે. કેટલાંક દેશી રાજ્યોમાં જુલમ ચાલે છે તેનું ખાસ કારણ હિંમતવાળા માણસોની ખામી છે. આગળના વખતમાં પ્રજા દુઃખી હોય એટલે રીસાઇને બીજા રાજ્યમાં ચાલી જતી. અથવા રાજા બોલાવે ત્યારે રાજદરબારમાં જાય નહિ, હડતાળ પાડે, અપવાસ કરે અને છેવટે રાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલાવે ત્યારે તેને રૂબરૂ નિડરતાથી ઠપકો આપે. આ પ્રમાણે કરવાથી તે ગામના રાજાની બુદ્ધિ ઠેકાણે આવતી અને પ્રજા કહે તે પ્રમાણે રાજ્ય ચાલતું. ગામમાં ગ્રામ્ય પંચાયત અથવા મહાજનનું જોર રાજા ઉપર ચાલતું અને તેથી રાજ્યની મોટી આવક લોકકલ્યાણાર્થે ખર્ચાતી. હજુ પણ તે ઉપાય કામ આવી શકે એવો વખત છે. મહાત્મા ગાંધીજીનો અસહકાર એ આ દેશની પુરાતન પ્રજાહઠનો નમુનો છે.

હાલની વેપારી દૃષ્ટિવાળી સમાજમાં વિધવાવિવાહનો પ્રશ્ન પણ મુશ્કેલ થઈ પડેલ છે. જેમ વિધવાવિવાહની છૂટ આપવાથી સ્ત્રીનો પ્રેમ પુરુષ ઉપર અખંડ રહી શકતો નથી, તેમ વિધવાવિવાહ બંધ કરવાથી ઘણું કુકર્મ થાય છે, સ્ત્રીહત્યા અને બાળહત્યાનું પ્રમાણ વધતું જાય છે. વેપારી સમાજમાં વેપારી સુખની આશા રહે છે. આવા કાળમાં સ્ત્રીઓ સંયમ રાખી શકતી નથી. પુરુષો પણ સંયમ રાખી શકતા નથી; તેથી જેમ પુરુષો અનેક સ્ત્રી વારંવાર પરણે છે, તેમ સ્ત્રીઓ પણ હક્ક માગે છે; અને માત્ર શરીરનું સુખ લેવું એજ જીંદગીનો ઉદ્દેશ હોય તો તેમની માગણી વ્યાજબી કહેવાય. તે માગણી પણ અમુક દૃષ્ટિએ સાચી નથી. એક અંગ્રેજ અમલદાર એક વખત યૂરોપના અનુભવ ઉપરથી કહેતા હતા કે, જ્યારે એક સ્ત્રીએ એક પુરુષ સાથે શરીરસંબંધ બાંધ્યો હોય અને તેના મરણ પછી બીજા પુરુષને પરણી તેની સાથે શરીરસંબંધ કરે છે ત્યારે જો બન્ને પુરુષના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરમાં ફેર હોય તો તે સ્ત્રીને ઘણી વખત બે પુરુષથી પણ સંતોષ થતો નથી.

પણ સમાજનો વેપારી સ્વભાવ ફેરવવાની જરૂર છે. આગલા વખતમાં સમાજનો હેતુ આધ્યાત્મિક હતો તેથી સામાન્ય રીતે માણસો તંદુરસ્ત રહેતા અને બાળ-વિધવાઓનું પ્રમાણ ઓછું હતું અને તેમને પણ સંયમના ફાયદાનું જ્ઞાન હોવાથી ફરીથી પરણવાની ઇચ્છા થતી નહિ. પુરુષોને પણ સંયમના ફાયદાનું જ્ઞાન હોવાથી તે પણ વારંવાર પરણતા નહિ. જે માણસોને આધ્યાત્મિક જીવન ગાળવાનું છે, તેમને માટે વારંવાર પરણવામાં લાભ નથી. જે માણસને જન્મ-મરણના ફેરામાંથી છૂટવું હોય તેણે બીજાને જન્મ આપવો જોઇએ નહિ. સમાજનો સ્વભાવ ફેરવવાનું કામ સામાન્ય બુદ્ધિના માણસથી થતું નથી. તે કામ મહાત્માઓ કરી શકે છે, સમાજને પણ આત્મા અને જ્ઞાનની કિંમત પૈસા કરતાં વધારે લાગવી જોઇએ. જે સમાજમાં જ્ઞાન કરતાં ધનની કિંમત વધારે લાગે છે, ત્યાં જ્ઞાની પુરુષોને પણ એકાંતમાં બેસી રહેવું પડે છે અને કોઈ વખત સમાજને થોડું કે નમીને ચાલવું પડે છે.

જૂદા જૂદા દેશમાં જૂદે જૂદે વખતે જૂદા જૂદા પુરુષાર્થનું સમાજમાં જોર રહે છે. તે જોર તોડી નવો પુરુષાર્થ લાવવો હોય તો અદ્‌ભુત શક્તિવાળો માણસ ઉત્પન્ન થવો જોઇએ. તે પોતાની શક્તિથી અને તપથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજ પાસે પોતાનું કામ માન્ય રખાવે છે. જે વખતે જેવા પ્રકારના ફેરફારની જરૂર હોય છે તે વખતે તેવો પુરુષ જન્મે છે. સમાજનો વેપારી સ્વભાવ ફેરવવા માટે વેપારના પાયારૂપ મજુરોમાં અને અસ્પૃશ્ય લોકોમાં નવી જાગૃતિ લાવી શકે તેવો પુરુષ આવે છે. તેવો પુરુષ બીજે કાળે આવે તો તેનો મત માન્ય થાય નહિ. જ્યારે દેશમાં ગરીબાઈ ન હોય અને સમાજમાં વેપારી સ્વભાવ ન હોય, ત્યારે આવા મહાત્માનું કહેવું કોઇ માને નહિ. જ્યારે જીવનનો હેતુ આધ્યાત્મિક હોય, સમાજ પણ તે બંધારણ ઉપર રચાયેલ હોય તો ચરખા જેવા જડ સાધનથી આત્મા જેવું ચૈતન્ય પ્રાપ્ત થાય એ વાત કોઇ માને નહિ; પણ હાલની વેપારી સમાજ અને હવે પછી આવતી મજુરની સમાજમાટે કદાચ આ બાબત થોડા વખત માટે ઉપયોગી લાગે એવો સંભવ છે, વૈદિક કાળમાં આત્મજ્ઞાન સાધન હતું અને આત્મશક્તિ ફળ હતું.

જેમ વેપારી દૃષ્ટિવાળી સમાજમાં ધનવાન તે ગુણવાન મનાય છે, તેમ નજીકના ભવિષ્યમાં આવતી દેખાતી મજુરની દૃષ્ટિવાળી સમાજમાં જે માણસ શરીરથી કામ કરશે, તે ગુણવાન મનાશે. મનના કર્મની અથવા જ્ઞાનની કર્મતરીકે ગણત્રી થશે નહિ. આ પ્રમાણે માત્ર શરીરના કર્મને મહત્ત્વ આપવાથી સમાજમાં નવા ફેરફાર થશે. થોડાં વર્ષ થયાં સરકારી નોકરીમાં પછાત વર્ગ અથવા ફામદાર વર્ગને પસંદ કરવામાં આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. આ પદ્ધતિમાં કાંઈક અંશે જ્ઞાતિ પ્રમાણે ગુણ મનાય છે. આગળના સંસ્કારી વખતમાં ગુણ પ્રમાણે જ્ઞાતિ મનાતી હતી. મહારાણી વિક્ટોરિયાના ઢંઢેરામાં વચન આપેલ છે કે, હિંદના માણસોને તેમની બુદ્ધિ પ્રમાણે, શક્તિ પ્રમાણે, લાયકાત પ્રમાણે સરકારી નોકરીમાં રાખવામાં આવશે. હાલના વખતમાં અમુક અંશે પહેલાં પછાત વર્ગને પસંદ કરી તે વર્ગમાંથી લાયકાત પ્રમાણે નોકરીમાં રખાય છે. પછાત વર્ગને અને મુસલમાન કોમ જેવા ઓછી કેળવણીવાળા વર્ગને કેળવણીની સગવડ આપવી જોઈએ. પણ મોટા હોદ્દા માટે બુદ્ધિ પ્રમાણે પસંદગી કરવી જોઈએ. ગરીબાઇ પ્રમાણે પસંદગી કરવાથી આર્થિક સ્થિતિમાં સમાનતા આવશે; પણ તેથી બુદ્ધિની કિંમત ઘટશે, અજ્ઞાનતા વધશે, ધર્મની ગ્લાનિ થશે અને તે દૂર કરવા અવતારની જરૂર રહેશે.

સમાજની ઉન્નતિ ઘણા માણસનું માત્ર આર્થિક રીતે ભલું કરવાથી થશે નહિ, પણ થોડા બુદ્ધિવાળા માણસોને ઉત્તેજન આપવાથી થશે. તેઓજ લોકોને યોગ્ય માર્ગે વાળી શકશે. ખરા સ્વરાજ્યમાં વિદ્વાનોને રાજ્ય તરફથી સારૂં ઉત્તેજન મળે છે.

બધાને સમાન હક્ક આપવા અને બધાને સમાન દૃષ્ટિથી જોવા વિષે મજુરોના રાજ્યમાં ઘણું કહેવામાં આવશે. પણ આત્મજ્ઞાન વગર ખરી સમતા આવતી નથી. સમદૃષ્ટિ મેળવવી એ સહેલું કામ નથી. આત્મજ્ઞાન માટે જે માણસ લાયક હોય, તેમને ખાસ સગવડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવી જોઇએ. તેમના ઉપર શરીરથી કામ કરવાની ફરજ નાખવી જોઇએ નહિ. સમાજના ભાગ જ્ઞાન પ્રમાણે કરવા જોઇએ, મજુરી પ્રમાણે કરવા ન જોઇએ. જ્ઞાની અને અજ્ઞાની બન્ને માટે સમાન ધર્મ ચાલશે નહિ. તેથી ગુણ પ્રમાણે જ્ઞાતિની રચના થવી જોઇએ. તે ઉપરાંત બચ્ચાંની કેળવણી પણ ગુણ પ્રમાણે આપવી જોઇએ. જે બાળકોની બુદ્ધિ તેજસ્વી હોય તેમને માટે તેમને યોગ્ય કામ આપવું જોઇએ.

હાલની કેળવણીમાં એક મોટી ખામી એ છે કે, બાળકોના અભ્યાસક્રમમાં અતિશય વધારો થયો છે. સામાન્ય કેળવણી સાથે ઔદ્યોગિક કેળવણી પણ દાખલ થયેલ છે, તેથી સ્વતંત્ર વિચાર માટે અને શાળાના પુસ્તક સિવાય પોતાને મનગમતા અન્ય વિષયો વાંચવા જેટલી ફુરસદ રહેતી નથી. વખત બચે તો કાંઇક ઉદ્યોગ શીખવાડી કમાવાની શક્તિ પેદા કરવા તરફ વધારે લક્ષ રહે છે, અથવા બચ્ચાંઓને શું જોઇએ છીએ તેનો વિચાર કર્યા વગર ઉતાવળથી લખેલાં માસિકો, ન્યુસપેપરો વગેરે તેમના હાથમાં મૂકવામાં આવે છે અને બીનજરૂરી બાબતોમાં પણ તેમનું મન જાય છે.

કોઇપણ રીતે બાળકોની અવલોકનશક્તિ સ્વતંત્ર રીતે ખીલવવાની ખાસ જરૂર છે. તે માટે બાળકને પૂરતી ફુરસદ આપવી જોઇએ.

વર્તમાનકાળમાં જૂદા જૂદા દેશોની વિદ્યામાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કળામાં, સંગીતમાં ફેરફાર થવા લાગ્યો છે. ખાસ કરીને બાળકની કેળવણીમાં બહુ ફેર થયો છે. થોડાં વર્ષ પહેલાં, બાળકને યંત્ર માની, શિક્ષકો તેમને યંત્રની માફક ચલાવતા, મારતા અને તેના ઉપર ક્રોધ કરતા. હવે તે પદ્ધતિ ફરી ગઇ છે. બાળકને મારવું તે ગુન્હો મનાય છે. બાળકના બધા ગુણ ધીરજથી ખીલવવામાંજ કેળવણી મળે છે તે વાત હવે સમજાતી જાય છે. બાળક પોતાની મેળે સુધરે એવાં સાધન તેને આપવામાં આવે છે. કાઠિયાવાડમાં ભાવનગરમાં આવેલા દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભુવનમાં આ નવી પદ્ધતિ સારી રીતે અનુસરાતી જોવામાં આવે છે.

આવી કેળવણીને મોન્ટેસરીની પદ્ધતિ કહે છે. ડૉ. મોન્ટેસરીએ શોધી કાઢયું કે, બાળકને કામ ગમે છે અને તેને ગમતું કામ આપી તે દ્વારા તેની શક્તિ ખીલવવાથી તે બાળક સંયમી અને જ્ઞાની થાય છે. બાળકમાં હઠ, રીસ, બૂમ મારવાની ટેવ, લાલસા, બેદરકારી, અસત્ય ભાષણ, અપમાન કરવાની ટેવ વગેરે દેખાય છે તેનું કારણ તેમને ઘેર અને નિશાળે ખોટી કેળવણી મળે છે તેમાં રહેલું છે. મોન્ટેસરીની પદ્ધતિ પ્રમાણે શિક્ષણ પામેલ બાળક શાંત, ધીર, ઉદ્યોગી, વિનયી અને બીજા પ્રત્યે માન ધરાવનાર થાય છે. તે બાળક બીકથી ગભરાતું નથી કે બક્ષીસથી લલચાતું નથી અને સ્વાવલંબી થાય છે. આ દેશમાં પણ આગળ એવી પદ્ધતિ હતી. એ બાબત મદાલસાના હાલરડા ઉપરથી અને શ્રુતિદ્વારા વંશપરંપરાથી આપેલ જ્ઞાન ઉપરથી જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો એક પ્રયોગ એક કુટુંબમાં થયો હતો. બાળક ગર્ભમાં હતું ત્યારથી તેના પિતાએ બાળકની માતાને જ્ઞાન અને વૈરાગ્યનો ઉપદેશ આપવા માંડયો હતો અને બાળક જન્મ્યા પછી પણ દરરોજ ઘરમાં તેનાં માબાપ તેવી વાતો કરતાં. પુત્ર બોલવા શીખ્યો ત્યારે પણ તેની સાથે તેવીજ વાત થતી, અને ઘેર સાધુ-સંત આવતા ત્યારે તેમની પાસેથી પણ તે તેવી વાતો સાંભળતો. આઠ વર્ષની ઉંમરે જ્યારે તેને ઓરી નીકળ્યાં અને તેમાંથી ન્યુમોનિયાનો તાવ ઉત્પન્ન થયો અને તેના પરિણામે તેના દેહનો અંતકાળ આવ્યો ત્યારે તેના માબાપે તેને પૂછયું કે તારે કાંઈ કહેવું છે? તે વખતે તેણે જવાબ આપ્યો કે "બસ, હવે બસ, જીવન બધું એવું છે, બાંધવાનું છે તે બાંધી લ્યો, જુઓ ઉંચે...., ઉંચી ડાળી એક છે." આઠ વર્ષની ઉંમરના બાળકમાં આટલું જ્ઞાન નીકળી શકે છે તે ઉપરથી જણાશે કે, જ્ઞાનનો આધાર, જગ્યા, ઉંમર અથવા વખત ઉપર નથી; પણ જ્ઞાન દેનાર અને જ્ઞાન લેનારના આત્મા શુદ્ધ હોય તો દરેક વખતે, દરેક જગ્યાએ તે મળી શકે છે.

હાલના વખતમાં ધાર્મિક કેળવણી ઘણી કૉલેજોમાં અપાતી નથી. તેથી જેટલાં વર્ષ કૉલેજમાં જાય છે તેટલાં વર્ષમાં ધર્મવિષે ઉપયોગી બાબત વિદ્યાર્થીઓ સાંભળતા નથી. કેટલીક કૉલેજોમાં ધાર્મિક ગ્રંથો દાખલ થયા છે અને વિલ્સન કૉલેજ જેવી થોડીક કૉલેજોમાં શરૂઆતમાં પ્રાર્થના વગેરે થાય છે; પણ ધાર્મિક શિક્ષણ માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાર્મિક શિક્ષકની જરૂર છે. તે સિવાય વિદ્યાર્થી ઉપર ધર્મની અસર થશે નહિ.

ધાર્મિક શિક્ષણથી તૈયાર થયેલા વિદ્યાર્થીઓ જ્યારે કૉલેજ છોડી સંસારમાં પડે છે, ત્યારે પણ સંસ્કારી જીવન ગાળી શકે છે. વ્યવહારની ઘટમાળ વચ્ચે પણ તેઓ પોતાના આત્માને ભૂલતા નથી. હાલ વિદ્યાર્થીઓ કમાવા માટે ભણે છે તેનું કારણ હાલની સમાજ વેપારીની સમાજ છે. નજીકના ભવિષ્યમાં આવતી દેખાતી મજુરની સમાજ ઉદ્યોગ માટે ભણશે. તે બાબતો જરૂરની છે, પણ તેટલાથીજ માણસનું જીવન સુધરશે નહિ. કમાણી-માટેજ અભ્યાસ કરતો વિદ્યાર્થી કમાણી મળ્યા પછી તે વધારવા મથે છે અને કમાણીના વિચારમાં મરે છે. મજુરીમાં રસ માનનાર માણસ મરતાં સુધી શરીરથી કામ કરવામાં જીંદગીનું સાર્થક માનશે.

સરસ્વતીચંદ્રના પ્રખ્યાત લેખક ગોવર્ધનરામભાઇ લખે છે કે "જો આપણાં બાળક આપણા કરતાં વધારે બુદ્ધિવાળાં થાય એમ આપણી ઈચ્છા હોય તો તેમની બુદ્ધિને આપણી બુદ્ધિમાં કેદ ન કરવી; કારણ બાપાપની બુદ્ધિની માત્ર આજ્ઞાકર થવા શીખેલી બુદ્ધિ સ્વતંત્ર રીતે ઉડવાનો અભ્યાસ પામતી નથી. બાળકની બુદ્ધિને પગે બાપાપે ઘડેલી બેડીઓ નાખવી નહિ; પણ એ બુદ્ધિ જાતે ચાલે, પડે અને ઉઠે અને શક્તિ હોય તો દોડે તેમાં બાપાપે વિઘ્ન ન નાખવું. એ બુદ્ધિ પોતાની કળા-થી નૃત્ય કરે તો કરવા દેવું; તેને વિદ્યા એ અન્ન છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચાર એ વ્યાયામ (કસરત) છે, સ્વતંત્રતા એ એના પ્રાણને પોષણ આપનાર પવન છે, ઉત્સાહ એ એની ક્રીડાભૂમિ છે, સંસારનું અવલોકન એ એને જીવન આપનાર પાણી છે. માતાપિતાનો ધર્મ એ છે કે, એ પાણી નિર્મળ રાખવું, એ પવન નિર્મળ અને અપ્રતિરૂદ્ધ રાખવો, એ ક્રીડાભૂમિમાં અધમ સંગતિ જવા દેવી નહિ અને એ વ્યાયામમાં ન્યૂનતા કે અતિશયતા થાય નહિ અને વ્યાયામને અંતે ફરવા માંડેલા લોહીથી ભરેલી નસોમાં અયોગ્ય પદાર્થને સ્થાને પોષક અન્ન જાય. માતાપિતા ભણીના અંકુશની સમાપ્તિ આટલામાં થાય છે. બાલ્યાવસ્થામાં આટલા અંકુશમાં રહી બાળકની બુદ્ધિ મરજી પડે તેવું નૃત્ય કરે તે કરવા દેવું. એ અવસ્થા જેમ જેમ પૂરી થતી જાય, તેમ તેમ એ બુદ્ધિના અન્ન સાથે બાળકના ભવિષ્ય પ્રમાણે યોગ્ય ભાથું ભરવું અને તેની ક્રીડાભૂમિમાં સુખદુઃખોથી ભરેલાં સંસારનાં ચિત્ર મૂકવાં, દુષ્ટ પવન નિવારનાર તેમ પવનને સુગંધવાહક કરનારા રસ એના ભવનના સર્વ ભાગમાં મૂકવા એટલી સરત રાખવી.”

આવી કેળવણીથી જે સ્ત્રીપુરુષો તૈયાર થાય તે સમાજના નમુનારૂપ થાય છે.

જેમ વ્યક્તિના વિકાસની જરૂર છે, તેમ સમાજ અને દેશના વિકાસની પણ જરૂર છે. સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા પણ એવી જોઈએ કે વ્યક્તિના વિકાસની આડે આવે નહિ.

સમાજને ઘણા માણસનું હિત જોવાનું હોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજવ્યવસ્થા બહુ ગુંચવણવાળી હોય છે. માણસને હલકા સ્વભાવ તરફ વળવાની વૃત્તિ સહજ હોય છે, તેથી સમાજવ્યવસ્થા બરાબર ન હોય અને ખોટું દેશાભિમાન આવી જાય તો બીજા દેશો લૂંટવાની વૃત્તિ પણ થાય. સમાજે ઉંચા આદર્શોનેજ ટેકો આપવો જોઇએ. આ બાબત ભૂલી જવાથી યૂરોપમાં માત્ર આર્થિક સ્વરાજ ઉપરજ લોકોનું લક્ષ રહ્યું અને તેટલામાંજ મનુષ્યજીવનનું સાર્થક મનાયું. માણસની ખોટી ટેવને આવી સમાજમાં અનુમોદન મળે છે.

પણ જે દેશનો આત્મા જાગ્રત છે ત્યાં સ્વદેશાભિમાન પણ ઉંચા આદર્શવાળું હોય છે. દાખલાતરીકે આયર્લાંડમાં ઉંચા આદર્શથી વ્યવસ્થા થઈ છે અને હિંદમાં પણ સત્યાગ્રહની ચળવળ ઉંચા આદર્શથી રાજ્ય જીતવામાં કામ લાગે છે. બીજા દેશો ઉપર પણ આવા આદર્શની અસર થવા લાગી છે, એ જેવી તેવી વાત નથી. આયર્લાંડના 'સીનફ્રીન' શબ્દનો અર્થ "અમારા માટે" એવો થાય છે. 'સત્યાગ્રહ'નો અર્થ પણ "આત્મા કે જે સત્ય છે તેના આગ્રહથી જીવન ઘડવું" એ થાય છે. આવા નવા આદર્શમાં વિઘ્નો આવવાનો સંભવ છે, પણ સમાજની ઉન્નતિ માટે તે સિવાય બીજો રસ્તો નથી. એવા સાધનમાં જો અહંકાર વધી જાય તો આદર્શ પૂરો થતો નથી અને સમાજની પ્રગતિ પણ બંધ પડે છે. સત્યાગ્રહ માત્ર બહારનું જીવન સુધારવામાંજ કામ આવે તો તેનો પૂરો ઉપયોગ થશે નહિ. અંદરનું જીવન સુધારવા પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો ઉપયોગ કરવો જોઇએ. દરેક માણસે પોતાના દોષ દૂર કરવા જોઇએ, અહંકાર એ ઈશ્વર નથી તેથી સ્વદેશાભિમાનમાંજ ઈશ્વરપણું આવી જતું નથી.

પોતાનું જીવન સુધારવાની ઇચ્છા, આત્માનું જ્ઞાન લેવાની ઈચ્છા એ બરાબ ઇચ્છા નથી; પણ બીજાને નુકસાન કરી જીવવાની ઇચ્છા એ સારી ઇચ્છા નથી. સ્વદેશાભિમાનનો જન્મ પશ્ચિમમાં થયો છે. અહીં તેની જરૂર લાગી ત્યારે અહીં જન્મ થયો; પણ તેમાં સત્યાગ્રહીની માફક સંયમ હોય તોજ સ્વદેશાભિમાન શોભે. સંયમથીજ આત્મા બરાબર જાગ્રત થાય છે. જેમ વ્યક્તિની સ્વતંત્રતાનો નાશ કરવાનો સમાજને હક્ક નથી, તેમજ સમાજનું જીવન પોતાના ક્ષણિક સ્વાર્થ માટે તોડવાનો વ્યક્તિને હક્ક નથી. જ્યારે જ્યારે સમાજ વ્યક્તિના વિકાસની આડે આવે છે, ત્યારે તેનું બંધારણ તૂટી જાય છે; તેમજ જીવ પણ જ્યારે સ્વાર્થી અને અભિમાની થાય છે, ત્યારે તે પશુ જેવો બની જાય છે અને સમાજને બગાડે છે. બરા જીવનમાં સર્વાત્મભાવ આવવો જોઇએ. સર્વાત્મભાવમાં અહંકાર ડૂબી જવો જોઇએ.

વ્યક્તિના હક્ક અને સમાજના હક્ક વચ્ચે સમતા રહેવી જોઇએ; એટલુંજ નહિ પણ સ્વદેશના હક્ક અને પરદેશના હક્ક વચ્ચે પણ સમતા રહેવી જોઇએ. બીજા દેશોને નુકસાન કરી પોતાના દેશનું ભલું કરવાની ઇચ્છા થાય તો સમાજની ઉન્નતિ થાય નહિ. યૂરોપના બધા સંસ્કાર સ્વીકારવામાં ઘણું જોખમ રહેલું છે. યૂરોપની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૃષ્ટિ હમેશાં બહારનું જીવન સુધારવામાં રહેલી છે. તે દૃષ્ટિ અંદર જાય ત્યારેજ જણાય છે કે, બીજા દેશોનું કલ્યાણ કરવામાંજ પોતાના દેશનું કલ્યાણ સમાયલું છે.

સમસ્ત જીવન એકસાથે જોવાની ટેવ પાડવી જોઇએ. તે વિના સત્ય સમજાશે નહિ અને સત્ય સમજાયા વિના સમાજવ્યવસ્થા બરાબર થઇ શકશે નહિ. અંદરની દૃષ્ટિથી જીવન રચવામાં હમેશાં અંદરથી બહાર જોવું જોઇએ. આત્માને મેળવવો, જોવો, તેનાવડે રહેવું એ આત્મવિકાસનું સાધન છે.

સત્યુગ લાવવા માટે સત્ય તરફજ દૃષ્ટિ જોઇએ. આત્મલાભ લેવો એજ દરેક માણસનું પરમ ધ્યેય છે, તેથી તે લાભ દરેકને મળે તેવી સમાજવ્યવસ્થા થવી જોઇએ. માણસ પોતે સામાન્યભાવે અપૂર્ણ છે. તેને તેના મનથી ઉપર તેનામાં રહેલ ભગવાનની મદદની જરૂર છે. બીજા માણસોમાં, જગતમાં અને સમાજમાં રહેલ ભગવાનની મદદની પણ જરૂર છે. દરેક યુગમાં ભગવાનની કોઇ કોઇ ખાસ શક્તિનો આવિર્ભાવ થાય છે અને તેટલા માટે દરેક જીવનમાં સ્વતંત્રતા રહેવી જોઇએ અને તે સ્વતંત્રતાને કામ કરવા સાચી દિશા બતાવી શકે તેવું સમાજનું બંધારણ જોઇએ. સમાજ અથવા ધર્મ મનુષ્યને એમ કહી ન શકે કે, આત્મા આ રહ્યો, તમે સંભાળી લ્યો. તમે આ પ્રમાણે ચાલશો એટલે એક વર્ષમાં આત્મલાભ મળશે. આવો ચોક્કસ લાભ સમાજથી થતો નથી. સમાજ માણસના ખરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ગને ટેકો આપી શકે છે. બાકીનો પ્રયત્ન માણસના પોતાના ઉપર આધાર રાખે છે. માણસના વિકાસથી સમાજનો વિકાસ થાય છે તેથી માણસે પોતે પોતાની પૂર્ણતા પ્રાપ્ત કરવી જોઇએ. સમાજનું બંધારણ અને કાયદા એવા ન જોઇએ કે માણસને હમેશાં બંધનમાંજ રાખે. માણસ વેપારી, લડવૈયો, ધર્મગુરુ, વિદ્વાન, કળાવાન, એકુત, ધાર્મિક કે રાજનીતિમાં કુશળ થાય એટલામાંજ તેનું માણસપણું સમાઇ જતું નથી. માણસ કાંઇ અંગ્રેજ કે ફ્રેંચ, જાપાનીસ કે હિંદુ કે મુસલમાન નથી. આ બધાં નામ તેના જન્મથી અને કર્મથી પડેલાં છે; પણ તેનો આત્મા આ બધા ભાવથી પર રહે છે. સામાન્ય માણસ પોતાની જાતિના અને દેશના નિયમથી બંધાય છે, પણ તે નિયમથી અતીત થવું જોઇએ. નવા ઉંચા આદર્શ ઘડી સમાજને વધારે સારી બનાવવી જોઇએ.

સમાજસેવા અને દેશભક્તિ એ આત્મલાભ મેળવવાનાં સાધન છે. તેને ધ્યેયતરીકે સ્વીકારી શકાય નહિ; કારણકે માત્ર સમાજસેવાથી કે દેશભક્તિથીજ માણસનું માણસપણું પૂરું ખીલતું નથી; તેથી જ્યારે એમ કહેવામાં આવે કે, એટલામાંજ જીવન પૂરું કરવું જોઇએ ત્યારે માણસની પ્રગતિ અટકી જાય છે. તે નમુનો પશ્ચિમના પ્રદેશોમાં છે. તેનું જ અનુકરણ આ દેશમાં થાય છે. આજકાલની સાયન્સની શોધથી બધા દેશો એટલા નજીક આવી ગયા છે કે એક દેશના જીવનની અસર બીજા દેશ ઉપર થાય છે; તેથી પશ્ચિમમાંથી સારૂં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને નરસું બન્ને જીવન આવે છે. તેમાંથી સારૂં હોય તે તારવીને સ્વીકારવું જોઇએ.

માત્ર શરીરના સુખને ઉપયોગી માનવું, માત્ર શરીરને મજબૂત કરવું, તેને માટે અખાડા બનાવવા, 'આત્મજ્ઞાન નબળા માણસનું કામ છે' એમ માનવું, એ જંગલી સમાજનો સ્વભાવ છે. 'તું તને ઓળખ' એ ઋષિઓનો સંદેશો અહીંની સમાજ ઝીલી શકી છે. સમાજમાં ફરજીઆત મફત કેળવણી દાખલ કરવાનો આગ્રહ એમ બતાવે છે કે, હાલની સમાજને પણ માણસનું મન ઘીલવવાની પૂરી જરૂર લાગે છે. આગલા વખતમાં માણસની શ્રદ્ધા અને તેનું હૃદય સારાં થાય તેમ ઉપદેશ અપાતો અને તેથી તે વખતે બુદ્ધિ બરાબર ઘીલી નહોતી. આજના વખતમાં બુદ્ધિને સમજાય તેવું સત્ય ન મળે તો માણસ ગ્રહણ કરતો નથી. આ સાયન્સની શોધનું પરિણામ છે. સાયન્સની શોધ સ્થૂળ જગતના પદાર્થમાં થઇ છે, તેમાં બુદ્ધિની અસર સારી રહી છે, તેની અસરથી કેટલાંક રૂઢિનાં બંધન તૂટી ગયાં છે. તેથી સમાજ જેવી અજ્ઞાન દશામાં પહેલાં હતી તેવી ફરીથી થશે નહિ. એ એક લાભ છે; પણ તે સાથે સાયન્સની શોધથી એક ધનવાન માણસ અનેકને ગરીબ કરી શકે છે. યંત્રોની મદદથી તે પુષ્કળ ધન એકહું કરી સ્વાર્થ માટે વાપરી સમાજને હલકી સ્થિતિમાં મૂકી શકે છે. ધનવાન માણસ આજની સમાજનો ધર્મગુરુ છે; પણ તેનાથી ચિત્તની વૃત્તિઓ બહારના ક્ષણિક જીવનમાંજ રોકાઈ રહે છે. તેને આત્મા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ વળવાનો વખત રહેતો નથી.

માણસતરીકેજ જન્મ લેવો એટલે માત્ર ખાવું, પીવું, પહેરવું, પરણવું, કુટુંબનું ભરણપોષણ કરવું અને પછી મરી જવું એટલામાંજ કર્તવ્ય સમાપ્ત થતું નથી. પોતાના સંજોગોને વશ થવામાં જીવન વ્યતીત કરવાનું નથી. સંજોગો જીતવા જોઇએ, એને ફેરવવા જોઇએ.

સાયન્સથી જે જ્ઞાન મળે, બુદ્ધિથી જે જ્ઞાન મળે તે કરતાં વધારે તેજ અને જ્ઞાન આપી શકે તેવો આત્મા માણસની અંદર છે. તે શરીરને, પ્રાણને અને મનને નવું ચેતન આપી શકે તેમ છે. માણસનો આખો સ્વભાવ બહુ ગુંચવણભરેલો છે. કોઇ વખતે શરીરનો સ્વભાવ તેના ઉપર અમલ કરે છે. કોઇ વખતે પ્રાણમાં રહેલી વાસના, કોઇ વખતે મનના તરંગો તેના ઉપર હુકમ કરે છે. ન્યુસપેપરમાંથી જ્ઞાન લેવું ગમે છે, વાર્તાના પુસ્તકો વાંચી મનને સંતોષ અપાય છે, નાટક–સીનેમાથી પણ કેટલીક વૃત્તિઓને જોર મળે છે; છતાં આજની સમાજ ઘણે ભાગે વેપારીની સમાજ છે. આગલા વખતની સમાજમાં એક પ્રકારનું રૂઢિગત જંગલીપણું આવ્યું હતું. હાલની સમાજમાં બીજા પ્રકારનું એટલે બુદ્ધિને અને વાસનાને તૃપ્ત કરવાનું જંગલીપણું આવ્યું છે.

વેપારી દૃષ્ટિવાળી સમાજમાં દૂધ અને ઘી જેવા પદાર્થો કે જે માણસના જીવનમાં બહુ ઉપયોગી છે તેમાં વેપારની દૃષ્ટિથી ભેળસેળ થાય છે. જે માણસ બરાબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીને ખાશે તેના શરીરનું શું થશે તે બાબતનો વિચાર વેપારી કરતો નથી.

એટલું જ નહિ પણ મુંબઇ જેવાં કેટલાંક સ્થળોએ દૂધાળાં ઢોરો થોડા વખત માટે નકામાં થાય એટલે કસાઈખાને મોકલવામાં આવે છે. તેનું કારણ એ હોય છે કે, તે વખતે તેમનું ખર્ચ પોસાતું નથી. દારૂ અને અફીણનો ધંધો વધારવા માટે માણસની ટેવ સુધારવાનો પ્રયત્ન થતો નથી. વેપારી સમાજમાં આવા અનેક ગેરલાભ ઉત્પન્ન થાય છે અને સમાજનું જીવન હલકું થાય છે. રમકડાં કરવા માટે અથવા સ્ત્રીઓને સુંવાળા રૂંછાથી શણગારવા માટે અથવા હાથીદાંતની સુંદર વસ્તુઓ માટે અનેક પશુપક્ષીઓની હિંસા કરવી પડે તો વેપારી દૃષ્ટિવાળો માણસ તે કરવા અટકતો નથી.

જ્યાં સ્ત્રીઓનાં ચિત્રોની જરૂર ન હોય ત્યાં પણ લોકોને આકર્ષી પૈસો મેળવવા માટે સ્ત્રીઓનાં ચિત્રો મૂકેલાં જોવામાં આવે છે.

પશ્ચિમના સાયન્સથી ગમે તેવી મોટી શોધો થઇ હોય અને તેથી સમાજને ફાયદો થયો હોય તોપણ હજુ સમાજનું દૃષ્ટિબિંદુ બહારના ભોગમાં ફરે છે. પ્રાચીન કાળમાં હિંદમાં રેલ્વે, તાર, ટપાલ વગેરે જીવનનાં સાધન નહોતાં; છતાં જીવનનો મુખ્ય હેતુ ભૂલાયો નહોતો. સામાન્ય માણસની પેઠે સામાન્ય નિયમથી રહેવું તેમાં મહત્તા નથી. તે કેદખાનું છે. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેદમાંથી છૂટવું જોઇએ. જ્ઞાન અને કર્મનો વિરોધ ઘણા કાળ સુધી ચાલ્યા કરે છે. જ્ઞાન અભેદદૃષ્ટિ માગે છે, કર્મ ભેદદૃષ્ટિથી ઉત્પન્ન થાય છે. બન્નેની એકસૂરતા કરવી બહુ મુશ્કેલ છે. તે આત્માના અનુભવવિના થઇ શકતી નથી. કર્મ ઉપર બહુ ભાર દેવાથી જ્ઞાન મંદ થાય છે અને સમાજમાં જંગલીપણું દાખલ થાય છે. નીતિનાં બંધન પણ અમુક હદસુધીજ ફાયદેાકર્તા છે. જ્યારે આત્મા જાગ્રત થાય છે, ત્યારે તેને માટે નવા પ્રકારનાં કર્મ અને નવા પ્રકારની નીતિ રહે છે. તે બધું આત્મભાવે જોવાની ઇચ્છા રાખે છે અને તે પ્રમાણે તેનું જીવન ચલાવવા ઇચ્છે છે. નીતિથી મન શુદ્ધ થાય છે, પણ શુદ્ધ મન જેટલુંજ માણસનું જીવન નથી. બુદ્ધિ પેાતાનેા સંતેાષ માગે છે, તેને જ્ઞાન જોઇએ છીએ અને એ જ્ઞાન જ્યારે જાગ્રત થાય છે ત્યારે આત્મા તરફ દેાડે છે. આત્માની સ્વતંત્રતા આગળ નીતિના વિચાર ફરી જાય છે-એટલે કે તે માણસ નવી નીતિ દેખી શકે છે. બુદ્ધિ જે વાત સાચી માને છે, તેજ વાત આત્માને સાચી લાગતી નથી. બુદ્ધિમાં નવું જ્ઞાન આવે છે, છતાં તેને દેશ, કાળ અને કર્મનું બંધન રહે છે. સામાન્ય જીવનમાટે બુદ્ધિ બહુ ઉપયેાગી છે, પણ આત્માના ક્ષેત્રમાં તેની ગતિ કુંઠિત થાય છે; છતાં બુદ્ધિમાં નવી દૃષ્ટિ આવી શકે, વસ્તુના પર્યાયને બદલે વસ્તુને દ્રવ્ય-રૂપે જોઇ શકે તેા જીવન સુધારવામાં તે બહુ ઉપયેાગી થાય છે. થેાડેા વખત થયાં બુદ્ધિની હદ સમજાવા લાગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને બુદ્ધિની હરીફ બહેન શ્રદ્ધા પોતાનો સંદેશ સંભળાવવા લાગી છે. જ્યારે બુદ્ધિ નિઃસ્વાર્થપણે જ્ઞાન શોધે છે ત્યારે શ્રદ્ધા ઉપર જોર કરી શકે છે. જ્યારે સ્વાર્થમાં બુદ્ધિ જાય છે ત્યારે તે ખોટે રસ્તે ચાલે છે અને ભૂલ સુધારવા આત્મશ્રદ્ધાની જરૂર પડે છે યૂરોપની સમાજમાં બુદ્ધિ સારી છે, પણ તેનો ઉપયોગ સ્વાર્થમાં થતો હોવાથી સમાજ ખોટા જીવનમાં જઇ પડી છે. તેને નિઃસ્વાર્થતાની જરૂર છે તે વાત થોડો વખત થયાં અમેરિકા યૂરોપને સંભળાવે છે.

નિઃસ્વાર્થતા અને શ્રદ્ધાથી આત્માનાં નવાં ક્ષેત્ર અનુભવમાં આવે છે. બુદ્ધિ જ્યારે માત્ર બહારના જીવનનો રસ માગે છે, ત્યારે ભેદદૃષ્ટિ ઉત્પન્ન કરે છે અને બીજાના સુખને ભોગે પોતાનું સુખ માગે છે. નિઃસ્વાર્થતા અંદરના જીવનનું સુખ માગે છે. તે વખતે અભેદદૃષ્ટિ ઉત્પન્ન થાય છે અને બીજાને સુખી કરી પોતાનું સુખ લેવાની ઇચ્છા થાય છે.

મનુષ્યજીવનની મોટામાં મોટી મુશ્કેલી જ્ઞાન અને કર્મની એકસૂરતા કરવામાં નડે છે. કર્મભેદ બુદ્ધિ ઉત્પન્ન કરતી હોવાથી શ્રીમદ્ શંકરાચાર્યે તેનો સમુચ્ચય માન્યો નથી. તે કહે છે કે, સમસમુચ્ચય તો થઇ શકતોજ નથી. બહુ આગ્રહ રાખીએ તો ક્રમસમુચ્ચય માની શકાય. એટલે પહેલાં ચિત્તશુદ્ધિ માટે કર્મ અને ચિત્તશુદ્ધિ થયા પછી જ્ઞાન. આ મતને અનુકૂળ કેટલાક શ્લોકો શ્રીમદ્ ભગવદ્ગીતામાંથી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળી આવે છે. આજના માણસને સમસમુચ્ચય જોઇએ છીએ–એટલે કે મનુષ્યજીવન છોડયા વગર જ્ઞાન અને કર્મ સાથે રહી શકે એવું જોઇએ છીએ. પૂર્ણ આત્મજ્ઞાનથી ઉત્તમ કર્મ કરી શકે તેવાં દૃષ્ટાંત લેવા યોગ્ય માણસની જરૂર આજની સમાજને લાગે છે. આદર્શતરીકે આ સિદ્ધાંત સાચો છે, પણ કર્મ તરફ અને જીવન તરફ બહુ આગ્રહ રાખવાથી જ્ઞાન પૂરું ખીલતું નથી અને જ્ઞાનવગરનું જીવન પશુવૃત્તિવાળું રહે છે. જ્ઞાનને રૂઢિમાં દાખલ કરવાથી તેનાં તત્ત્વ અને રસ જતા રહે છે. તેનું કારણ બુદ્ધિની ઉપર આત્માનું વિશાળ ક્ષેત્ર છે. તે રૂઢિના બંધનમાં આવી શકતું નથી; એટલું જ નહિ પણ દરેક માણસમાં કાંઈક ગુપ્ત સ્વતંત્રતા રહેલી હોય છે અને કેટલીક વખત તે સમાજનું બંધન સ્વીકારી શકતી નથી; તેથી સમાજની સ્થિતિ એકસરખી લાંબો વખત ટકી શકતી નથી. દરેક માણસમાં પ્રભુ છે અને જ્યાંસુધી તે પ્રભુનો પ્રત્યક્ષ અનુભવ ન થાય ત્યાંસુધી તેને સંતોષ થતો નથી. તે પ્રભુતા કુદરતના કાનુન માનતી નથી, તેનાથી સ્વતંત્ર થવા માગે છે. તેથી માત્ર બુદ્ધિના હલકા સ્વભાવને જવાબ દેવાથી વેપારી બુદ્ધિવાળી સ્વાર્થી સમાજ ઉત્પન્ન થાય છે. તેનાથી માત્ર અર્થ અને કામ એ બે પુરુષાર્થ સિદ્ધ થાય છે. તેથી કોઇ પણ રીતે બુદ્ધિની શુદ્ધિ કરવી જોઇએ અને તેને આત્મા તરફ વાળવી જોઇએ. તે માટે સમાજનું બંધારણ અનુકૂળ જોઇએ. ધર્મવૃત્તિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થી અર્થ, કામ અને મોક્ષ સિદ્ધ કરવા જોઇએ.

ધર્મની વૃત્તિ રાખવામાં પણ ધર્મની ખોટી રૂઢિઓને માન આપવું જોઇએ નહિ. એવી રૂઢિઓથી સાચો ધર્મભાવ નાશ પામે છે. જે મસ્તકની અંદર આત્માનું જ્ઞાન મળી શકે છે, તે મસ્તક ઉપર ઉગેલા વાળ ધર્મની રૂઢિ જાળવવાની ખાતર, ખેંચીને કાઢી નાખવાની જૈન ધર્મની રીત ફેરવવા જેવી છે. આવાં અયોગ્ય અને ઉગ્ર તપ ધર્માચાર્યો ઉપર નાખવાથી સારા અને વિદ્વાન માણસો ધર્મગુરુ થવાનું પસંદ કરતા નથી. જૈનોમાં એવા ઘણા માણસો છે કે જે ધર્મગુરુઓને હજામતના પૈસા આપી શકે તેવા છે અથવા તેમને માટે એક ફંડ રાખી શકે તેવા છે.

તેવીજ રીતે વૈષ્ણુવ ધર્મના મહારાજો, મૂળ પુરુષ શ્રીવલ્લભાચાર્યજીના સાદા જીવનનું અને તેમના જ્ઞાનનું અનુકરણ કરતા નથી. વૈષ્ણુવો પાસેથી દ્રવ્યની સેવા લેવા માટે મહારાજો ફરે છે, પણ તેના બદલામાં સુબોધિની જેવા સારા ગ્રંથનો પ્રચાર કે ઉપદેશ જોઇએ તેટલો કરતા નથી. શ્રીનાથદ્વારામાં શ્રીનાથજીને રોજ જમાડવાનું ખર્ચ હજાર રૂપિયા ઉપરનું થાય છે અને બીજું પણ રોજનું બીનઉપયોગી ખર્ચ હજાર રૂપિયા ઉપર થાય છે. આ ખર્ચ ઓછું કરી તેમાંથી સુબોધિની જેવા સારા ગ્રંથોનાં ગુજરાતી ભાષાંતર કરાવી વૈષ્ણુવોને લાભ અપાય ત્યારેજ ધર્મનો ઉદય થશે. થીઓસોફીકલ સોસાઈટીએ એવો ઉપદેશ આપેલ હતો કે તેમાં મેમ્બર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવા માટે કોઇને પોતાનો ધર્મ છોડવાની જરૂર નથી. પણ વર્ષ જતાં તે સોસાઇટીમાં પણ ધારાધોરણથી નવી જાતની રૂઢિઓ જન્મ પામી. તે રૂઢિઓ કૃષ્ણમૂર્તિએ તોડી અને વખત જતાં કૃષ્ણમૂર્તિની સંસ્થાના નવા ધારા દાખલ થયા. તે પણ તૂટવા લાગ્યા છે. જ્યારે ધર્મની રૂઢિઓ માણસને આત્મા તરફ વાળવાને બદલે બહિર્મુખ કરે છે, ત્યારે ધર્મની સંસ્થાથી જે ફળ આવવું જોઇએ તે આવતું નથી. ધર્મનું ખરૂં કર્તવ્ય માણસને અંતર્મુખ કરવાનું છે. આ બાબત ધ્યાનમાં રાખીને હિંમતવાન માણસોએ માત્ર જ્ઞાની અને ખરા સાધુઓને ધર્મગુરુતરીકે માનવા જોઇએ. ઘણા કાળથી ચાલતી આવતી ખોટી રૂઢિઓ જે આત્મ-વિકાસમાં વિઘ્ન કરતી હોય તેનો નાશ કરવો જોઇએ. વૈષ્ણવોમાં પણ છુ–છા–પણું એટલું વધી ગયું છે કે ભરવાડ–ગોપીઓ જેટલી બહારથી અશુદ્ધ હતી પણ અંદરથી પ્રેમાળ હતી તેટલી શુદ્ધિને પણ આજના વૈષ્ણવો શુદ્ધિતરીકે માની શકતા નથી.

બુદ્ધિને પોતાનું કહેલું જ સાચું લાગે છે, પણ જ્યારે બીજા માણસ સાથે મતભેદ પડે છે ત્યારે ઘણા માણસ જે અભિપ્રાય આપે તે સાચો હોય એમ માને છે. પણ ઘણી બુદ્ધિનું કાર્ય પણ અપૂર્ણજ છે. તે પોતાની ભેદદૃષ્ટિ છોડી શકતી નથી, તેથીજ આજકાલ કાઉન્સિલના મેમ્બરો સમાજ સુધારવા જે મત આપે છે તે કરતાં આગળના ઋષિમુનિઓ વધારે સારો મત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી શકતા; કારણકે આ મેમ્બરો બુદ્ધિવાદ છોડી શકતા નથી. ઋષિઓ સત્ય જોઈ શકતા, મુનિઓ મૌનથી વાણીના તેજનો સંગ્રહ કરી શકતા. આવા પુરુષો રાજાઓને સમાજ સુધારવામાં સલાહ આપતા.

હાલ કાઉન્સિલના મેમ્બરો મતદારોની મરજી સાચવવાનો પ્રયત્ન કરે છે. ખરી રીતે આ મેમ્બરોએ મતદારોને દોરવા જોઇએ અને સારા વિચાર અને ઉંચા આદર્શ રાખતાં શીખવવું જોઇએ.

કૌટુંબિક જીવન કીડી અથવા મધમાખીની પેઠે માત્ર ધનસંગ્રહ કરવામાં રહેલું નથી. ઘણી વખત બીનકેળવાયેલ એટલે કે સંસ્કાર વગરની સ્ત્રી મળવાથી પુરુષનો વિકાસ અટકી પડે છે. તેણે પોતાનું વિઘ્ન દૂર કરવા સ્ત્રીને સારા સંસ્કાર આપવા જોઇએ; નહિતર બન્ને એકબીજાને બગાડયા વગર રહેશે નહિ.

માત્ર શરીર અને મન સુધારવાથીજ જીવન પૂરું થતું નથી. જીવન સુંદર અને પૂર્ણ કરવા માટે આત્માના વિકાસની જરૂર તો નિત્ય રહ્યા કરશે. તેટલા માટે આગલા વખતમાં સમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ પ્રમાણે ભાગ થયા હતા. જેવા ગુણ અને જેવાં કર્મ તે પ્રમાણે લોકો તે તે ભાગમાં રહેતા. શૂદ્રનો આત્મા તો બ્રાહ્મણના જેવોજ છે. જે વાત રૂઢિથી ભૂલાઇ ગઇ હતી તે સત્યાગ્રહના બળથી પાછી જાગ્રત થઇ છે. સત્યાગ્રહની કોઈ વખત થતી નિષ્ફળતાનું કારણ અજ્ઞાન છે. જ્ઞાનથી જે સત્યાગ્રહ થાય તે નિષ્ફળ જતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન સુધારવામાં આત્માનું જ્ઞાન અને આત્માનો પ્રેમ જોઇએ. માત્ર બુદ્ધિથી જીવન સુધરતું નથી. બુદ્ધિ જીવનનો બહારનો ભાગ જુએ છે અને તેની ક્રિયા સમજવા મહેનત કરે છે. અંદરનું જીવન સમજવા માટે બુદ્ધિનું બહારનું કામ બંધ થવું જોઇએ, અંતરાત્મા ખુલ્લો થવો જોઇએ અને તેમાં પરમાત્માની ગાદી સ્થાપવી જોઇએ. તેનો સ્પર્શ થશે ત્યારે ખરૂં સૌંદર્ય અનુભવમાં આવશે. સત્યની શોધમાં આગ્રહ જોઇએ. પ્રહ્લાદની માફક પોતામાં પ્રભુને પ્રગટ કરવા જોઇએ.

બધા જીવનનો મુખ્ય હેતુ આત્મસાક્ષાત્કાર કરવાનો છે. આ બાબત ઉપર બધા ઋષિમુનિઓ અને વિદ્વાનો એકમત છે. આ હેતુ ધર્મથી પાર પડે છે તેથી ધર્મની દૃષ્ટિએ સમાજની રચના થવી જોઇએ. દૃષ્ટાંતતરીકે વાણીઆ અથવા બ્રાહ્મણની જૂદી જૂદી જ્ઞાતિઓ ભાંગીને જૈન વાણીઆઓએ જૈનમાં વ્યવહાર કરવો જોઇએ અને વૈષ્ણવોએ વૈષ્ણવમાં વ્યવહાર કરવો જોઇએ.

પેટાજ્ઞાતિઓ તોડી તેમની રચના ધર્મ પ્રમાણે કરવા માટે કોઇ એમ માને છે કે, જ્ઞાતિનાં મહાજનોએ આ કામ કરવું જોઇએ. પણ જ્ઞાતિનું મહાજન જ્ઞાતિના માણસોનું બનેલ હોય છે; તેથી જ્યાંસુધી જ્ઞાતિના માણસોની અંદર કોઇ જ્ઞાની, તેજસ્વી પુરુષ ઉત્પન્ન ન થાય ત્યાંસુધી આ સુધારો થઇ શકે નહિ. આવા સુધારા માટે જ્ઞાની, નીડર અને સાહસિક પુરુષની જરૂર છે. તે જ્ઞાતિને નવો રસ્તો બતાવે છે અથવા પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાતિ તે પ્રમાણે ચાલે નહિ તોપણ તેનામાં પોતાના વિચાર પ્રમાણે વર્તવા જેટલી હિંમત હોય છે. જ્ઞાતિનું બંધારણ ખોટું લાગવા છતાં જે માણસ જ્ઞાતિના માણસોથી બ્હીએ તે જ્ઞાતિમાં સુધારો કરી શકતો નથી. એક જ્ઞાતિમાં બધા માણસ બધાથી બ્હીએ તો તે જ્ઞાતિમાં કોઇ કોઇને સુધારી શકે નહિ.

હલકી સમાજનું બંધારણ માણસના ઉપયોગ ઉપર આધાર રાખે છે. ઉત્તમ સમાજનું બંધારણ માણસનું ભલું કરવા તરફ રહે છે. ઉત્તમ સમાજના બંધારણમાં માણસની પૂર્ણતા કરવા તરફ ધ્યાન રહે છે. તેના આત્માનો વિકાસ કરી તેને સત્–ચિત્–આનંદમય બનાવાય છે. માણસનું ભલું જ્ઞાનમાં રહેલું છે, માત્ર પૈસાથી તેનું ભલું થતું નથી. જ્ઞાની માણસ સામાન્ય સમાજના કાયદા માનતો નથી. તે અંતરાત્મામાંથી મળતી પ્રેરણા પ્રમાણે ચાલે છે. જ્ઞાની માણસ બધી વસ્તુમાં પરમાત્માને દેખે છે, તેથી તેને બધી વસ્તુ સારી લાગે છે.

પણ સામાન્ય માણસને વ્યાવહારિક સત્ય જોઇએ છીએ, તે સમાજને વ્યાવહારિક કરવા માગે છે. આ મત ખાસ કરીને યૂરોપમાં જોર કરી રહેલ છે અને તેનો પડઘો અહીં પડેલ છે. અહીંના લોકો વ્યવહાર સમજતા હતા, પણ પરમાર્થને વધારે ઉપયોગી ગણતા. વ્યવહારબુદ્ધિવાળા વૈશ્યવર્ગને અહીં ત્રીજું પદ આપેલ છે. જો વ્યાવહારિક કામમાંજ સમાજનું જીવન પૂરું કરવું હોય તો તે સમાજ લાંબો વખત ટકશે નહિ. ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન કેવી રીતે ઘડવું ? તેનો જવાબ માત્ર એશીઆમાંથી મળશે. એશીઆમાં એમ માનવામાં આવેલ છે કે, સમાજની ઘટના ધર્મ ઉપર રચાવી જોઇએ. જ્યાંસુધી માણસને પોતાનો આત્મા જાણવાની સગવડ મળતી નથી. ત્યાંસુધી તે પશુવૃત્તિવાળોજ રહેવાનો. જ્ઞાન વગર અજ્ઞાન જશે નહિ. જ્ઞાન વગરના ધર્મમાં વાડા બંધાઇ જાય છે અને તેટલે દરજ્જે ધર્મ પણ સમાજના વિકાસમાં વિઘ્ન કરે છે. ધર્મના ઓટા હેઠળ ઘણા સારા માણસોના જીવ ગયા છે. જ્યારે રૂઢિ અને આચારનું જોર રહે છે ત્યારે એ વાત ભૂલી જવાય છે કે, ધર્મનું મૂળ પ્રેમ છે. ધર્મ એ પ્રભુને મેળવવાનો રસ્તો છે. બીજા ધર્મના માણસ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થવો જોઇએ. ધાર્મિક સમાજમાં માણસને સ્વતંત્રતા રહેવી જોઇએ, તેને ધર્મ શીખવવો જોઇએ; પણ તેના ઉપર બંધન નાખવાં જોઇએ નહિ. સહનશક્તિ ધર્મના અંગતરીકે શીખવવી જોઇએ.

ઘણા માણસ સમાજના નિયમ પ્રમાણે ચાલે છે; પણ સમાજના નિયમ બરાબર છે કે નહિ તેનો બહુ થોડા વિચાર કરે છે. જેમ માણસનો સ્વભાવ દરેક કાળે સરખો રહેતો નથી, તેમ સમાજનો સ્વભાવ પણ દેશકાળ પ્રમાણે ફરવો જોઇએ; પણ દરેક વખતે મુખ્ય હેતુ ભૂલવો જોઇએ નહિ. તે માટે કેળવણીની જરૂર છે. કેળવણી વગર સમાજના નિયમ રૂઢિગત અને બંધનવાળા થાય છે. પશ્ચિમના ધોરણ માફક માત્ર બુદ્ધિનો વિકાસ થાય એટલીજ કેળવણી આપવી જોઇએ નહિ. બુદ્ધિ સ્વાર્થમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોડતી હોવાથી યૂરોપમાં મુડીવાળા અને મજુરીવાળાની સમાજો થઈ છે. તેવી સમાજ સ્વાર્થબુદ્ધિથી ઉત્પન્ન થાય છે. બુદ્ધિ ઉપરાંત આત્માનો પણ વિકાસ થાય અને નિઃસ્વાર્થતા પણ સમજાય તેવી કેળવણી અપાવી જોઇએ.

સ્વદેશાભિમાનથી સમાજને ફાયદો થાય છે; પણ દેશને આત્મા છે, માત્ર શરીર નથી. તેથી માણસના આત્માનાં બંધન વધવાં જોઇએ નહિ. ઘણે ઠેકાણે સ્વદેશી ચળવળમાં પણ થોડા આગેવાન માણસો ઘણા અજ્ઞાની માણસોને મરજી પડે તેમ દોરે છે.

માણસના વિકાસ માટે તેને સ્વતંત્રતા આપવાની જરૂર છે, તેને માટે તેને સાચી કેળવણી આપવી જોઇએ.

સામાન્ય સમાજમાં ભેદબુદ્ધિ અને સ્વાર્થ રહે છે. એવી બુદ્ધિથી ઘડેલ નિયમોને સમાજના ધર્મ કહેવામાં આવે છે. માણસનું શારીરિક સુખ વધારવા તરફજ આવી સમાજની દૃષ્ટિ રહે છે. યૂરોપની અને હિંદની વિદ્યાકળાની સેળભેળથી સમાજના ધર્મમાં સેળભેળ થઇ છે અને થોડી મુશ્કેલી દૂર થવાને બદલે ઘણી મુશ્કેલીઓ ઉભી થવા પામી છે. આવી સેળભેળમાં મુખ્ય બાબત ભૂલાઇ ગઈ છે. આત્મવિકાસ માટે કોઇ દૃઢ માણસ સમાજને છોડી બેસે છે. આવું બને ત્યારે સમાજની ખામી સમજવી. ખરી સમાજમાં આવા માણસનો પણ સમાવેશ થવો જોઇએ. એટલુંજ નહિ પણ આવા માણસો માટે આશ્રમો બાંધી તેમને નભાવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇએ. તેઓ સમાજના પાયારૂપ છે.

ધર્મ ઉપર રચાયેલ સમાજ એમ માને છે કે, માણસને આત્મા છે અને તેનો અનુભવ લેવો એ માણસની પહેલી ફરજ છે. તે સમાજ માણસના શરીર અને મનના વિકાસ ઉપર પણ ધ્યાન આપશે પણ તે માટે અઘટિત ફરજો તેના ઉપર નાખશે નહિ; નહિતર આધ્યાત્મિક બળવાળા માણસોને બદલે ખોટા નિયમોના ગુલામો ઉત્પન્ન થશે.

હાલની કેળવણીમાં માણસનું લક્ષ બહારના સુખ તરફ રહે છે, તેથી સામાન્ય માણસ વિષયોમાં આસક્ત રહે છે. તેના પરિણામમાં તેનું કુટુંબ એટલું વધી જાય છે અને તેને એટલી ચિંતા રહે છે કે તે માણસ નથી પોતાનું ભલું કરી શકતો કે નથી પોતાના કુટુંબનું ભલું કરી શકતો. તે પશુ જેવો જન્મી પશુ જેવો મરે છે. પોતાથી સંભાળ લઇ ન શકાય એટલાં છોકરાં ઉત્પન્ન કરવાં જોઇએ નહિ. વર્તમાનકાળમાં મોંઘવારીને લઈને એક છોકરા માટે જન્મથી મોટો થતાં સુધી તેનાં માબાપને ઘણી ચિંતા અને ઘણું ખર્ચ થાય છે. આવું દુઃખ દૂર કરવા માટે યૂરોપનું સાયન્સ તરત રસ્તો શોધી કાઢે છે. તે માટે યૂરોપની સમાજે કૃત્રિમ ઉપાયો શોધ્યા છે અને આ દેશમાં પણ તે દાખલ થયા છે. તેમાં વેપારી લાભ છે, તાત્કાલિક લાભ છે; તેથી નાના કુટુંબની સગવડ મળે છે, ચિંતા ઓછી થાય છે. ઓછી ચિંતાથી પોતાનું અને કુટુંબનું જીવન સુધારવા વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત મળે છે, પણ કૃત્રિમ ઉપાયથી ગેરલાભ ઘણા થાય છે. સામાન્ય માણસને વિષયભોગ માટે થોડી વધારે સગવડ મળે છે, કે તરતજ તે સગવડનો દુરૂપયોગ કરે છે. તે પોતાનો સંયમ જાળવી શકતો નથી; તેથી કૃત્રિમ ઉપાય લેનારમાં કેટલાકને પક્ષઘાત થાય છે. સ્ત્રીપુરુષ બંન્નેમાંથી એકનું મૃત્યુ વહેલું થાય ત્યારે પાછળ રહેનાર જીવ, કૃત્રિમ ઉપાયથી મળતી સગવડનો દુરૂપયોગ કરી શકે છે.

પોતાનું કુટુંબ જોઇએ તે કરતાં વધે નહિ તે માટે હિંદની વિદ્યાકળામાં "બ્રહ્મચર્ય"નું શિક્ષણ ફરજીઆત માનેલું છે. બાળકોને નાની ઉંમરથી એવા વાતાવરણમાં રાખવામાં આવવા જોઇએ કે તે મોટી ઉંમર સુધી વિષયની વાતો સાંભળે નહિ, અને પરણ્યા પહેલાં સંયમના ફાયદા તેની સમજણમાં આવેલ હોય. પરણ્યા પહેલાં વિષયની વાતો સાંભળવી નહિ; પરણ્યા પછી સંયમથી, નિયમથી રહેવું; ઇંદ્રિયોને અઘટિત છૂટ ન આપવી એ કામ મુશ્કેલ છે. જન્મ સાથે ઉત્પન્ન થયેલ વાસનાને પોતાનો વિષય મળ્યા પછી અંકુશમાં રાખવી એ કામ મહાત્માઓને પણ અઘરૂં લાગે છે; છતાં ડાહ્યો માણસ સમજે છે કે, જીંદગી એ એક પ્રકારનું યુદ્ધ છે. તે યુદ્ધમાં જેટલી વખત પોતાનું મન જીતીએ તેટલી વાર જીતવાની શક્તિ વધે છે અને જેટલી વાર હારીએ તેટલી વાર હારવાથી અશક્તિ વધે છે. જ્યારે વિષયના વિચાર મનમાં હોય ત્યારે તેને ફેરવવા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીતવા સુગમ પડે છે. જ્યારે તે પ્રાણમાં આવે છે ત્યારે તે જીતવા મુશ્કેલ પડે છે; અને જ્યારે તે શરીરમાં આવે છે ત્યારે જીતવા વધારે મુશ્કેલ થાય છે. તેથી વિચાર ઉપર ધ્યાન રાખવું જોઇએ. વિચારનું ક્ષેત્ર આત્માની નજીક હોવાથી ત્યાં આત્માની જીત થઇ શકે છે.

મન પ્રમાણે પ્રાણ ચાલે છે, અને પ્રાણ પ્રમાણે શરીર ચાલે છે. આ બાબત વિષયી માણસ પણ સમજી શકે છે. તેને જ્યારે વિષયના વિચાર આવે છે, ત્યારે તેની હલકી ઇંદ્રિયો જાગ્રત થાય છે. તેજ મન જ્યારે પ્રભુના વિચાર કરે છે ત્યારે તે માણસના પ્રાણ શરીરના ઉપરના ભાગમાં ચાલે છે, ત્યાં અંતે આત્માનો અનુભવ થાય છે અને સમાધિનું સુખ મળે છે.

હિંદના માણસોએ યૂરોપના બીજા સંસ્કારની માફક, કુટુંબનિયમનની કૃત્રિમ રીત વગરવિચાર્યે સ્વીકારી લીધી છે. તેને કેટલાક મોટા ગણાતા માણસોએ ટેકો આપ્યો છે. તેનું કારણ તે રીતે માણસને તાત્કાલિક લાભ મળે છે, તે છે.

હિંદની વિદ્યાકળામાં જન્મથી મૃત્યુ સુધી પારમાર્થિક દૃષ્ટિ રાખવાની જરૂર માનેલી છે, તેથી હિંદની દૃષ્ટિથી કૃત્રિમ ઉપાયો કરતાં બ્રહ્મચર્યથી વધારે લાભ મનાય છે. બ્રહ્મચર્ય પાળવામાં પહેલાં મુશ્કેલી લાગે છે; પણ સ્વભાવ જીતાય છે ત્યારે તે વાત સામાન્ય થઇ જાય છે, તે માણસમાં શક્તિ ઘણી રહે છે, તે મોહમાં ફસાતો નથી અને જગતને જીતીને ઋષિ અથવા મુનિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેવો થઇ દેહને સર્પની કાંચળી માફક ઉતારી પોતે આત્માના ક્ષેત્રમાં વિહાર કરવા જાય છે.

ગુજરાતમાં એક વિદુષી મનાતી બાઇ સ્ત્રીઓને એવી સલાહ આપે છે કે, તેઓએ પોતાના ભરણપોષણ માટે સ્વતંત્ર રીતે કમાવાનું શીખવું જોઇએ, કે જેથી તેઓ પુરુષોના બંધનમાંથી છૂટી શકે. આવા ઉપદેશમાં પણ હેતુ ભરણપોષણ માટે સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો છે. તે સ્વતંત્રતા પ્રાપ્ત કરવામાં નોકરી, વેપાર વગેરેમાં તેમનો વખત એટલો બધો રોકાઇ જશે કે નવી જાતની પરતંત્રતા તેમના ઉપર આવી પડશે. વળી જે સ્ત્રી જાતે કમાવાનું શીખશે તેને પોતાને હાથે રસોઇ કરવી ગમશે નહિ અને પ્રજા ઉત્પન્ન કરવી પણ ગમશે નહિ. કારણકે થોડો પૈસો આવ્યા પછી પૈસો વધારવાનું મન થશે અને તેમાં એટલો બધો વખત રોકાઇ જશે કે સ્ત્રીઓનું સ્વાભાવિક કામ જે કુદરતે તેમને માટે યોજેલ છે તે કામ કરવાનું ગમશે નહિ. યૂરોપ અને અમેરિકામાં રોજ સ્ત્રીપુરુષોના અસ્વાભાવિક સંબંધના બનાવો ત્યાંની અદાલતોમાં જાય છે. તેમના દૃષ્ટાંતથી બીજી સ્ત્રીઓનાં જીવન પણ બગડે છે. ત્યાંનાં માણસો અહીંની સ્ત્રીઓનું પતિવ્રતાપણું હવે વખાણે છે.

જ્યારે જીવનનો હેતુ આધ્યાત્મિક હોય ત્યારે સાદું જીવન ગાળવું જોઇએ અને કામની વહેંચણી બરાબર થવી જોઇએ. પુરુષોએ સ્ત્રીઓને કમાવાની ચિંતામાંથી મુક્ત રાખવી જોઇએ અને સ્ત્રીઓએ પુરુષોને ઘરની ચિંતા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંથી મુક્ત રાખવા જોઇએ. સ્ત્રીઓના શરીરમાંજ કુદરતે એવા ઉંચા નીચા ભાગ મૂકેલ છે કે તેમની ફરજો અને પુરુષોની ફરજો સમાન રહી શકે તેમ નથી. પુરુષો નાનાં બચ્ચાંને ધવરાવી મોટાં કરી શકે તેમ નથી. આમ છતાં સ્ત્રીઓને તદ્દન ગુલામ માની, પશુતરીકે રાખવામાં પણ સમાજનું જીવન ઘણું બગડે છે. હવે જહાંગીરીનો વખત નથી. તેમને પડદામાંથી કાઢવી પડશે અને પડદો છોડવાથી અપવાદતરીકે થોડાંક અનિષ્ટ પરિણામ આવે એમ લાગતું હોય તોપણ થોડીને માટે બધીને પડદાની જેલમાં રાખવી એ યોગ્ય નથી. તુર્કસ્તાન જેવા પડદાનશીન દેશમાં પણ સ્ત્રીઓને ખુલ્લે મોઢે હરવા ફરવાની છૂટ મળી છે.

કોઇ સ્ત્રીઓમાં ગાર્ગી અને મૈત્રેયીના જેવી જ્ઞાનની જિજ્ઞાસા હોય, મીરાંબાઇના જેવી ભક્તિ હોય, ઇંદોરની અહલ્યાબાઇ અને ઝાંસીની રાણીના જેવું શૂરાતન હોય, ભાવનગરમાં દક્ષિણામૂર્તિ ભુવનમાં જેમ તારાબહેન બાળમંદિરમાં બાળકોની કેળવણીમાં રસ લે છે તેવી વૃત્તિ કોઇમાં હોય અને કોઇને દાઇતરીકે કે માંદાંની સારવાર કરવા માટે રહેવું હોય, અને તે રસ્તે સ્વાર્થ છોડી આત્માને શુદ્ધ કરવો હોય તો તેમના ઉપર રસોઇ કરવાની કે છોકરાં ઉછેરી મોટાં કરવાની ફરજ નાખવી જોઇએ નહિ. મનુષ્યના જીવનમાં ઘણી વખત બે–ત્રણ ફરજ એક વખતે ઉત્પન્ન થાય છે. તે વખતે ડાહ્યો માણસ અને ડાહી સ્ત્રી ઉંચી ફરજ મૂકી હલકી સ્વીકારતાં નથી. શરીરની સેવાથી બીજાનું અને પોતાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલું થતું હોય તે કરતાં માનસિક સેવાથી (એટલે જ્ઞાનથી) સેવા થતી હોય તો તે ઉત્તમ છે. આવી સેવાનાં ઘણાં દૃષ્ટાંત "મૉડર્ન રિવ્યુ" નામના માસિકમાં સ્ત્રી-વિભાગમાં જોવામાં આવે છે. જ્ઞાન જેવી પવિત્ર વસ્તુ બીજી કોઇ નથી.

મુંબઇના મીલમજુરોના જીવનમાં અને એવી બીજી જગ્યાઓએ ગરીબાઇને લઇને જેમ પુરુષને કમાવા માટે કામ કરવું પડે છે, તેમ તેમનીજ સ્ત્રીઓને કમાવા માટે મીલોમાં નોકરી કરવી પડે છે. આવા સંજોગોમાં સ્ત્રીઓને રજોદર્શનના દિવસોમાં આરામ મળે તેટલી રજા મળવી જોઇએ, અને પેટમાં ગર્ભ રહે તેને માટે સુવાવડ પહેલાં અને સુવાવડ પછી જોઇએ તેટલો આરામ આપવો જોઇએ. જો મીલવાળા આ શરત કબૂલ ન કરે તો સરકારે તેના ઉપર આવી ફરજ નાખવી જોઇએ.

જ્યારે સ્ત્રીઓને રજોદર્શન થાય છે ત્યારે તેમને આરામ આપવાની અને અસ્પર્શ્ય માનવાની જરૂર હિંદુધર્મમાં માનેલ છે. યૂરોપમાં સ્ત્રીઓને કમાવાની ચિંતા રહે છે તેથી રજોદર્શન વખતે તેઓ "સેનીટરી ટુવાલ" જેવા કૃત્રિમ ઉપાયો વાપરી તે દિવસે પણ કામ કરે છે અને બધાને સ્પર્શ કરે છે. એક વખત આ દેશમાં એક અંગ્રેજ અમલદારના ઘરની અંગ્રેજ સ્ત્રીઓ એક ખેડુત-ના ખેતરમાંથી જતી હતી. તે ખેડુતે તેઓને પોતાના ખેતરમાંથી જવાની મના કરી તેથી તે સ્ત્રીઓએ ઘેર આવી તે અમલદારને વાત કરી અને ખેડુતને શિક્ષા કરવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું. તે અમલદારે બેડુતને બોલાવ્યો અને તેનો ખુલાસો માગ્યો. જવાબમાં બેડુતે કહ્યું કે "સ્ત્રીઓના રજસ્રાવમાં એટલું ઝેર રહે છે કે જો કોઇ સ્ત્રી તેવી સ્થિતિમાં હોત તો મારો પાક બળી જાત." આવા પ્રામાણિક ખુલાસાથી તે બેડુતને છોડી મૂકવામાં આવ્યો.

અંગ્રેજી ઘોરણ ઉપર આ દેશમાં જે જે હસ્પીતાલો ચાલે છે તેમાં માંદા માણસની માવજત કરવા માટે સ્ત્રીઓ (નર્સ) રહે છે. તેઓ રજોદર્શનને વખતે પણ સારવાર કરવાનું કામ કરે છે તેથી રજસ્રાવના ઝેરથી કેટલાક માંદા માણસનો રોગ વધે છે અને તે વહેલા મરે છે. આ બાબત એક અંગ્રેજ અમલદારે કહી હતી.

યૂરોપના સંસ્કારની અસર આ દેશમાં એટલી સખત થયેલ છે કે હવે કારખાનાંઓ અને મીલો તદ્દન બંધ કરવાં મુશ્કેલ છે. તેથી જ્યાં સ્ત્રીઓ કામ કરતી હોય ત્યાં તેમને રજોદર્શન વખતે જરૂર પડતી રજા આપવી જોઇએ.

શહેરના મજુરોને ગામડાના જીવનમાં પહેલાં જે સુખ મળતું હતું તે હવે એકદમ આપી શકાય તેમ નથી. વિધ્યકળાનું કેટલુંક સુખ ગામડાંમાંથી શહેરોમાં ગયું છે અને તે સાથે કેટલુંક નવું દુઃખ ઉત્પન્ન થયું છે. હવે શહેરોને ભાંગી શકાય તેમ નથી તેથી નવા સંજોગોમાં નવા ઉપાયથી જીવન સુધારવું જોઇએ.

ગામડાંઓમાં ખેતીથી અન્ન મળી શકે તેમ છે, ચરખાથી કપડાં મળી શકે તેમ છે; પણ માણસના જીવનના વિકાસ માટે અન્ન અને વસ્ત્ર ઉપરાંત બીજું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણું જોઇએ છીએ. મનના વિકાસનાં સાધન અને આત્માના વિકાસનાં સાધન ગામડાંમાં પાછાં મોકલી શકાય તો ગામડાંનું જીવન શહેર કરતાં વધારે સુખાકારી થઇ શકે. આપણે ભૂતકાળમાં હતા તેવા હવે થઇ શકીએ તેમ નથી; પણ કદાચ રેડિયો, વિમાન અને બીજી વિજળીની શક્તિથી થતી શોધોથી ગામડાંમાં મનના વિકાસનાં સાધન રાખી શકાશે અને બહારના સાધુ પુરુષોને અને સ્ત્રીઓને શહેરની વિદ્યાપીઠો તરફથી નિર્ભાવખર્ચ આપી ગામડાંમાં વારંવાર મોકલવામાં આવે તો ત્યાં સ્ત્રી-પુરુષોના આત્માના વિકાસનાં સાધન પણ પહોંચી શકે.

યૂરોપમાં એક એવી શોધ થઇ છે કે ૩૦૦૦ ટન કોલસો બાળી જે શક્તિ મળે તે એક માટીના ઢેફામાંથી મળી શકે તેમ છે. પણ આ શોધ હજુ પૂરી થઇ નથી. વળી અમેરિકામાં એક એવી શોધ થઇ છે કે જે શહેરમાં વિજળીનું કારખાનું હોય ત્યાંથી વિજળીની શક્તિ, તાર અથવા બીજા મોંઘા સાધનની જરૂરવગર માત્ર હવાદ્વારા ગામડામાં મોકલી શકાશે અને તે શક્તિથી ગામડાના માણસો ખેતી કરી શકશે, ચરખા ચલાવી શકશે અને મનના વિકાસનાં બીજાં જે સાધન શહેરમાં છે ત્યાં દાખલ કરી શકાશે; વરસાદ પણ જોઇએ ત્યારે લાવી શકાશે એમ ત્યાંના માણસો કહે છે. આવા ફેરફાર એક દૃષ્ટિથી સારા છે, પણ તેમાં મોહ અને માયાનું જોર લાગે છે અને મન તથા ઇંદ્રિયોનો આવી રીતે સંતોષ લેવા જતાં કદાચ આત્માને ખોવો પડે તેથી નવા સુધારા કરવામાં બહુ સાવધ રહેવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેડીઓમાં એક વખત એક સારા મહાત્માનું સારૂ ભજન સાંભળવામાં આવ્યું હતું અને તે પછી તરતજ શૃંગાર રસનું સંગીત સાંભળવામાં આવ્યું હતું. આ બન્ને રસ એકજ વખતે મળવાથી કેટલીક વાર મનુષ્યને સત્ય સૂઝતું નથી.

સામાન્ય માણસને ઇંદ્રિયોના રસ ગમે છે અને તે તૃપ્ત કરી આપે એવી સમાજ તેને ગમે છે. માણસને પડવું સહેલું છે, પણ ચઢવું મુશ્કેલ છે; તેથી જે વાત ઘણા માણસ સાચી માને તે સાચી હોય પણ નહિ, અને ઘણા માણસનું કહેવું કરવાથી આત્મસિદ્ધિ થાય નહિ.

મરણ પછવાડે મરેલા માણસના આત્માની શાંતિ-માટે કેટલીક વાર કરજ કરીને ભોજન થાય છે તે યોગ્ય નથી. આ વખતે મરણ અને મરણની બીકના વિચાર સમાજમાં ફેલાય છે, અને રૂઢિ રાખવા ખાતર કરજ કરવાથી જીવતાં માણસોને દુઃખમાં રહેવું પડે છે. જ્ઞાતિ-ભોજન એ બરાબ અથવા અયોગ્ય પ્રસંગ નથી. તેનાથી સમાજના માણસોને ભેગા થવાનો પ્રસંગ મળે છે. પણ તે વખતે માણસોમાં સારા સંસ્કાર પડે તેવી રીતે તે પ્રસંગ ઉજવવો જોઈએ. જૈન ધર્મમાં કેટલીક વાર દીક્ષાપ્રસંગે જે જ્ઞાતિભોજન થાય છે તે સમાજને સારા સંસ્કાર આપે છે. તે છતાં કોઇ પણ ખર્ચ, કરજ કરીને સમાજની રૂઢિ જાળવવા માટે કરવું જોઇએ નહિ. એક વાર કરજમાં પડેલો માણસ તેમાં વધારે ખેંચાય છે અને અંતે તેમાંથી નીકળી શકતો નથી. સમાજ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિઓની બનેલી હોવાથી સંભાળ ન રહે તો રૂઢિગત થઇ જાય છે. સમાજના કાયદાને અનુસરવું સહેલું છે, પણ સમાજના કાયદા ફેરવી તેને ઉત્તમ બનાવવા એ કુશળ માણસનું કામ છે.

ઘણા માણસનું જીવન હજુ સાચે માર્ગે ચાલતું નથી. પણ એટલી આનંદની વાત છે કે, માણસનો આત્મા ચાલુ સંજોગોથી બંધાઇ જતો નથી અને વખત આવે છે ત્યારે ગરીબ માણસોમાંથી પણ મહાપુરુષો નીકળે છે. માણસમાં કેટલી શક્તિ રહેલી છે તે મહાપુરુષોના જીવનમાંથી મળી શકે છે. મહાપુરુષોજ સમાજના માણસોના સામાન્ય સ્વભાવને સાચો રસ્તો બતાવી શકે છે; તેથી કોઇ પણ રીતે તેમનું રક્ષણ કરવું જોઇએ. ભૂતકાળમાં થઇ ગયેલ મહાત્માઓ પણ મનુષ્યજીવન સુધારવા માટે સૂચનાઓ આપી ગયા છે; પણ હાલના કાળમાં બીનઉપયોગી વસ્તુઓ તરફ એટલું લક્ષ રહે છે કે આ સૂચનાઓ સાંભળવાની ફુરસદ નથી; પણ એક દિવસ પડદો ઉઘડશે. માણસના રચેલ દોષો માણસે દૂર કરવા જોઇએ. માણસના મરણ વખતે રોવાકૂટવાના બરાબ ચાલ એટલા બધા વધી ગયા છે કે મરણ જેવા ગંભીર પ્રસંગની અસર આસપાસનાં માણસો ઉપર થતી નથી અને ઘણી વખત સ્મશાનમાં પણ વેપારની વાતો ચાલે છે અથવા જે માણસની સ્ત્રી મરી ગઇ હોય તેની સગાઇની વાતો ચાલે છે. બીજાંનું મરણ જોઇ જેવો વૈરાગ્ય આવે છે તેવો બીજે વખતે આવતો નથી. આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દશા અંદર હોય ત્યારે મન અને વાણી શાંત રાખવાં જોઇએ કે જેથી વૈરાગ્ય ટકે અને સત્ય જીવન ગાળવાની દૃઢતા થાય. આત્માનો જે આનંદ શાંત મનથી મળી શકે છે તે જોતાં, મનને વિક્ષેપનાં સાધન આપવાં જોઇએ નહિ. માણસને ચઢવું હોય તો ચઢવાની છૂટ મળે છે અને પડવું હોય તો પડવાની છૂટ મળે છે.

સંસાર દુઃખમય નથી, પણ માણસને હલકા સ્વભાવની ટેવ પડે છે તો તેને તે સુખમય બનાવી શકતો નથી. મહાત્મા પુરુષોએ જગતને ખરાબ કહેલ નથી, પણ વિષયી વૃત્તિઓને ખરાબ કહી છે. જગતનું સૌંદર્ય, પશુપક્ષીઓની લીલા, ફૂલોની સુગંધ, રૂપ, બનાવટ; સૂર્ય, ચંદ્ર, તારા, સમુદ્ર, વનસ્પતિ, સ્ત્રી, પુરુષ, બાળક, વૃદ્ધ વગેરે બધાં સુંદર છે. આત્મભાવે તે બધું સૌંદર્ય ભોગવી શકાય છે. વિષયી વૃત્તિથી બહુ થોડું ભોગવી શકાય છે અને થોડું ભોગવવામાં સુખ નથી. છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહે છે કે, ભૂમામાં એટલે પરિપૂર્ણતામાં સુખ છે. જે પ્રભુએ આવું સુંદર જગત રચ્યું છે તેણેજ આપણને રચ્યા છે. માણસ કેવી વસ્તુમાંથી ઉત્પન્ન થાય છે ? કેવી રીતે ઉત્પન્ન થાય છે ? એ જોતાં ગૃહસ્થાશ્રમનો પણ ઉપયોગ છે. મહાત્મા પુરુષોનાં શરીર પણ સ્ત્રીઓના ઉદરમાં તૈયાર થયાં હોય છે; પણ ગૃહસ્થાશ્રમ એવી રીતે ભોગવવો જોઇએ કે તેમાંથી વાનપ્રસ્થ અને સંન્યાસના ધર્મ પણ નીકળી શકે; અને જે પ્રેમ ગૃહસ્થાશ્રમમાં જાગ્રત થાય તે પ્રભુ તરફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળી શકાય; અને પ્રભુએ જેટલું જગત રચ્યું હોય તે સર્વનો આત્મભાવે ભોગ કરી શકાય. તે વખતે ગૃહસ્થાશ્રમમાં મળેલ સુખ છોડવાનું દુઃખ સહન કરવું પડશે. કેટલાક માણસ કહે છે કે, પાપી માણસો મોટર, બંગલા, બગીચા વગેરેનાં સુખ ભોગવે છે અને પુણ્યશાળી ઝુંપડીઓમાં દુઃખી દેખાય છે; પણ દુઃખ કોને કહેવું અને સુખ કોને કહેવું તે પહેલાં સમજવું જોઇએ. બધી જાતનાં સુખ સારાં નથી, અને બધી જાતનાં દુઃખ ખરાબ નથી.

જ્ઞાની પુરુષ આત્માથી મળતી પ્રેરણાથી જીવે છે. તે પ્રેરણા વિજળીના ઝબકારા માફક તેજ આપી ચાલી જાય છે; કારણ કે આત્માને કોઇ કામ માટે વિચાર કરવાની જરૂર પડતી નથી. માનસિક વિચારથી ખરૂં જ્ઞાન મળતું નથી. યૂરોપના વિદ્વાનોએ જીવન સુધારવા ઓછો વિચાર કર્યો નથી અને છતાં હજુ માણસના સામાન્ય સ્વભાવમાં તેઓ ફેરફાર કરી શક્યા નથી.

સમાજમાં મોટો ફેરફાર કરવા માટે કોઇ પણ વ્યક્તિમાં મોટો ફેરફાર થવો જોઇએ. આવો માણસજ સમાજને નવો રસ્તો બતાવી શકશે; પણ જે માણસમાં નવું તેજ આવે, તેણે અધીરા થઇને પોતાની અપૂર્ણ સ્થિતિમાં સમાજને તે તેજ આપવું જોઇએ નહિ. તેમ કરવાથી તેના શિષ્યો મૂર્ખ રહે છે અને તે શિષ્યોના શિષ્ય મૂળ ગુરુનું નામ અને કીર્તિ બગાડે છે.

સમાજમાં સત્યયુગ લાવવો હોય તો સત્ય તરફજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજર જોઈએ. આત્મા સિવાય કોઇ વસ્તુ સત્ય ન હોવાથી આત્મજ્ઞાન મેળવવું એ મનુષ્યજીવનનું પહેલું કર્તવ્ય હોવું જોઈએ. જ્ઞાનથી જ્યારે આર્થિક જીવન રચાશે ત્યારે એક માણસ બીજાને નુકસાન કરીને ધનવાન થશે નહિ; પણ સૌને લાભ મળે, નોકરી મળે, ધંધો મળે, એવા ઉદ્યોગો કાઢશે. રાજ્યતંત્ર એવું નહિ થાય કે બીજા દેશના લોકોને દુઃખી કરીને પોતાના દેશને સુખી કરવો. જ્ઞાની માણસ બીજામાં પણ પ્રભુને જોઈ શકે છે અને તે ભાવે બીજાની સેવા કરે છે. જ્યારે માણસ માણસરૂપે દેખાય ત્યારે તેની જે સેવા થાય તે માણુસની સેવા કહેવાય. જ્યારે તે ભગવાનરૂપે દેખાય ત્યારે તેની સેવા થાય તે ભગવાનની સેવા કહેવાય. બધાને ભગવાનરૂપે જોવામાં આત્મજ્ઞાન જોઈએ.

ભગવાનનો વિચાર એ ભગવાન નથી. માત્ર આદર્શ રાખવાથી કામ પૂરું થતું નથી. આદર્શના નામ નીચે ઘણો પ્રપંચ ચાલે છે, અને ધર્મને નામે ઢોંગ ચાલે છે. જે સમાજ માત્ર ધર્મ ઘડી શકે પણ ધર્મ પાળવાવાળા તૈયાર કરી ન શકે, તે સમાજ લાંબો વખત ટકે નહિ. તેથી ઉંચા આદર્શવાળા માણસ તૈયાર થવા જોઈએ. જે માણસો પોતાના આત્માનો વિકાસ કરી શકશે, તેજ પોતાના જ્ઞાનથી સમાજને સાચે રસ્તે દોરી શકશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪ થું—સ્વરાજ્ય

આગલાં ત્રણ પ્રકરણોમાં જે હકીકત આવી છે તે ઉપરથી જણાશે કે, હિંદની વિદ્યાકળા બીજા દેશોની વિદ્યાકળાથી ઉતરતી નથી, પણ તે છતાં એક મોટો પ્રશ્ન એ રહી જાય છે કે, હિંદની વિદ્યાકળામાં એવાં કયાં નબળાં તત્ત્વો રહી ગયાં છે કે જેથી હિંદનું રાજ્ય પરદેશી પ્રજાના હાથમાં ચાલ્યું ગયું અને તે પરાધીનતા-માંથી છૂટી શકાતું નથી?

સ્વરાજ્યનો પ્રશ્ન ઘણો મુશ્કેલ પ્રશ્ન છે. તેનો ઉત્તર પણ મુશ્કેલ છે. જે માણસ જે દૃષ્ટિથી તે પ્રશ્ન સામું જુએ છે, તે તે દૃષ્ટિ પ્રમાણે ઉત્તર માગે છે. કોઈ પણ માણસ પોતાના વિચારની ટેવ છોડી શકતો નથી.

વળી દેશકાળ પ્રમાણે સ્વરાજ્યનાં રૂપ જૂદાં જૂદાં નજરે પડે છે. હિંદુસ્થાનનાં દેશી રાજ્યોમાં, અને અફ્ગાનિ-સ્થાન અને ઇરાન જેવા દેશોમાં કાંઇક અંશે સ્વતંત્ર રાજા-ઓનું રાજ્ય છે. ઇંગ્લાંડમાં મોટે ભાગે પ્રજાનું રાજ્ય છે. ત્યાં રાજાની સત્તા નિયત કરેલી હોવાથી, રાજા સ્વતંત્ર રીતે કાંઇ કામ કરી શકતો નથી. અમેરિકા જેવા દેશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવળ પ્રજાસત્તાક રાજ્ય છે. આ પ્રમાણે દેશદેશાંતરમાં રાજ્યપદ્ધતિ જૂદા જૂદા પ્રકારની છે.

કાળ પ્રમાણે પણ રાજ્યપદ્ધતિમાં ફેર પડે છે, ઘણા દેશોમાં જેને આગળના વખતમાં સ્વરાજ્ય કહેવાતું હતું તેને વર્તમાન કાળમાં સ્વરાજ્ય કહેવાતું નથી. જર્મની અને રૂશિયા જેવા મોટા દેશોમાં રાજાના સ્વતંત્ર રાજ્યને બદલે પ્રજાસત્તાક રાજ્ય ઉત્પન્ન થયાં છે.

વળી પ્રજાસત્તાક રાજ્યમાં પણ કયું રાજ્ય સારૂં તે નક્કી કરવું મુશ્કેલ છે. પ્રજાનો જે આદર્શ જર્મનીમાં છે તે રૂશિયામાં નથી અને રૂશિયામાં છે તે અમેરિકામાં નથી.

આવી રીતે દેશકાળ પ્રમાણે સ્વરાજ્યનો અર્થ ફરતો રહે છે. ઘણાં વર્ષ પહેલાં જ્યારે અંગ્રેજી કેળવણી આ દેશમાં દાખલ કરવાની વાત ચાલતી હતી, ત્યારે બંગાળાના આગેવાન રાજા રામમોહન રાયે આ બાબતને ટેકો આપ્યો હતો. તેમણે કહ્યું કે, હિંદુ ધર્મમાં સતી વગેરેના રૂઢિગત કેટલાએક દોષ દાખલ થઈ ગયા છે તે દૂર કરવાની જરૂર છે, અને અંગ્રેજી કેળવણીથી હિંદને ઘણો લાભ થશે.

રાજા રામમોહન રાયના આ મતને બીજા કેટલાક આગેવાનોએ પણ ટેકો આપ્યો અને તેથી અંગ્રેજી વિદ્યા-કળા લોકો ખુશીથી શીખવા લાગ્યા. અંતે એવું પરિણામ આવ્યું કે, જેટલું અંગ્રેજી જીવન તે બધું સારૂં લાગવા માંડયું. રાજા રામમોહન રાયની ઇચ્છા હિંદી સંસ્કૃતિ જાળવી રાખવાની હતી; પણ અંગ્રેજી વિદ્યાથી વેપાર અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોકરીમાં જે નવી સગવડો લોકોને મળી તેથી હિંદની વિદ્યાકળાનું ગૌરવ કેટલેક અંશે ઓછું થયું.

એ સગવડો આપવામાં અંગ્રેજોએ તાત્કાલિક લાભ જોયો હતો. તે કામ પૂરું થવાથી, પહેલાં જેવી સગવડો પણ લોકોને મળતી નથી. નોકરીમાં મોટા હોદ્દા અને વેપારમાં મોટા નફાવાળા ભાગ અંગ્રેજોના હાથમાં છે.

છેલ્લાં ૨૫ વર્ષ થયાં આ પદ્ધતિ સામે મોટો બળવો શરૂ થયો છે. ૧૯૦૫–૬ માં લૉર્ડ કર્ઝને કરેલા બંગાળાના ભાગલા વખતે દેશમાં નવા વિચાર ઉત્પન્ન થવા લાગ્યા. કેટલાંક વર્ષ થયાં પોંડીચેરીમાં યોગસાધનામાં મસ્ત રહેલ હિંદના મહર્ષિ શ્રી અરવિંદ ઘોષે બંગાળાના ભાગલા વખતે લોકોમાં નવી જાગૃતિ લાવી, પોતાના દૃઢ નિશ્ચયથી રાજદ્વારી ચળવળ ઉપાડી, લોકોને પોતાની આશ્ચર્યકારક બુદ્ધિ અને લેખનશક્તિથી ખાત્રી કરી આપી કે, અંગ્રેજી વિદ્યાકળાથી દેશને ઘણું નુકસાન થયું છે, સનાતન ધર્મ ડૂબી જવા લાગ્યો છે અને જ્યાંસુધી હિંદની વિદ્યાકળા બીજી તેવી રાજ્યપદ્ધતિ દાખલ ન થાય ત્યાંસુધી લોકોએ અંગ્રેજી ચીજોનો અને અંગ્રેજી કેળવણીનો 'બૉયકોટ' કરવો.

કેટલાક અંગ્રેજો કહે છે કે હિંદુસ્થાનના વતનીઓને હજુ સ્પષ્ટ અંગ્રેજી ભાષા બોલતાં આવડતી નથી. કેટલાક ગરીબ લોકો ચાલતા અંગ્રેજો પાસે ભીખ માગવા માટે જે ભાષા વાપરે છે તેનાં દૃષ્ટાંત તેઓ આપે છે. તે ઉપરથી હિંદના એક હિતેચ્છુ અંગ્રેજ જવાબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે છે કે, અંગ્રેજો હિંદમાં જઇને હિંદી ભાષા કેવી બોલે છે તે પણ જાણવા જેવી છે. એક અંગ્રેજને દવા માટે ગધેડીનું દૂધ જોઇતું હતું; પણ ગધેડીને હિંદી ભાષામાં શું કહે છે તે તેને ખબર નહોતી. તેથી નોકરને બોલાવ્યો અને કહ્યું કે "દેખો, ગાંવ મેં જા કર ગધા કા દૂધ લે આવ; મગર દેખો, વો હમેરા માફક ગધા નહીં, મેમ સાહેબ કી માફક ગધા હોવે ઉસીકા દૂધ ચાહીએ." બીજાને દોષ દેવા સહેલા છે, પણ પોતાના દોષ જોવા મુશ્કેલ છે. વળી અહીંનાં માણસો માટે અંગ્રેજી ભાષામાં શિક્ષણ આપવાની અને વ્યવહાર ચલાવવાની બીલકુલ જરૂર નથી. શિક્ષણ માતૃભાષામાં આપવું જોઇએ, અને જ્યાં અંગ્રેજી ભાષાની જેટલી જરૂર જણાય ત્યાં તેટલું શિક્ષણ તે ભાષાનું આપવું જોઇએ.

'બૉયકોટ'ની ચળવળના પરિણામમાં રાજ્યપદ્ધતિ કાંઇક અંશે લોકોને જવાબદાર થઇ; તેને મોરલી–મિન્ટોના સુધારા કહે છે. ત્યારપછી યૂરોપનો મહાન વિગ્રહ શરૂ થયો અને લોકમાન્ય તિલક અને મિસિસ એની બેસંટે સ્વરાજ્યની ચળવળ ઉપાડી. કાંઇક અંશે આ ચળવળની અસરથી અને કાંઇક અંશે લડાઇમાં હિંદે ઇંગ્લાંડને કરેલ મદદના બદલામાં હિંદનું રાજ્ય પહેલાં કરતાં લોકોને વધારે જવાબદાર થયું તેને મોન્ટેગ્યુ ચેમ્સફર્ડના સુધારા કહે છે.

છતાં અંગ્રેજની પાર્લામેન્ટની હિંદ ઉપર રહેલ સત્તામાં બહુ ફેર પડયો નથી. રાજ્યબંધારણ એવું થયું કે, રાજ્યના અમલદારો કોઇ વખતે અંગ્રેજી પાર્લામેન્ટને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબદાર રહે અને કોઇ વખતે લોકોને જવાબદાર રહે; એટલુંજ નહિ પણ લશ્કરી ખર્ચ જેવી કેટલીક જરૂરી બાબતો ઉપર કાઉન્સિલના મેમ્બરોને મત આપવાનો હક્ક આપેલ નથી.

આ પદ્ધતિને છેવટનો ફટકો મહાત્મા ગાંધીએ લગાવ્યો. તેમણે કહ્યું કે, હિંદમાં જે શાંતિ અંગ્રેજી રાજ્યથી આવી છે તેનાથી લડાઇ કરતાં વધારે નુકસાન થયું છે. તેનું મૂળકારણ એ છે કે, તેથી ગરીબ માણસો વધારે ગરીબ થયા છે. તેમણે સ્વરાજ્યનો એવો અર્થ કર્યો કે, રાજ્યપદ્ધતિ એવી હોવી જોઇએ કે દેશમાં મોટી સંખ્યામાં રહેતા ગરીબ માણસોની આવક વધવી જોઇએ. તેમના ઘરમાં વધારે પૈસો આવે તો તે પોતાની જીંદગી માટે જોઇતી વસ્તુઓ લઇ શકે, છોકરાંઓને કેળવણી આપી શકે, સારો ખોરાક ખાઇ શકે, રોગ અને દુકાળ સામે ટક્કર ઝીલી શકે. તે માટે અંગ્રેજની વેપારી રાજ-નીતિમાં ફેરફાર થવો જોઇએ; કારણ કે તે વેપારની અસરથી હિંદમાંથી ઘણું ધન અને અનાજ પરદેશ જાય છે અને તેથી ગરીબ માણસો વધારે દુઃખી થાય છે. તે રાજનીતિ ફેરવવા માટે મહાત્મા ગાંધીએ પોતાના તપથી, સત્ય ઉપર નિષ્ઠાથી અને પોતાના સાદા જીવનથી લોકો ઉપર અસર કરી. હિંદની મહાસભાને હાથમાં લીધી, લોકોના બળથીજ સ્વરાજ્ય મેળવવાનો પ્રયત્ન કર્યો, અને પોતાના પુરુષાર્થથી સુખ લેવાના નમુનાતરીકે પોતાનું કાંતેલ સૂતર વાપરી પોતાનાં બનાવેલ કપડાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેરવાનો આગ્રહ કર્યો. તેનો હેતુ એવો છે કે, ઇંગ્લાંડનો હિંદ સાથે મોટો ઉદ્યોગ કાપડનો છે અને એ એક વેપારમાં ખોટ જશે તો અંગ્રેજી પ્રજાની આંખ ઉઘડશે, હિંદમાં નવી જાગૃતિ આવશે. જેમ આપણો ખોરાક પરદેશથી મંગાવતા નથી, પણ હાથે તૈયાર કરીએ છીએ; તેમ આપણાં કપડાં પરદેશથી મંગાવવાં જોઇએ નહિ, પણ હાથે તૈયાર કરવાં જોઇએ. આટલી હદ સુધી હાથે કામ કરવામાં બહુ હરકત જેવું લાગતું નથી; પણ જો દરેક માણસ પોતાનું બધું કામ પોતાને હાથે કરવાનું માથે લે–એટલે કે, પોતાના ખોરાક માટે પોતે ખેતી કરે, પોતે રસોઇ કરે, પોતાનું રૂ ઉગાડીને પીંજે, કાંતે, વણે, પોતાની હજામત પોતે કરે, પોતાનું મેલું પોતે સાફ કરે, દૂધ માટે ઢોરોની સંભાળ લે, તેનો ખોરાક પોતે તૈયાર કરે, દોહવાનું કામ પોતે કરે અને એવાં અનેક કામોમાં જે સાધન વાપરવાં પડે તે પણ પોતે તૈયાર કરે તો તેનું બધું કામ ૨૪ કલાકમાં પૂરું થાય નહિ. મહાત્મા ગાંધીજીના આશ્રમમાં પણ જે બૈરાંઓ રસોઇ કરે છે તે 'નવજીવન' વાંચે છે, પણ 'નવજીવન' છાપતાં નથી અને મહાત્માજીને પોતાની રસોઇ પોતાને હાથે કરવી પડતી હોય તો "નવજીવન" અને "યંગ ઇંડિયા" લખી શકે નહિ. વળી સોમવારે મૌન વ્રત લેવું પડે છે તે ઉપરથી પણ લાગે છે કે, મનનું કામ સારૂં કરવા માટે વાણીનું કામ બંધ કરવું જોઇએ. આ સિદ્ધાંત ઉપર વધારે વિચાર કરીએ તો જણાશે કે, આત્માનું કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈતું હોય તો મનનું કામ પણ બંધ કરવું જોઈએ.

પોતાનું બધું કામ પોતે કરવું જોઈએ એ સિદ્ધાંત રૂશિયાના મહાપુરુષ ટૉલ્સ્ટોયે ઉત્પન્ન કરેલ છે અને મહાત્મા ગાંધીજીને તેમના સિદ્ધાંત ઉપર રુચિ હોવાથી તેમણે તે સ્વીકારેલ છે. પણ કેટલાએક સંજોગોમાં તે પાળી શકાય તેમ નથી, અને પાળી શકાય એટલું પાળવા જઇએ તોપણ આખો દિવસ મજુરીમાં જાય. તેમાંથી મજુરના આદર્શ ઉત્પન્ન થાય. આર્થિક સ્વતંત્રતા મળે, શરીર અને પ્રાણનું રક્ષણ થાય; પણ આત્માના વિકાસ માટે વખત રહેશે નહિ. માનસશાસ્ત્રનો ધર્મ એવો છે કે, જ્યારે ઉપરના કરણનો વિકાસ કરવો હોય ત્યારે નીચેના કરણનું કામ બંધ કરવું જોઇએ. આર્થિક સ્વતંત્રતા મળે તેજ સ્વરાજ્ય કહી શકાય એમ માનવું હોય તો ટૉલ્સ્ટોયના સિદ્ધાંત સ્વીકારવામાં હરકત નથી.

ખાદીમાં એક ગુણ એવો છે, કે કાંતનાર માણસ પોતે પોતાનાં કપડાં તૈયાર કરી શકે છે. તેથી કપડાં માટે તેને કોઇ જાતની ચિંતા રહેતી નથી; પણ ચરખામાં દરરોજ બહુ થોડું સૂતર નીકળતું હોવાથી માત્ર ચરખા ઉપરજ નિર્વાહ ચાલી શકતો નથી; પણ જે ગામમાં થોડા ખર્ચથી રહી શકાય છે અથવા જે માણસને કુરસદ છે અને જેને થોડીક આવક પણ આશીર્વાદરૂપ છે, તેને માટે ચરખો બહુ ઉપયોગી છે; છતાં એવો ચરખો શોધી શકાય કે જે પગથી ચાલે અને જેમાં હાથ પણ વાપરી શકાય અને જેથી સૂતર એટલું બધું નીકળે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ઉપર માણસનો નિર્વાહ ચાલી શકે તો તે ઘણું ઉપયોગી સાધન થાય. આવો એક ચરખો જર્મનીમાં શોધાયો છે, પણ તેની પૂરી હકીકત હજુ મળી નથી. તે ઉપરાંત 'અખીલ ભારત ચરખા સંઘ' તરફથી આવો ચરખો શોધે તેને મોટું ઇનામ આપવાની જાહેરાત પણ થઇ છે.

ખાદીના ઉપયોગ ઉપરાંત મહાત્મા ગાંધીજીએ અંગ્રેજી વિદ્યાકળાના દોષ પોતાના પ્રસિદ્ધ પત્રોમાં જણાવવા માંડયા અને અહિંસાત્મક અસહકારથી સ્વરાજ્ય મેળવવાનો નવો માર્ગ ખુલ્લો કરી આપ્યો. શસ્ત્રહીન પ્રજાને આ રસ્તો ઘણો ઉપયોગી થયો છે અને તેનાં મીઠાં ફળ દેશમાં ઠેકઠેકાણે લોકો ચાખી શક્યા છે.

અહિંસાત્મક અસહકાર એ આ દેશમાં રાજાની સામે થવા માટે પ્રજાનું મોટું હથિયાર છે. તેનો ઉપયોગ આગળના વખતમાં દેશી રાજાઓની રૈયત કરતી હતી, અને પચીસ વર્ષ પહેલાં શ્રી. અરવિંદ ઘોષે પણ બંગાળાના ભાગલા વખતે "બૉયકોટ" નામથી તે હથિયારનો ઉપયોગ કર્યો હતો અને તે સિદ્ધાંત આખા દેશમાં ફેલાવવાની તેમની ઇચ્છા હતી; પણ તે વખતે બીજા કેટલાક જુવાન માણસોએ બૉમ્બનો ઉપયોગ કરવાથી, હિંસાત્મક અસહકાર થયો અને આ દેશની નિઃશસ્ત્ર પ્રજાને માટે તે સ્વીકારવો ભારે પડયો તેનું કારણ એ છે કે, અંગ્રેજી પ્રજા પાસે માણસને મારવા માટે એટલા બધા પ્રકારનાં હથિયાર છે અને વધારે બનાવવા અને બીજા દેશો પાસેથી ખરીદવા માટે એટલો બધો પૈસો છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે જો અહીંની પ્રજા શસ્ત્રથી લડાઇ કરી દેશ જીતવાની ઇચ્છા કરે તો તે ઇચ્છા પૂરી થાય તેમ નથી; એટલું જ નહિ પણ તેને માટે માણસનો પશુ જેવો હલકો સ્વભાવ જાગ્રત કરવો જોઇએ અને નભાવી રાખવો જોઇએ. ત્રીસ વર્ષ પહેલાં અમેરિકાનું લશ્કરી ખર્ચ ૪૫ કરોડ રૂપિયાનું હતું; હાલ વધીને તે ૯૦ કરોડ રૂપિયાનું થયું છે તે બાબત સમજી અહીંની સ્થિતિનો વિચાર કરવાનો છે. મહાત્મા ગાંધીજી અહિંસાત્મક અસહકારનો સિદ્ધાંત પોતાના તપથી અને મનોબળથી લોકો પાસે માન્ય કરાવી શકયા એ માટે તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. જો કે આ સિદ્ધાંત નવો નથી, પણ હાલના સંજોગોમાં તે કેવી રીતે વાપરી શકાય એ બતાવી આપવું એ ઓછી બુદ્ધિનું કામ નથી; અને આટલા કામ માટે પણ તે મહાત્માની પદવીને લાયક છે.

કોઇ પણ નવા સિદ્ધાંતને વિઘ્નો નડે છે; પણ જ્યારે તે સિદ્ધાંત વિઘ્નોને હરાવી શકે છે ત્યારે તે લોકમાન્ય થાય છે. જો તે સહેલાઇથી સ્વીકારી શકાય તેવો હોય તો તેમાં નવીનતા જણાય નહિ અને જો તે વિઘ્નોથી હારી જાય તો તે સાચો કહેવાય નહિ.

લડાઇ વખતે બન્ને પ્રજા શસ્ત્ર વાપરે તે કરતાં એક પ્રજા શસ્ત્ર વાપરે અને બીજી પ્રજા તે સહન કરે, પણ તેનો અમલ સ્વીકારે નહિ; એ બે સિદ્ધાંતમાં ઘણો ફેર છે. ડાહ્યા માણસો વેરનો બદલો વેરથી લેતા નથી. તેઓ દુઃખ સહન કરે છે અને તે સહનશક્તિના તપથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મબળ જાગે છે. સામાન્ય માણસની દૃષ્ટિએ આ સિદ્ધાંત બહુ સારો લાગે તેવો નથી; કારણ કે જ્યારે વાઘ ઘેટાને મારવા આવે છે ત્યારે ભરવાડ હથિયાર ઉપાડે છે. અને પશુના જેવું બળ વધારવું હોય તો શસ્ત્રનો ઉપયોગ સારો છે. પણ જે દેશમાં જીવનનો હેતુ આધ્યાત્મિક હોય ત્યાં આખી પ્રજા શસ્ત્રનો ઉપયોગ કરતાં શીખે તો માણસને રહેવાના સ્થળને બદલે યૂરોપની જેમ પશુઓનું હિંસાત્મક જંગલ ઉત્પન્ન થાય. અંગ્રેજો પોતાને સિંહ કહે છે, ફ્રાન્સના લોકોને વાઘ કહે છે, જર્મનીના લોકોને 'સમડી' કહે છે, રૂશિયાને રીંછ કહે છે, ઈરાનને 'બિલાડી' કહે છે વગેરે. હિંદના લોકો, બધી પ્રજામાં જે સંસ્કારી હોય, તેને 'આર્ય' કહે છે, જેમાં સંસ્કાર ન હોય તેને અનાર્ય–અનાડી કહે છે.

તેથી સ્વરાજ્યને માટે શસ્ત્ર વાપરવામાં લાભ નથી અને તેની જરૂર નથી. દુઃખ ખમવું, અને તે સાથે સત્ય જીવન લોકોમાં ફેલાવવું અને તેનું પરિણામ જે જગન્નિયંતાના હાથમાં છે તેને સોંપવું. આ રીતે ખરું સ્વરાજ્ય મળશે. શ્રદ્ધા રાખવી કે, એક વખત બરાબર વાવેલું બી, વખત આવ્યે ફળ આપશે. શુદ્ધ અને શાંત બુદ્ધિ રાખી સાચો સિદ્ધાંત સ્વીકારવો અને તે ફળીભૂત થાય તે માટે બધા પ્રકારનું દુઃખ મરણપર્યંત સહન કરવું તેજ આર્યોનું ભૂષણ છે, તેજ ખરું જીવન છે.

જેમ આત્માનો પ્રદેશ જીતવા માટે પ્રકૃતિના તમોગુણ અને રજોગુણ સાથે અસહકાર કરવો પડે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની સત્તાનો ઇન્કાર કરવો પડે છે; તેમ સ્વરાજ્યથી મળતા ઉંચા જીવન માટે, પરરાજ્યે કરેલા હલકા કાયદા સાથે અસહકાર કરવો પડે છે. જ્યારે પ્રકૃતિ તાબે થાય છે, ત્યારે સંયમથી તેનો ઉપયોગ કરવામાં હરકત નથી.

અસહકારની ચળવળ પછી અંગ્રેજોને હવે લાગવા માંડયું છે કે, હિંદ ઉપર તદ્દન અંગ્રેજી ઢબથી રાજ્ય કરી શકાય તેમ નથી.

લૉર્ડ રોનાલ્ડસે કે જે મહાત્મા ગાંધીજીની અસહકારની ચળવળ વખતે બંગાળાના ગવર્નર હતા, જેમણે હિંદ ઉપર વિદ્વત્તાભરેલ પુસ્તક લખ્યાં છે તેમણે ૧૯૨૬માં કેમ્બ્રિજની યુનિવર્સિટીમાં ભાષણ આપતાં કહ્યું હતું કે "હિંદુસ્તાનની પ્રજામાં યૂરોપના જેવી કેળવણી નથી છતાં પણ તે બીનકેળવાયેલ પ્રજા નથી. અંગ્રેજો હિંદુસ્થાનમાં આવ્યા તે પહેલાં લગભગ આઠસો વર્ષ સુધી મુસલમાનોનું રાજ્ય હતું પણ મુસલમાનોના પહેલાંના કાળમાં આર્ય પ્રજા આ પૃથ્વી ઉપર બહુ સંસ્કારી હતી. હિંદની પ્રજાની વિદ્યાકળા ત્રણ હજાર વર્ષ પહેલાંથી દીપી નીકળેલ છે. રામાયણ અને મહાભારતમાંથી ધર્મ, કાયદા, જ્ઞાન તેમજ સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થાની પદ્ધતિ મળી શકે છે. એ ગ્રંથો હોમરના ઈલિયડ અને ઓડેસી કરતાં મોટા છે. હિંદુઓનાં મંદિર, મુસલમાનોની મસ્જીદો, એજન્ટાની અને ઈલોરાની ગુફાઓમાં ઘણી કારીગરી અને કળા જોવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. મુસલમાની રાજ્ય શરૂ થયું ત્યારે હિંદુઓની કળા ખીલતી બંધ પડી અને એટલી નબળી થઇ કે પાછળથી યૂરોપની સંસ્કૃતિ સામે તે ટકી નહિ. અંગ્રેજોએ પણ હિંદુસ્થાનના ભલા માટે ઘણા પ્રયાસ કર્યા છે. મોગલોના જુલમ દૂર કર્યા છે, ઠગ અને પિંઢારાની લૂંટો શમાવી છે. જ્યારે કંપની સરકારનું રાજ્ય હતું ત્યારે આખું હિંદુસ્થાન જીતવાની તેની ઇચ્છા નહોતી, પણ દેશમાં ઉત્પન્ન થયેલ કજીઆમાં અંગ્રેજી વેપારના રક્ષણ માટે ભાગ લેવો પડયો અને પ્રારબ્ધયોગે વારંવાર જીત મળવાથી હિંદુસ્થાનના ઘણા ભાગ અંગ્રેજોના તાબામાં આવ્યા. આવી રીતે વધતી જતી જવાબદારીમાં ઘણા સારા અંગ્રેજી ગવર્નરોએ ઘણી મહેનતથી રાજ્યવ્યવસ્થા ધોરણસર બનાવી છે. આવા મોટા દેશમાં સર્વમાન્ય થાય તેવા ધારાધોરણ દાખલ કરવાનું કામ સહેલું નથી. હિંદુસ્થાનમાં ૧૫૬૧ શહેર છે અને ૪,૯૮,૫૨૭ ગામડાં છે. તેને એક પદ્ધતિમાં લાવવાં એ કામ સહેલું નથી. જૂદાં જૂદાં હવાપાણીવાળા પ્રાંતો, જૂદી જૂદી ભાષાઓ, જૂદી જૂદી નાતો અને તેમાં હિંદુ અને મુસલમાન બે મોટા ધર્મો, એ બધાની એકતા સહેલાઇથી થઇ શકે નહિ. અંગ્રેજોએ પોતાને ઠીક લાગે તેવા સુધારા કર્યા. તેમાં ઘણે ભાગે હિંદી લોકોની સંમતિ હતી; પણ થોડાંક વર્ષ થયાં અંગ્રેજી વિદ્યાકળા સામે હલ્લો થયો છે. અને ઘણા વિદ્વાન પુરુષો કહે છે કે, અંગ્રેજી વિદ્યાકળાનું અનુકરણ કરવાથી હિંદની પાયમાલી થઇ છે. હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વ અને પશ્ચિમની વિદ્યાકળાની લડાઇ થઇ છે. બત્રીસ કરોડ માણસ કે જેમની વિદ્યાકળા હજારો વર્ષની જૂની અને સંસ્કારી છે તેમને યૂરોપના સંસ્કારથી દોરી શકાય નહિ. ૧૫૦ વર્ષ સુધી અંગ્રેજી વિદ્યા ચાલી તેથી હવે પણ ચાલશે એમ માની લેવાનું નથી. હવે દેશ જાગ્રત થયો છે. તે અંગ્રેજી વિદ્યાની ભૂલો જોઇ શકે છે. હવે રાજ્યવ્યવસ્થા હિંદની સંસ્કૃતિને અનુકૂળ કરવી જોઇએ.

તે માટે મ્હૈસુરની રાજ્યપદ્ધતિ થોડા ફેરફાર સાથે બ્રિટિશ હિંદમાં કામ આવે તેમ છે; અને કેળવણીની પદ્ધતિ કવિવર રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતનમાં ચાલે છે તેવી હિંદને માફક આવે તેમ છે."

આ પ્રમાણે હિંદના જીવનમાં નવા ફેરફારની જરૂરીઆત હિંદના મોટા પુરુષોને અને અંગ્રેજોમાં પણ વિચારવાન પુરુષોને જણાવા લાગી છે.

હિંદનું રાજ્ય કોઇએક રાજાના હાથમાં હોત, ઇંગ્લાંડના રાજાના હાથમાં હોત તોપણ જ્યારે બન્ને પ્રજાના મહાપુરુષો સારી સૂચના આપે ત્યારે તે રાજા ઉપર તેની અસર થાય અને પોતાની મરજી પ્રમાણે કરવા તે સ્વતંત્ર હોય તેથી સુધારા પણ જલદી થઇ શકે અને લોકોનું જીવન લોકોના આદર્શ પ્રમાણે સુધારી શકાય; પણ હિંદનું રાજ્ય કોઇ એક રાજાના હાથમાં નથી. હિંદના ગવર્નર જનરલ પણ પરતંત્ર છે. તેના ઉપર હિંદના વજીર, તેના ઉપર અંગ્રેજી પાર્લામેન્ટની સત્તા અને પાર્લામેન્ટ પણ બહુમતિના ઠરાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે ચાલે. એ બહુમતિ પણ પાંચ છ વર્ષે અથવા તે પહેલાં ફરી બેસે, એટલે કોઈને બીજાના લાભની ચિંતા રહે નહિ. બધાને સ્વાર્થનો વિચાર, ઇંગ્લાંડનું કેમ ભલું થાય તેનોજ માત્ર બહુમતિ વિચાર કરે.

હિંદની પ્રજા ઉપર અંગ્રેજી પ્રજાનું રાજ્ય છે. તે આખી પ્રજાના વિચાર ફેરવવાનું કામ સહેલું નથી. તેની સામે આ દેશની આખી પ્રજા અવાજ કરે ત્યારેજ તે અવાજ સંભળાય તેમ છે.

એટલું કરતાં છતાં પણ ઇંગ્લાંડના વેપારી અને ધનાઢય માણસો પોતાના વેપારના રક્ષણ માટે પોતાના ધનની મદદથી પાર્લામેન્ટની ચુંટણી વખતે જાહેરપત્રો પોતાના હાથમાં લઈ ત્યાંના લોકોનાં મન એવાં ફેરવી નાખે છે કે ત્યાંના લોક સત્ય જોઇ શકતા નથી. જ્યાં ધનની મદદથી વેપારી બુદ્ધિવાળા માણસો પાર્લામેન્ટમાં મોકલવામાં આવે અને તે માણસો પોતાને ગમે તેવી રીતે, બહુમતિના રક્ષણ નીચે વર્તે ત્યાં તેવા સંજોગોમાં ઇંગ્લાંડમાં પણ ખરૂં સ્વરાજ્ય ઉત્પન્ન થઇ શકે નહિ. મજુરોની દશા બરાબ થાય, ગરીબ માણસ વધારે ગરીબ થાય, સ્વાર્થનાજ વિચારનું અભિમાની શિક્ષણ મળે, બીજાં રાજ્યો ઉપર અમલ કરી આવેલ અમલદારોને અમલદારીનો કેફ રહે અને સામાન્ય જીવનમાં સારા સંસ્કાર ઉત્પન્ન થાય નહિ. એવી પ્રજાનું હિંદ ઉપર રાજ્ય છે. એવી પ્રજાના આગેવાનોના વિચાર ફેરવી શકાય ત્યારે અહીં નવું જીવન શરૂ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉ. રવીન્દ્રનાથ ટાગોર કહે છે કે "માણસ જ્યારથી સમાજમાં રહેવા લાગ્યો ત્યારથી તેનો આદર્શ નિઃસ્વાર્થતા છે; પણ પ્રજાત્વ આવ્યું એટલે પ્રજાનો આદર્શ તે તેનો આદર્શ થઇ રહે છે. તેથી વ્યક્તિમાં જ્યારે સ્વાર્થ જણાય છે, ત્યારે તેનો તિરસ્કાર કરવામાં આવે છે. પરંતુ પ્રજામાં જ્યારે તે જણાય છે ત્યારે તેની સ્તુતિ કરવામાં આવે છે. આમ કરવાથી નીતિના વિચારો ગુંચવણમાં આવી પડે છે અને વ્યક્તિનો ધર્મ અને પ્રજાનો ધર્મ જૂદા પડે છે.

પ્રજાઓની અનીતિભરેલી વાસનાઓ જેને અત્યારે સ્વદેશભક્તિનું નામ આપવામાં આવે છે તે ખુલ્લે મોઢે આખા જગતમાં બધે ઘેર ઘેર વાસ કરી રહેલ છે. તેવી સ્વદેશભક્તિ એક બહુ મોટો સદ્‌ગુણ મનાય છે. તેણે પોતાનો ચેપી તાવ આખી દુનિયા ઉપર પ્રસારી મૂક્યો છે અને તે તાવની લાલી પોતાના મુખ ઉપર આવે તોજ સારામાં સારી તંદુરસ્તીનું નિશાન મનાય છે. ઘણા નિર્દોષ લોકોને પણ એમ લાગે છે કે "એવા તાવની ગરમી સન્નિપાત જ્વરથી પટકાયલા આપણા પાડોશી જેટલી આપણને કેમ ચઢી નથી, બીજી પ્રજાઓ જેટલી લડાયક છે તેટલી આપણી પ્રજા શામાટે થઇ શકતી નથી?" આવી લાગણીથી તેઓ મનમાં અસંતોષ માને છે.

વળી જે પ્રકારના જીવનને જેટલી કિંમત પશ્ચિમના દેશોમાં અપાય છે તે જીવનને તેટલી કિંમત અહીં અપાતી નથી. યૂરોપના દેશોમાં વસ્તીના પ્રમા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણમાં આવાની વસ્તુઓ ઉત્પન્ન થતી ન હોવાથી, તેઓને બહારના દેશો જીતવાની અને વેપાર વધારવાની જરૂર પડી. તેને માટે બીજા દેશોને તાબે રાખવાની જરૂર લાગી, તેમના જીવનનો મુખ્ય આદર્શ વેપાર વૃદ્ધિ કરવામાં રહ્યો. જેમ વેપાર વધે, પૈસો વધે તેમ તેનું રાજ્ય સારૂં ગણાય. ત્યાં એકજ મુખ્ય પુરુષાર્થ અને તે અર્થપ્રાપ્તિ અને તેના પરિણામમાં થતી કામતૃપ્તિનો બીજો પુરુષાર્થ. જેવી વિદ્યા તેવી કળા, જેવી રાજ્યપદ્ધતિ તેવી સમાજવ્યવસ્થા. યૂરોપમાં કેટલાક દેશમાં પ્રજાને હમેશાં લડવાની તૈયારી રાખવી પડે છે, તેથી દરેક માણસને લડાઈનું કામ શીખવું પડે છે; દેશની મરજી પ્રમાણે ચાલવું પડે છે અને દેશની મરજી એટલે પાર્લામેન્ટમાં બહુમતિની મરજી. તે મરજી પ્રમાણે લડાઈમાં જવું પડે અને મિત્રને મારવાનું કામ પણ કરવું પડે. આ પણ એક જાતની પરાધીનતા છે.

યૂરોપમાં આજે જેને સુધારો કહેવાય છે, તે માત્ર ઉંચા પ્રકારનું જંગલીપણું છે. ખરો સુધારો માણસનાં મન સુધારે છે. જ્યારે ગુલામોનો વેપાર હતો ત્યારે જંગલીપણું પ્રત્યક્ષ જણાઇ આવતું હતું. હાલ ગુપ્તપણે લૂંટ ચાલતી હોવાથી જંગલીપણું ગુપ્ત રહે છે. જ્યાં છૂટથી પોતાના આદર્શ (આઈડિયલ)પ્રમાણે જીવવાની સત્તા રહેતી નથી, ત્યાં મરણ એજ મોક્ષનો રસ્તો રહે છે. જ્યાં જીવન એટલે કાયમની નોકરી, જ્યાં સ્ત્રીઓ પોતાના રજોગુણી સ્વભાવને વશ રહે, વેપારમાં માત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નફા તરફજ ધ્યાન રહે ત્યાં ખરા સુધારાની આશા રહેતી નથી. આ સંજોગોમાં પ્રજામાં લડાયક સ્વભાવ આવે છે, વેપારની હરિફાઇથી મનમાં રાગદ્વેષ રહે છે અને તે માત્ર લડાઇથીજ શાંત થાય છે.

ગુજરાતના પ્રસિદ્ધ ગ્રંથકાર ગોવર્ધનરામભાઇ લખે છે કે "અંગ્રેજી વિદ્યા માણસની વિચારશક્તિને ઉદ્ધત બનાવી મૂકે છે. અસંતુષ્ટ વૃત્તિ સર્વ પાશ્ચાત્ય પ્રવૃત્તિનું મૂળ છે. તે પ્રવૃત્તિને ઉત્પન્ન કરે છે, વધારે છે અને દૃષ્ટિમર્યાદાના જેવી ફળપરંપરા દેખાડે છે. તે વૃત્તિથી માણસ ફળ પ્રાપ્ત કરવા ઉતાવળું બને છે અને અધીરૂં થાય છે. સ્વાભાવિકપણે ફળ મેળવતાં વાર લાગે છે. તે આ વૃત્તિને પ્રતિકૂળ થાય છે. એકજ ફળ શોધી બેસી રહેવાનું નહિ પણ ફળ ઉપર ફળ ખોળ્યા કરવાનાં અને તે પણ આટલી ઉતાવળથી; એટલે આ વૃત્તિવાળાં મન સટોરીઆ જેવી પ્રવૃત્તિવાળાં થઈ જાય છે. ભૂતકાળનો અનુભવ શોધ્યા વગર, વર્તમાન સ્થિતિ જોયા વગર, આતુર મન ભવિષ્ય શોધવા નીકળે છે અને સાધનવિના ફળ ઇચ્છે છે. વર્તમાનથી અસંતુષ્ટ ચિત્ત દૃષ્ટિ આગળ ઉડતું ભવિષ્ય ઝડપે છે અને એ ભવિષ્યની પાછળ ઉભેલું ભવિષ્ય દૃષ્ટિએ પડતાં કંપારી ખાય છે."

આવી વિદ્યાએ સાંચાકામનો ઉપયોગ ઝડપથી સ્વીકારી લીધો છે; કારણ કે તેનાથી ધન ઓછી મહેનતે વધે છે. પણ જ્યારે ધનવાન વધારે ધનવાન થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ત્યારે ગરીબ વધારે ગરીબ થાય છે. હાથવણાટની જગ્યાએ કાપડની મીલો, ઘંટીને બદલે લોટ દળવાની મીલો, ચોખાની મીલો, તેલની મીલો, શણની મીલો, ગાડાને ઠેકાણે રેલ્વે; મોટરો વગેરેના ઉપયોગથી ગરીબ માણસની રોજી તૂટી છે. જ્યારથી યૂરોપની પ્રજા આવી, અહીંનો વેપાર તોડી ધન લઇ જવા માંડી ત્યારથી લોકોને નવા વિચાર કરવા પડયા. લોકોએ જોયું કે, હવે માત્ર ધર્મ અને મોક્ષ આદર્શતરીકે નભી શકે તેમ નથી. નવા સંજોગોમાં નવાં કર્મ, નવા ધર્મ દાખલ થયા. જેમ બીજા દેશોમાં ધનવાનોના જુલમ સામે મજૂરોની હડતાલ વગેરે થવા લાગ્યું, તેમ અહીં પણ બીજા પ્રકારની હડતાલ કે જેનું નામ સત્યાગ્રહ અથવા અસહકાર કહેવાય છે તેનો જન્મ થયો. આ બધા દુઃખનું કારણ તો બધા દેશમાં એકજ છે અને તે એ છે કે, પ્રજાના સંઘો લોભી થઇ કેવળ પૈસો વધારવાના ઉદ્દેશથીજ બીજાના દેશો જીતવા માંડયા. તેની અસર બીજા દેશો ઉપર થઈ. પરિણામમાં વિદ્વાન કરતાં ધનવાનને વધારે માન મળ્યું.

આવા સંજોગોમાં સ્વરાજ્યનો અર્થ એ થયો કે, દેશનું ધન વધારવું. તેથી જ્યાંસુધી ધનવાનને ધનનો સ્વાર્થ રહેશે, ત્યાંસુધી મજુરોના ઝગડા, તેમનો અસંતોષ અને તેને પરિણામે સત્યાગ્રહ પણ ચાલુ રહેશે. મજુરો વિચાર કરતાં શીખશે, અસ્પૃશ્ય લોકો સ્પૃશ્ય મનાશે, કેટલાક દોષ મટશે અને કેટલાક નવા દોષ ઉત્પન્ન થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે લોકો મજુરવર્ગના ગણાય છે તેઓનું જોર વધશે, તેથી મજુરી કરનાર માણસ ગુણવાન મનાશે. તેનાથી શરીર સારાં થશે, પણ મન સારાં કરવા જેટલી ફુરસદ રહેશે નહિ. મજુરી મોંઘી થશે એટલે બુદ્ધિવાળા માણસોને પણ હાથે કામ કરવાની ફરજ પડશે અને તેથી તેમની બુદ્ધિના વિકાસ માટે જોઈએ તેટલો વખત રહેશે નહિ.

અસહકાર એ ખોટી રાજનીતિની સામે થવામાં ઉપયોગી સાધન છે તેનું કારણ એ છે કે, તેમાં ઘણા માણસ એકસાથે કામ કરી શકે છે અને સામે થનાર બધામાં મોટી બુદ્ધિની જરૂર પડતી નથી; પણ નવા અને ઉંચા આદર્શવાળું રાજ્ય સ્થાપવું હોય તો તેમાં બુદ્ધિવાન, જ્ઞાની અને વિદ્વાન પુરુષોની જરૂર પડે છે. તેમાં ઘણા વિરુદ્ધ સ્વભાવનો સમન્વય કરવો પડે છે. ઘણા મુશ્કેલ પ્રશ્નો ઉકેલવા પડે છે. રાજ્ય ભાંગવું સહેલું છે, પણ રાજ્ય સ્થાપવું અને નભાવવું તેટલું સહેલું નથી.

મજુરો કે ધનવાનો રાજ્ય માટે પૂરેપૂરા લાયક છે એમ તો કહી શકાય નહિ; તેથી નવો આદર્શ જરૂર ઉત્પન્ન થવાનો. પ્રજાતંત્ર રાજ્યમાં પણ બહુમતિવાળા ઓછા મતવાળા ઉપર ઓછો જુલમ કરતા નથી.

પ્રજાતંત્ર રાજ્યમાં લોકોની ચુંટણીની પદ્ધતિ દાખલ કરવામાં આવી છે તે પણ એટલી ખર્ચાળ છે– એટલે કે જેને ધારાસભામાં જવું હોય તેને એટલું ખર્ચ થાય છે કે મોટે ભાગે પૈસાદાર લોકોજ તેમાં ભાગ લઈ શકે છે. ગરીબ માણસ હોય તે વિદ્વાન હોય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યમાં સારા ફેરફાર કરવા માટે સલાહ આપવા જેટલી તેનામાં બુદ્ધિ હોય; તેને ધારાસભામાં જવાની તક મળતી નથી. કેટલાક અપવાદ બાદ કરતાં ધન અને વિદ્યા એક ઠેકાણે રહેતાં નથી. તેથી સારા વિદ્વાનોને ધારાસભામાં બેઠક મળતી નથી. હિંદની રેલ્વેનું આવક-જાવકનું બજેટ દર વર્ષે લગભગ બે અબજનું થાય છે. તેના ઉપર ચર્ચા કરવા અનુભવી માણસની જરૂર છે. તેવા માણસ હિંદમાં માત્ર બે ત્રણ છે. તેમાંથી રાય સાહેબ ચંદ્રિકાપ્રસાદે ધારાસભામાં જવા મહેનત કરી બનતું બર્ચ કર્યું, પણ તે સફળ થયા નહિ.

જેમ સ્વતંત્ર રાજાના રાજ્યમાં રાજા સદ્‌ગુણી ન હોય તો અનેક ભૂલો થવાનો સંભવ છે, તેમ બહુ-મતિથી ચાલતા પ્રજાતંત્ર રાજ્યમાં પ્રજા સદ્‌ગુણી ન હોય તોપણ અનેક ભૂલો થવાનો સંભવ છે. ઘણા મૂરખ માણસનું કામ એક ડાહ્યા માણસના કામથી વધારે સારૂં થતું નથી. ઘણા ધનવાનો ધારાસભામાં જાય તે કરતાં ગરીબ પણ વિદ્વાન પુરુષો પણ ત્યાં જઈ શકે તેવી યોજના જોઈએ, અને થોડા મતવાળાની વાતને પણ વજન આપવું જોઈએ.

ધનવાનોના રાજ્યની સામે થવામાં મુખ્ય બળવો રૂશિયાના મજુરોએ કરેલ છે. ત્યાં બોલ્શેવિકો એટલે કામદાર વર્ગનું રાજ્ય થયું છે અને ત્યાં એવો ધર્મ ફેલાયેલ છે કે, દરેક માણસે રાજ્યને માટે શરીરથી કામ આપવું જોઈએ, અને આ હેતુ પૂરો થાય એટલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે આત્મજ્ઞાન મળે એવું ધાર્મિક શિક્ષણ ઘણું ઓછું કરવામાં આવેલ છે. વળી આવી રાજનીતિ બીજા દેશોમાં ફેલાય એવું ત્યાંના માણસો ઇચ્છે છે. આવી નીતિથી થોડુંક સારૂં પરિણામ આવશે અને થોડુંક બરાબ પરિણામ પણ આવશે. આ નીતિથી મજુરોનું સામાન્ય આર્થિક જીવન સુધરશે, પણ તે સુધારવામાં દરેક પાસેથી શરીરનું કામ લેવાતું હોવાથી વખત એટલો બધો રોકાઇ જશે કે આત્માના અનુભવમાટે જે શાંતિની જરૂર છે તે મળશે નહિ. બધા માણસો ઉપર શારીરિક કર્મ કરવાની ફરજ નાખવાથી સમાજનું કામ સમતોલ રહેતું નથી. જેમ શરીરના કામની જરૂર છે, તેમ માનસિક કામની અથવા બુદ્ધિના વિકાસની અને આત્મજ્ઞાનની પણ જરૂર છે.

મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમનો મુખ્ય હેતુ સત્ય સમજાવીને સત્યાગ્રહની કેળવણી આપવાનો હતો, પરંતુ ત્યાં પણ શરીરના કર્મ ઉપર બહુ ભાર દેવાથી, સત્યરૂપ આત્માનું જ્ઞાન આશ્રમવાસી લઇ શક્યા નહિ; અને તેથી આશ્રમનું નામ "ઉદ્યોગમંદિર" રાખવું પડયું છે. મનનું કામ એ પણ કામ છે, એ વાત ત્યાં ભૂલી જવાઇ હોય તેમ લાગે છે; એટલું જ નહિ પણ સ્વરાજ્યની ચળવળમાં બુદ્ધિની કેટલી જરૂર છે તે ઘણા અસહકારી માણસો સમજવાનો પ્રયત્ન કરતા નથી. આગળના વખતમાં પણ જ્યારે પ્રજા, રાજા સાથે અસહકાર કરી સામે થતી ત્યારે પણ બન્નેના ટંટાનો ફેંસલો પ્રજાના બુદ્ધિવાન માણસો, કે જે મહાજન કહેવાતા હતા તેમની મદદથી થતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈદિક કાળમાં બ્રાહ્મણો અર્થાત્ જ્ઞાની પુરુષોના કહેવા પ્રમાણે રાજ્ય ચાલતું; પાછળથી ક્ષત્રિયો સ્વતંત્ર થયા અને જ્ઞાની પુરુષો ઓછા થયા; તેથી ક્ષત્રિયો તેમનું કહેવું માનતા નહિ. તે પછી યૂરોપના સંબંધથી અને સાંચાકામની શોધથી અહીં અને બીજા દેશોમાં વેપારી સમાજોનું રાજ્ય થયું. તેટલા પ્રમાણમાં વિદ્વાનો અને આત્મજ્ઞાની પુરુષોની કિંમત ઘટી અને હવે જ્યારે મજુરોનાં રાજ્ય ઉત્પન્ન થવા લાગ્યાં ત્યારે માણસનો આત્મા વધારે ભૂલી જવાય તેવો સંભવ છે. આ પૃથ્વી ઉપર પાછું જ્ઞાની પુરુષોનું તેજસ્વી રાજ્ય આવ્યા પહેલાં અજ્ઞાન વધે તેવો સંભવ છે. પૂર્ણ અંધકાર પછી તેજ આવે છે. એક વખત એક અમેરિકન એલચી મારી સાથે ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરતા હતા. તેણે કહ્યું કે "અમેરિકામાં જીવન એટલું બરાબ થતું જાય છે કે ત્યાં આત્મજ્ઞાનની બહુ જરૂર છે; પણ તે કેવી રીતે અને કોણ ત્યાંની સમાજને આપી શકશે તે સમજાતું નથી." હજુ કેટલાંક વર્ષો સુધી મજુરો, શૂદ્રો, કામદારો વગેરેનું જોર રહેશે, તેમના જીવનસંબંધની અને વિષયી વાતોથી ન્યુસપેપરો ભરાશે, જ્યાં ત્યાં સ્ત્રીઓનાં ચિત્રો છાપવામાં આવશે અને મન એટલાં ચંચળ રહેશે કે આત્માનો અનુભવ ગમશે નહિ અને તેને માટે વખત રહેશે નહિ. કલિયુગે નળરાજાને હેરાન કર્યો તેમ સમાજને હેરાન કરશે, અને દમયંતીનો વિલાપ ઘેરઘેર સંભળાશે.

મજુરની રાજનીતિથી ગરીબાઇ ઓછી થશે, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મા ખોવાઇ જશે. મજુરો ભગવાનના ચરણ છે, પૂજવાલાયક છે; પણ ચરણને ચરણના કામમાં રાખવા જોઇએ, એટલે કે જેનામાં બુદ્ધિ ન હોય તે મજુરીનું કામ કરે એમ માનીને કે બીજા વર્ણના માણસો પણ ભગવાનનાં અંગ છે અને તેમની સેવા તે ભગવાનની સેવા છે. હાથ અને પગ હોજરીને કહે કે, અમે કમાઇએ તે તને શા માટે આપીએ? તો હોજરી કહેશે કે, હું અન્ન પચાવીને જે રસ તૈયાર કરૂં તે હાથ અને પગને શા માટે આપું? માટે સૌએ પોતાના અધિકાર પ્રમાણે સેવા કરવી જોઇએ, અને એમ માનવું જોઇએ કે, તેનો લાભ બીજાને મળે તોપણ અંતે પોતાને મળે છે; તેથી ચરણને માથાની જગ્યાએ મૂકવા ન જોઇએ–એટલે કે, જે મજુરી કરે તે માણસને બુદ્ધિવાન કરતાં મોટો માનવો ન જોઇએ. બાળકના જન્મ વખતે માથું પહેલું નીકળે છે અને ચરણથી જ્યારે જન્મ થાય છે ત્યારે કસુવાવડની બીક રહે છે.

મજુરો વેપારની હરીફાઇ બંધ કરી શકશે, મજુરીના આદર્શ આપી શકશે, બીનરોજગારને રોજી આપી શકશે; પણ ઋષિમુનિઓના ધર્મ આપી શકશે નહિ. તેથી માણસનું જીવન તદ્દન સુખી થઇ શકશે નહિ. પરિણામી વસ્તુઓમાંથી મળતું સુખ, કાયમનું સુખ આપી શકશે નહિ.

પણ હિંદનું સ્વરાજ્ય કદાચ નવી દિશા બતાવે. રૂશિયાએ જેમ મજુરોથી શરૂઆત કરી, તેમ હિંદમાં કદાચ ધાર્મિક માણસોથી નવા રાજ્યની શરૂઆત થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં ત્યાંની પાર્લામેન્ટના જેવી પાર્ટીઓ થવાને બદલે મહાત્માઓ અને મૌલવીઓ કાઉન્સિલોમાં જાય, અને તેમની સાથે ક્ષત્રિયો, ખેડુતો, કારીગરો, વેપારીઓ, જમીનદારો, વકીલો, દાક્તરો, ઇજનેરો, શિક્ષકો, સ્વયં-સેવકો, સ્ત્રીઓ, અંત્યજો અને ભરવાડો, વગેરે ધારા-સભામાં જાય તો નાતજાતના ભેદને બદલે, કામ પ્રમાણે સભ્યો ચુંટાય અને સૌ લોગા મળી પોતપોતાના કામ માટે, અને જીવન સુધારવા માટે જે જે કાયદાઓની જરૂર હોય તે ધારાસભામાં રજુ કરે અને કયી કયી બા-બત ઉપર કાયદાની જરૂર છે તે નક્કી કરે. તે ઉપરાંત એક એવી સ્વતંત્ર, કુશળ અને નિષ્પક્ષપાતી પુરુષોની સભા કરવી જોઇએ કે જેમાં પહેલી ધારાસભાએ માગેલ કાયદા કેટલે અંશે અને કેવી રીતે પાળી શકાય તે માટે જરૂરીઆત જોઇ કાયદા ઘડે. આ કાયદા કેટલે અંશે અમલમાં લાવી શકાય તેમ છે તે માટે તે પછી વહી-વટી અમલદારોનો મત લેવાય અને છેવટે તે માટે ઇલાકાના ગવર્નરની મંજુરી લેવાય. તે મંજુરી મળ્યા પછી પાછા તે કાયદા પહેલી ધારાસભા પાસે છેવટની મંજુરી માટે જાય. આ પ્રમાણે રચના કરવાથી રાજ્ય કરનાર ઉપર અંકુશ રહી શકે છે અને પ્રજા પણ ગેર-વ્યાજબી માગણી કરે તો તેના ઉપર પણ અંકુશ રહી શકે તેમ છે. નાતજાત પ્રમાણે અથવા અમુક માણસ અમુક ઠેકાણે રહે છે તેથી રહેઠાણ પ્રમાણે ચુંટણીનું ધોરણ દાખલ કરવાથી નાતજાતના ભેદ વધશે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધારાસભામાં જગ્યા લેવા માટે અયોગ્ય ઉપાય લોકો વાપરતાં શીખશે. આજના બાળક ત્રીસ વર્ષ પછીની ધારાસભાના મેમ્બર થશે તેથી તેમને જેવા બનાવવા હોય તેવું શિક્ષણ હમણાંથી આપવું જોઈએ. અત્યારથી હિંદુ અને મુસલમાનના ભેદો કાઢી નહિ શકીએ તો હાલનાં બાળકોનાં મગજમાં પણ તે પવન રહેશે અને ઘણાં વર્ષો સુધી બરાબ સંસ્કારમાં આ દેશ સપડાઇ જશે.

અહીં ભારે લશ્કરી ખર્ચથી, સરકારી નોકરોના ભારે પગારથી, મીઠાના કરથી અને વેપારની હરીફાઇથી એટલી બધી ગરીબાઇ આવી ગયેલ છે કે તે દૂર કરવાની પહેલી જરૂર જણાય છે. એવી દશામાં જ્ઞાનની વાતો સાંભળવાની કોઇને ફુરસદ નથી. પહેલાં સ્વરાજ્ય લેવું જોઇએ એટલે પ્રજાને ગમે તેવું રાજ્ય સ્થાપવાની પ્રજાને સત્તા રહે તેવું થવું જોઇએ. તે પછી તરત વેપારને રક્ષણ આપે તેવી અને ગરીબાઇ દૂર કરે તેવી જકાત નાખવી જોઇએ, કર ઘટાડવા જોઇએ. નોકરોના પગાર ઓછા કરી, સમાજના કઢંગા રિવાજ સુધારી વેપારી બુદ્ધિવાળું સ્વાર્થી જીવન ફેરવવાની જરૂર છે.

એટલું ખરૂં છે કે, વ્યવહારકુશળ માણસો ધારાસભામાં જાય તો દેશને વ્યાવહારિક લાભ મળે એટલે કે ગરીબોને અને ખેડુતોને રાજ્યની મદદ આપી એની સુધારાય; તેમને રહેવા માટે સારાં મકાન, ભણવા માટે સારી નિશાળો, દુકાળ માટે મદદ, સારાં દવાખાનાં, સુવાવડના પ્રસંગો માટે સારી કેળવાયેલ બાઇઓ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધ્યમ વર્ગના માણસો માટે યોગ્ય નોકરી, વાંચવા માટે મફત પુસ્તકાલયો વગેરે મળી શકે.

દુકાળ સામે ટકવા માટે જે વર્ષમાં સારી કમાણી હોય તે વર્ષમાં બેદુતો દાણો અથવા પૈસો બચાવી શકે તે પ્રમાણે વ્યવસ્થા થવી જોઈએ અને તે ઉપરાંત રાજ્યની આવકમાંથી પણ એક દુકાળફંડ જૂદું કાઢી રાખવું જોઈએ. વળી બેદુતોને ઉધાર પૈસા જોઇએ ત્યારે ઓછે વ્યાજે મળી શકે તેવી બેંકો સ્થાપવી જોઈએ કે જેથી તેઓ વાણીઆના ભારે વ્યાજમાંથી બચી શકે.

મોટા રાજ્યમાં રાજા પોતે દરેક માણસની સંભાળ લઇ શકતો નથી. ઇલાકાના ગવર્નરો દરેક બેદુતની મુશ્કેલી જાતે જોઇ શકે નહિ; તેથી જેમ નાના પ્રાંત તેમ અમલદારો પ્રજા ઉપર વધારે ધ્યાન આપી શકે. કલેકટર એટલે પૈસા ભેગા કરનાર, રાજાની જગ્યા લઇ શકે નહિ. તેમાંના ઘણાખરા ઇંગ્લાંડથી આવેલા અને ત્યાં જઈ પાછળની જીંદગી ગાળવાના હોય છે, તેથી જેમ ઇંગ્લાંડનું ભલું થાય તે દૃષ્ટિથી તે કામ કરે. માત્ર હિંદીનું જ ભલું થાય એ દૃષ્ટિથી તે કામ કરી શકે નહિ.

પહેલાં હિંદુસ્થાન ઉપર જ્યારે પરદેશી રાજાઓ ચઢાઇ કરતા ત્યારે એક વાર ધન લઇને જતા રહેતા અથવા મોગલોની માફક કાયમને માટે અહીં રહેતા. અંગ્રેજી રાજ્યમાં તો દર વર્ષ અનેક માણસ અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે ધન લઇ જાય છે; તેથી દુકાળ માટે પણ સંગ્રહ રહી શકતો નથી.

પરદેશી રાજ્ય પોતાની આસુરી શક્તિથી રાજ્ય કરે છે તેથી તે શક્તિની અસરથી પરતંત્ર પ્રજા વધારે પરતંત્ર બને છે. તે પ્રજામાં હિંમત, આત્મભોગ, સ્વમાન વગેરે આવતાં નથી; તેથી હિંદનો ઇંગ્લાંડ સાથેનો સંબંધ હિંદની મરજી પ્રમાણે થવો જોઇએ, ઇંગ્લાંડ તરફથી ફરજીઆત હોવો જોઇએ નહિ.

ઉપર કહ્યું તેમ મોટા રાજ્યમાં ગરીબ માણસ તરફ પૂરતું ધ્યાન રહેતું નથી. અમેરિકા નાનાં નાનાં રાજ્યોનું બનેલું હોવાથી ત્યાં લોકોના લાભ સારી રીતે જળવાય છે. દરેક લડાઇમાં કોઇ મોટું રાજ્ય નાનું થાય છે અને કોઇ નાનું રાજ્ય મોટું થાય છે. લગભગ દરેક લડાઇમાં ઇંગ્લાંડે પોતાની સત્તા વધારવાની મહેનત કરી છે અને તેને પરિણામે તેનું રાજ્ય એટલું વધી ગયું છે કે તેની પાર્લામેન્ટની સત્તા તેની ઉપર રહી શકતી નથી. અંતે કેનેડા, દક્ષિણ આફ્રિકા, આયર્લાંડ જેવા તેના રાજ્યના બહારના ભાગ લગભગ સ્વતંત્ર થવા લાગ્યા છે. એક રીતે તેનાથી પૃથ્વીમાં વધારે શાંતિ રહેશે. મોટું રાજ્ય નાનાને દબાવે, પણ જ્યાં ઘણાં નાનાં રાજ્ય હોય ત્યાં કોઇ બળવાનની બીક રહેતી નથી. અંગ્રેજી સામ્રાજ્યના આ પ્રમાણે ભાગ થયા પછી માત્ર રૂશિયાનું એક મોટું રાજ્ય રહેશે. તે જો બીજા દેશોને ડરાવશે તો એક બીજી લડાઈ એશિયામાં થયા વગર રહેશે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે લડાઈ વખતે જો અંગ્રેજો નીતિથી ચાલતા હશે તો બીજા દેશો તેને મદદ કરશે અને રૂશિયાના નાના ભાગ થશે; અને જો અંગ્રેજી રાજ્ય અનીતિથી ચાલતું હશે, એશિયાના મુખ્ય ભાગ હિંદનો અસંતોષ ચાલુ હશે તો તેને કોઇ મદદ કરશે નહિ, અંગ્રેજી રાજ્યની પડતી આવશે અને પૃથ્વી ઉપર કાંઇક નવી જાતની વ્યવસ્થા થશે. હિંદુસ્થાનની અસહકારની ચળવળથી અંગ્રેજી રાજ્યની પ્રતિષ્ઠા ઘણી ઓછી થઈ છે અને જો તે રાજ્ય વખતસર ચેતશે નહિ તો અંગ્રેજી સંસ્કૃતિનો સૂર્ય ઇંગ્લાંડમાંજ આથમશે. આજકાલ વધતી જતી સાયન્સની શોધખોળથી મળેલ હવાઇ વિમાનરૂપ નવા હથિયારથી બીજા દેશો ઇંગ્લાંડનો ટાપુ સહેલાઇથી જીતી શકશે. ઇંગ્લાંડનો બચાવ તેની રાજનીતિમાં છે. તેનો સ્વાર્થ જ્યારે હદ ઓળંગી જશે ત્યારે તે પોતાનું ફળ ઉત્પન્ન કરશે.

પણ હિંદના સ્વરાજ્યનો આધાર બીજાની નબળાઇ ઉપર રહી શકે નહિ. લોકોએ પોતે પોતાનો રસ્તો કરવો જોઇએ. તેનું નામજ સ્વરાજ્ય છે. કામ અઘરૂં છે તેનું કારણ હિંદની વિદ્યાકળામાં ધર્મને આગળ રાખેલ છે. હિંદના સારામાં સારા માણસો રાજદ્વારી ક્ષેત્રમાં જતા નથી, પણ મોક્ષનો માર્ગ લે છે; તેથી રાજદ્વારી જીવનમાં કાંઇક અંશે સારા માણસની ખોટ લાગ્યા કરે છે. ધર્મ તરફ બેદરકાર રહીને અહીંની પ્રજા સ્વરાજ્ય લઈ શકે તેમ નથી; કારણકે તેમ કરવાથી માણસનો સ્વભાવ પશુ જેવો બને છે અને જ્યાં માણસ પશુ જેવા થાય ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરાજ્ય મળે તે સ્વરાજ્ય કહેવાય નહિ.

એ ઉપરથી એમ નથી સમજવાનું કે, હિંદમાં કુશળ રાજનીતિજ્ઞ માણસો નથી. એવા ઘણા માણસો છે કે જે ઇંગ્લાંડના વડા પ્રધાન કરતાં પણ ચઢી જાય. આવા પુરુષો દેશી રાજ્યોમાં દિવાનોની પદવી ભોગવે છે, અને કાઉન્સીલના મેમ્બરોમાં પણ કેટલાક સારા બુદ્ધિશાળી માણસો જોવામાં આવે છે.

તેથી હિંદના સ્વરાજ્યમાં માત્ર વ્યાવહારિક લાભ જોવાના નથી, માત્ર પૈસો વધે એજ સ્વરાજ્યનો હેતુ હોવો ન જોઈએ. દેશમાં માત્ર પૈસોજ વધારવો હોય તો દરેક માણસે દેશના લાભ માટે લડાઈમાં ઉતરવા માટે તૈયાર રહેવું જોઇએ, વિધવાઓને ફરીથી પરણવાની છૂટ આપવી જોઇએ, સ્ત્રીઓને લડાઇનાં સાધન બનાવવાનું કામ શીખવવું જોઈએ, મોક્ષની વાત કરે તેનો દંડ કરવો જોઇએ, બીજાના દેશો લૂંટી આવે તેને ઇનામ દેવું જોઇએ. ન્યુસપેપરોને પૈસાની મદદ આપી, લૂંટને પુરુષાર્થના રૂપમાં લોકો સમજે તેવાં લખાણ આપવાં જોઇએ.

પણ આવી રીતે લાભ મળે તો હિંદની પ્રજા લઈ શકશે નહિ. તેનું કારણ હિંદમાં ધર્મ અને નીતિનું સારું જોર છે; તેથી હિંદના સ્વરાજ્યના વિચારમાં, વ્યાવહારિક લાભ સાથે પારમાર્થિક લાભ પણ જોવો જોઇએ.

પારમાર્થિક દૃષ્ટિથી જ્યારે સ્વરાજ્યનો વિચાર થાય ત્યારે નીતિને રસ્તે દેશમાં ધન વધે તેમ કરવું જોઇએ. પ્રજાના અમુક ભાગનેજ લડાઇમાં જવાની ફરજ પાડવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં આવે અને જેને પ્રભુની ભક્તિ કરવી હોય, વૈરાગ્ય રાખી જ્ઞાન લેવું હોય, આત્મસાક્ષાત્કાર કરવો હોય તેમને તેમની મરજી પ્રમાણે ચાલવાની છૂટ જોઇએ.

ધાર્મિક સ્વરાજ્યમાં નીતિ પ્રમાણે રાજ્યવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા થાય છે. ધર્મવૃત્તિમાં સમભાવ રહે છે, સમભાવથી જીવનમાં નવો આદર્શ આવે છે. પશ્ચિમના દેશોમાં પણ હમણાં થોડો વખત થયાં એવી સલાહ થઇ છે કે, યુદ્ધ કરવું તે માણસનો હલકો સ્વભાવ છે, તેથી યુદ્ધ રાજનીતિમાંથી રદ કરવું જોઇએ. એટલે કે રાજતંત્ર એવી રીતે ચલાવવું કે દેશ દેશ વચ્ચે યુદ્ધ થાય નહિ. એવા પ્રસંગ આવે તો અટકાવવા અથવા તેનો બીજી રીતે નિર્ણય લાવવો જોઇએ. કોઇ દેશને અન્યાય આપવો નહિ. આ પ્રમાણે પશ્ચિમમાં પણ જીવનનો આદર્શ અને સ્વરાજ્યનો હેતુ ફરવા લાગ્યા છે. પ્રભુની ઘટનામાં આવા ફેરફારમાં ગર્ભિત સંકેત રહેલા હોય છે કે જે ઉતાવળથી વિચાર કરનાર માણસ એકદમ સમજી શકતા નથી.

એવાજ ફેરફાર કાંઇક અંશે એશિયામાં થવા લાગ્યા છે. ધર્મથી દાખલ થયેલ કેટલીક ખોટી રૂઢિઓ તુર્કસ્તાનમાં નાબુદ થઈ છે. હિંદમાં પણ ધર્મમાંથી ખોટા રિવાજ નાબુદ કરવા 'હિંદુ મહાસભા' અને મુસલમાનની 'તન્ઝીમ' જન્મેલ છે.

પણ માત્ર સંખ્યા વધારવાથી સંઘબળ વધે નહિ, હિંદુ ધર્મ અને મુસલમાન ધર્મમાં જે સારા સંસ્કાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, તે પ્રગટ કરવા જોઈએ. માત્ર આર્થિક ઉન્નતિ તરફજ ધાર્મિક સંસ્થાએ લક્ષ રાખવું જોઇએ નહિ.

આર્થિક ઉન્નતિની જરૂર છે, પણ તેની સાથે મનુષ્યજીવનનો વિકાસ થાય એવા બીજા ઉંચા આદર્શ ભૂલવા જોઇએ નહિ.

ઉત્તમ વિચારથી ઉત્તમ જીવન મળી શકશે. આપણા ખ્યાલમાં ન હોય તે દિશામાંથી મદદ આવશે. હાલની જાગૃતિમાં ઈશ્વરની પ્રેરણા છે, તે જે આપે તે ખુશીથી સ્વીકારવું; કારણ કે તે ભૂલ કરે તેવા નથી. બીજા દેશોના રાજધર્મ અહીં કામ આવી શકે તેમ નથી. કોઈ પણ એક દેશની પ્રજા બીજા દેશની પ્રજા ઉપર લાંબો વખત રાજ્ય કરી શકી નથી. આ પૃથ્વી ઉપર કેટલાં રાજ્યો આવ્યાં અને ગયાં તેનો વિચાર કરો. એક માણસ બીજાને ગાળ આપે અને તેને અસર ન થાય તો આપનારને લાગે છે. જો પરદેશી પ્રજાના હથિયારની અસર આપણને ન લાગે તો તે હથિયાર તેમને વાગશે. જે શક્તિથી અંગ્રેજી પ્રજાએ અહીં મતલેદ દાખલ કર્યા છે તે શક્તિથી તેમના રાજ્યના બીજા ભાગમાં એટલે કેનેડા, આફ્રિકા અને ઑસ્ટ્રેલીઆમાં મતલેદ થવા લાગ્યા છે, તે પ્રદેશો ઇંગ્લાંડથી સ્વતંત્ર થવા લાગ્યા છે અને ઇંગ્લાંડનું ભવિષ્યમાં શું થશે તે હવે કલ્પી શકાય તેવી વાત છે. એ નાના ટાપુની મુશ્કેલીઓ દિવસે દિવસે વધતી જાય છે. તેઓએ પોતાની રાજનીતિથી પોતાની મુશ્કેલીઓ ઉભી કરી છે. આખી પ્રજાને ભગવાન વગરની કરી છે. જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગવાનનો આશ્રય ન લેનાર માણસ અધોગતિએ પહોંચે છે તેવી દશા ત્યાં થાય તો નવાઇ નથી. યૂરોપની મુશ્કેલીઓ, એશિયાની ચઢતી બતાવે છે. એશિયાને સદ્ગૃહ ચામડીના લોકોથી ભરવાની રાજનીતિએ દેવાળું કાઢયું છે; પણ અહીંના ઉદ્ધાર માટે માત્ર ઋષિમુનિઓએ ભૂતકાળમાં રચેલ શાસ્ત્રો જોઇ સંતોષ માનવાનો નથી. નવા ઋષિ અને મુનિઓની જરૂર છે અને તેમણે નવા સંજોગો માટે તેજ હેતુ સિદ્ધ કરવા નવાં શાસ્ત્રો લખવાં પડશે, નાની નાતો ભાંગવી જોઇશે, ધર્મની ખોટી રૂઢિઓ તોડવી પડશે, સ્ત્રીઓમાં નવું જીવન દાખલ કરવું પડશે, કે જેથી તે જીવન ગર્ભમાં આવે; અસ્પૃશ્યતા દૂર કરવી પડશે, બધું અભિમાન છોડવું પડશે, જીવનમાં પ્રેમ લાવવો પડશે. જેને સ્વરાજ્ય જોઇએ તે શૂદ્રોના જીવન તરફ બેદરકાર રહી શકે નહિ; તેમને પણ તેમનું જીવન સુધારવા માટે પૂરતી સગવડ મળવી જોઇએ. તેમનો આત્મા, બીજા આત્માથી જૂદો નથી. ન્યાય અને પ્રેમથી ખરૂં સ્વરાજ્ય મળશે. પ્રભુની શક્તિએ આ દેશને જાગ્રત કર્યો છે, તે શક્તિ અહીંના લોકોને ચલાવશે, લોકો તે સમજી શકશે નહિ; પણ આ દેશનું સારૂં ભવિષ્ય તૈયાર છે તે વાત સમજી, સ્વીકારીને અમલમાં લાવવી જોઇએ.

કાળના ધર્મ પ્રમાણે વર્તમાનકાળમાં અર્થની તંગી દૂર કરવી એજ જીવનના આદર્શતરીકે ઘણે ઠેકાણે મનાય છે. તે આદર્શ સિદ્ધ થાય એટલી સ્વતંત્રતા મળે તેને વર્તમાનકાળનું સ્વરાજ્ય કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા પ્રકારથી મનુષ્યજીવન નિત્ય સુધરે તેને નિત્યસ્વરાજ્ય કહી શકાય. માત્ર પૈસાથી બધું જીવન સુધરતું નથી. ઉલટું ઘણી જગ્યાએ જ્યાં પૈસો વધારે હોય છે અને તેના પ્રમાણમાં સારા સંસ્કાર હોતા નથી ત્યાં પૈસો માણસનો સ્વભાવ બગાડવાનું સાધન બને છે તેથી અર્થપ્રાપ્તિ કરતાં વિદ્યાની વૃદ્ધિ સ્વરાજ્ય માટે વધારે ઉપયોગી માનવી જોઈએ. જ્યાંસુધી અંગ્રેજ જેવી ધનવાન પ્રજાને માત્ર ધનનો લોભ છે અને અહીંની પ્રજા ધન ઉત્પન્ન કરી આપે છે ત્યાંસુધી અહીંની પ્રજાને અંગ્રેજી રાજ્ય તરફથી પૂરતી કેળવણી મળશે નહિ; કારણ કે કેળવાયેલ પ્રજા પોતાના હક્ક બરાબર સમજે છે. હિંદના સ્વરાજ્યમાં ફરજીઆત મફત કેળવણી દરેક ગામડે શરૂ કરવી જોઈએ, કે જેથી લોકો સારું-ખોટું સમજી શકે, પોતાના વખતનો સદુપયોગ કરી શકે, નિડર થાય, પોતાના ગુજરાનનું સાધન કરી લે અને સમાજમાં નવું ચેતન લાવે.

મુખ્ય વાત સમજવાની એ છે કે, બધાને સમાન હક્ક મળે એવી સમાજ બનાવવા કરતાં ગુણકર્મ પ્રમાણે સમાજની વ્યવસ્થા થાય તો વધારે સારું. જેઓ વિદ્યા આપી શકે તેવા હોય તેમને લડવાનું કામ સોંપવું જોઈએ નહિ. ૧૯૧૪-૧૭ની યૂરોપની લડાઇમાં જ્યારે જર્મન પ્રૉફેસર ઇન્સ્ટીનને લશ્કરની ભરતીમાં લઇ જવામાં આવ્યા અને જર્મન કૈસરને તેની ખબર પડી ત્યારે તેણે તરતજ હુકમ કાઢયો કે "પ્રૉ. ઇન્સ્ટીનને લશ્કરમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રજા આપો, અને તેને ૪૫૦૦ માર્કનું વર્ષાસન બાંધી આપી તેને તેની શોધ કરવા દો." આ પુરુષે એટલી શોધ કરી છે કે હજીસુધી યૂરોપમાં તેના જેવી શોધ સાયન્સમાં કોઇએ કરી નથી. તે વિષે પાંચમા પ્રકરણમાં વધારે લખેલ છે. જેઓ રાજસી વૃત્તિવાળા હોય તેમને રાજ્ય કરવાનું કામ સોંપવું જોઇએ. સાત્વિક વૃત્તિવાળા સલાહ આપી શકે. વેપાર કરી શકે તેને તે કામ આપવું જોઇએ અને મજુરીજ કરી શકે તેમને મજુરીનું કામ આપવું જોઇએ. કોઇએ એમ ન માનવું જોઇએ કે, પોતાનુંજ કામ સારૂં અને બીજાનું બરાબ છે. મિસિસ સરોજની નાઈડુ જેવી અને મિસિસ બેસન્ટ જેવી અદ્‌ભુત બુદ્ધિવાળી સ્ત્રીઓને આખો દિવસ રેંટિયો આપવો જોઇએ નહિ. તેવી સ્ત્રીઓએ સ્ત્રીઓનું જીવન સુધારવા માટે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો જોઇએ. તે બાબત પણ સ્વરાજ્યમાં ઓછી ઉપયોગી નથી. આ પ્રમાણે વ્યવસ્થા કરવાથી સમાજ સુધરે છે અને રાજ્યવ્યવસ્થા પણ સારી ચાલે છે. તેથીજ વૈદિક કાળમાં જ્ઞાની પુરુષોને ભિક્ષા માગવાની છૂટ આપવામાં આવી હતી, કે જેથી તેઓને જ્ઞાન માટે પૂરતી ફુરસદ રહે અને તે જ્ઞાન બીજાને આપી શકે; અને લોકો પણ વિદ્વાન સંન્યાસીઓની તન, મન અને ધનથી સેવા કરતા. વિદ્યાની કિંમત આપ્યા વગર વિદ્યા મળશે નહિ. ખરા સ્વરાજ્યમાં બધા પ્રકારના માણસ જોઇએ. જ્ઞાન આપનાર, રાજ્ય કરનાર, રાજ્ય નભાવવા માટે પૈસા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપનાર અને સેવા કરનાર પણ રહેવા જોઇએ.

રાષ્ટ્રીય શિક્ષણમાં એવું શિક્ષણ અપાવું જોઇએ કે જેનાથી માણસ પોતે સ્વતંત્ર વિચાર કરી શકે, બીજાઓને સારા વિચાર આપી શકે, પોતે પોતાનો ગુરુ થઈ શકે, ખોટે રસ્તે દોરવાય નહિ, પોતાના સ્વભાવ ઉપર સંયમ રાખે, મુશ્કેલીમાં ગભરાય નહિ અને નવો રસ્તો કાઢી શકે. ખરા સ્વરાજ્યમાં દેશના મોટા ભાગમાં રહેતા ગરીબ લોકોમાં ધન વધવું જોઇએ; એટલું જ નહિ પણ વિદ્યાકળા તે કરતાં પણ વધારે વધવી જોઇએ. વિદ્યાકળા પણ એવા પ્રકારની જોઇએ કે જેથી માણસ પોતાના આત્માને ઓળખી તેની શક્તિનો અનુભવ લઈ શકે, તેના આનંદમાં મસ્ત રહી શકે. શ્રીકૃષ્ણે અર્જુનને ગીતામાં કહેલું છે કેઃ--

श्रेयान् द्रव्य मयाद्यज्ञात् ज्ञानयज्ञः परंतप।

હે અર્જુન! દ્રવ્ય વગેરે યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે.

આત્મજ્ઞાનની જરૂરજ ન હોય તો અંગ્રેજી ઘોરણે રાજ્યવ્યવસ્થા કરવામાં હરકત નથી. આત્મજ્ઞાન માટે સત્ત્વગુણની જરૂર છે અને સત્ત્વગુણ રજોગુણને દાબ્યા વગર ઉત્પન્ન થતો નથી. જે જ્ઞાન શાંત મનમાં ઉત્પન્ન થાય છે, તે જ્ઞાન ઇચ્છા અને રાગદ્વેષવાળા મનમાં ઉત્પન્ન થતું નથી. રજોગુણમાં એક એ લાભ છે કે, તે તમોગુણી સ્વભાવને સુધારે છે, પણ એક એવો દુર્ગુણ છે કે તે સાચા જ્ઞાનને અટકાવે છે; તેથી હાલના પ્રવૃત્તિમય રજોગુણી વાતાવરણમાં હલકા લોકોનું જીવન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે સારૂ થવાનો સંભવ છે; પણ તે વાતાવરણ વિદ્વાનોને આત્મવિકાસમાં વિઘ્નરૂપ છે; તેથીજ એમ કહેવાય છે કે, આ કાળમાં મોક્ષ મળવો દુર્લભ છે. હાલ જ્ઞાનની કિંમત નથી. પૈસાની અને કર્મની કિંમત છે; છતાં કર્મમાં ઘણે ઠેકાણે નિષ્ફળતા જોવામાં આવે છે તેનું કારણ તે કર્મ જ્ઞાનવગરનું હોય છે. જ્ઞાની માણસ કર્મ કેમ કરવું તે જાણે છે, તેનો રસ્તો બતાવી શકે છે. પોતે ક્રિયામાં આસક્ત ન હોવાથી ઘણાં કર્મ કરતો નથી, છતાં તેના થોડા કર્મનું પરિણામ ઘણું આવે છે.

ખરૂં સ્વરાજ્ય તેજ કહેવાય કે જેમાં રાજાને રાજ્ય કરવામાં કાંઈ મહેનત પડે નહિ, જ્યાં લોકો પોતાના ધર્મ સમજી પોતાનું જીવન પોતાની મેળે સુધારતા રહે, જ્યાં જ્ઞાન એટલું ફેલાયેલ હોય કે ગમે તેવા પ્રસંગમાં સાચું શું, ખોટું શું, એ દરેક માણસ સમજી શકે; બીજાને દુઃખી કર્યા વગર પોતે સુખ લઈ શકે અથવા પોતે દુઃખી થાય તોપણ બીજાને સુખી જોઈ પોતાને સુખી માને. આવા સંજોગોમાં જનક જેવા જ્ઞાની રાજ્ય કરી શકતા. આવા સ્વરાજ્ય-માટે કેળવણીમાં મોટો ફેરફાર થવો જોઇએ. પહેલાં તો રાજાઓએજ અથવા તેમના નોકરોએજ પ્રમાણિકતા અને પ્રેમનાં દૃષ્ટાંત દેખાડવાં જોઇએ કે જેની પ્રજા ઉપર અસર થાય. લોકો એટલા સુધરવા જોઈએ કે તેમના ઉપર રાજ્ય કરવાની જરૂરજ લાગે નહિ, અને તેથી બહુજ થોડા ખર્ચે રાજ્ય કરી શકાય. મોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લશ્કરની જરૂર રહે નહિ અને તેથી તેમાંથી જે પૈસો બચે તે લોકોને જ્ઞાન આપવામાં ખર્ચાય. બધા સુધારા આવી રીતે થાય. સુધારાને નામે કમીશન નીમાય, કમીશનના મેમ્બરો માત્ર કાયદા વધારે, લોકોની માગણીઓ સમજવા પ્રયત્ન ન કરે, અથવા માત્ર સ્વાર્થનોજ વિચાર કરે ત્યાં બધા સુધારાની આશા રાખી ન શકાય. સાયન્સની નવી નવી શોધથી પૃથ્વીના બધા દેશો બહુ નજીક આવતા જાય છે, અંતર ઓછું થતું જાય છે અને થોડાં વર્ષમાં એવો વખત આવશે કે જ્યારે બધા દેશો એક દેશરૂપ થઇ જશે. તે વખતે જૂના કાયદા અને રાજ્યની જૂની પદ્ધતિઓ કામ લાગશે નહિ અને યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાની માફક કદાચ પૃથ્વીનું સંયુક્ત રાજ્ય ઉભું કરવાનો પ્રસંગ આવે. એશિયા અને યૂરોપ વચ્ચે લગ્નનો રિવાજ તો શરૂ થઇ ગયો છે. આવાં ચિહ્નો નવુંજ જીવન ઉત્પન્ન થવાની તૈયારી બતાવે છે. હરીફાઇની જગ્યાએ સહકાર ઉત્પન્ન થઇ શકે, પણ તે પહેલાં પ્રજામાં જ્ઞાન ફેલાવવું જોઇએ.

હાલના સંજોગોમાં મુડીવાળા અને મજુરીવાળા પોતપોતાના સ્વાર્થમાં પડેલા છે. તેને અંગે હરીફાઇ વધી ગઇ છે અને ઘણા લોકોને દુઃખી કરી થોડા લોકો સુખી થવા મથે છે. તેના પરિણામમાં નીતિ અને વિદ્યા જતી રહે છે. મુડીવાળા અને મજુરીવાળાનો ઝગડો ત્યારેજ મટશે કે જ્યારે બન્નેમાં સેવાભાવ આવશે. તે સિવાય લડાઇ બંધ થશે નહિ અને સુલેહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થીંગડાથીજ–એટલે ક્ષુદ્ર કરારનામાથીજ થોડો વખત નભશે, શાંતિ નિત્ય રહેશે નહિ. જ્યારે સેવાભાવ ઉત્પન્ન થશે, જ્યારે બન્ને એકબીજાના હિતનોજ વિચાર કરશે, ત્યારે પૃથ્વી ઉપર નવું સ્વર્ગ આવશે. તે સ્વર્ગમાં બધા માણસો બધા માટે બધું આપશે; કારણ કે સૌનું જીવન પ્રેમ અને નીતિથી ચાલશે. ગરીબાઇ માણસે ઉત્પન્ન કરેલી છે. જેને ભગવાનમાં શ્રદ્ધા છે તેને બધું મળે છે. જેઓ નિરાધાર છે તેનો આધાર ભગવાન છે. તે આપણને મદદ કરે, આપણે બીજાને મદદ કરીએ અને બીજા તેની અને સૌની સેવા કરે એટલે સાચો સંપ જામે અને જીવન એકસૂર થાય.

પણ જ્યાંસુધી આવો સહકાર ઉત્પન્ન ન થાય ત્યાંસુધી હરીફાઇ ચાલવાની અને તેને અંગે અશાંતિ પણ રહેવાની. તેવા સંજોગોમાં શસ્ત્રહીન પ્રજાને માટે અસહકાર એ એક પ્રકારનો તાત્કાલિક ઉપાય છે; પણ માત્ર અસહકારથી બરું સ્વરાજ્ય પ્રાપ્ત થશે નહિ. તેનાથી મુડીવાળાની બુદ્ધિમાં ફેરફાર થશે અને તે પછી બન્ને વચ્ચે સહકાર કરવો પડશે. તે સહકારથી ધર્મ નામનો પુરુષાર્થ ઉત્પન્ન થશે. સુધારા કરવામાં માત્ર વર્તમાનકાળનોજ વિચાર કરવાનો નથી. મનુષ્યજીવન નિરંતર સુધરતું રહે તેવી રાજ્યપદ્ધતિ હોય તે સ્વરાજ્ય કહી શકાય–એટલે કે કોઇ જીવને દ્વેશાભિમાન છોડી પ્રભુભાવ પ્રાપ્ત કરવો હોય તોપણ તેમ કરવાની તેને પૂરી સ્વતંત્રતા આપવી જોઇએ. ૧૯૧૪–૧૭ ની લડાઇમાં યૂરોપના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણા વિદ્વાન માણસોની આહુતિ આપવી પડી હતી.

સ્વરાજ્ય માટે લોકમાન્ય તિલક મહારાજને આત્મ-સાક્ષાત્કારનો માર્ગ છોડવો પડ્યો હતો; પણ મહર્ષિ અરવિંદ ઘોષે, આત્મસાક્ષાત્કાર માટે રાજદ્વારી ચળવળ છોડી હતી, અને મહાત્મા ગાંધીજી રાજકીય ચળવળ-દ્વારા આત્મસાક્ષાત્કારની આશા રાખે છે.

આધ્યાત્મિક માણસ માણસના બનાવેલા કાયદા માનશે નહિ. તે માત્ર અંદરથી મળતા પ્રભુના આદેશ પ્રમાણે ચાલશે અને તે પ્રમાણે વર્તવાની તેને છૂટ જોઈએ. હાલની રાજ્યપદ્ધતિ એમ હુકમ કરે છે કે, મનુષ્યનું ગમે તે થાય પણ રાજ્યનું ભલું થવું જોઈએ; તેથી પ્રજા-તરીકે દરેક મનુષ્યે બધા સંજોગોમાં રાજ્યને તાબે રહેવું જોઇએ. ત્યાં એમ મનાય છે કે, પ્રજા કરતાં રાજ્ય વધારે મોટું છે. આ ભાવે વર્તમાનકાળમાં જોર કર્યું છે. તે કહે છે કે, જીવે સમસ્ત સમાજના લાભ માટે પોતાના જીવનનો ભોગ આપવો.

રાજ્યપદ્ધતિનો હેતુ શો છે તે તરફ ખાસ ધ્યાન રાખવું જોઇએ. એટલું તો જણાઇ આવે છે કે, વર્તમાન-કાળમાં બધા દેશના માણસોની પોતાના દેશપ્રત્યે લાગણી એટલા માટે રહે છે કે તેથી અર્થપ્રાપ્તિમાં વિઘ્ન આવે નહિ. તેથીજ પોતાના આર્થિક સ્વાર્થ માટે બીજા દેશોની પ્રજા ગરીબ થઇ જાય, ખોટા વ્યસનમાં પડે, તોપણ તેની દરકાર કરતા નથી.

નિશાળના વિદ્યાર્થીને ડગલો પહેરાવીને એમ કહેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, તારે આ ડગલા કરતાં મોટા થવું નહિ એ મૂર્ખાઇ છે. રાજનીતિ એવી ન જોઇએ કે, માણસના વિકાસને અટકાવે. માણસમાં ઉત્તમ ગુણ આવવા જોઇએ, સમાજજીવન પણ તે પ્રમાણે ફરવું જોઇએ અને રાજ્યપદ્ધતિ પણ તે પ્રમાણે ફરવી જોઇએ.

પણ સાયન્સની શોધથી બધા દેશો એકબીજાની નજીક એટલા આવી ગયા છે કે તેઓની દાંભિક રાજનીતિ ખુલ્લી થવા લાગી છે. અર્થપ્રાપ્તિના મદમાં ઉછરેલ મુડીવાળાની સામે મજુરીવાળા થયા છે અને તેની અસર બધા દેશોપર થવા લાગી છે. જૂદી જૂદી પ્રજાઓએ સંપથી રહેવાનો વખત નજીક આવી ગયો છે.

પણ આ સંપ બહારનાં સાધનથી નભશે નહિ. તે માટે માણસનાં મન ફરવાં જોઇએ. માણસનાં મન ફર્યા વગર પ્રજાસંઘ જેવી સંસ્થા પણ બહુ ઉપયોગી થઇ શકે નહિ. તેને માટે ધર્મ તરફ વૃત્તિ વળવી જોઇએ. યૂરોપમાં એક વખત પોપની સત્તા રાજા કરતાં પણ વધારે હતી; પણ ધર્મના વિકાસ વાસ્તે અનુકૂળ સંયોગો ન હોવાથી તે સત્તા રાજ્યસત્તાથી દબાઇ ગઈ. આ પૃથ્વીના લોકોમાં સંપ કરવા માટે ધર્મની ખાસ જરૂર રહેશે. નવા પ્રકારનો ધર્મ ઉત્પન્ન થવો જોઇએ. હવે જૂના વાડા ચાલશે નહિ. તે માટે કોઇ મહાન પુરુષમાં દિવ્ય આત્મતેજ પહેલાં આવવું જોઇએ કે જે તેજથી તેની છાપ પૃથ્વીનાં ઘણાં માણસો ઉપર પડે અને તેમનાં દિલ વશ થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર લડાઇનાં બહારનાં સાધન બંધ કરવાથી સંપ થશે નહિ. માણસના બનાવટી કાયદાથી સુલેહશાંતિ નભશે નહિ. જૂદાં જૂદાં રાજ્યોના પ્રમુખોની ખુરશી ઉપર ઋષિ એટલે સત્યદ્રષ્ટા બેસવા જોઇએ. તેની અસરથી માણસના વિચારોમાં ફેર પડવો જોઇએ. જેમ જેમ માણસોના જીવનમાં નીતિ, ધર્મ વગેરે દાખલ થતાં જાય, તેમ તેમ રાજ્ય કરવું બહુ સહેલું થતું જાય. ઝાઝા કાયદાથી મનુષ્યજીવન બહુ વ્યવસાયવાળું બને છે, અને વ્યવસાયવાળા જીવનમાં આત્મવિકાસ થતો નથી.

જ્યાંસુધી માણસનાં મન સુધર્યાં નથી, ત્યાંસુધી કાયદાની મદદથી સુલેહશાંતિ રાખવી પડશે. તે કાયદામાં શુદ્ધ હેતુ હોવા જોઇએ. અંતે કાયદા રદ થવા જોઇએ. મોટા દેશોના પ્રમાણમાં અમેરિકામાં નિઃસ્વાર્થ બુદ્ધિ છે તેથીજ ૧૯૧૪–૧૭ ની લડાઇનો અંત તેની મદદથી આવ્યો હતો. ભવિષ્યમાં પણ કદાચ તેની સલાહ વધારે ઉપયોગી થાય; કારણકે નિઃસ્વાર્થી દેશ તરફ સૌને ભાવ રહે છે. પણ અમેરિકામાં પણ ધર્મના પૂરા ફણગા ફુટયા નથી. તેનું જીવન વ્યવસાયવાળું હોવાથી ત્યાં ઉત્તમ ભાવ મોટા પ્રમાણમાં ઉગતા નથી. તેવા જીવનની અસર રાજ્યકર્તા ઉપર થાય છે, તેથી બ્રાહ્મણના શુદ્ધ ધર્મો એટલે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, તપ, યોગ વગેરે ખીલતાં નથી. તેની જગ્યાએ વૈશ્ય અને શૂદ્રના ધર્મોથી મુડીવાળા અને મજુરીવાળાની બે નાતો ઉભી થયેલ છે. આગલા કાળમાં વૈશ્ય અને શૂદ્રની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃત્તિઓ બહુ જોર કરી શકતી નહોતી; કારણ કે પ્રજામાં જ્ઞાની પુરુષોનું માન હતું.

પૃથ્વીની શાંતિ માટે પ્રજાસંઘ સ્થાપેલ છે, પણ તેના કાયદા પળાવવા જેટલી તેનામાં શક્તિ નથી. જો બહારનાં લડાઈનાં સાધનથી તે શક્તિ રાખે તો તેની સત્તાથી કેટલાક દેશો એટલા દબાઇ જાય કે સ્વતંત્રતાને સ્થાને નવી પરતંત્રતા ઉત્પન્ન થાય. શાંતિમાં સુખ મળે છે, પણ માત્ર ભૌતિક સુખથી પ્રજાને લાભ નથી. હિંદમાં જેમ અંગ્રેજી રાજ્યથી શાંતિ મળી છે, તેમ તે શાંતિથી બીજી કેટલીક હાનિ પણ થઇ છે. તેના સંસ્કારની અસરથી અહીંની સમાજવ્યવસ્થા અને તેમાં રહેલ કેટલીક સારી પ્રણાલિકા તૂટી ગઇ છે. તેથી એક મોટા રાજ્ય કરતાં ઘણાં નાનાં રાજ્યોનો સંઘ આત્મોન્નતિમાં વધારે ઉપયોગી થઇ શકે. હાલના સંજોગોમાં મોટા કુટુંબના માણસોને આત્મવિકાસમાં બહુ વિઘ્ન નડે છે. મોટા કુટુંબમાં સામાન્ય જીવન બહુ હલકું રહે છે અને બધી વ્યક્તિઓ વ્યવસાયવાળી રહે છે. નાના કુટુંબમાં કેટલાક મોટા કુટુંબના ફાયદા નથી રહેતા; પણ તેમાં બુદ્ધિશાળી માણસો નીપજવાનો વધારે સંભવ છે. પ્રાચીનકાળમાં જ્યારે મોટાં સંયુક્ત કુટુંબ હતાં ત્યારે જીવન વ્યવસાયવાળું નહોતું. હાલના સંજોગોમાં નાનાં કુટુંબ વધારે તેજસ્વી થઇ શકે છે. તેજ પ્રમાણે નાનાં રાજ્યોમાં રહેલ માણસો વધારે સારા થઇ શકશે, તેથીજ પ્રાંતોને સ્વરાજ્ય આપવાની પહેલી જરૂર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંગ્લાંડની રાજ્યપદ્ધતિજ એવી છે કે, યૂરોપમાં કે એશિયામાં કે આફ્રિકામાં કોઇ મોટું રાજ્ય ઉત્પન્ન થાય તો થવા ન દેવું. આવી રાજનીતિ કદાચ નાનાં નાનાં રાજ્ય લેગાં કરવામાં અંતે બહુ ઉપયોગી થાય. જેમ હિંદમાં મોટાં દેશી રાજ્યો હતાં ત્યારે અશાંતિ રહ્યા કરતી હતી અને જ્યારે ઘણાં નાનાં રાજ્યો થયાં ત્યારે કોઇ પોતાનું માથું ઊંચું કરી શકતું નથી અને તેથી સૌને એકસંપથી રહ્યા વગર ચાલતું નથી; તેવીજ રીતે આ પૃથ્વી ઉપર એમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સનાં નાનાં રાજ્યોની માફક પૃથ્વીનાં યુનાઇટેડ સ્ટેટ્સ થાય તો તે અસંભવિત નથી.

અંગ્રેજી રાજ્ય આવ્યા પહેલાં ગામડાંઓમાં કેળવણીનાં બહુ સારાં સાધન હતાં. ગામડાના માણસો ગામડાના શિક્ષકોને સારૂં માન આપતા અને શિક્ષકો પણ તેના બદલામાં ખેડુતો પાસેથી અનાજ લેતા. તેટલું અનાજ વધારે ઉત્પન્ન કરવામાં તેમને કાંઇ મહેનત પડતી નહિ. આ પ્રમાણે કેળવણી સસ્તી હતી. હાલ શિક્ષકોનો પગાર રોકડા રૂપિયામાં આપવો પડે છે અને ગરીબ ખેડુતો પાસે ફાજલ રકમ રહેતી નથી; તેથી ખેડુતો પણ પોતાનાં છોકરાંને કેળવણી આપતા નથી. કમાણી અને કેળવણીના અભાવે કેટલાક માણસો શહેરોમાં વસવા લાગ્યા અને ગામડાંમાં રહેવાનાં સાધન ઓછાં થયાં. સાદું જીવન ગાળવાવાળા માણસોને હજુ ગામડાની પડતર જમીનમાંથી નિર્વાહ મળી શકે તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; પણ કેળવણીનાં સાધન પાછાં ગામડાંમાં દાખલ થાય તો ગામડાં પાછાં સજીવન થવાનો સંભવ છે. વળી ગામડાંનું જીવન વધારે કુદરતી હોવાથી આધ્યાત્મિક ભાવને પોષણ આપે છે. શહેરોમાં નાટક, સીનેમા, ન્યુસપેપરો, સુંદર પોશાક વગેરે જોવામાં આવે છે; પણ આ વસ્તુઓ આધ્યાત્મિક ભાવને પોષણ આપતી નથી. ખરૂં સુખ નિરપેક્ષિત છે. જે સુખ માટે કોઇ વસ્તુની જરૂર ન રહે તે સ્વાભાવિક છે, નિત્ય છે; તે આત્મામાંથી મળે છે. સરકાર મિલ્કત ઉપર કર નાખી શકે છે, આત્મા ઉપર કર નાખી શકતી નથી.

આગળ જણાવ્યું તેમ માત્ર બહારની રચનાથી કાર્યસિદ્ધિ થશે નહિ. પૃથ્વીમાં માન્ય થાય એવો ધર્મ ઉત્પન્ન થવો જોઇએ અને તેને જોર આપે તેવી એક અથવા વધારે વ્યક્તિ ઉત્પન્ન થવી જોઇએ. તેનાથી માણસ માણસ વચ્ચે પ્રીતિ થવી જોઇએ, બધાને પ્રભુરૂપ જોવા જોઇએ, અહંકારી જીવન નબળું થવું જોઇએ, સેવાભાવ વિકાસ પામવો જોઇએ, છતાં વ્યક્તિના વિકાસને તે આડે આવવો જોઇએ નહિ; કારણકે માત્ર સેવાના વિચારથી પણ પૂર્ણતા મળતી નથી. માણસને જેમ બને તેમ ઉંચા સંસ્કાર અને તેની સાથે ઓછાં બંધન હોવાં જોઇએ. ત્યારેજ ખરૂં સ્વરાજ્ય શરૂ થશે.

કાંઇક અંશે ધર્મના સંસ્કાર જણાતા જાય છે. સો વર્ષ પહેલાંના જીવનમાં અને આજના જીવનમાં ફેર પડેલો છે, છતાં માણસનો મૂળ દોષ નાબુદ થયો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસમાંથી અહંકાર ગયો નથી. જેનામાં સ્વદેશાભિમાન રહે છે તેનામાં સમભાવ આવતો નથી; જેનામાં સમભાવ આવતો નથી તેનામાં ભ્રાતૃભાવ આવતો નથી; ભ્રાતૃભાવ વગર જગતમાં શાંતિ રહેશે નહિ. ખરા સ્વરાજ્યમાં પ્રજામાં સમભાવ અને ભ્રાતૃભાવ આવવા જોઇએ. ત્યારેજ માણસનો આત્મા જાગ્રત થાય છે, પૃથ્વી ઉપર સ્વર્ગ આવે છે, સત્યયુગ શરૂ થાય છે. ગમે તેવી મુશ્કેલી હોય તોપણ આ આદર્શ ભૂલવા જોઈએ નહિ, નહિતર ખરૂં સ્વરાજ્ય મળશે નહિ.

આ ઉપરથી એમ સમજવાનું નથી કે, જે માણસને પોતાના દેશનું અભિમાન ન હોય તે પોતાના દેશનું ભલું કરી શકે નહિ. ખરી રીતે તો હિંદમાં જે જે વખતે સારા સંસ્કાર ઉત્પન્ન થયા છે, જેનાથી માણસનાં જીવન સુધર્યાં છે તે ફેરફાર નિરભિમાની પુરુષોએજ તે તે વખતે કરેલા છે. નિરભિમાની પુરુષોજ ખરા કર્મયોગી થઈ શકે છે. મહાત્મા ગાંધીજીની મોટાઇ તેમની દીનતામાં છે. અંગ્રેજી રાજ્ય સામે થવામાં તે અંગ્રેજી પ્રજા ઉપર પ્રેમ રાખી શકે છે અને તેથી બીકવગર લડી શકે છે. બીક મૂકવાથી વ્યાવહારિક સ્વરાજ્ય મળે છે, અભિમાન મૂકવાથી પારમાર્થિક સ્વરાજ્ય મળે છે. બીક અને અભિમાન મૂકવાથી બરૂં સ્વરાજ્ય મળે છે. તેમાં સાહસ છે, જોખમ છે; પણ સાહસ અને જોખમને રસ્તેજ મુક્તિ છે.

સ્વરાજ્ય માટે દરેક જાતની ચળવળમાં ઐક્યની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ જરૂર રહે છે. અસહકાર પણ ઐક્ય વિના અસર કરી શકતો નથી. ઐક્યની ઉપયોગિતા દેશના કેટલાક નેતાઓ પૂરી સમજતા નથી અને જાહેર પત્રોમાં કેટલીક વાર એકબીજાના દોષ કાઢે છે, તેથી દુશ્મનોને નવું હથિયાર મળે છે. પરદેશ સાથે રાજનીતિની ચર્ચા થાય ત્યારે આ દેશના માણસોએ એકસંપથી એક અવાજ કાઢવો જોઇએ. અહીંના મતભેદ શત્રુઓને દેખાડવામાં લાભ નથી.

જ્યારે મતભેદ ઉત્પન્ન થાય એવા સંજોગો હોય ત્યારે દેશના નેતાઓએ, અભિમાન મૂકી એકબીજાને રૂબરૂ મળીને મતભેદ ઓછો કરવાની જરૂર છે. જ્યારે તેમનો મતભેદ જાહેર પત્રોમાં આવે છે ત્યારે લોકોનાં મન પણ સ્થિર રહેતાં નથી. વળી સ્વરાજ્ય એ કાંઇ ઝાડ ઉપર ઉત્પન્ન થયેલ તૈયાર ફળ નથી. તે માટે સમાજમાં, કેળવણીમાં, વ્યવહારમાં, રીતભાતમાં વગેરે ઘણા પ્રકારે જીવન ફેરવવું જોઇએ. જે લોકોના હાથમાં સત્તા છે તે વિઘ્ન નાખ્યા કરે તોપણ તેની દરકાર કર્યા વગર આગળ વધવું જોઇએ. થોડાક સુધારા કરી નેતાઓની બુદ્ધિમાં ભેદ કરવો એ અંગ્રેજી રાજનીતિ છે. કોઇ પણ રીતે અહીં અંદર અંદર નેતાઓમાં ભેદ ન થાય એવી નીતિ અહીં રાખવી જોઇએ અને પ્રજાએ તે ભેદ ઉપર વધારે લક્ષ આપ્યા વગર અધિકાર પ્રમાણે સૌએ દેશસેવામાં પોતાનો ભાગ આપવો જોઇએ.

જ્યારે પ્રજામાં ડહાપણ આવે છે ત્યારે હાલ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવી રાજનીતિની જરૂર રહેતી નથી. ડાહ્યો માણસ પોતેજ રાજા છે. તેને પોતાના બચાવ માટે લશ્કરની જરૂર નથી, કારણકે તે બધાને ચાહે છે; તેને કોઇને લાંચ આપવાની જરૂર પડતી નથી, કારણ કે તે ઓછા પરિગ્રહથી રહી શકે છે; તેને અનુકૂળ સંજોગો જોઇતા નથી, કારણ કે તેને બધા સંજોગો અનુકૂળ છે; તેને લાયબ્રેરીની જરૂર નથી, કારણ કે તે સત્ય જાણે છે; તેને મંદિરની જરૂર નથી, કારણ કે પોતેજ મહાત્મા છે; તેને કાયદાની જરૂર નથી, કારણ કે તે પોતે કાયદા બનાવી શકે છે; તેને પૈસાની જરૂર નથી, કારણ કે તેનું જીવનજ કિંમતી છે; તેને રસ્તાની જરૂર નથી, કારણ કે તે જ્યાં જાય ત્યાં તેનું ઘર માને છે; તેને ખાસ અનુભવની જરૂર નથી, કારણ કે પરમાત્માની પ્રેરણા પોતામાંથી નીકળ્યા કરે છે; તેને મિત્રોની જરૂર નથી, કારણ કે તેના જીવનની મીઠી સુગંધથી બીજા માણસ તેના તરફ આકર્ષાઇ આવે છે. જ્યારે આવા માણસો ઘણી સંખ્યામાં તૈયાર થાય ત્યારે સ્વરાજ્યનો નવો અર્થ કરવો પડે. જે કાળે જે દેશમાં જેવા માણસો હોય ત્યારે ત્યાં તેવું રાજ્ય ઉત્પન્ન થાય છે. છતાં દરેક દેશમાં, દરેક કાળે થોડા ડાહ્યા માણસો જરૂર હોય છે અને તેઓની અસરથી સામાન્ય માણસનું જીવન સુધરે છે.

હાલ આ દેશમાં સ્વરાજ્યનો આદર્શ ખાસ કરીને ગરીબાઇ દૂર કરવામાં રહેલ છે. તે કામ પણ જરૂરનું છે. દેશમાં અતિશય ગરીબાઇ હોય ત્યારે પણ જીવનના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિકાસમાં વિઘ્નો આવે છે; કારણ કે નબળા શરીર અને નબળા મનમાં શુદ્ધ આત્મા કામ કરી શકતો નથી, પણ ખરા સ્વરાજ્યમાં બધા પ્રકારનું જીવન સુધરવું જોઇએ, તેને માટે વેપારી બુદ્ધિવાળી રાજનીતિ અથવા મજુર-વર્ગની બુદ્ધિવાળી રાજનીતિથીજ સુધારા કરવા ઠીક નથી. ડાહ્યા અને આત્મજ્ઞાની પુરુષોની બુદ્ધિ શું કહે છે તે પણ સમજવું જોઇએ.

મોક્ષ અને સ્વરાજ્યનો રસ્તો લગભગ એકસરખો છે. જેમ મોક્ષ મેળવવા માટે, પોતાની પ્રકૃતિ અને ઇંદ્રિયોની માગણીઓ સાથે અસહકાર કરવો પડે છે અને અસહકારથી તે સ્વભાવ તાબે થયા પછી જ્ઞાનથી અને પ્રેમથી બધા વિરોધી ભાવની એકસૂરતા કરવી પડે છે, તેવીજ રીતે સ્વરાજ્ય માટે પહેલાં હલકી રાજ-નીતિ સાથે અસહકાર કરવો પડે છે અને તે અસહકાર-થી જ્યારે રાજનીતિ ફરે ત્યારે જ્ઞાનથી અને પ્રેમથી દેશના બધા વિરોધી ભાવની એકસૂરતા કરવી પડે છે. આવો સંપ પોતાના આત્મબળથી જે પુરુષ આ દેશમાં ઉત્પન્ન કરી શકશે તે ભવિષ્યના સ્વરાજ્યમાં ગવર્નર-જનરલ અથવા વડો પ્રધાન થઇ શકશે. જે માણસોને આ પદવી જોઇતી હોય તેમણે આ બાબત ખાસ ધ્યાનમાં રાખવાની છે. હિંદમાં ધર્મને નામે અને જ્ઞાતિને નામે ઘણા ભેદ થઇ ગયા છે. તે દૂર કરી શકે તેવા પુરુષોની જરૂર છે. ત્યારેજ ખરું સ્વરાજ્ય મળશે; પણ આવો સંપ આત્મજ્ઞાનવિના નભવો મુશ્કેલ છે, તેથી લોકોએ આત્મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાની પુરુષોની સેવા કરી તેમની સંખ્યા વધારવી જોઇએ. જેમ મોક્ષ માટે કેટલું કે દુઃખ ભોગવવું પડે છે, કેટલું કે જોખમ ખેડવું પડે છે, કેટલું કે સાહસ કરવું પડે છે; તેમ સ્વરાજ્ય માટે પણ દુઃખ ભોગવવું પડે છે, જોખમ ખેડવું પડે છે, સાહસ કરવું પડે છે. દુઃખ-વગર મેળવેલું સુખ, સુખ આપતું નથી; જોખમ વગર માણસની શક્તિ વધતી નથી; સાહસ વગર અલભ્ય લાભ મળતો નથી.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬ મું–મોક્ષ

आत्मलाभात् परो लाभो नास्तीति मुनयो विदुः ।

"આત્મલાભથી વધારે મોટો લાભ નથી એમ મુનિઓ જાણે છે."

જેમ સ્વરાજ્યનો પ્રશ્ન મુશ્કેલ છે અને જેવી દૃષ્ટિથી તે પ્રશ્ન સામું જોઈએ છીએ તેવો તે દેખાય છે, તેમ મોક્ષનો પ્રશ્ન પણ મુશ્કેલ છે; અને જેવી દૃષ્ટિથી તે પ્રશ્ન સામું જોઇએ છીએ તેવો તે દેખાય છે. શબ્દના અર્થ પ્રમાણે મોક્ષ એટલે મુક્તિ અથવા છૂટવું. પ્રાણીમાત્રને સુખની ઇચ્છા હોવાથી બધા પ્રકારનાં દુઃખથી કાયમને માટે છૂટવું એનું નામ મુક્તિ અથવા મોક્ષ.

દુઃખથી કાયમને માટે છૂટી શકાય તોજ મોક્ષ-માટે પુરુષાર્થ કરવો યોગ્ય લાગે. આ બાબત મુક્ત પુરુષના પોતાના અનુભવની હોવાથી જે પુરુષ મુક્ત હોય તેની દશા, જે માણસ મુક્ત ન હોય તે સમજી શકે નહિ. શ્રદ્ધા ઉપજવા માટે જે જે પુરુષો મુક્ત દશાને પામ્યા હોય તેમના અનુભવ સરખાવવા જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મ, અર્થ અને કામ, એ ત્રણ પુરુષાર્થ પણ સુખને માટે કરવામાં આવે છે; પણ તે સુખ કાયમ રહેતું નથી. મોક્ષનું સુખ મળવું મુશ્કેલ છે, પણ મળે છે ત્યારે કાયમ રહે છે. પુરુષાર્થના ફળમાં આ પ્રમાણે ફેર પડવાથી, મોક્ષ મુખ્ય પુરુષાર્થતરીકે મનાય છે. મનુષ્યજન્મ એટલા માટે દુર્લભ મનાય છે કે તે જન્મમાં પુરુષાર્થ કરે તો માણસ મુક્ત થઈ શકે છે. તેથી પહેલા ત્રણ પુરુષાર્થ સિદ્ધ ન થાય તોપણ ચોથો પુરુષાર્થ સિદ્ધ કરી શકે તે પુરુષોને હિંદમાં ઘણું માન અપાય છે.

અંગ્રેજી કેળવણીમાં ઉછરેલ જુવાનો એમ કહે છે કે, મોક્ષ માટે જે પ્રકારનો પ્રયત્ન થાય છે તે એક પ્રકારનું અભિમાન છે. પોતાના મોક્ષની એટલે સુખની ઇચ્છા કરવી તે કરતાં પોતે દુઃખી થઇને બીજાને સુખ આપવું એ અંગ્રેજી કેળવણી પ્રમાણે વધારે સારૂં જીવન મનાય છે. આ મતમાં પણ બીજાને સુખ આપવાથી અંતે પોતાને સુખ મળશે એવી ઇચ્છા તો રહેલી હોય છે. સ્ત્રીને સુખી રાખવાનું કારણ પણ એ છે કે તેનાથી પોતાને સુખ મળે. જે જે વસ્તુઓ પોતાને સુખ આપે તે પ્રિય લાગે છે. આ દૃષ્ટિથી જોતાં બીજાનું સુખ ઇચ્છનાર માણસ પણ ખરી રીતે પોતાનું સુખ ઇચ્છે છે અને તેમાં પણ એક પ્રકારનું અભિમાન રહે છે.

વળી અંગ્રેજી કેળવણીના ફળરૂપે જે સુખ મનાય છે તે સંસારનું સુખ છે. તે સુખ છે, પણ અ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિત્ય છે; તેથી ઘણા માણસનું ભલું કર્યું હોય તોપણ તે સુખ કાયમ રહેતું નથી.

એટલું ખરૂં છે કે, મોક્ષ માટે જે માણસ પુરુષાર્થ કરે છે તેને એકનેજ મોક્ષસુખનો લાભ મળે છે; પણ તે સુખ કાયમ રહેતું હોવાથી એક માણસને તો કાયમનું સુખ મળે છે. વળી તે માણસ બીજાને માટે મોક્ષનો રસ્તો બતાવતો જાય છે, તેથી બીજાને પણ આ મુશ્કેલ માર્ગ સરળ થાય છે.

પણ જે માણસ મોક્ષને માટે પુરુષાર્થ કરે છે તેને એકનેજ મોક્ષ મળે છે અને બીજા બંધનમાં રહે છે તે વાત પણ એક દૃષ્ટિથી સાચી નથી. ખરી રીતે જોતાં, માણસ માણસ વચ્ચેનો ભેદ, માણસ અને બીજા જીવ વચ્ચેનો ભેદ અને માણસ અને જગત વચ્ચેનો ભેદ વાસ્તવિક નથી; માણસની દૃષ્ટિથી તે ભેદ લાગે છે અને માણસની દૃષ્ટિ સાચી નથી. મુક્ત પુરુષ અભેદ જુએ છે અને અભેદભાવે રહે છે. તેથી જે પ્રશ્નો સામાન્ય માણસની દૃષ્ટિથી મુશ્કેલ લાગે છે તે પ્રશ્નો મુક્ત પુરુષ જ્ઞાનથી સરળ માને છે; કારણ કે તે પ્રશ્નો ખોટી દૃષ્ટિથી ઉત્પન્ન થયેલ હોય છે.

હિંદની વિદ્યાકળા પ્રમાણે ઘણા માણસને ઘણું સુખ આપવું તે સારૂં જીવન મનાતું નથી; પણ કાયમનું સુખ લેવું તે સારૂં જીવન મનાય છે તેથી તેની કિંમત ઘણી છે. અને તે સુખ લાયક માણસને મળે છે તેથી મોક્ષ એ પુરુષાર્થતરીકે મનાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મ, અર્થ અને કામ, એ ત્રણ પુરુષાર્થ સિદ્ધ કરનાર માણસો તાત્કાલિક ફળ માગે છે, તેનાથી સંતુષ્ટ રહે છે, તે લાંબા કાળનો કે ભવિષ્યનો વિચાર કરતા નથી. જે માણસ મોક્ષનો ચોથો પુરુષાર્થ સિદ્ધ કરવાની ઇચ્છા રાખે છે તે હમેશાં કાળનો વિચાર કરે છે. તે વિચાર માટે પૂરતો વખત લે છે અને તેને પરિણામે તે કાળને જીતે છે, મૃત્યુને પગ નીચે દાબી શકે છે.

એક મુશ્કેલી એવી નડે છે કે ઘણાને મોક્ષનો વિચાર આવ્યા પહેલાં પોતાનો સંસાર એટલે છોકરાં, સગાં વગેરે વધી જાય છે. તેઓને પોતાની જવાબદારી એટલી બધી ભારે લાગે છે કે મોક્ષનો વિચાર પણ કરી શકાતો નથી. આ સંજોગોમાં પણ દૃઢ માણસ તો પોતાનો રસ્તો કરી લે છે. સમજણ આવ્યા પછી છોકરાં વધે નહિ તેની સંભાળ રાખે છે. પોતાની સ્ત્રીને હમેશાં બોધ આપી એવી સુધારે છે કે તે વિઘ્નરૂપ થાય નહિ, કુરસદનો વખત આત્મચિંતનમાં ગાળે છે અને વ્યવહારમાં જેટલા વખતની ખાસ જરૂર હોય તેટલોજ ગાળે છે. આવા દૃઢ મનવાળા માણસની દૃઢતા આગળ તેના સંજોગો ફરી જાય છે, અને વહેલો કે મોડો તેનો રસ્તો ખુલ્લો થાય છે; એટલુંજ નહિ પણ તે પોતાના કુટુંબને પણ સારા સંસ્કાર આપતો જાય છે. જે માણસ પોતાના કુટુંબને વ્યાવહારિક લાભ આપે છે તે સમજે છે કે, હું મારા કુટુંબનું ભલું કરું છું; પણ આ સુખ લાંબો વખત નભતું નથી, તેથી ઉલટું જે માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના કુટુંબને મોક્ષનો માર્ગ બતાવી શકે છે તે તેનું વધારે ભલું કરે છે.

આત્મા જેવી કોઇ વસ્તુજ ન હોય તો જીંદગીના અંત સુધી વ્યાવહારિક લાભ શોધવામાં હરકત નથી; પણ આત્માને છોડી શકાય તેમ નથી. શરીર છૂટે ત્યારે પણ આત્માનો સંગ છૂટતો નથી. તેથી તેની મિત્રતા રાખવી એ દરેક માણસની પહેલી ફરજ છે. તે મિત્રતા કાયમ નભે છે. જેમ બીજી ફરજોનો વિચાર કરવો પડે છે તેમ આ ફરજનો પણ વિચાર કરવો જોઇએ.

આત્મસાક્ષાત્કારમાં ગુરુની જરૂર છે. ગુરુ એવા જોઇએ કે જેને આત્માનો અનુભવ હોય, જે પ્રાણી-માત્રને આત્મારૂપ જોતા હોય. તેમની સેવાથી તેમને પ્રસન્ન કરીને જે જ્ઞાન લેવાય તેનાથી શિષ્યનું કલ્યાણ થાય છે.

તે ઉપરાંત આત્માર્થી માણસમાં કાયમ ઉત્સાહ રહેવો જોઇએ. ગમે તેવાં વિઘ્ન આવે તોપણ નિરાશ થવું જોઇએ નહિ. એમ સમજવું જોઇએ કે, મનુષ્ય-જીંદગી એ એક પ્રકારનું યુદ્ધ છે. તે યુદ્ધમાં પોતાના સ્વભાવને જીતવાનો છે. કોઇ વખતે હાર મળે તેથી દબાઇ જવાનું નથી. હાર વખતે પણ બધા દોષને જીતનાર આત્મા તો હાજર હોય છે. તે નિત્ય છે તેથી તેની મદદ નિરંતર હાજર રહે છે. જે માણસ આત્માને ચાહે છે તેને આત્મા ચાહે છે.

આત્માના માર્ગમાં જીવને એકલા ચાલવું પડે છે. તેથી ઉત્સાહ મંદ પડવો ન જોઇએ અને શ્રદ્ધા દિન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતિદિન વધવી જોઇએ. અનુભવી પુરુષોના વાક્યમાં અને પોતાના ધર્મનાં શાસ્ત્રોમાં શ્રદ્ધા જોઇએ. શરૂઆતથી તર્ક કરવાથી નકામી મુશ્કેલી ઉભી થાય છે. કાંઇક જ્ઞાન મળ્યા પછી તર્ક કરવાથી ફાયદો થાય છે.

કેટલાક તાર્કિક માણસ કહે છે કે, માણસ જેવો વિચાર કરે છે તેવો થઈ જાય છે. તેથી તેને પોતાની કલ્પનાનું સુખ માને છે, આત્મા કોઇએ દીઠો નથી. આ મતમાં ચોખ્ખી સમજણ રહેલી હોતી નથી. જે સુખ મળે તે કાયમ રહેતું હોય તો ઈચ્છવા જેવું છે. કાળથી તેની પરીક્ષા કરવી જોઇએ. વળી આત્મા બીજી વસ્તુઓની માફક દેખાય તેવો નથી, બીજી વસ્તુઓની માફક મેળવાય તેવો નથી, તેનો સ્વભાવ વિલક્ષણ છે.

જૈન ધર્મમાં કહે છે કે, જગતનો કોઇ કર્તા નથી; વૈષ્ણવ ધર્મવાળા કહે છે કે, જગતનો કર્તા છે. બન્ને સાચા છે. આત્માની ક્રિયા વિલક્ષણ છે. માણસ જેમ પોતાના કર્મથી બંધાય છે, તેમ પરમાત્મા પોતાના કર્મથી બંધાતા નથી; તેથી તે કર્તા છતાં અકર્તા છે. અકર્તા હોવાથી તેનો અનુભવ સામાન્ય જ્ઞાનથી થતો નથી. બહારની ઇંદ્રિયોના અનુભવમાં તે આવતો નથી. જે વૃત્તિ અંતરાત્મા તરફ વળે છે, તેનાથી તે અનુભવમાં આવે છે. તેથી વૃત્તિઓને બહાર જવા દેવી જોઇએ નહિ.

તે માટે શરીરના તમોગુણી ધર્મ, પ્રાણના રજોગુણી ધર્મ અને મનના સત્ત્વગુણી ધર્મ જીતવા જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરનું જડપણું, શંકા, ભય, આવરણ, હઠ, ક્ષુદ્રતા, આળસ, ટેવ ફેરવવાનો અણગમો વગેરે તમો-ગુણી સ્વભાવ દૂર કરવા જોઈએ, કે જેથી આત્માનો આનંદ શુદ્ધ શરીરમાં રહી શકે.

પ્રાણની ઇચ્છા, વાસના, તેની માગણી, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, સત્ય તરફ તિરસ્કાર વગેરે દૂર કરવાથી પ્રાણ શુદ્ધ થાય છે. તેમાં આત્માની શક્તિ આવી રહે છે.

મનની કલ્પના, વિચાર, મત, આગ્રહ, પસંદગી, અભિમાન, દંભ વગેરે મૂકવાથી મન શુદ્ધ થાય છે અને શુદ્ધ મનમાં આત્માનું જ્ઞાન પ્રવેશ કરે છે.

જેમ જેમ આત્માનો આનંદ, આત્માની શક્તિ, આત્માનું જ્ઞાન પોતાની અંદર આવતા જાય; તેમ તેમ પોતાનો પ્રયત્ન ઓછો કરવો. પોતાના પ્રયત્નની કાંઈ કિંમત નથી એમ સમજી આત્માનો અનુભવ વધારવો; પણ જ્યાંસુધી આત્માનો અનુભવ ન મળે ત્યાંસુધી ઉપર કહ્યા પ્રમાણે પોતાના દોષ દૂર કરવા જેટલો પ્રયત્ન સતત કરવો જોઈએ. આ માર્ગ કર્મયોગીને માટે છે.

ભક્તિયોગમાં કેટલાએક ભક્ત પોતાની સાધના ઉપર આધાર રાખે છે. તે માળા, જપ, પૂજા, પાઠ, દર્શન, શ્રવણ, ધ્યાન, કીર્તન વગેરે કરે છે.

આ સાધનો પણ એકનિષ્ઠા અને અનન્યભાવથી થાય તો સાધકને મનુષ્યભાવથી છોડાવી શકે છે. મન એકાગ્ર કરવા માટે અને પ્રભુનો સગુણભાવે અનુભવ કરવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સાધનો ઉપયોગી છે. સામાન્ય રીતે પ્રભુ, મન અને ઇંદ્રિયોથી થતી સાધનાથી અનુભવમાં આવતા નથી; પણ જ્યારે સાધકમાં અનન્યભાવ અથવા નિઃસાધનભાવ આવે છે, જ્યારે તેને પ્રભુ સિવાય કાંઇ જોઇતું નથી ત્યારે પ્રભુ પોતે કૃપાથી સગુણભાવ ધારણ કરે છે, કે જેથી સાધકના સગુણભાવને સંતોષ થાય. અથવા બીજી દૃષ્ટિથી એમ પણ કહી શકાય કે, ભક્ત ભગવાનને ઉત્પન્ન કરે છે. એમ કહેવાય છે કે, જે કૃષ્ણ ગોપીઓની સાથે રમ્યા હતા તે દેવકીજીના ગર્ભમાં જન્મ્યા ન હતા; પણ દરેક ગોપીના વિરહાગ્નિમાંથી દરેક ગોપી માટે એક એક કૃષ્ણ ઉત્પન્ન થયા હતા અને ગોપીઓને સર્વાત્મ-ભાવ આપી ત્યાંજ અંતર્ધાન થયા હતા. આજ કારણને લઇને કેટલાક અનન્ય ભક્તોને હજુ પણ રામ, કૃષ્ણ, કાઇસ્ટ અને બુદ્ધનાં પ્રત્યક્ષ દર્શન થાય છે અને તેઓ તેની સાથે વાત કરે છે.

જ્ઞાની પુરુષ ભગવાન પાસે નવી દૃષ્ટિ માગે છે; કારણ કે માણસની દૃષ્ટિથી પ્રભુ દેખાતા નથી. ભક્ત પ્રભુને એમ કહે છે કે, હું મારી દૃષ્ટિથી તમને જોઈ શકું તેમ નથી; તેથી મારી દૃષ્ટિથી જોઈ શકાય અને મારી વાણીથી વાત થઈ શકે એવું રૂપ તમે ધારણ કરો. બન્નેના ભાવ સારા છે; કારણ કે પ્રભુ સર્વમય છે તેમજ સર્વથી અતીત છે. ખરો જ્ઞાની પુરુષ આત્માના અનુભવ સિવાય રહેતો નથી અને ખરો ભક્ત ભગવાન સિવાય કાંઈ માગતો નથી. જ્ઞાનીનો અદ્વૈતભાવ તેજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તોનો અનન્ય ભાવ છે. પુરાણોની ભાષા સમાધિ-ભાષા છે એટલે પુરાણોમાં મુખ્યત્વે સમાધિના અનુભવ આપેલા છે. તે દૃષ્ટિએ રાસલીલાના પ્રસંગ પણ સમાધિમાં મળતા આત્માના રસના અનુભવ સમજવામાં ઉપયોગી થાય છે.

એ રસ જેમ જેમ મળે છે, તેમ તેમ તેની વધારે અને વધારે ઇચ્છા થાય છે; અને જેમ જેમ વધારે ઇચ્છા થાય છે તેમ તેમ પ્રભુ સાથે જીવ વધારે જોડાય છે; અને જેમ જેમ જીવ વધારે જોડાય છે, તેમ તેમ તેને લાગે છે કે આ રસની મધુરતા કહી શકાય તેવી નથી અને માપી શકાય તેવી નથી. આ રસનો અનુભવ સમાધિદશામાં રહે છે, એટલું જ નહિ પણ ટેવ પડયા પછી વ્યુત્થાન દશામાં પણ રહે છે; કારણ કે પ્રભુ સર્વ અવસ્થામાં હાજર હોય છે અને ટેવથી તે વાતનું સતત સ્મરણ રહે છે. જે જગ્યાએ જે વખતે મનુષ્યની પ્રકૃતિનું જોર રહે છે તે વખતે તે જગ્યાએ પ્રભુ હાજર છતાં તેનો આનંદ મળતો નથી. જ્યારે પ્રભુ તરફ એકાગ્રતા અને અનન્યભાવ દૃઢ થાય છે ત્યારે નવું સૌંદર્ય દેખાય છે, નવો રસ અખંડ વહે છે. જ્યારે ભગવાન ઉપર પહેલી ભક્તિ શરૂ થાય છે ત્યારે પણ એમ સમજવું કે, ત્યાં પણ ભગવાનનો અનુગ્રહ છે. બધી ક્રિયા તેની શક્તિથી ચાલતી હોવાથી જ્યાંસુધી પ્રભુ પ્રેમ ન કરે ત્યાંસુધી જીવ તે તરફ આકર્ષાતો નથી. જશોદાજીએ શ્રીકૃષ્ણને બાંધવા માટે ઘરનાં બધાં દોરડાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેગાં કર્યાં પણ જ્યારે તે પૂરાં થયાં નહિ ત્યારે બાંધનારની નિઃસાધનતા જોઇ શ્રીકૃષ્ણ પોતાની ઇચ્છાથી બંધાયા. જે પરમાત્મા સાધન-સાધ્ય નથી તે આવી રીતે કૃપાસાધ્ય બને છે.

આપણે જેવા દેખાઇએ છીએ તેથી ઘણા મોટા છીએ, ખરા સ્વરૂપનો બહુ થોડો ભાગ માણસની દૃષ્ટિથી દેખાય છે. કોઇ સાધુઓને વધારે ભાગ અનુભવમાં આવે છે અને કોઇને ઓછો અનુભવમાં આવે છે; છતાં માણસને અનુભવ ઓછો કે વધારે થાય તેથી સ્વરૂપમાં એટલે મૂળ વસ્તુમાં કાંઇ ફેરફાર થતો નથી. એક દૃષ્ટિએ જોઇએ તો બધું બધે વખતે હોય છે. કોઇ પણ વસ્તુ તદ્દન નવી બનતી નથી, માત્ર તેનાં રૂપ ફરે છે. આ પૃથ્વી ઉત્પન્ન થઇ તે પહેલાં પણ તેનાં પરમાણુ બીજી કોઇ સ્થિતિમાં હતાં. આડ પણ ઉગ્યા પહેલાં હવા, પાણી અને બીરૂપ હતું. તે તત્ત્વો ભેગાં થઇ કાંઇક થયું તેનું નામ આડ પડયું. પિતા પુત્રમાં વીર્યરૂપે રહે છે. બાપનું જે વીર્ય પુત્રરૂપે પરિણામ પામે છે તે પોતે દેખાવમાં અલ્પ હોય છે પણ તેમાં શક્તિ બાપના જેટલીજ રહે છે. તે વીર્યથી પુત્ર પિતા થાય છે. નામ અને રૂપ છોડી દઇએ તો બધામાં એક જીવન લાગશે. તે જીવન વરસાદથી ઘાસરૂપે પૃથ્વીમાંથી ફૂટી નીકળે છે, વનસ્પતિમાં પાંદડાં, ફૂલ, ફળરૂપે વિકાસ પામે છે, સમુદ્રમાં મોજાંરૂપે ઉછળે છે, ભરતી અને ઓટના દેખાવ સમુદ્રમાં બતાવે છે અને જન્મ અને મરણના દેખાવ માણસના જીવનમાં બતાવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. માણસનું શરીર ખોરાકથી બંધાય છે, પણ માણસનું રૂપ બાંધેલા ખોરાક પ્રમાણે બનતું નથી. તે રૂપ અંદરના આત્માના સ્વભાવની અસરથી બંધાય છે, પશુ અને ઝાડનાં રૂપ પણ તેમની અંદર રહેલો આત્મા બાંધે છે. તેજ આત્મા માણસના વીર્યમાંથી માણસનું શરીર બનાવે છે. સાયન્સની નવી શોધથી મરઘીનાં ઈંડાં, 'ઈન્કયુબેટર' નામના સંચામાં ગરમી આપી સેવાય છે. તે સંચામાંથી જે બચ્ચાં નીકળે છે તે પણ ઉભાં રહી શકે છે, ઉઠી શકે છે, દાણા ઓળખી શકે છે. તે ઉપરથી જણાશે કે, તેનો આત્મા ગુપ્તપણે ત્યાં પણ કામ કરતો હોય છે. દરેક જાતનાં જીવ, જંતુ વગેરેમાં એજ નિયમ છે. જો કે માણસ ઘણે ભાગે પ્રકૃતિને વશ થઇ પોતાની ઇચ્છા વગર પણ જન્મમરણના ધર્મોમાં આવે છે તોપણ મહાપુરુષો પોતાની ઈચ્છાથી લોકના કલ્યાણ અર્થે જન્મ લઇ શકે છે અને તેથીજ તેમનું કહેવું માનવું પડે છે. કેટલાંક બાળકોમાં પણ અસાધારણ શક્તિ દેખાય છે, તેથી વંશપરંપરા જે સ્વભાવ આવે છે અને વ્યક્તિગત જે સ્વભાવ આવે છે તેમાં ફેર લાગે છે. આત્મવિકાસની દૃષ્ટિએ બાપ અને દીકરા વચ્ચે અથવા ભાઇ ભાઇના સ્વભાવ વચ્ચે કાંઈ સંબંધ નથી. મહાત્મા ગાંધીજીના પહેલા પુત્રનો સ્વભાવ મહાત્મા ગાંધીજીથી તદ્દન જૂદો છે અને મહાત્મા ગાંધીજીના બીજા ભાઇઓના સ્વભાવ પણ તેમનાથી જૂદા પ્રકારના હતા; છતાં કોઇ મહાપુરુષના જન્મ વખતે માબાપનાં શરીર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને મન સારાં હોય તો તે ઓછી ઉપયોગી વાત નથી. તે છતાં, આત્માની કેટલીક અદ્‌ભુત શક્તિઓ માબાપ તરફથી મળવાની જરૂર નથી. જન્મ વખતે આપણા સ્વભાવનો અમુક ભાગ જન્મે છે, બાકીનો ભાગ જન્મ લેતો નથી, પણ તેની સાથે અવ્યક્તરૂપે રહે છે. તેથી જે માણસ આ નહિ જન્મેલા ભાગ તરફ પોતાને ખુલ્લો રાખી તેની અસર લઇ શકે છે, તેને અદ્‌ભુત જ્ઞાન અને શક્તિ મળે છે. જનસમાજમાં જે માણસ મૂર્ખતરીકે ખપતો હોય તે પણ જો આવી રીતે પોતાના આત્માની અસર લઇ શકે તો મહાત્મા થઇ શકે છે. જ્યારે આવી રીતે આત્માની અસર કોઇ પણ શરીરમાં અવતરે છે ત્યારે તે અસર પોતેજ પ્રમાણભૂત થાય છે. તેને પોતાની શક્તિ માટે, આનંદ માટે, જ્ઞાન માટે બીજા કોઇ પ્રમાણની જરૂર નથી; છતાં આ ભાવ બીજા એજ કોટીના મહાત્માઓ ઓળખી શકે છે. જે જ્ઞાન આવી રીતે મળી શકે છે, તે બીજી કોઇ રીતે મળી શકતું નથી. આત્માના અનુભવ માટે બીજો કોઇ રસ્તો નથી. આત્મા પોતેજ પોતાને સમજાવે ત્યારે તેના સ્વરૂપની ખબર પડે છે. ભગવાનના અવતાર, અને અવતાર જેવા પુરુષો મનુષ્યના જેવું શરીર ધારણ કરે છે એજ આશ્ચર્યની વાત છે. સ્વામી રામતીર્થે એક વખત કહ્યું હતું કે "હું જ્યારે કુરુક્ષેત્રમાં બોલ્યો ત્યારે મારું કહેવું લોકો સમજ્યા નહોતા, તેથી તેજ બાબત ફરીથી કહેવા આવ્યો છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્ય પૃથ્વી કરતાં લાખોગણો મોટો છે, છતાં જેટલે દૂર તારા છે તેટલે દૂરથી જોઇએ તો સૂર્ય પણ એક તારો લાગે, અને આપણી પૃથ્વી તો દેખાય નહિ; અથવા સોયની અણી જેટલી નાની લાગે. એટલી નાની જગ્યામાં આપણે પૃથ્વી ઉપર જે જોઇએ છીએ તે રહેલું દેખાય છે. અહીંથી સૂર્ય થાળી જેવડો દેખાય છે. તેમાં અતિશય ગરમી છતાં, અહીં તેનો તડકો આપણને મળે છે. તે તડકામાં સૂર્યના જેવોજ સ્વભાવ છે. તેની અસરથી માણસ, પશુ, પક્ષી વગેરે જીવે છે. તેને પૃથ્વી સાથે સંબંધ નથી. સૂર્યમાં જઈને કોઇ રહી શકે નહિ, પણ અહીં તેનો સૂર્યરૂપે ઉપયોગ થઇ શકે છે. તેવીજ રીતે અહીં જે આત્માનો અનુભવ થઇ શકે છે તે પરમાત્માનો અંશ છે. તેની સત્તાથી બધું ચાલે છે, પણ તે પોતે શરીર, પ્રાણ અને મનના ધર્મોથી બંધાતો નથી.

જેમ સૂર્યની ગરમીથી તેને ઢાંકનાર વાદળાં ઉત્પન્ન થાય છે, તેમ પરમાત્માની શક્તિથી તેને ઢાંકનાર માયા ઉત્પન્ન થઇ છે; છતાં જેમ સૂર્ય પોતે પોતાને સ્થળે વગર ઢંકાયેલ રહે છે, તેમ પરમાત્માને પોતાની માયાની અસર થતી નથી. તે સ્વપ્રકાશ ચૈતન્ય છે, આનંદરૂપ છે, તે પોતે પોતાની માયાનો આશ્રય થાય છે અને પોતેજ પોતાની માયાનો વિષય થાય છે. તેથીજ જ્યાં ભેદ નથી ત્યાં ભેદ દેખાય છે, નિરૂપાધિક તત્ત્વમાં ઉપાધિ દેખાય છે અને તે ઉપાધિમાં અંતઃકરણના ભેદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે અનેકત્વ જણાય છે. સૂર્યનું પ્રતિબિંબ જળમાં પડયું હોય ત્યારે જો કે મૂળ સૂર્યને અસર થતી નથી છતાં જળમાં પડેલું પ્રતિબિંબ જળના સ્વભાવ પ્રમાણે કંપ વગેરેનો અનુભવ કરે છે. તે પ્રમાણે અંતઃકરણમાં પડેલું ચૈતન્ય "હું કરું છું, ભોગવું છું" એમ માને છે; તેથી જ્યારે તે અંતઃકરણગત સ્વભાવથી બનેલ જીવ મૂળ બિંબરૂપ પરમાત્માને શરણે જાય છે, ત્યારે જેવો ભાવ તે ભગવાનને અર્પણ કરે છે તેવો તેને પાછો મળે છે; કારણ કે ભગવાનને કોઇ લાભની અપેક્ષા નથી. તેથી જેમ દર્પણમાં દેખાતા મોઢા ઉપર ચાંદલો કરવો હોય તો ખરા મોઢા ઉપર કરવાથી દર્પણમાં રહેલને થાય છે, તેમ જીવને જે લાભ જોઇતો હોય તે ભગવાનને અર્પણ કરવાથી જીવને પાછો મળે છે; અને આવી રીતે તે લાભ પાછો મળે છે, એ ભગવાનની કૃપાનું પરિણામ છે અને જીવના પુરુષાર્થનું ફળ છે. ભગવાનમાં જે જે ધર્મ માનીએ તે જીવમાં પાછા આવતા જણાય છે. ભગવાનમાં સર્વ પ્રકારના ધર્મ છે એમ માનવાથી જીવને પણ એવું લાગે છે કે, પોતે સર્વરૂપ છે. તેમાં કાળનો નિયમ નથી. બત્તી થાય અને અંધારું જાય તેમ અજ્ઞાન જતું રહે છે, અને અજ્ઞાન જવાથી અજ્ઞાનનું કાર્ય પણ જતું રહે છે.

જ્ઞાની આત્માને દેશકાળના ભાવથી રહિત જુએ છે. તે માને છે કે આત્મા સર્વત્ર છે, સર્વદા છે, નિત્ય આનંદરૂપ છે; એટલે આત્માનો અનુભવ થયા પહેલાં પણ તે સુખરૂપ છે, પ્રાપ્ત છે; તે મેળવી શકાય તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી, મૂકી શકાય તેમ નથી. તેના સુખમય સ્વભાવનો અનુભવ ન થવાનું કારણ તેનું એટલે આત્માનું અજ્ઞાન છે અને તે અજ્ઞાન આત્મજ્ઞાનથી મટે છે. દોરડીમાં સર્પ ભ્રાંતિથી અથવા અંધારામાં ભાસે છે. પ્રકાશ આવતાં જેમ તેજ જગ્યાએ દોરડી દેખાય છે, તેમ જે જગ્યાએ પહેલાં જગત દેખાતું હતું તેજ જગ્યાએ જ્ઞાન મળ્યા પછી પરમાત્મા દેખાય છે. આત્મા એજ પરમાત્મા છે. તેના અજ્ઞાનથી જ્યાં પરમાત્મા છે ત્યાં જગત દેખાય છે.

જ્ઞાની માને છે કે પોતે દેહ નથી, પ્રાણ નથી, મન નથી; પોતે માત્ર અહીં નથી, સર્વત્ર છે; પોતે માત્ર હમણાં નથી; સર્વદા હતો, છે અને રહેશે.

જ્ઞાનમાર્ગમાં દેશ (સ્પેસ) અને કાળ (ટાઈમ)-નો વિચાર ખાસ ઉપયોગી છે. વિચારથી દેશકાળ ઉત્પન્ન થાય છે. જેટલો જીવનો વિચાર તેટલો પ્રદેશ જીવના સ્વાધીનમાં રહે છે. જેટલો વખત જેટલા વિચાર જીવમાં રહે છે તેટલા વખત પ્રમાણે જીવનો કાળ બંધાય છે. આત્મજ્ઞાનથી વિચાર બંધ પડે છે, તેથી અમુક જગ્યાએ અને અમુક કાળમાં જીવન રાખવાની અને જોવાની જરૂર પડતી નથી. દેશ અને કાળ સાપેક્ષ છે. માણસની વૃત્તિ ફરવાથી તેમાં ફેરફાર થાય છે. માણસનો કાળ માણસનો બનાવેલો છે, માણસ તે ફેરવી શકે છે. તે દૃષ્ટિએ જન્મ, મરણ, જીંદગીના બનાવ વગેરે નવા રૂપે દેખાય છે.

કર્મયોગી, ભક્ત અને જ્ઞાનીને પણ વિઘ્ન નડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ પણ ભૂલ કરે છે. તે ઉપરથી જણાય છે કે, મોક્ષનો માર્ગ સરળ નથી. તેમાં સૌથી ઉત્તમ પુરુષાર્થ રહેલો છે અને તેનું ફળ પણ ઉત્તમ છે.

કર્મયોગીનો ઉત્સાહ કોઇ વખતે કોઇ જગ્યાએ મંદ થઇ જાય છે. વળી તેને શરીરનું અભિમાન હોય છે તેથી કોઇ વખતે કોઇ જગ્યાએ તે રાગદ્વેષ અને અભિમાનને વશ પણ થાય છે, અને શરીરમાં રોગને જગ્યા આપે છે. ઘણા હઠયોગી રોગથી પીડાતા જણાય છે. રાજયોગીને સિદ્ધિનાં આવરણ નડે છે.

ભક્ત શરણભાવથી રહે છે; પણ તેમાં કેટલીક વાર ધ્યાન ન રહે તો એવું બને છે કે, ભગવાન તરફ શરણભાવ રાખવાને બદલે તે જગત તરફ શરણ-ભાવ રાખે છે અને વિષયને તાબે થઇ જાય છે. જગત-ને ભગવાનરૂપે જોવામાં જો તે દૃષ્ટિ સર્વત્ર અને સર્વદા ન રહે તો શરણભાવ, તેને માયામાં લપટાવે છે. શરણભાવ ભગવાન તરફ બરાબર રહે તે માટે જગત-ના વિષયોમાં પૂરો વૈરાગ્ય રહેવો જોઇએ.

વૈરાગ્ય પણ એવા પ્રકારનો જોઇએ કે વિષયોમાં રાગ ન થાય અને વિષયોનો દ્વેષ પણ ન થાય. કેટલાક વૈરાગી પુરુષો નિત્ય જગતના લોકોની નિંદા કર્યા કરે છે. તેમ કરવાથી આત્મભાવ જાગ્રત થતો નથી. વિષયો-નો દ્વેષ ન કરવો એનો અર્થ એમ નથી કે, વિષયો છૂટથી ભોગવવા અને વિષયોમાં રાગ ન રાખવો એનો અર્થ એમ નથી કે, વિષયી અને વ્યાવહારિક માણસોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિંદા કરવી. સમતા એ યોગનું લક્ષણ છે.*

ભક્ત એમ માને છે કે, જીવમાં અજ્ઞાન દુઃખ વગેરે ભગવાનની ઇચ્છાથી આવે છે અને ભગવાનની ઇચ્છાથી તેનો નાશ થાય છે.

જ્ઞાની એમ માને છે કે, જગતમાં દુઃખ અજ્ઞાનથી આવ્યું છે તેથી તે જ્ઞાનથી જશે, કર્મથી મટશે નહિ. તે જ્ઞાનથી મોક્ષ માને છે.

ખરી રીતે ઇચ્છાથી અજ્ઞાન ઉત્પન્ન થાય છે અને અજ્ઞાનથી ઇચ્છા ઉત્પન્ન થાય છે. બન્ને દૂર કરવા માટે તત્ત્વજ્ઞાન અને વાસનાક્ષયની જરૂર છે.

જ્ઞાની જગતના વિષયો તરફ સારો વૈરાગ્ય રાખે છે અને બધા વિષયોને અને જગતને તુચ્છ સમજે છે; પણ તેમાં કેટલીક વાર ધ્યાન ન રહે તો એવું બને છે કે, તે તુચ્છભાવ આત્મા તરફ પણ વળે છે એટલે કે આત્મા તરફથી શાંત ચિત્તમાં મળતી અલૌકિક અસરને કલ્પના સમજી તુચ્છકારે છે. તેથી જે આનંદ, પ્રેમ, શક્તિ, તેજ, વિશાળતા વગેરે આત્માના અલૌકિક ભાવ ભક્તને મળે છે, તે જ્ઞાનીને મળતા નથી; તેથી જ્ઞાની ભૂલે તો શુષ્ક થઇ જાય છે અને કોઈ વખતે નાસ્તિક પણ થઇ જાય છે.

બધા સાધક આવી ભૂલો કરે છે એમ નથી. ભૂલોને માટે મોક્ષમાર્ગમાં જગ્યા રહે છે, તેથી સાવધ

* समत्वं योगमुच्यते ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેવાની જરૂર છે. ભૂલ થવાનું મુખ્ય કારણ એ છે કે, આત્માની અસર લાગ્યા પછી પણ પહેલાંનો સ્વભાવ યાદ આવે છે. તે મૂકવો ગમતો નથી; અને જ્યાંસુધી તે સ્વભાવ ન મૂકી શકાય, ત્યાંસુધી આત્માનો મૂળ સ્વભાવ જોર કરતો નથી. જીવને ખાડામાં પડવું હોય તોપણ જાણે અંદરથી મંજુરી મળતી હોય તેમ પહેલાં લાગે છે, તેથી સંભાળ રાખવી જોઈએ. આત્માના અલૌકિક ભાવને માટે અંદર જગ્યા કરવી જોઇએ, ઇંદ્રિયોના લૌકિક ભાવને માટે જગ્યા આપવી નહિ.

જેમ વિજળીની બત્તી કરવા માટે તેના પોઝિટિવ અને નેગેટિવ છેડા જોડવા પડે છે, તેમ અંદર આત્માનું તેજ મળે તે માટે તેવોજ પ્રયોગ કરવો પડે છે. ઈશ્વર હમેશાં પોઝિટિવ છે. જગત હમેશાં નેગેટિવ છે. જીવમાં પોઝિટિવ અને નેગેટિવ બન્ને ભાવ રહે છે; તેથી અંદર પ્રકાશ કરવા માટે ઈશ્વર તરફ જીવે નેગેટિવ ભાવ–એટલે દીનતા રાખવી જોઇએ અને જગત નેગેટિવ છે તેથી જગત તરફ જીવનો પોઝિટિવ ભાવ–એટલે દૃઢ વૈરાગ્ય જોઈએ, કે જેથી જગતનો કોઈ પણ ભાવ જીવને દાબી શકે નહિ. આ રસ્તે અંદર અને બહાર તેજ થશે અને તે તેજથી સત્ય દેખાશે.

કર્મથી ચિત્ત શુદ્ધ થાય છે, જ્ઞાનથી આત્માનું અસંગપણું બહર પડે છે. ભક્તિથી સર્વાત્મભાવનો અનુભવ થાય છે, તેથી ત્રણેની જરૂર છે. ત્રણેનો લાભ મળ્યા પછી જ્ઞાન પ્રમાણે દૃષ્ટિ થાય છે અને દૃષ્ટિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે કર્મ થાય છે. આ ભાવને જૈન ધર્મમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર કહે છે.

જૈન ધર્મમાં જેને સમ્યક્ દર્શન કહે છે તેનેજ પુરાણોમાં ભગવાનનું સુદર્શન ચક્ર કહેલ છે.

વેદધર્મમાં ગીતા, ઉપનિષદ્ અને બ્રહ્મસૂત્ર એ ગ્રંથો પ્રસ્થાનત્રય મનાય છે. વેદાંત એટલે વેદનો છેડો. વેદમાં જે ક્રિયાકાંડ છે તેને અંતે જ્ઞાન આપેલું છે. તે જ્ઞાન ઉપનિષદોમાં એકઠું કરેલું છે. ઉપનિષદો ચાર વેદની જૂદી જૂદી શાખાઓમાંથી તૈયાર કરેલ હોવાથી તેમાં કેટલીક વિરુદ્ધ અર્થવાળી શ્રુતિઓ જોવામાં આવે છે. તેના અર્થનો સમન્વય કરવા માટે વેદવ્યાસે બ્રહ્મસૂત્ર રચ્યાં. જે વખતે બ્રહ્મસૂત્ર થયાં તે વખતે છાપખાનાની કળા ન હોવાથી બહુજ ટુંકામાં એટલે સૂત્રરૂપે ઉપનિષદ્ના અર્થનો સમન્વય કરવામાં આવેલ છે. તેથી વેદવ્યાસના બ્રહ્મસૂત્ર ઉપર શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય વગેરે આચાર્યોએ ભાષ્યો કરેલાં છે. તે બધાના મત આ નાના પુસ્તકમાં સમજાવી શકાય તેમ નથી.

કેટલાક માણસ એવા મતના હોય છે કે, કર્મથી દેહાભિમાન જાય છે; કેટલાક કહે છે કે, ભક્તિથી દેહભાન વિસરી જવાય છે; કેટલાક કહે છે કે, જ્ઞાનથી દેહભાન રહેતું નથી. આ ત્રણે મતમાં હેતુ સમાન છે. કોઇ પણ રીતે દેહનું અભિમાન છોડવાનું છે. ત્યારેજ આત્મસાક્ષાત્કાર થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતાનો ઉપદેશ સરળ ભાષામાં ઉત્તમ રીતે ઉત્તમ અધિકારીને આપેલ છે. તેમાં વેદધર્મનું રહસ્ય આવી જાય છે.

પણ ગીતામાં અર્જુનનો અધિકાર અને લડાઇનો પ્રસંગ જોઇને શ્રીકૃષ્ણે ઉપદેશ આપેલ છે. તે ઉપદેશ કેટલાક વિદ્વાનો કેવળ નિષ્કામ કર્મમાર્ગમાંજ વાળે છે; પણ એ વાત ભૂલવી ન જોઇએ કે, ઉદ્ધવજીને શ્રીકૃષ્ણે નિવૃત્તિનો ઉપદેશ કરેલ છે. માત્ર કર્મનું ફળ છોડવાનું નથી પણ કર્તાપણાનું અભિમાન પણ છોડવાનું છે.

પ્રવૃત્તિના ધર્મો અને નિવૃત્તિના ધર્મો કેટલાક વિદ્વાનો સ્પષ્ટ સમજી શકતા નથી. જે પ્રવૃત્તિ નિવૃત્તિ તરફ લઇ જાય, તે પ્રવૃત્તિ નિવૃત્તિરૂપજ છે; અને જે નિવૃત્તિ પ્રવૃત્તિ તરફ લઇ જાય તે નિવૃત્તિ પ્રવૃત્તિ જેવીજ છે. દૃષ્ટાંતતરીકે સંન્યાસીઓની પ્રવૃત્તિ નિવૃત્તિ ઉત્પન્ન કરે છે; પણ પેન્શન ઉપર રિટાયર થયેલ સરકારી નોકરોની નિવૃત્તિ પ્રવૃત્તિ ઉત્પન્ન કરે છે. કારણકે તે વખતે વખત કેમ ગાળવો તે તેમને ખબર હોતી નથી. અર્જુનને જે પ્રકારની પ્રવૃત્તિ શ્રીકૃષ્ણે બતાવી હતી તે પ્રવૃત્તિ નિવૃત્તિ તરફ લઇ જનારી હતી, કારણકે અર્જુનનો રથ હાંકનાર શ્રીકૃષ્ણ હતા પણ હાલમાં યૂરોપના સંસ્કારની અસરથી જે પ્રવૃત્તિ થાય છે તેને વિષયો પ્રેરે છે તેથી તે નિવૃત્તિ તરફ લઇ જતી નથી; પણ મરણપર્યંત જીવને પ્રવૃત્તિમાંજ રાખે છે; તે પ્રવૃત્તિ એવી હોય છે કે જેથી તે પોતેજ પોતાને ઓળખી શકતો નથી; તો પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના કર્તવ્યને શી રીતે જાણી શકે? માટે બધા પ્રકારની પ્રવૃત્તિ સારી નથી અને બધા પ્રકારની નિવૃત્તિ પણ સારી નથી. જે પ્રવૃત્તિથી અથવા નિવૃત્તિથી આત્માનો લાભ મળે તેજ સારી કહી શકાય. કોઇ પણ કામ કરવાની ઇચ્છા કરવાથી પ્રકૃતિનું બંધન થાય છે અને કોઇ પણ કામ ન કરવાની ઇચ્છાથી પણ પ્રકૃતિનું બંધન થાય છે; અને છતાં શરીર છે ત્યાંસુધી કાંઇક કામ તો ચાલ્યાજ કરશે. ત્યારે કરવું શું? કાંઇક કર્મ કરી બતાવવાની ઉતાવળ કરવા કરતાં "શું કરવું" તે સમજવામાં ઘણો વખત વિચાર કરવો જોઇએ. જે પ્રભુ બધા કર્મને સત્તા આપે છે તેને સતત શરણે રહી, કામ કરવાથી "શું કરવું" તે બખર પડશે. પહેલાં શરણભાવ કેમ રાખવો તે બરાબર સમજવું જોઇએ. શરણભાવ પૂરો થશે એટલે જીવભાવ રહેશે નહિ અને તેની સાથેજ "પોતાનું કર્તવ્ય" એવું કાંઇ રહેશે નહિ. આજની વિદ્યા શીખેલા માણસોને આ વાત રૂચે તેવી નથી, પણ જે સનાતન ધર્મ છે તે યુગધર્મથી હારશે નહિ.

જ્યારે એક ટીકાકાર બીજાના મત ઉપર ટીકા કરે છે ત્યારે તે પોતે બીજાનો મત જેવી રીતે સમજ્યો હોય છે તે સમજણ પ્રમાણે ટીકા કરે છે. જેમકે જૈનધર્મવાળા વેદધર્મ ઉપર ટીકા કરે છે ત્યારે તે વેદધર્મને જેવી રીતે સમજ્યા હોય તે સમજણ પ્રમાણે ટીકા કરે છે. વેદધર્મવાળા વેદધર્મને જેવી રીતે જુએ છે તે દૃષ્ટિથી તેમની ટીકા થતી નથી. તેવીજ રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદધર્મવાળા જ્યારે જૈનધર્મ ઉપર ટીકા લખે છે ત્યારે તેઓ જેવી રીતે જૈન ધર્મને સમજે છે તે સમજણ પ્રમાણે ટીકા લખે છે. જેવી રીતે જૈન ધર્મવાળા જૈન-ધર્મને સમજે છે તે દૃષ્ટિથી તેમની ટીકા થતી નથી. તેવીજ રીતે વેદધર્મના જૂદા જૂદા આચાર્યો અને ગીતા-ના ટીકાકારો ખરી રીતે પોતપોતાની સમજણ પ્રમાણે (એટલે ખરી રીતે પોતાની સમજણ ઉપર) ટીકા લખે છે.

વળી આત્મા સર્વે ભાવથી નિર્લેપ છે, એટલું જ નહિ પણ સદા નિર્લેપ છે. તેનું જ્ઞાન થયા પહેલાં તે મુક્ત છે અને તેથી આનંદમય છે; છતાં તેજ વખતે તેને સુખદુઃખ પણ થયા કરે છે. આત્માના આવા વિલક્ષણ સ્વભાવને લઇને મતમતાંતર થયા છે. જે આનંદઘન છે તેને દુઃખ કેમ થાય છે ? તે બાબત માયામાં રહેલ બુદ્ધિ સમજી શકે તેમ નથી; છતાં દુઃખ કાયમને માટે મટી શકે છે એ બાબત બધા ધર્મવાળા કબૂલ કરે છે.

બુદ્ધદેવે કહ્યું છે કે, અનિત્ય વસ્તુઓમાં ચિત્ત જવાથી દુઃખ થાય છે, તેથી તેમાંથી ચિત્ત છોડવું જોઈએ. શ્રીશંકરાચાર્ય કહે છે કે, આત્માના અજ્ઞાનથી અનિત્ય વસ્તુઓમાં ચિત્ત જાય છે, માટે આત્મજ્ઞાનથી દુઃખ મટશે. શ્રીવલ્લભાચાર્ય કહે છે કે, આત્મજ્ઞાનથી દુઃખ જશે પણ (આત્માનો) અલૌકિક રસ ભગવાનના અનુગ્રહથીજ મળશે.

હજરત મહમદ પેગમ્બર(સલ)ના જીવન વિષે અને તેમના સિદ્ધાંત વિષે લોકોમાં અને ખાસ કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદુઓમાં ઘણું અજ્ઞાન રહેલું છે. દરેક માણસને આત્મસાક્ષાત્કાર માટે દરેક ધર્મના સિદ્ધાંતો જાણવાની જરૂર પડતી નથી. સામાન્ય લોકો બહારના આચાર ઉપરથી ધર્મનું માપ કાઢે છે; તેથી જેમ હાલના ક્રિશ્ચિયનોમાં વેપારી બુદ્ધિના જોરને લઈને પાપવૃત્તિ જણાય છે અને તેથી ક્રિશ્ચિયન ધર્મ ઉપર ટીકા થાય છે, તેમ તે પહેલાંના કાળમાં મુસલમાનોમાં લડાયક સ્વભાવના જોરને લઈને અને તેમનામાં હિંદુધર્મની અણસમજણને લઈને કેટલાક દ્વેષ દેખાવા લાગ્યા અને તેથી મુસલમાની ધર્મ ઉપર પણ ટીકા થવા લાગી. પણ તેથી ક્રિશ્ચિયન ધર્મના સાચા સિદ્ધાંતો અને મુસલમાની ધર્મના સાચા સિદ્ધાંતો ખોટા ઠરતા નથી. હિંદુસ્થાનમાં મુસલમાનોની વસ્તી ક્રિશ્ચિયનો કરતાં ઘણી વધારે છે, છતાં લોકોમાં જેટલું વધારે જ્ઞાન ક્રિશ્ચિયન ધર્મનું ફેલાય છે તેટલું મુસલમાની ધર્મનું ફેલાતું નથી. તેનું કારણ ક્રિશ્ચિયન ધર્મ એ રાજધર્મ થયો છે. પણ સમાજની ઉન્નતિ માટે હિંદુઓએ મુસલમાની ધર્મના સાચા સિદ્ધાંતો જાણવા જોઈએ અને મુસલમાનોએ હિંદુઓના સાચા સિદ્ધાંતો જાણવા જોઈએ. તેમ કરવાથીજ બન્ને કોમ વચ્ચે સાચો સંપ થશે. માત્ર સંખ્યા વધારવાથી ધર્મનું માન વધતું નથી અને ખરો સંપ થતો નથી. તેમના ધર્મ વિષે આ જગ્યાએ માત્ર થોડું કહી શકાય તેમ છે.

હજરત મહમદ પેગમ્બર (સલ) છઠ્ઠી સદીમાં જન્મ્યા હતા. તેમની ટેવો સાદી હતી, સ્વભાવે દયાળુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા, વાતચીતમાં વિવેકી હતા. ધર્મ ઉપર તેમને ઘણી લાગણી હતી. તે વખતના માણસોમાં નાસ્તિકભાવ બહુ આવવાથી ધાર્મિક સુધારાની જરૂર તેમને લાગતી હતી; તેથી ઘણા દિવસો સુધી માણસોનો સંગ છોડી તે 'હારા' પર્વતની ગુફામાં એકાંતમાં વસતા. અને કેટલાક દિવસો અને રાત્રિઓ સુધી પ્રાર્થના અને ધ્યાન કરતા. તેના પરિણામમાં તેમને કેટલાક આશ્ચર્યકારક દેખાવ દેખાતા અને સમાધિના અનુભવ થતા.

પિસ્તાળીસમે વર્ષે તેમને ખુદાનો આદેશ મળ્યો. એક રાત્રે તે ગુફામાં સૂતા હતા ત્યાં કાંઇક અવાજ આવ્યો. ઓઢવાનું બસેડી જોતાં તેમણે સહન ન થઇ શકે તેવું તેજ જોયું અને તેથી તેમને મૂર્ચ્છા આવી. શુદ્ધિમાં આવતાં તેમણે એક દેવદૂત જોયો. તે દૂતે એક રેશમી રૂમાલ તેને બતાવ્યો. તે રૂમાલમાં કાંઇક લખ્યું હતું તે બતાવી દૂતે કહ્યું કેઃ—"વાંચ!" મહમદ પેગમ્બર (સલ) સાહેબે કહ્યું કે "મને વાંચતાં આવડતું નથી." દૂતે કહ્યું કે "જે ખુદાએ આ જગત રચ્યું છે, જેણે લોહીના કણમાંથી માણસ બનાવ્યો છે, તેના ઉપર શ્રદ્ધા રાખી વાંચ; જેણે માણસને અક્ષર આપ્યા છે, લખવા માટે લેખણ આપી છે, વાંચવા માટે આંખો આપી છે, સમજવા માટે મન આપ્યું છે, જેણે દિવ્ય જ્ઞાન માટે આત્મા આપ્યો છે તેના ઉપર શ્રદ્ધા રાખી વાંચ."

આ સાંભળી મહમદ સાહેબ(સલ)ની બુદ્ધિમાં દિવ્ય તેજ આવ્યું અને રૂમાલ ઉપર શું લખ્યું હતું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાંચ્યું. તે પૂરું થઇ રહ્યું ત્યારે દૂતે કહ્યું કે "હવે તું ખુદાનો સેવક થયો છે." ત્યાર પછી જે જે હકીકત તે રૂમાલમાં પેગંબર સાહેબે વાંચી હતી તે કુરાનમાં બતાવી છે. તે રૂમાલને 'વહી' કહે છે.

હિંદુ ધર્મની માફક કુરાનમાં પણ વૈરાગ્યનો ઉપદેશ છે, ખુદાને અનન્યભાવે શરણ જઇ તેમનો અનુગ્રહ મેળવવાની તેમાં ખાસ આજ્ઞા છે. મુસલમાનો "બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ" એ નામની માળા ફેરવે છે તેનો અર્થ એવો છે કે, દયાળુ અને કૃપાળુ પ્રભુના નામથી હું જીવું છું.

ઈસ્લામી ભાઇઓ એમ માને છે કે, માત્ર મુસલમાની ધર્મમાંજ એકેશ્વરવાદ છે અને હિંદુ ધર્મમાં અનેક દેવ–દેવતાઓ હોવાથી ઘણા ઈશ્વર છે, પણ આમાં તેમની ગેરસમજ છે. હિંદુધર્મમાં પણ એકેશ્વરવાદ છે. માત્ર સકામ ભક્તો પોતાની કોઈ ઇચ્છા પૂરી કરવા તે ઈચ્છા પૂરી કરે તેવા દેવની આરાધના કરે છે. તે પ્રમાણે મુસલમાનોમાં પણ સકામ ભક્તો તાવીજ, યંત્ર, મંત્ર વગેરે કરે છે; પણ તેથી મૂળ સિદ્ધાંતો ખોટા ઠરતા નથી. કુરાને શરીફની બીજી સુરાની ૨૫૫ મી પંક્તિમાં લખેલ છે કેઃ–

"એક અલ્લાહ સિવાય બીજો અલ્લાહ નથી, તે અમર છે અને અવિનાશી છે. તેને નિદ્રા ઘેરતી નથી. આસ્માનમાં અને જમીનમાં જે કંઇ છે તે તેનું છે. એની રજા સિવાય એની પાસે કોઇની સિફારશ કરી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો કોણ છે? વર્તમાન કાળમાં જે કાંઇ બને છે અને ભૂતકાળમાં જે કાંઇ બની ગયું છે તે સઘળું તે જાણે છે. એની ઇચ્છા સિવાય એના જ્ઞાનમાંથી કોઇ કંઇ જાણી શકતા નથી. એની શક્તિ વા સલ્તનત આકાશ અને પૃથ્વીને છાઇ વળેલી છે, અને એનું રક્ષણ કરવામાં એને શ્રમ પડતો નથી. અલ્લાહ ઉચ્ચ અને મહાન છે."

ઈશ્વરનું આવું વર્ણન ગીતા અને ઉપનિષદોમાં ઘણે ઠેકાણે ભરેલું છે.

મુસલમાનો માને છે કે, મુસલમાનોનેજ મોક્ષ મળશે. તેનો અર્થ એવોજ થઇ શકે કે, મુસલમાની ધર્મમાં જે ઉત્તમ સિદ્ધાંતો આપ્યા છે તેવા સિદ્ધાંતો આ પૃથ્વી ઉપર જે જે માણસ પાળતા હોય તેને મોક્ષ મળે છે. તે સિદ્ધાંતો બધા ધર્મમાં સમાન હોવાથી બધાને મોક્ષનો અધિકાર પ્રાપ્ત થાય છે.

મુસલમાનોના કુરાનનું સૂત્ર "અલેફ્–લામ–મીમ" છે. તેનો અર્થ હિંદુઓના ઉપનિષદમાં "अहं ब्रह्मास्मि" માં આવે છે. અલ્લાહને એટલે ઈશ્વરને નહિ માનનારને તેઓ કાફર કહે છે. તેથી જે હિંદુઓ ઈશ્વરને માને છે તે કાફર કહેવાય નહિ. અલ્લાહ તઆલાનાં જે સુંદર નામો મુસલમાની ધર્મમાં છે તેવાંજ સુંદર નામો હિંદુઓના વિષ્ણુસહસ્રનામમાં છે.

વળી હિંદુધર્મમાં, આત્મ–સાક્ષાત્કાર માટે જેમ ભક્તમાં નિઃસાધનતા આવે છે અને માત્ર ભગવાનના અનુગ્રહ ઉપર તેનો આધાર રહે છે તેમ મુસલમાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્મની સાધનામાં પણ નિઃસાધનતાનો વખત આવે છે. તે માટે તપસ્વી હુસેન મન્સુર કહે છે કે "પ્રેમરૂપી ઝાડુથી ભેદભાવ દૂર કર, નિમાજની સાદડી છોડ, વજુનો કૂજો ફોડ, માળા તોડ અને કિતાબો પાણીમાં નાખ; હમેશાં ખા, હમેશાં પી; પણ ગફલતમાં ન રહે. 'અનલ હક' બોલ અને હરદમ ધ્યાન કર, ત્યારેજ પ્રભુ મળશે."

યૂરોપમાં મોક્ષનો વિચાર ઘણા મહાપુરુષોએ કરેલો છે. પ્લેટો, એરિસ્ટોટલ, સૉક્રેટિસ, પ્લોટિનસ, બેકન, કેન્ટ, ઉસ્પેન્કસી, એડવર્ડ કાર્પેન્ટર વગેરે સારા તત્ત્વચિંતકો ત્યાં થઈ ગયા છે.

ભક્તિમાર્ગમાં જેકબ બહોમી, સેંટ ટેરેસા, સેંટ ઑગસ્ટીન, મોલીનસ વગેરે મહાત્મા થયા છે.

યૂરોપના ધર્મનો મૂળ પાયો મોઝીઝને મળેલ દશ આજ્ઞાથી થયો છે. તેને જૂના કરાર કહે છે. જીસસ ક્રાઇસ્ટને જે આત્મતેજ મળ્યું તેના અનુભવના ઉદ્‌ગારને નવા કરાર કહે છે.

જીસસ ક્રાઇસ્ટનો ઉપદેશ કિંમતી છે, પણ તે તે વખતની ત્યાંની પ્રજા લઇ શકી નહિ; એટલુંજ નહિ પણ જીસસ ક્રાઇસ્ટને તે માટે ક્રૉસ ઉપર ખીલા ઠોકી મારી નાખવામાં આવ્યા. હિંદમાં જ્યારે તેના જેટલું તેજ કોઇ મહાત્મામાં જણાય છે ત્યારે તેને અતિશય માન આપવામાં આવે છે.

ખરી રીતે જીસસ ક્રાઇસ્ટની કીર્તિ તેમના શિષ્ય સેંટ જોને વધારી છે. તે પછી તેના કેટલાક અનુયાયી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયા. તેઓએ ક્રિશ્ચિયન ધર્મ યૂરોપમાં દાખલ કર્યો. તેમાં કેટલાક સારા સાધુઓ અને સાધ્વીઓ થયેલ છે; પણ તેઓ ત્યાંની પ્રજાના જીવનમાં મોક્ષને એક ઉપયોગી પુરુષાર્થતરીકે દાખલ કરી શક્યા નહિ.

અમેરિકામાં ઘણે ભાગે યૂરોપના ધર્મના સંસ્કાર છે, છતાં આધુનિક કાળમાં ત્યાં એમર્સન અને વોટ વીટમેન જેવા મહાત્માઓ થયા છે. વીટમેનની એવી ઈચ્છા હતી કે, આખા અમેરિકાને મોક્ષમાર્ગ બતાવી આધ્યાત્મિક બનાવી જગતના ગુરુતરીકે તેનું સ્થાન મૂકવું. એક લેખક વીટમેનને ક્રાઇસ્ટ કરતાં પણ વધારે મોટા મહાત્માતરીકે ગણે છે; છતાં વીટમેનનો ઉપદેશ તેના વખતમાં અમેરિકા ઝીલી શક્યું નહિ અને થોડો વખત વીટમેનના ગ્રંથો પણ પ્રસિદ્ધ થવા દેવામાં આવ્યા નહોતા. જેવો ગીતાનો વિભૂતિયોગ છે, તેવીજ વાણી વીટમેનના મુખમાંથી નીકળી છે.

પશ્ચિમના દેશોના ધર્મ ઉપર ત્યાંના સાયન્સની શોધોની બહુ અસર થઇ છે. ખાસ કરીને પ્રૉફેસર ડાર્વિનના "ઉત્ક્રાન્તિવાદ" (એટલે ઇવોલ્યુશન)નું ત્યાં ઘણું જોર રહ્યું અને હજી છે. તે મત પ્રમાણે આ પૃથ્વી જ્યારે ઉત્પન્ન થઇ ત્યારે તેમાં જમીન ઉપર વનસ્પતિ અને પાણીમાં માછલાં થયાં હતાં; ત્યારપછી સર્પ, પશુ, પક્ષી વગેરે ઉત્પન્ન થયાં; ત્યાર પછી વાંદરાંની નવી નવી જાતો થઇ અને અંતે પૂંછડી જતી રહી અને જંગલી માણસ ઉત્પન્ન થયાં. છેવટે હાલનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસ ઉત્પન્ન થયાં અને હવે કદાચ દેવજાતિ ઉત્પન્ન થાય. સાયન્સ કહે છે કે, માણસનો જન્મ થાય છે ત્યારે પણ પહેલાં તે જીવ તેની માતાના ઉદરમાં માછલા જેવો હોય છે. તે પછી જૂદા જૂદા પશુ જેવા આકારના ફેરફાર થઈને અંતે માણસરૂપે બહાર આવે છે. બચ્ચામાં શરૂઆતથી મોટી ઉંમર સુધી ઘણા પ્રકારે શરીરનો અને મનનો વિકાસ થાય છે; તેથી તે દૃષ્ટિએ ઉત્ક્રાન્તિવાદને ટેકો મળે છે, પણ માણસની દૃષ્ટિ સાચી નથી.

આ પૃથ્વી ઉપર પહેલા જીવ શી રીતે આવ્યા ? તે બાબત સાયન્સ શોધી શકયું નથી. મન પહેલું શી રીતે આવ્યું તે પણ નક્કી થઈ શકયું નથી. તેને માટે જૂદી જૂદી કલ્પનાઓ થયા કરે છે.

વળી હિંદુસ્થાનની પ્રજા ઉત્ક્રાન્તિવાદ સ્વીકારી શકે તેમ નથી. અહીંના માણસો પહેલાં જંગલી હતા અને હવે સુધર્યા છે, એ વાત સાચી નથી. જેઓએ ઋગ્વેદ વગેરેનું બરાબર અધ્યયન કર્યું છે તેઓ નિઃશંક કહે છે કે, હિંદની પ્રજા પુરાતન કાળમાં બહુ સુધરેલ હતી. હિંદના પુરાતન કાળના આધ્યાત્મિક ગ્રંથોએ આખી પૃથ્વીના સારા માણસોના આત્મા જાગ્રત કર્યા છે; અને એમ પણ સાબીત થઇ શકે છે કે, આ દેશની વિદ્યાની અસરથી બીજા દેશોની વિદ્યાકળા સંસ્કારી થઈ છે; તેથી ડાર્વિનનો મત ખોટો ઠરે છે.

પ્રસિદ્ધ દેશભક્ત અને મહાન યોગી શ્રી. અરવિંદ ઘોષ કે જેમણે બાવીસ વર્ષ પહેલાં સ્વરાજ્ય માટે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશને જાગ્રત કર્યો હતો અને જે વીસ વર્ષ થયાં પોન્ડીચેરીમાં એક ઠેકાણે રહી યોગસાધના કરે છે, તે ઉત્ક્રાન્તિવાદ (ઇવોલ્યુશન) અને અવતારવાદ (ઇન્વોલ્યુશન) એ બંનેનું મિશ્રણ સ્વીકારે છે, તેમની યોગની ક્રિયા તરફ આ દેશના વિદ્વાન માણસોનું લક્ષ ખેંચાયું છે તેનું ખાસ કારણ એ છે કે, આ પૃથ્વી ઉપર હજીસુધી બની નથી શક્યું એવું દૈવી જીવન બનાવી આપવાની તે ખાત્રી આપે છે.

તે કહે છે કે, હજારો વર્ષ પહેલાં એક એવો વખત આ પૃથ્વી ઉપર હતો કે જ્યારે અહીં ઝાડ, જીવ, જંતુ, પશુ, પક્ષી વગેરે હતાં, પણ માણસ નહોતાં. તે વખતે અન્નમય અને પ્રાણમય એ બે કોશનાં શરીરો હતાં; પણ મનની વૃત્તિઓ સ્વાભાવિક રીતે જે શરીરમાં કામ કરી શકે તેવું શરીર આ પૃથ્વી ઉપર નહોતું. તે વખતે મન અવ્યક્તરૂપે હતું, પણ આ પૃથ્વી ઉપર આવી શકે તેવું શરીર તેને માટે નહોતું. વખત જતાં, તે વખતનાં પશુઓનાં શરીરોમાં ફેરફાર થવા લાગ્યો અને કેટલાંક પશુઓ અને વાંદરાંની જાતો એવી થઈ કે જેમાં કાંઈક મનનો પ્રકાશ આવવા લાગ્યો અને અંતે એવાં શરીર થયાં કે જેમાં મન સ્વાભાવિક રીતે રહી શક્યું. તે શરીરવાળાં પ્રાણી માણસ કહેવાયાં. તેવીજ રીતે મનથી ઉપર વિજ્ઞાનમય તત્ત્વ છે; અને વર્તમાનકાળમાં કેટલાક મહાત્માઓમાં તે તત્ત્વનો પ્રકાશ આવેલો જણાયો છે, પણ તે તત્ત્વ સ્વાભાવિક રીતે જેમાં કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શકે એવું શરીર આ પૃથ્વી ઉપર હજી ઉત્પન્ન થયું નથી. તેથી જે કોઇ પણ માણસ પોતાના શરીર, પ્રાણ અને મનને એવી શાંત દશામાં રાખે કે જેથી વિજ્ઞાનમય તત્ત્વને અવતરવાનો વખત મળે; એટલું જ નહિ પણ તે તત્ત્વની અસરથી શરીર, પ્રાણ અને મન એ ત્રણેના સ્વભાવ ફરી જાય અને વિજ્ઞાનમય પુરુષ, દેવ પુરુષ જેવો થઇ આ પૃથ્વીમાં રહે તો તે પુરુષના જીવનની અસરથી બીજા દેવ પુરુષો પણ થાય અને આ પૃથ્વી ઉપર દેવજાતિ આવે. શ્રી. અરવિંદની યોગસાધનામાં એવો અનુભવ આવે છે કે, આ પૃથ્વી ઉપર હજીસુધી નહિ અવતરેલ એવી દિવ્ય શક્તિ અહીં અવતાર લેવાની રાહ જોઇ રહી છે, તેને યોગ્ય શરીર જોઇએ છીએ; તેથી તે માટે હાલ જે શરીર, પ્રાણ અને મનના સ્વભાવ છે તે ફેરવવા જોઇએ. તે કહે છે કે, ભૂતકાળમાં હિંદુસ્થાનમાં જેટલા મહાત્માઓ થઇ ગયા છે તેઓએ આ શક્તિનો મનથી અનુભવ કરેલ હતો અને કોઇ વિરલ મહાત્માઓમાં આ શક્તિની અસરથી પ્રાણમાં ફેરફાર થયેલ છે, પણ હજીસુધી વિજ્ઞાનમય શરીર તૈયાર થઇ શક્યું નથી. તેવા શરીર માટે વેદના વખતમાં ઋષિમુનિઓએ પ્રયત્ન કર્યો હતો, પણ તેઓ ફળીભૂત થયા નહિ. તે માટે ફરીથી પ્રયત્ન કરવાનો વખત આવ્યો છે. તે તત્ત્વ આ પૃથ્વી ઉપર અવતરશે એટલે મનુષ્યજીવનમાં ઘણો ફેરફાર થઈ જશે અને મનુષ્યજીવનની કેટલીક મુશ્કેલીઓ જે હાલ દૂર થઇ શકતી નથી, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહેજે દૂર થઈ જશે; માટે શ્રદ્ધા અને શરણભાવ રાખી તે દિશામાં પ્રયત્ન કરવાની જરૂર છે.

શ્રી. અરવિંદનો આ મત કેટલે દરજ્જે સાચો છે તે મહાત્માઓએ વિચારવાનું છે. પોન્ડીચેરીમાં લગભગ સો સાધકો આવો પ્રયત્ન કરી રહ્યા છે અને સાધનાની શરૂઆત મનને શાંત કરી આત્માની પ્રેરણા (ઇન્ટયુઇશન) લેવાથી થાય છે. આટલી હદ સુધી કાંઇ હરકત થતી નથી; પણ જ્યારે ઉપરથી આવતી આત્માની શક્તિ પ્રાણને અસર કરે છે, ત્યારે પ્રાણ ઉછળે છે, તેમાં નવી વાસનાઓ જાગે છે અને તે વાસનાઓ પોતાનો ભોગ માગે છે. આ સ્થિતિમાં ઘણા યોગીઓને વિઘ્નો નડે છે. કેટલાક પોતાનો સંયમ રાખી શકતા નથી અને કેટલાક અધીરા થઇ પોતાનો જીવ ખૂએ છે. તેથી આત્માનું તત્ત્વ પ્રાણને સ્પર્શ કરે તે પહેલાં નાડીઓની શુદ્ધિ કરવાની જરૂર હિંદુઓનાં ધર્મશાસ્ત્રોમાં માનેલી છે.

જો પ્રાણની નાડીઓ શુદ્ધ નહિ હોય તો આત્માની શક્તિ માણસના પ્રાણનો ફેરફાર કરી શકશે નહિ. તેથી હઠયોગની કેટલીક ક્રિયાઓની જરૂર કેટલાક યોગીઓને લાગે છે. આટલું કામ થઇ શકે તો તે પછી આત્માનું તેજ, શરીરનાં રજકણોને સ્પર્શ કરી શકે અને તે તેજની અસરથી શરીર તેજોમય, દિવ્ય, અમર થઇ શકે. એમ કહેવાય છે કે, શ્રી. અરવિંદના શરીરમાં કંઇક અંશે આવા ફેરફાર થયા છે; પણ હજુ તેમની સાધના ચાલુ છે એટલે તે વિષે હાલ વધારે કાંઇ કહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય તેમ નથી. આ કામ સૂર્યને પૃથ્વી ઉપર લાવવા જેવું છે. જો કે સૂર્ય પૃથ્વીથી જેટલો દૂર છે એટલો દૂર શરીરથી આત્મા નથી, તોપણ આત્માની બધી શક્તિઓ શરીરમાં આવી શકે કે નહિ અથવા તે આવી શકે તેવું શરીર થઈ શકે કે નહિ અથવા તેમ કરવાની ખાસ જરૂર છે કે નહિ તે બાબતો દરેક જિજ્ઞાસુએ પોતે વિચારવાની છે. વળી શરીરના વિચારથી શરીરનું અભિમાન પણ મટતું નથી એ વાત પણ ભૂલવાની નથી.

વેદકાળના ઋષિમુનિઓએ એમ માન્યું હતું કે, પરમાત્માએ પશુપક્ષીઓનાં શરીર રચ્યાં ત્યારે તેને સંતોષ થયો નહોતો; પણ માણસનું શરીર રચ્યું ત્યારે તે જોઈ પોતાને સંતોષ થયો અને તે શરીર પોતાને રહેવાને યોગ્ય માની પોતે તેમાં પ્રવેશ કર્યો. આ વાત ઉપનિષદના કેટલાએક મંત્રો ઉપરથી સિદ્ધ થાય છે. ઋષિમુનિઓ માણસના શરીરથીજ પરમાત્માનો અનુભવ કરી શક્યા હતા અને આખું જગત પરમાત્મારૂપ છે એવો અનુભવ લઈ શક્યા હતા. એક વસ્તુના જ્ઞાનથી સર્વ વસ્તુનું જ્ઞાન થાય છે એવું તે બતાવી શક્યા છે; કારણ કે તેઓ આત્મદૃષ્ટિથી જગતને જોતા હતા. આધુનિક કાળના કેટલાએક મહાત્માઓ જગતને ઇંદ્રિયોના સાધનથી જુએ છે અને તે સાધનથી દેખાતું જગત અપૂર્ણ માની જગતને સુધારવાનો પ્રયત્ન કરે છે. જગતમાં બરાબર વસ્તુઓ અને સ્વભાવ દેખાય છે, તેનું કારણ ઇંદ્રિયોની જોવાની દૃષ્ટિમાં રહેલું છે એમ માનીએ તો તે દૃષ્ટિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂલ છે એમ લાગશે; અને આત્મદૃષ્ટિએ જોતાં જગતમાં ભૂલ દેખાશે નહિ, કારણ કે જે છે તે દ્રષ્ટાથી અલગ નથી.

વળી જ્યારે આત્માનો અનુભવ લેવો હોય છે, ત્યારે સામાન્ય જીવન સંકોચવું પડે છે; અને પાછું વાળવું પડે છે. તેથી પણ એમ લાગે છે કે, માણસનું શરીર આ પૃથ્વી ઉપર છેલ્લું શરીર છે. એ ઉપરથી એમ નથી સમજવાનું કે, માણસનું શરીર પડી જશે એટલે મોક્ષ મળી જશે; પણ માણસના શરીરથી આત્મલાભ મળી શકે છે અને તે લાભથી બધી વસ્તુઓ અને બધું જીવન સમજાય છે; તેથી કોઇ નવા દિવ્ય શરીરની અપેક્ષા રહેતી નથી. છતાં જગતમાં જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, પાપ વધે છે ત્યારે પરમાત્મા પોતે નવું શરીર ધારણ કરે છે અથવા કોઇ મહાત્માઓનાં શરીર ખરો ધર્મ સ્થાપન કરવામાટે વાપરે છે, પણ તે કામ માટે તેને કોઇ પણ પ્રકારની સાધનાની જરૂર રહેતી નથી અને તેને તપ કરવું પડતું નથી. તે કાળથી સ્વતંત્ર છે એટલે ગમે ત્યારે ગમે ત્યાં ગમે તે કરી શકે છે. તે શક્યતાનું ક્ષેત્ર છે, જરૂરીઆતનું ક્ષેત્ર નથી.

મુંબઇમાં જે વિજળીની ટ્રેન ચાલે છે તે ટ્રેન ઉપર ના દોરડામાંથી જે શક્તિ આવે છે તે ટ્રેનના સંચામાં લાવી ઓછી કરવાથી ચાલે છે. દોરડામાંથી આવતી બધી શક્તિ જો વાપરવામાં આવે તો ટ્રેન પૃથ્વી ઉપર ચાલી શકે નહિ. તેવીજ રીતે જ્યારે પરમાત્માને શરીર ધારણ કરવું હોય ત્યારે તે બહુ થોડી શક્તિનો ઉપયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે, નહિતર તેનું શરીર પૃથ્વી ઉપર રહી શકે નહિ; તે વખતે તે શરીરના ધર્મોનો સ્વીકાર કરે છે.

હિંદની વિદ્યામાં તૈત્તરીય ઉપનિષદમાં અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોશનું વર્ણન ઉત્ક્રાન્તિવાદની પેઠે આપેલું છે; છતાં એ પણ ત્યાં સમજાવ્યું છે કે, આત્મા છેલ્લો અનુભવમાં આવે છે તેથી તે છેલ્લો ઉત્પન્ન થયો છે, એમ માનવાનું નથી. આત્મા તો દરેક જીવ ઉત્પન્ન થયા પહેલાં તેમાં રહેલ હોય છે. તેનું જ્ઞાન વહેલું થાય કે મોડું થાય તેથી તે વહેલો કે મોડો ઉત્પન્ન થતો નથી. જ્ઞાન વખતે તે ઉત્પન્ન થતો નથી. ઉલટું, આત્માથી બધું ઉત્પન્ન થાય છે. તે દૃષ્ટિએ જીવનો વિકાસ એ માત્ર દેખાવ છે, પર્યાય છે.

હિંદની વિદ્યાકળામાં ઉત્ક્રાન્તિવાદ સ્વીકારેલો નથી, પણ સાપેક્ષવાદ સ્વીકારેલો છે. પૃથ્વીની ઉત્પત્તિમાં પહેલાં પાણી, તે પહેલાં તેજ, તે પહેલાં વાયુ અને તે પહેલાં આકાશરૂપ જગત હતું. આકાશ પહેલાં મન હતું, મન પહેલાં મૂળપ્રકૃતિ અથવા માયા અને માયા પહેલાં બ્રહ્મ. તે દૃષ્ટિએ બ્રહ્મજ પોતાની માયાશક્તિથી માયાના ગુણોમાં ક્ષોભ કરી મનરૂપ થયું. મન આકાશરૂપ, આકાશ વાયુરૂપ, વાયુ સૂર્યરૂપ, સૂર્ય પાણીરૂપ અને પાણી પૃથ્વીરૂપ થયાં. આ પ્રમાણે પૃથ્વીની ઉત્પત્તિ સાથેજ આત્મા, પ્રકૃતિ, મન અને પંચમહાભૂત તેની સાથે હતાં. આ બધું મૂળ પ્રકૃતિનો એટલે માયાનો વિકાર છે; છતાં બધે ઠેકાણે અને બધે કાળે હોવાથી જે જાતનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગત જે વખતે દેખાય, તે તે વખતનો જોનાર પ્રત્યે દેખાવ છે. જોનાર કયા દેશમાં અને કયા કાળમાં રહીને જુએ છે તે ઉપર જગતના દેખાવનો આધાર છે. આ મતને સાપેક્ષવાદ અથવા માયાવાદ કહે છે.

પણ જ્યાં બધું બ્રહ્મરૂપ છે ત્યાં અજ્ઞાન અથવા માયા શી રીતે ઉત્પન્ન થઇ શકે? આ પ્રશ્ન ઘણા વિદ્વાનોની બુદ્ધિને ગોટાળામાં નાખે છે. આ પ્રશ્ન બંગાળાના એક વિદ્વાન ગવર્નરને પણ થયો હતો. અને એક વખત બંગાળામાં જ્યારે પંડિતોની સભા ભેગી થઇ હતી ત્યારે આ પ્રશ્ન તેણે પંડિતો પાસે મૂક્યો હતો. તે પંડિતોએ જે જવાબ આપ્યા તે ઉપરથી જે સાર નીકળ્યો હતો તે નીચે પ્રમાણે છેઃ–

ગવર્નર—જો બધું બ્રહ્મરૂપ છે તો અજ્ઞાન અથવા માયા ક્યાંથી આવ્યું?

પંડિત—તેનો જવાબ એ છે કે, તે ઉત્પન્ન થયું નથી; કારણ કે તેને આદિ એટલે શરૂઆત નથી.

ગવર્નર—જો માયાને આદિ ન હોય તો તે નિત્ય હોય અને જે નિત્ય હોય તેનો અંત આવે નહિ અને તેથી મોક્ષ મળે નહિ.

પંડિત—મેં એમ કહ્યું છે કે માયાને આદિ નથી, પણ મેં એમ નથી કહ્યું કે માયાને અંત નથી.

ગવર્નર—એવી કોઇ વસ્તુ બની શકે કે જેને આદિ ન હોય પણ જેનો અંત હોય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડિત—તે બની શકે છે. એક ઘડાનું દૃષ્ટાંત લ્યો. ઘડાની ઉત્પત્તિ પહેલાં ઘડાનો અભાવ હતો. ઘડાની ઉત્પત્તિ થઇ ત્યારે તે અભાવનો નાશ થયો.

ગવર્નર—તે વાત સાચી છે.

પંડિત—અને તે અભાવને આદિ નહોતી?

ગવર્નર—તે વાત પણ સાચી છે.

પંડિત—તે ઉપરથી સાબીત થાય છે કે, બધી ઉત્પન્ન થયેલ વસ્તુને આદિ નથી પણ અંત છે.

ગવર્નર—આ વાત સમજાય તેવી છે, પણ બ્રહ્મજ સર્વત્ર સર્વદા હોય તો માયાને માટે જગ્યા કેમ મળે?

પંડિત—માયા સત્ય નથી, તેમ અસત્ય પણ નથી.

ગવર્નર—આ વાત સમજાતી નથી.

પંડિત—જે વસ્તુનો નાશ થઇ શકે તે વસ્તુ હોવી જોઈએ એમ માનો છો?

ગવર્નર—હા.

પંડિત—જ્ઞાનથી અજ્ઞાન નાશ પામે છે એ વાત સાચી છે?

ગવર્નર—જરૂર.

પંડિત—તેથી સાબીત થાય છે કે, માયા છે અને જ્ઞાનથી તેનો નાશ થાય છે.

ગવર્નર—આ બાબત સમજાય તેવી છે. માયા છે તે વિષે મને શંકા નથી. જે વસ્તુ ન હોય તેનો વિચાર પણ આવી શકે નહિ. માટે જે વસ્તુનો વિચાર આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે છે તે હોયજ.

પંડિત—તે વાત સાચી નથી. મનમાં જે વસ્તુના વિચાર થઇ શકે તે વસ્તુ હોવી જોઇએ તે સાચું નથી. જેમકે સસલાનાં શીંગડાં અને વાંઝણીનો પુત્ર.

ગવર્નર—માયા છે એ વાતમાં આપણે બન્ને એકમત છીએ અને બ્રહ્મ પણ સર્વત્ર સર્વદા છે તેથી માયા અને બ્રહ્મ એક હોવાં જોઇએ.

પંડિત—તે વાત સાચી નથી. તેમ હોય તો માયાનો નાશ થાય ત્યારે બ્રહ્મનો પણ થાય. તે બનતું નથી. બરી રીતે બ્રહ્મના જ્ઞાનથી માયાનો નાશ થાય છે.

ગવર્નર—આ વાત બરાબર સમજાતી નથી.

પંડિત—તમે ઝાંઝવાનાં પાણી જોયાં છે?

ગવર્નર—હા, મેં તે જોયાં છે અને જે પાણી સાચું લાગતું હતું તેજ ખોટું માલમ પડયું હતું.

પંડિત—અને ઝાંઝવાનું જળ દેખાતું હતું તે વાત પણ સાચી છે?

ગવર્નર—હા.

પંડિત—અને જ્યારે તમને લાગ્યું કે તે માત્ર રણ હતું ત્યારે ઝાંઝવાનો નાશ થયો. રણમાં જે દેખાવ હતો તે રણના જ્ઞાનથી જતો રહ્યો.

ગવર્નર—તે વાત સાચી છે.

પંડિત—અને ઝાંઝવાના જળથી રણને કાંઇ અસર થઇ હતી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગવર્નર—ના.

પંડિત—તેજ પ્રમાણે સમજવું કે માયા છે, તેને બ્રહ્મનો આધાર છે; છતાં તે બ્રહ્મના જ્ઞાનથી નાશ પામે છે. છતાં માયાના નાશથી બ્રહ્મને કાંઇ થતું નથી.

ગવર્નર—પણ જેમ આંબાવાનું અસ્તિત્વ નથી, તેમ માયાનું અસ્તિત્વ પણ હોવું ન જોઇએ.

પંડિત—તમે આગળ કબૂલ કરેલ છે કે, માયા છે અને હવે કબૂલ કરો છો કે માયા નથી; તેથી મેં જે પહેલાં કહ્યું હતું કે માયા છે અને નથી એ વાત સાચી ઠરે છે. હિંદુઓનાં ધર્મશાસ્ત્રોમાં સત્યને સાપેક્ષ અને નિરપેક્ષ બન્ને કહેલ છે. સાપેક્ષ સત્ય પૂર્ણસત્ય નથી, છતાં તેમાં પણ નિરપેક્ષ સત્યનો સાર છે.

આ જવાબથી ગવર્નરનું મન ચકડોળે ચઢયું તેથી એક પંડિતે તેનો હાથ ઝાલી કહ્યું કે—આ જ્ઞાન મહાત્માઓનેજ મળે છે. જેઓ સંસારથી વિરક્ત થઇ, તપ કરી એકાગ્રતાથી આત્મચિંતન કરે છે તેઓજ દેશ, કાળ અને ઇચ્છાના બંધનથી છૂટી શકે છે. જેઓને અનેક જાતની વાસના હોય અને બુદ્ધિમાં અજ્ઞાન ભર્યું હોય તેમને આ જ્ઞાન મળતું નથી. ગવર્નર પણ સમજી શકયા કે, અપરિમિત જ્ઞાન પરિમિત મનથી મળે નહિ. મળે તો તે સાચું ન હોય. વળી તેને લાગ્યું કે, જે તત્ત્વ જર્મન પ્રોફેસર ઇન્સ્ટીને શોધી યૂરોપના સાયન્સ ઉપર નવું અજવાળું પાડયું છે તે હિંદુસ્તાનના ઋષિમુનિઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજારો વર્ષ પહેલાં શોધી શકયા હતા. તે કહે છે કે, "એ ઋષિઓને ધન્ય છે કે જે વાણી અને મનથી જાણી ન શકાય એવા અગમ્ય પ્રદેશની માહિતી આપતા, પવિત્ર હૃદયથી પરમાત્મા સાથે વાત કરતા અને તે રસ્તે મનુષ્યજીવનનું મોટામાં મોટું સુખ મેળવતા."

આ પૃથ્વી ઉપર માત્ર હિંદમાંજ બધી વિદ્યાકળા-ઈશ્વર ભરી દે તો પશ્ચિમના આગળ પડતા લોકોની શી ગતિ થાય? કુદરતમાં અન્યાય નથી.

છેલ્લાં દશ વર્ષ થયાં જર્મનીમાં પ્રૉફેસર ઇન્સ્ટીને "સાપેક્ષવાદ" (એટલે રેલેટીવીટી) ની નવી શોધ કરી છે. તે શોધથી ત્યાંના સાયન્સની આગલી શોધો ઉપર નવું અજવાળું પડેલ છે. ત્યાંની આગલી શોધની ભૂલો જણાવા લાગી છે.* પ્રૉ. ઇન્સ્ટીને ત્યાંના સાયન્સથી સાપેક્ષવાદ સિદ્ધ કરેલ છે. તે કહે છે કે, આપણે જેને કાળ કહીએ છીએ તે માણસનો કાળ છે, તે ખરો કાળ નથી. કાળ પોતે સાપેક્ષ છે. માણસની દૃષ્ટિએ તે જેવો લાગે છે તેવો બીજાં પ્રાણીની દૃષ્ટિએ લાગતો નથી. તે શોધ પ્રમાણે દરેક વસ્તુમાં ચાર કદ છે. ઉંચાઇ, લંબાઇ, પહોળાઇ અને વસ્તુનો કાળ. જેમ ઉંચાઈ, લંબાઇ અને પહોળાઇ માપી શકાય છે; તેમ દરેક વસ્તુનો કાળ પણ માપી શકાય છે. આ શોધ ઉપરથી રૂશિયાના ગણિતશાસ્ત્રી મીન્કોવસ્કીએ કાળનું ગણિત

* આ શોધ ઉપર ત્યાં જૂદા જૂદા વિદ્વાનોએ ૩૦૦૦ પુસ્તકો લખ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવ્યું છે. તેનાં પુસ્તકો આ દેશમાં આવેલ છે, પણ તે સમજવે તેવા માણસો હજુ અહીં આવેલ નથી. યૂરોપની વિદ્યાપીઠોમાં પણ આ ગણિત હજુ દાખલ થયું નથી અને અહીં દાખલ થતાં કદાચ ૫૦ વર્ષ વીતી જાય. ૫૦ વર્ષ પછી આપણી કૉલેજોમાં વિદ્યાર્થીઓ કાળની ભૂમિતિ અને કાળનું બીજગણિત શીખશે. તે વખતે અહીંની વિદ્યામાં મોટો ફેરફાર થશે.

હાલ તો ક્ષણિક સુખમાં મોજ માનતા માણસો વર્તમાનકાળનો થોડો વિચાર કરે છે; પણ કાળ પોતે શું તત્ત્વ છે તે જાણતા નથી. મોક્ષ માટે કાળનું જ્ઞાન બહુ જરૂરી છે. જીવ અનિત્ય છે, ઈશ્વર નિત્ય છે. એમાં ખાસ ફેરફાર કાળનોજ છે. તે બાબત જ્યારે ગણિતથી સમજાવવામાં આવશે, ત્યારે અહીંના જ્ઞાનમાં નવી દિશા ઉઘડશે.

બરી રીતે જોતાં આપણો દેહ કે જેને આપણે "હું" કહીએ છીએ, તે આપણે નથી. એટલું બરું છે કે, જે સુખદુઃખ થાય તે આપણને લાગે છે, પણ તેથી એમ ન કહી શકાય કે દેહ જેટલોજ આત્મા છે. દેહનું સુખ અને દેહનું દુઃખ કાયમ રહેતાં નથી. ઉંઘમાં સુખદુઃખનો અનુભવ નથી છતાં આત્મા છે. પણ દેહના અધ્યાસથી દેહ જેટલો વખત રહે તેટલો વખત આપણે જીવ્યા એમ માનીએ છીએ. કોઇબાએ જે નામ પાડયું તે સાચું માની તે પ્રમાણે વ્યવહાર કરીએ છીએ. તે પૂર્વના સંસ્કાર અને માણસની દૃષ્ટિનું પરિણામ છે; પણ માણસની માન્યતા લાંબો વખત ટકતી નથી. માણસથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચી કોટીના જીવો એટલે પશુપક્ષીઓ જગતને જૂદી રીતે જુએ છે અને ઉત્તમ કોટીના મહાત્માઓ જગતને જૂદી રીતે જુએ છે; અને જગત પણ જોનારપ્રતિ તેવો ભાવ ધારણ કરે છે, તેથી કરીને ઘણા મહાત્માઓના જીવનમાં ચમત્કાર જણાય છે; પણ તેમાં ચમત્કાર જેવું કાંઇ હોતું નથી. આત્માનું ક્ષેત્ર એ જ્ઞાનદૃષ્ટિએ શક્યતાનું ક્ષેત્ર છે. ભક્તની દૃષ્ટિએ વરદાનનું ક્ષેત્ર છે. ત્યાં જે જોઇએ તે મળે છે તેથી ભક્તને એમ લાગે છે કે ત્યાં ભગવાન વરદાન દેવા માટે નિત્ય ઉભા છે. આગળ જણાવ્યું તેમ આત્મા શબ્દોથી જવાબ આપતો નથી, પણ જે વસ્તુની ભક્તને જરૂર હોય તે આપીને જવાબ આપે છે.

પ્રૉ. ઇન્સ્ટીનની સાપેક્ષવાદની શોધથી ઘણા પ્રયોગો થયા છે અને સિદ્ધ થયું છે કે, વસ્તુઓની લંબાઈ, ઉંચાઇ, જાડાઇ, વજન, શક્તિ, કાળ વગેરે બધું સાપેક્ષ છે. જ્ઞાન પણ સાપેક્ષ છે. કેટલાક માને છે કે, ઈશ્વર સર્વજ્ઞ અને સર્વશક્તિવાન છે; તેથી બધા મહાત્માઓ પણ સર્વજ્ઞ અને સર્વશક્તિવાન હોવા જોઇએ; પણ અહીં બેઠાં અમેરિકામાં શું બને છે તે જાણવું તેનું નામ 'સર્વજ્ઞતા' નથી. તે કાંઈ યોગસિદ્ધિથી અથવા જેને અંગ્રેજીમાં 'ક્લેરવૉયન્સ' કહે છે તેવા મામુલી જ્ઞાનથી થઇ શકે છે. બરી સર્વજ્ઞતા એટલે બધું પ્રભુમય છે એમ જાણવું તે. સર્વશક્તિમાનપણું એટલે બધું એક શક્તિથી ચાલે છે એમ અનુભવ થવો જોઇએ. તેવીજ રીતે આપણો દેહ નિત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે તેનું નામ મોક્ષ નહિ, પણ આપણો આત્મા નિત્ય-મુક્ત છે, બીજાનો આત્મા પણ નિત્યમુક્ત છે, આખું જગત નિત્યમુક્ત છે; એમ અનુભવ થવો જોઇએ. કારણ કે બધું એકરૂપ છે. ભેદદૃષ્ટિ માયીક છે અને તે માયીક દૃષ્ટિ ઘણા ખોટા પ્રશ્નો ઉભા કરે છે.

આપણને બહાર દેખાતું જગત બરી રીતે આપણી બહાર નથી. બહાર દેખાવાનું કારણ દેહનું અભિમાન છે. તે અભિમાન જાય તો બહારનું જગત અંદર આવી જાય, અને તેજ વખતે આપણે પોતે ઝાડરૂપ, પર્વતરૂપ, ફળ, ફૂલ, પશુ, પક્ષી, બાળક, સ્ત્રી વગેરે જે જે જોઇએ તે તે મય થઇ જઇએ છીએ.

એટલું જ નહિ પણ જ્યારે દેહનું અભિમાન જાય છે ત્યારે એમ લાગે છે કે, આપણે અત્યારેજ જીવીએ છીએ એમ નથી. આપણે જગત ઉત્પન્ન થયા પહેલાં હતા અને જગતના પ્રલય પછી પણ રહીશું; કારણ કે જે છે, જે હતું અને જે હશે તે આપણે છીએ. આ દૃષ્ટિએ જન્મ અને મરણ એ માત્ર દેખાવ છે. આપણા મનુષ્ય-દેહમાં જેમ ઘણાં જંતુઓ રોજ જન્મે છે અને મરે છે, છતાં આપણે મરતા નથી; તેમ આપણા વિરાટ્ શરીરમાં અનેક ફેરફાર થાય છે છતાં આપણા શુદ્ધ આત્માને તેની અસર થતી નથી.

પ્રૉ. ઈન્સ્ટીને છ મહીના પહેલાં ગણિતથી સાબીત કરી આપ્યું છે કે, જે શક્તિ પરમાણુમાં છે તેજ શક્તિથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્યમંડળ ચાલે છે. આ બાબત ગણિતથી સમજાવવી એ સહેલું કામ નથી; છતાં આ યુગની એ મોટામાં મોટી શોધ છે. રેડિયો અને હવાઇ વિમાનની શોધ કરતાં પણ આ શોધ વધારે કિંમતી છે.

એક તોપ ફૂટે ત્યારે તેના તેજનો ઝબકારો અને તેનો અવાજ તોપ ફોડનારને એકસાથે અનુભવમાં આવે છે, પણ દૂર ઉભેલા માણસને ઝબકારો પહેલો દેખાય છે અને અવાજ પછી સંભળાય છે. તેનું કારણ જોનારની સ્થિતિ ઉપર છે અને અવાજ કરતાં તેજની ગતિ અતિશય વધારે રહે છે.

એક રેલ્વેટ્રેન એક સ્ટેશનથી બીજા નજીકના સ્ટેશને જતી હોય ત્યારે જો તેનો ડ્રાઇવર સીટી વગાડતો હોય તો જે સ્ટેશનેથી તે ટ્રેન નીકળી ત્યાંના સ્ટેશન માસ્તરને જતી ટ્રેનની સીટી સંભળાય છે, જે સ્ટેશને ટ્રેન પહોંચવાની હોય ત્યાંના સ્ટેશનમાસ્તરને આવતી ટ્રેનની સીટી સંભળાય છે–એટલે કે, તેનો અવાજ વધતો જાય છે અને ડ્રાઇવરને તે અવાજ સમાન લાગે છે. તેનું કારણ સાંભળનારની સ્થિતિ ઉપર છે. એક સ્થિતિમાં જગત સમાન લાગે છે; નિત્ય એકરૂપ, અખંડ, અદ્વૈત લાગે છે. તેથી માણસ જેવો છે તેવો રહીને જગતનું સત્ય સમજી શકશે નહિ. કોઈ પણ મહાત્મા અથવા ધર્મ બધા માણસને સંતોષ થાય તેવા ખુલાસા કરી શક્યા નથી. કૃષ્ણ, બુદ્ધ અને ક્રાઇસ્ટ જેવા મહાપુરુષો આવ્યા તોપણ જેઓ તેનું કહેવું સમજી ન શક્યા તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા ને એવાજ રહી ગયા. શ્રીકૃષ્ણ જ્યારે કંસને મારવા ગયા ત્યારે મલ્લને મલ્લ જેવા લાગ્યા, કંસને કાળરૂપ લાગ્યા, વસુદેવ અને દેવકીજીને બાળકરૂપ લાગ્યા, યોગીઓને પરમ તત્ત્વરૂપ લાગ્યા. આ સ્વભાવ જગતની બધી વસ્તુઓમાં છે. વસ્તુ કેવી છે તેનો આધાર જોનાર ઉપર છે.

જ્યારે પ્રકૃતિનું જોર હોય ત્યારે આત્મા નિષ્ક્રિય લાગે છે, જ્યારે પ્રકૃતિ નિષ્ક્રિય હોય ત્યારે આત્મા ક્રિયાત્મક લાગે છે. આવા અનુભવથી કર્તા અને કર્મના ધર્મો ઉત્પન્ન થયા છે. પ્રો. ઇન્સ્ટીનના નવા ગણિતમાં અચળ વસ્તુને 'ઇનવેરિયન્ટ' કહે છે અને તે 'ઇનવેરિયન્ટ' પ્રકૃતિ થઈ શકે છે અને આત્મા પણ થઇ શકે છે. તેથી આત્માની ગતિનો અનુભવ કરવો હોય તો પ્રકૃતિની ગતિ બંધ કરવી જોઇએ. તે વખતે અંદરની પ્રેરણાથી સત્ય જ્ઞાન મળશે, પણ તે જ્ઞાન આવે ત્યારે ધીરજ રાખવી જોઇએ અને પ્રકૃતિની ક્રિયાને શાંત રાખવી જોઇએ. તે વખતે આનંદ આવશે, પણ આનંદ ભોગવવાની ઇચ્છા થશે તો તે આનંદ જતો રહેશે; કારણ કોઇ પણ ઇચ્છાથી પ્રકૃતિ જાગ્રત થાય છે અને તે વખતે આત્મા સુષુપ્તવત્ લાગે છે. જગતમાં બે વસ્તુના સંયોગથી સુખ થાય છે. અહીં એક વસ્તુનું સુખ છે તેથી તે કોઇ પણ બીજા સુખની સાથે સરખાવી શકાય નહિ. પોતે જ્ઞાતા હોવાથી જ્ઞાનની જરૂર નથી, પોતે પ્રમાણ હોવાથી તેને બીજા પ્રમાણની અપેક્ષા નથી; પોતે સ્વયંપ્રકાશ હોવાથી તેને બીજા પ્રકાશની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપેક્ષા નથી. તે સાધનસાધ્ય નથી, સિદ્ધ છે. ત્યાં જીવ ઈશ્વરનો સંબંધ નથી, કારણ કે ત્યાં બે વસ્તુ નથી. જ્યાં જીવ છે ત્યાંજ ઈશ્વર છે. ઈશ્વરને ખોટી રીતે જોવાથી જીવ દેખાય છે. તેથી નાની વસ્તુ અને મોટી, બધી સમાન છે. આ સત્ય આશ્ચર્યકારક છે. આ સત્યનો અનુભવ ન હોય તેજ ભય છે. તે અનુભવ ન હોય ત્યારે માણસ પોતાની દૃષ્ટિ અને પોતાના વિચાર સાચા માની બેસે છે અને ખોટા પ્રશ્નોને સાચા માની તેના જવાબ શોધવામાં વખત ગુમાવે છે. સત્ય દૃષ્ટિ બધા પ્રશ્નોના ઉત્તર આપી શકતી નથી, કોઇ પણ પ્રશ્નનો ઉત્તર મેળવવાની મહેનત કર્યા પહેલાં પ્રશ્નમાંજ કેટલી ભૂલ છે તે પહેલાં તપાસવું જોઇએ. સત્ય એક છે. તેને જીવ કહો, ઈશ્વર કહો, જગત કહો, જડ કહો, ચેતન કહો, સારૂં, નરસું વગેરે બધા એકજ સત્યનાં જૂદી જૂદી દૃષ્ટિથી જોયેલાં રૂપ છે. આ સત્ય સમજવું મુશ્કેલ છે, દુઃખમય છે; છતાં આ દુઃખ સંસારના સુખ કરતાં સારૂં છે. સત્ય સમજવું હોય તો મરવા તૈયાર રહેવું જોઇએ. અનેક રૂપ અનેક પ્રકારના સંબંધ બતાવે છે, પણ તે રૂપ અને સંબંધ સાચા માનવા તે માયામાં ફસાવા જેવું છે; કારણ કે બધા પ્રકારના સંબંધનો આધાર જોનારની સ્થિતિ ઉપર છે; છતાં સત્ય અખંડ રહે છે. તે સત્ય દરેક જગ્યાએ દરેક વખતે પ્રાપ્ત છે.

મોક્ષના વિચારમાં કોનો મોક્ષ જોઇએ છીએ તે જોવું જોઇએ. દેહ તો કાળ પ્રમાણે છૂટી જાય છે, તેથી દેહના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોક્ષની જરૂર નથી. આત્મા નિત્યમુક્ત છે તેથી તેને પણ મોક્ષની જરૂર નથી. માત્ર દેહ, આત્મા, મોક્ષ, તેમના સંબંધ અને તે વિષે આપણે બાંધેલી અનેક કલ્પનાઓ છૂટી જાય અને સત્ય દૃષ્ટિથી સત્ય સંબંધથી રહેવાય તેનું નામ મોક્ષ છે. સાપેક્ષ ભાવથી ઉત્પન્ન થયેલ પ્રશ્નો પણ સાપેક્ષ છે. એ પ્રશ્નો સાચા ન હોવાથી તેના સાચા જવાબ મળે નહિ. માણસની દૃષ્ટિમાં એમ લાગે છે કે, એક બનાવમાંથી બીજો ઉત્પન્ન થાય છે. સત્ય દૃષ્ટિમાં બધા બનાવ એક સત્યના ભાગ છે. ભૂત અને ભવિષ્યના બનાવો પણ સાપેક્ષ છે. જે બનાવ એક માણસને ભૂતકાળમાં બનેલ લાગે છે તે બીજા કોઇ માણસને ભવિષ્યકાળમાં લાગતો હતો.

આપણી મરજી પ્રમાણે ક્રિયા કરી શકીએ તેનું નામ મોક્ષ નથી, પણ આપણને બાંધી શકે એવી કોઈ વસ્તુ ન રહે તેનું નામ મોક્ષ છે. કોઇ દુઃખ આપે ત્યારે દુઃખ આપનાર પણ આપણું રૂપ છે, એમ માનવું જોઇએ. દેહના અભિમાનથી તે સહન થતું નથી, પણ દેહનું અભિમાન મૂકવાનું છે. બરી રીતે તે દશામાં દુઃખ દેનાર પણ રહેશે નહિ; કારણ કે પોતાના દાંત બીજાને કચરતા નથી.

સામાન્ય માણસ કર્મ પ્રમાણે ફળ માગે છે. ધાર્મિક માણસને ગરીબ દેખી મુંઝાય છે અને અધર્મીને પૈસો કેમ મળે છે તે તેને સમજાતું નથી; પણ પૈસો વધારે મળે કે ઓછો મળે તે ઉપરથી સારું કર્મ કે બરાબ કર્મ માનવાનું નથી. સારું કર્મ તેજ કે જેથી આત્મલાભ મળે. કર્મની જૂદી જૂદી વાતો, તેના પ્રકાર, તેના હેતુ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની કિંમત, તેનાં ફળ વગેરે સાપેક્ષ છે. તે બધા પ્રશ્નોના ખુલાસા મળી શકશે નહિ. તેનું કારણ એ છે કે, માણસ પોતે પોતાને જૂદો જીવ માની તે જૂદા જીવના કલ્પેલા સુખદુઃખ પ્રમાણે તેણે કલ્પેલાં ફળ માગે છે. વસ્તુતઃ તે પોતે જૂદો જીવ નથી. અને તેની કલ્પનામાં આવેલા પ્રશ્નો સાચા નથી. અભેદ દૃષ્ટિમાં પોતે સર્વમય છે અને તેથી બધાં ફળ તેનાં છે; છતાં બધાનાં દુઃખ તેને લાગતાં નથી તેનું કારણ એ છે કે, આત્મભાવમાં દુઃખ કરતાં સુખ વધારે છે. પણ આત્મ-ભાવ દૃઢ થયા પહેલાં કસોટી માટે દુઃખ આવે છે તેવું દુઃખ દરેક મહાત્મા ઉપર આવે છે. તે સિવાય આત્માની શક્તિની બબર પડે નહિ. સંગીતના સૂરમાં બધા તારનો ઉપયોગ છે. આત્માનું જીવન સંગીતમય છે. એક માણસ-નું જીવન ગમે તેટલું સારૂં લાગતું હોય, બીજાનું બરાબ લાગતું હોય; છતાં બધા તે સંગીતના સૂર છે; તેથી જે જીવન મળ્યું હોય તેમાં સંતોષ રાખવો જોઇએ, પણ તે જીવનને બધાની સાથે એકસૂર કરવું જોઇએ. જે જગ્યાએ બંધન લાગે છે, તેજ જગ્યાએ તેજ વખતે મોક્ષ હાજર છે. મુક્તિ વખતે જગત તો એવું ને એવું રહે છે, પણ જે અપૂર્ણ દૃષ્ટિથી ખોટું અને અવ્યવસ્થિત દેખાતું હતું તે નવી દૃષ્ટિથી સારૂં અને વ્યવસ્થિત દેખાય છે. જ્યારે બધું એકરૂપ લાગે ત્યારે કયી વસ્તુ જોઇએ ? માત્ર ગરીબાઇ અને એકાંત-માંજ પવિત્રતા નથી. તે સર્વત્ર સર્વદા છે. ધૂળની રજમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનંત સૌંદર્ય છે. દેહના જન્મમાં અને દેહના મરણમાં કળા છે. કળા જોઈને આનંદ આવવો જોઇએ.

માણસના મરણ પછી તેની સાથે વાતચીત થઇ શકે કે નહિ તે માટે હમણાં યૂરોપમાં પ્રયોગો ચાલી રહ્યા છે. તેને 'પ્રેતાવાહન' અથવા 'સ્પીરીચ્યુઆલીઝમ' કહે છે. આવી બાબતમાં રસ લેનારા ચાર વિદ્વાનો એક વખત ઇંગ્લાંડમાં ભેગા થયા હતા. તેમણે દરેકે ઠરાવ કર્યો કે, પોતે મરણ પહેલાં કાંઇક લખીને કોઈ પણ ગુપ્ત સ્થળે રાખી જવું અને મરણ પછી તે શોધી કાઢવા માટે કોઈને કહેવું. આ પ્રમાણે તે ચાર વિદ્વાનોએ કર્યું અને કોણે શું લખ્યું છે અને ક્યાં મૂક્યું છે તે કોઇએ કોઇને કહ્યું નહિ. થોડા વખત પછી તે ચારમાંથી એક માણસનું મૃત્યુ થયું. ત્યાર પછી થોડા દિવસમાં જ્યાં 'પ્રેતાવાહન'ના પ્રયોગો ચાલતા હતા ત્યાં એક માણસ કે જે સાધનરૂપ થયો હતો તેણે કહ્યું કે તે મરી ગયેલ વિદ્વાન સૂચના કરે છે કે, તેણે અમુક ચાર જગ્યાએ ચાર ઇંટના કટકા દાટયા છે તે ભેગા કરી તે ઉપર જે લખ્યું છે તે વાંચી જુઓ. એ કટકા ભેગા કરી તેમાં કોતરેલું લખાણ વાંચવાથી એમ નીકળ્યું કે હું જીવતાં જે શરત કરી ગયો હતો તે પ્રમાણે મેં મારું લખાણ એક સીલ કરેલા કવરમાં લખી અમુક બેંકમાં મૂકેલ છે. તે ઉપરથી બેંકમાં તપાસ થઇ અને જે લખાણ તે મૂકી ગયો હતો તે મળી આવ્યું.

૧૯૧૧ ની સાલમાં જ્યારે 'ટીટાનીક' નામની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ટીમર ડૂબી હતી અને તે વખતે લગભગ ૧૫૦૦ માણસ ડૂબી ગયા હતા ત્યારે તેમાં "રિવ્યુ ઑફ રિવ્યુઝ" ના અધિપતિ "વીલિયમ સ્ટેડ' હતા. તે સ્ટીમર ઉપડી તે પહેલાં તેને કોઈ જોશીએ કહ્યું હતું કે, આ મહીનામાં તમે દરિયાની મુસાફરી કરશો નહિ; છતાં તેમનું કહેવું ન માની તે સ્ટીમરમાં મુસાફરી શરૂ કરી અને સૌની સાથે ડૂબી ગયા. તે વિદ્વાનનો આત્મા પણ એક વખત 'પ્રેતાવાહન'ના પ્રયોગો વખતે આવ્યો હતો અને પોતે જોશીનું કહેવું માન્યું નહિ તે માટે પસ્તાવો જાહેર કર્યો હતો.

આ નાના પુસ્તકમાં ઘણા પ્રયોગોનું પરિણામ આપી શકાય તેમ નથી; પણ આ બાબત ઉપર યૂરોપના માણસોનાં મન બહુ આકર્ષાયાં છે અને ઘણાં પુસ્તકો પણ પ્રગટ થયાં છે. આ પ્રયોગોમાં એક મોટો દોષ એ છે કે, કેટલીક વાર જે માણસને બોલાવવામાં આવે છે તેને બદલે બીજો કોઈ માણસ, સાધનરૂપ થયેલ માણસનું શરીર વાપરે છે અને ખોટી સૂચના આપી પહેલા માણસના જેવું વર્તન બતાવે છે. તે ઉપરાંત સાધનરૂપ થયેલ માણસના મનની અને શરીરની શક્તિને વખત જતાં ઈજા થાય છે. આવા પ્રયોગો હિંદમાં પણ થતા અને હજુ પણ જ્યારે કોઈ ભાઇને મરી ગયેલ શૉકયનું દુઃખ દૂર કરવાની જરૂર પડે છે ત્યારે કોઇ કોઇ જગ્યાએ તાંત્રિક પ્રયોગો થાય છે. થોડો વખત થયાં યૂરોપના જેવા પ્રયોગો પણ આ દેશમાં શરૂ થયા છે. કેટલીક વાર યોગી લોકો પણ આવા પ્રયોગ કરે છે. કેટલાક મહા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્માઓ સમાધિ લીધા પછી પોતાના ભક્તોને દર્શન આપે છે. શ્રીરામકૃષ્ણ પરમહંસે એમનાં પત્નીને દર્શન આપ્યું હતું અને જીસસ ક્રાઇસ્ટ પણ તેની મા અને તેના શિષ્યો પાસે આવ્યા હતા. ફેર એટલો પડે છે કે, યૂરોપમાં સાધનરૂપ થનાર માણસની શક્તિ આવા પ્રયોગોથી ઓછી થાય છે અને હિંદમાં કોઇ જીવને નુકસાન કર્યા વગર તેવા પ્રયોગ થાય છે.

જેમ મરણ પછીનું જીવન આવા પ્રયોગથી જાણી શકાય છે, તેમ જન્મ પહેલાંનું જીવન જાણવા માટે પણ યૂરોપમાં પ્રયોગ થાય છે. એક માણસે એક ૧૮ વર્ષની છોકરી ઉપર તેવો પ્રયોગ કર્યો હતો. પહેલાં તે માણસે પોતાની શક્તિથી તે છોકરીને મૂર્છામાં નાખી. ત્યાર પછી તેના જીવને પાછો હઠાવ્યો એટલે તે છોકરીને લાગ્યું કે પોતે તેની માને ધાવે છે. તે પછી પાછા હઠતાં તેની વાણી બંધ થઈ, અને માત્રની નિશાનીથી જવાબ આપતી હતી. તે વખતે તે ગર્ભમાં હતી અને તેને અંધકાર લાગતો હતો. તેની મૂર્છા વધારવામાં આવી ત્યારે તેમાંથી એક દુઃખી બુઢ્ઢા માણસનો અવાજ નીકળ્યો. પહેલાં તે બુઢ્ઢાએ કાંઇ જવાબ આપ્યો નહિ, પણ તેનો જીવ જરા વધારે પાછો હઠાવવામાં આવ્યો ત્યારે તેણે પોતાના જીવનની બધી હકીકત કહેવા માંડી અને કહ્યું કે, પોતાનું શરીર છોડયા પછી, તે છોકરીની આસપાસ તે રહેતો અને બાળકના જન્મ વખતે તેણે તેમાં પ્રવેશ કર્યો. તે બુઢ્ઢા માણસને તેનો આગલો જન્મ કહેવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું ત્યારે તેમાંથી એક બુઢ્ઢી અને બરાબ સ્વભાવની સ્ત્રીનો જન્મ નીકળ્યો; પણ આટલા વખતમાં તે છોકરી-નો જીવ થાકી જવાથી પ્રયોગ અપૂર્ણ રાખવો પડયો.

ખરા સાધુઓ આવા પ્રયોગો તરફ લક્ષ આપતા નથી. જન્મ પહેલાં જીવતા હતા તેમ જાણવું અથવા મરણ પછી જીવતા રહેવું તેનું નામ મોક્ષ નથી, પણ આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક દુઃખથી કાયમને માટે છૂટવું તેનું નામ મોક્ષ છે. તે માટે આત્મ-જ્ઞાન જોઈએ, અને આત્મજ્ઞાનથી જેટલાં નામ, રૂપ, જન્મ વગેરે થયા હતા, થાય છે અને થશે તે પોતા-ના લાગે છે. જ્યારે શ્રીકૃષ્ણે મુચુકુંદને નિમિત્ત કરી કાલયવનને માર્યો હતો ત્યારે મુચુકુંદે શ્રીકૃષ્ણને પૂછયું કે "તમે કોણ છો, તમારો જન્મ ક્યાં થયો છે, તમારું ગોત્ર કયું? એ ઇચ્છા હોય તો કહો." ત્યારે શ્રીકૃષ્ણે જવાબ આપ્યો કે, "મારા જન્મ, કર્મ અને નામ હજારો છે. તે અનંત હોવાથી મારાથી પણ ગણી શકાય તેમ નથી. પૃથ્વી ઉપરની ધૂળનાં રજકણો કદાચ ગણી શકાય, પણ મારા ગુણ, કર્મ અને નામ ગણી શકાય તેમ નથી. ત્રણે કાળમાં ઉત્પન્ન થયેલ મારા જન્મ અને કર્મ ગણતાં ઋષિમુનિઓ પણ પાર પામી શકતા નથી."

કાળ સાપેક્ષ છે. તેનો આધાર દ્રષ્ટાની દૃષ્ટિ ઉપર છે. જેવા દેશકાળમાં રહીને દ્રષ્ટા એટલે જોનાર માણસ જગતને જુએ છે, તેવો દેશકાળ જગત તેનાપ્રત્યે દેખાડે છે. એક માણસને ઘણી વાર ભવિષ્યમાં બનવાનું હોય તેનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વપ્નાં આવતાં અને તે સ્વપ્નાં લખી રાખવાની તેને ટેવ હતી; તેથી તેના પ્રયોગ સાબીત થઇ શકતા. તે ઉપરથી તેને ખાત્રી થઇ કે, જે સાચો દ્રષ્ટા છે તેને કાળનું બંધન નથી. અંતર્જ્ઞાનથી અંતર્વૃત્તિ ફેરવતાં આવડે તો એક ક્ષણમાં પણ જીવ, ઈશ્વરના નિત્યસ્વરૂપમાં જઇ શકે; કારણ કે કાળ સાપેક્ષ છે. આ ભાવને સમાધિ કહે છે. સમાધિમાં કેટલો વખત ગયો તેની ખબર પડતી નથી.

પ્રૉ. ઇન્સ્ટીનની સાપેક્ષવાદની શોધથી હિંદુધર્મનાં પુરાણોની કથા ઉપર પણ નવું અજવાળું પડે છે. પુરાણોમાં લખેલ છે કે, પરમાત્માએ પોતાની ક્રીડા માટે જૂદા જૂદા લોક ઉત્પન્ન કર્યા છે. હજુસુધી એમ મનાતું હતું કે, લોક એટલે કોઈ નવી પૃથ્વીઓ હશે; પણ આ બાબત સાચી લાગતી નથી. 'લુક' એટલે જોવું અથવા દેખાવું. સંસ્કૃત ભાષામાં અને અંગ્રેજી ભાષામાં પણ 'લુક'ના એ અર્થ થાય છે. પુરાણોની મુખ્ય ભાષા સમાધિભાષા છે. તેમાં સમાધિના અનુભવ છે. 'લુક' ઉપરથી લોક થાય છે; તેથી લોક એટલે પ્રદેશ નહિ પણ દૃષ્ટિબિંદુ સમજવાનું છે. મનુષ્યનું દૃષ્ટિબિંદુ એટલે મનુષ્યલોક અને નાગનું દૃષ્ટિબિંદુ એટલે નાગલોક વગેરે. જેવો દ્રષ્ટા તેવી દૃષ્ટિ. જૈનધર્મમાં એને પર્યાયાર્થિક નય અથવા વ્યવહારનય કહે છે.

જે દૃષ્ટિબિંદુથી જીવ જગતને જુએ છે, તે પ્રમાણે તેના દેશકાળ બંધાય છે. દેશકાળથી રહિત આત્માની દૃષ્ટિથી, જ્ઞાની પુરુષની માફક જગતને જોઇ શકાય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતની ઉત્પત્તિજ દેખાશે નહિ; કારણ કે કાળ સાપેક્ષ છે, આત્મા તો જગત ઉત્પન્ન થયા પહેલાં પણ હતો; તેથી તે દૃષ્ટિએ બધું બધે ઠેકાણે બધે વખતે દેખાય છે. ત્યાં ઉત્પત્તિનો વિચારજ નથી. પ્રૉ. ઇન્સ્ટીનની શોધ પ્રમાણે પણ એક દૃષ્ટિએ કહી શકાય કે, જગત ઉત્પન્ન થયું જ નથી. કાંઇક છે પણ તેને શું કહેવું તેનો આધાર જોનારના જ્ઞાન ઉપર છે.

જગત અને ઈશ્વરવિષે આપણે આપણા વિચાર આપણી દૃષ્ટિથી કરીએ છીએ. તે દૃષ્ટિમાં ફેરફાર થાય એટલે જગત નવા રૂપે દેખાય. બ્રહ્મદૃષ્ટિએ જગત બ્રહ્મરૂપ લાગે. બધા માણસ આત્મારૂપ દેખાય, બધા નિત્યમુક્ત છે એમ જોઈ શકાય.

મનુષ્યના મનથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે એક પછી એક વિચાર આવવાથી ઉત્પન્ન થાય છે. આત્માથી મળતું જ્ઞાન એક ક્ષણમાં એક સાથે વિજળીના ઝબકારાની માફક વસ્તુનો પ્રકાશ કરે છે; તેથી જ્ઞાનીને વિચાર કરવાની જરૂર પડતી નથી. આપણને જગતવિષે અને ઈશ્વર વિષે જે જ્ઞાન છે તે આપણી લાગણી પ્રમાણે થાય છે. આપણા ઉપયોગમાં આવતા માપ, ફૂટ, ઘડિયાળ વગેરે સાપેક્ષ છે. અમુક વસ્તુ સારી અને અમુક વસ્તુ નરસી, તે વિષેની આપણી માન્યતા સાપેક્ષ છે. વસ્તુ પોતે સારી નથી, તેમ નરસી પણ નથી. બધું ભગવદ્રૂપ છે. જેવો ગ્રાહક તેવી તે દેખાય છે. આપણે સ્થિર હોઇએ ત્યારે એક વસ્તુને જોઇએ ત્યારે તે વસ્તુનાં કિરણ અમુક ગતિએ આપણી આંખને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અડે છે અને તે કિરણની ગતિ પ્રમાણે તે વસ્તુ દેખાય છે; પણ આપણે ગતિમાં હોઇએ તો તે વસ્તુનાં કિરણ આપણી પાસે આવવામાં ઓછો અથવા વધારે વખત લે છે. આપણે તે વસ્તુ તરફ જતા હોઇએ તો ઓછો વખત લાગે છે અને તે વસ્તુથી દૂર જતા હોઇએ તો વધારે વખત લાગે છે. તે પ્રમાણે તે વસ્તુના દેખાવમાં અને તે પ્રાપ્ત કરવાના વખતમાં ફેર પડે છે. બધો આધાર આપણી ક્રિયા ઉપર છે. જગતનો સ્વભાવ અને દેખાવ નિયત નથી. જેવો દ્રષ્ટા, જેવો ગ્રાહક, તે પ્રમાણે તે સ્વભાવ દેખાય છે. ભગવાન સર્વત્ર સર્વદા છે અને ખરો ભક્ત તેને સર્વત્ર અને સર્વદા જોઈ શકે છે; કારણ કે તેની દૃષ્ટિ મનુષ્યની દૃષ્ટિ જેવી હોતી નથી. કોઈ પણ રીતે મનુષ્યભાવ છોડવો, મનુષ્યની દૃષ્ટિ છોડવી, તે બધાં શાસ્ત્રોનો ઉપદેશ છે. તેનું કારણ તે ભાવની દૃષ્ટિ પૂર્ણ નથી. જીવ અને જગત જૂદાં નથી. તે વચ્ચે દેખાતા ભેદની લીટી નિયત નથી. તે ફેરવી શકાય છે; કોઇ વસ્તુને જોવી ત્યારે પૂરી જોવી જોઇએ અને તેનું ઉપયોગી તત્ત્વ પહેલું જોવું જોઇએ. મનુષ્યદૃષ્ટિથી બીનઉપયોગી પહેલું દેખાય છે; એટલે આત્માને બદલે શરીર દેખાય છે અને તેથી ઉપયોગી અદૃશ્ય થાય છે. બધા ઉપર પ્રેમ રાખવાથી બધી વસ્તુઓ સાથે એકતા સહજ થાય છે. તે એકતાથી બધાનું જ્ઞાન પણ સહજ થાય છે. તે વખતે ટૂંકી દૃષ્ટિ છૂટી જાય છે. તેનું નામ મોક્ષ. સારંગીના જૂદા જૂદા સૂરની જેમ એકસૂરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે; તેમ જીવ, જગત અને ઈશ્વર એક સંગીત-રૂપે અનુભવમાં આવવા જોઈએ.

એક નાટક ઘણા માણસ જુએ તેની અસર દરેક પ્રેક્ષકને દરેકની લાગણી પ્રમાણે થાય છે. ખરો રસ તેનેજ પડે છે, કે જે પ્રેક્ષક દરેક નાટકકારની સાથે તેના નાટ્યરસમાં એકતા પામી ગયો હોય. બધો આધાર જોનાર ઉપર છે. તે દૃષ્ટિએ જોઈએ તો જાણે નાટકને પોતાને જોનારથી પૃથક્ કાંઇ સ્વભાવજ લાગતો નથી. જો જગતનો સ્વભાવ નિયત માનીએ તો તેની સાથે એક થવું બહુ મુશ્કેલ પડે. તેમ માનવાની જરૂર નથી; કારણ કે તે સ્વભાવ નિયત નથી.

પશુઓને આપણા જેવી નીતિ નથી. તેઓને જગતના સૌંદર્યનો ખ્યાલ નથી, ધર્મનો ખ્યાલ નથી; કારણ કે તેની દૃષ્ટિ જૂદા પ્રકારની છે. તેથી તે જૂદા લોકનાં પ્રાણી છે. તે પોતાના શરીરને જોઈ શકતાં નથી, માણસ પોતાના શરીરને જોઇ શકે છે; મહાત્માઓ પોતાના શરીરને પોતાથી જૂદું જોઇ શકે છે અને યોગીઓ બીજાના શરીરમાં પણ પ્રવેશ કરી શકે છે; કારણ કે તેઓને પોતાના શરીર વચ્ચે અને બીજાના શરીર વચ્ચે ભેદ લાગતો નથી. એક માણસ અને બીજા માણસની વચ્ચે જે આકાશ દેખાય છે તે માત્ર પર્યાય છે. તેને માણસ આકાશ કહે છે; પણ તે ખરેખર આકાશ નથી. તે પણ કોઈ વસ્તુનો પર્યાય હોવાથી આત્મજ્ઞાનમાં તેનો સમાવેશ થાય છે તેથી દેશથી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળથી દૂરપણું દૂર થાય છે. નાના ગોળાકારનું મધ્ય-બિંદુ મોટા ગોળાના મધ્યબિંદુ સાથે એક થાય છે. જેવું જ્ઞાન તેવી દૃષ્ટિ અને તેવો અનુભવ.

સૂર્યોદય વખતે અને સૂર્યાસ્ત વખતે જે સૌંદર્ય દેખાય છે તે સાધારણ માણસ અને કળાવાન માણસ એકસરખી રીતે ભોગવી શકતા નથી. કળાવાનને તેમાં નવું સૌંદર્ય દેખાય છે; તેવીજ રીતે જગતના બધા પદાર્થોમાં અનેક પર્યાય છે. તેમાં અનેક પ્રકારનું સૌંદર્ય છે, પણ તે કળાવાનનેજ માલમ પડે છે.

જેમ કળાથી એકતા આવે છે, તેમ વિદ્યાથી પણ એકતા આવે છે. શરૂઆતનું જ્ઞાન ઇંદ્રિયોથી ઉત્પન્ન થયેલું હોય છે, તેથી તે અવિદ્યાવાળું હોય છે; કારણ કે તેનો આધાર ઇંદ્રિયો ઉપર રહેલો હોય છે. વિદ્યાનું જ્ઞાન આત્માથી આત્મામાં ઉત્પન્ન થાય છે. એક જ્ઞાનમાં બીજું જ્ઞાન ઉમેરી જ્ઞાનનો સરવાળો કરીએ તેથી પૂર્ણ જ્ઞાન થતું નથી. પૂર્ણ જ્ઞાન આત્માના તેજથી એકસાથે એક ક્ષણે પૂરી વસ્તુ બતાવે છે. શુદ્ધ મન શરીરથી છૂટું રહી શકે છે અને જૂદા જૂદા પ્રદેશમાં અને કાળમાં વિચરી શકે છે–એટલે કે, મનના ફેરફાર પ્રમાણે દેશ અને કાળના સ્વભાવજ ફરી જાય છે. જે વસ્તુ દૂર દેશમાં હોય તે નજીક લાગે છે. ઘણા કાળ પહેલાં બની હોય તે હમણાં બની હોય તેમ દેખાય છે. તેથી કેટલા-એક મહાત્માઓને જૂદાં જૂદાં શહેરો અને સારી સારી વસ્તુઓ જોવાની ઇચ્છા થતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાથી કળા ખીલે છે, જીવનાં ખોટાં બંધન તૂટી જાય છે, જગત પોતામાં સમાઇ જાય છે. મનના જ્ઞાન ઉપર અશ્રદ્ધા થવી જોઇએ. ખોટી ટેવ દૂર કરવી જોઇએ. ભગવાન કેવા છે તે વિષે કાંઇ કલ્પના બાંધવાની જરૂર નથી. જ્યાં મનના દોષ સ્પષ્ટ દેખાશે અને બધી કલ્પના હઠી જશે, ત્યાં પરમાત્મા પ્રત્યક્ષ પ્રગટ થશે. તે વખતે તે કેવા હશે તે આગળથી નક્કી કરવું નહિ. તેનામાં પોતાને સમજાવવાની શક્તિ છે.

જ્યાં દ્રષ્ટા અને દૃશ્ય એક થાય છે ત્યાં જ્ઞાન પ્રગટ થાય છે. જ્ઞાન એટલે વસ્તુને આખી જોવી. આખી જોવા માટે તેની સાથે એક થવું જોઇએ.

માણસ જેને મરણ કહે છે તે મરણ નથી. મરણ એટલે જે સાધનથી તે જીવ મનુષ્યતરીકે જીવતો હતો તે સાધન જીર્ણ થવાથી મૂકવું પડે છે. બીજાની દૃષ્ટિએ તે દેખાતો નથી. મનુષ્ય થવા માટે તેણે જે સાધન લીધું હતું તે મૂકી દીધું તેથી તે પોતે તો પહેલાં હતો તેવો રહ્યો; તેથી કાઠિયાવાડમાં મરી ગયેલ માણસને "પાછો થયો" એમ કહે છે. જેમ આજના દિવસના સંસ્કાર લઇને રાત્રે નિદ્રા લઇએ છીએ અને સવારે તે સંસ્કાર લઇને ઉઠીએ છીએ, તેમ મરણ વખતે આ જન્મના સંસ્કાર લઇ જીવ નીકળે છે અને તેજ સંસ્કારથી પાછું શરીર લે છે; પણ છતાં જેમ દરરોજ સૂઇને ઉઠયા પછી આપણને મરણ અને જન્મ જેવું લાગતું નથી, તેમ આપણો આત્મા મરતો નથી અને જન્મતો નથી. આપણે જન્મ્યા ત્યારે આપણને જન્મની ખબર નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાનો જન્મ જોઇને એમ લાગે છે કે આપણે પણ એવી રીતે જન્મ્યા હોઇશું, પણ તે હાલની દૃષ્ટિનું ફળ છે. પૃથ્વીની ઉત્પત્તિ કેવી રીતે થઇ હશે તે માટે સૌ કલ્પના કરે છે, પણ કોઇએ તે વખતે તેની ઉત્પત્તિ જોઇ નહોતી. તે માટે પણ હાલની દૃષ્ટિથી વિચાર થાય છે. મનુષ્યતરીકે દેહાભિમાનની દૃષ્ટિથી જન્મ અને મરણના બનાવ જેવા દેખાય છે તેવા વસ્તુતઃ નથી. પશુઓને જન્મમરણ માણસના જેવાં લાગતાં નથી; કારણ કે તેમને માણસના જેવી લાગણી નથી. જ્ઞાની તો પોતાને મનુષ્યના દેશ અને કાળથી અતીત જુએ છે, પોતાને અમુક જગ્યામાંજ રહેલા અને અમુક કાળમાં રહેલા માનતા નથી. એટલું ખરૂં છે કે, તેના દેખાતા મૃત્યુ વખતે તેની આસપાસ બેઠેલા તેના સગા અને મિત્રોને દુઃખ થાય છે, પણ તેનું કારણ તેઓની મમતા છે. જ્ઞાની પોતાના આત્માનું જન્મ પહેલાં અસ્તિત્વ જોઇ શકે છે તેથી મરણ પછી પણ તેને તેનો અનુભવ રહે છે; તેથીજ ભગવાને અર્જુનને પહેલાં સમજાવ્યું હતું કે, આત્મા જન્મતો નથી.

શરીર અને આત્માનો સ્વભાવ ઉંદર–બિલાડી જેવો છે. જેમ જીવતો ઉંદર બિલાડીને મારી શકતો નથી, તેમ જીવતું શરીર આત્મજ્ઞાનની આડે આવી શકતું નથી; તો પછી જ્યારે મરેલો ઉંદર બિલાડીને મારી શકતો નથી તો મરેલું શરીર આત્મજ્ઞાનને વિઘ્ન કેમ કરી શકે ? શરીર છૂટવાથી માત્ર શરીરના ધર્મ છૂટે છે. તે છૂટવાથી ઉલટો લાભ થાય છે. મરણ આત્માને સ્પર્શ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શકતું નથી. મરણનો સ્વભાવ નિદ્રા જેવો છે. નિદ્રા પણ આત્માને સ્પર્શ કરી શકતી નથી. વિચારથી દેશકાળ ઉત્પન્ન થાય છે, દેશકાળથી જીવન ઉત્પન્ન થાય છે. આત્મજ્ઞાનથી વિચાર બંધ પડે છે, તેથી અમુક જગ્યાએ અને અમુક કાળમાં જીવન રાખવાની જરૂર પડતી નથી. જે જોવું તે પૂરું જોવું. તે દૃષ્ટિએ વિચાર ફરી જાય છે. કવિતામાં, કળામાં, સંગીતમાં ઘણી વખત મન વિકાસ પામે છે અને નવા આનંદમાં મોજ કરે છે; ભજનની ધૂનમાં મરણ ચપટીમાં ઉડી જતું લાગે છે; મરતી વખતે તેવી દશા થાય તેને વિદેહ-મુક્તિ કહે છે; પણ કેટલાક ભાગ્યશાળી પુરુષોને જીવ-તાંજ તેવી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. તે જીવનમુક્ત કહેવાય છે. તે દૃષ્ટિએ જન્મ, મરણ, જીવ, જગત, ઈશ્વર વગેરે એકજ વસ્તુના પર્યાય અથવા દેખાવ લાગે છે. એકજ વસ્તુ સાચી છે, પણ જેવો દ્રષ્ટા અને જેવી તેની દૃષ્ટિ તે પ્રમાણે તે વસ્તુના દેખાવ લાગે છે. ખગોળવેત્તાને પૃથ્વી, સૂર્ય, ચંદ્ર અને તારા જૂદા પ્રકારના લાગે છે; વનસ્પતિશાસ્ત્રવાળાને પૃથ્વી જૂદા પ્રકાર-ની લાગે છે; ડૉક્ટરને શરીર ઉપર શસ્ત્રક્રિયા કરવી હોય ત્યારે તે તેને શાકની માફક મોળે છે.

આત્માના અનુભવ માટે મનુષ્યની ભાષા પૂરતી નથી. શ્રદ્ધાથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, તર્કથી પર્યાયમાંજ દૃષ્ટિ રહે છે. જ્ઞાન માટે શાસ્ત્રગુરુ અને અનુભવની જરૂર છે. અનુભવ માટે એકાંત અને વૈરાગ્યની જરૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે છે. પહેલા અનુભવમાં આશ્ચર્યકારક ભાવ, બીક, આનંદના ઉભરા, તેજ, શક્તિ વગેરે આવે છે. તે ઘણો વખત રહેતા નથી. તેમાં ચમત્કાર જેવું કાંઇ હોતું નથી. બીજાની નજરે જે ચમત્કાર લાગે તે જ્ઞાનીનો સ્વાભાવિક ભાવ હોય છે.

જ્ઞાની જે જે વસ્તુને જુએ છે, જે જે શબ્દ સાંભળે છે, જે જે વસ્તુને અડે છે, તે તે મય તે થઇ જાય છે. તેને વિચાર કરવાની જરૂર પડતી નથી, ચાલવાની જરૂર પડતી નથી. તે પોતાના શરીરને સમષ્ટિ-શરીરના ભાગતરીકે જૂદું જોઇ શકે છે. તે સિવાય સમાધિભાવ અથવા બ્રહ્મભાવ ટકતો નથી. આવા અનુભવમાં તેની બધી ઇચ્છા છૂટી જાય છે. જે જે કામ સામાન્ય માણસને ઉપયોગી લાગે છે, તે તેને ઉપયોગી લાગતાં નથી. તેનામાં સમતા અને નિષ્કામતા વિશેષ રહે છે. તે નાતજાતનાં બંધન રાખી શકતા નથી.

જ્ઞાનીને આત્મભાવે બધી દશાનો એકસાથે અનુભવ થાય છે. જીવની મુખ્ય ચાર દશા છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને ચોથી આત્મભાવની તુરીય અવસ્થા. ૐકારમાં અ, ઉ, મ અને ૅ, એ પ્રમાણેના ચાર અક્ષર એ ચાર દશાના સૂચક છે. જે દશામાં જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય ભાવ એકસાથે અનુભવમાં આવે તે ૐકારમય સિદ્ધદશા કહી શકાય. આ પૃથ્વીમાં રાત્રિ અને દિવસ એકસાથે થાય છે–એટલે કે, જ્યારે એક ઠેકાણે દિવસ હોય છે ત્યારે બીજે ઠેકાણે રાત્રિ હોય છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી જે વખતે એક ઠેકાણે એક માણસ જાગતો હોય, તેજ વખતે બીજે ઠેકાણે બીજો માણસ ઉંઘતો હોય; અને ત્રીજે ઠેકાણે તે વખતે ત્રીજો માણસ સ્વપ્ન અવસ્થામાં હોય; તેજ વખતે હિમાલયની ગુફાઓ જેવા સ્થાનમાં કોઇ યોગી 'તુરીય' અથવા સમાધિનો અનુભવ લેતો હોય છે. પરમાત્મામાં આ ચારે દશા એકસાથે એક વખતે રહી શકે છે; તેથી તેનું નામ ૐ છે. તે મંત્રનો ઉપર પ્રમાણે અર્થ સમજી જે જપ કરે છે અને તદાકાર થાય છે તેને પરમાત્માનો આવો સર્વાત્મભાવવાળો અનુભવ થાય છે. આ અનુભવ મનથી સમજાય નહિ; કારણ કે મન જ્યારે જાગ્રત્ હોય ત્યારે ઉંઘતું ન હોય અને ઉંઘતું હોય ત્યારે જાગ્રત્ ન હોય. મનનું રૂપાંતર થવું જોઈએ. તે દશાને વિજ્ઞાનમય દશા કહે છે. એ દશામાં દેહાભિમાન ન હોવાથી બહારનું જગત અંદર સમાઇ જાય છે.

આપણા શરીરનો કેટલોક ભાગ આપણે જાતે ચલાવીએ છીએ અને કેટલોક માત્ર આત્માની હાજરીથી પોતાની મેળે ચાલે છે. ખાવાનું કામ આપણે કરીએ છીએ, પણ પચાવવાનું કામ આપણે જાતે કરતા નથી; છતાં તે પણ આપણા આત્માની સત્તાથી થાય છે. આવા વિરુદ્ધ ધર્મવાળા સ્વભાવ એક આત્માના આશ્રયથી રહી શકે છે. કેટલાક હલકા જીવને ખાવાનું કામ અને પચાવવાનું કામ પણ જાતે કરવું પડે છે. જેમ ઉંચા પ્રકારનો જીવ તેમ તેનું ઘણું કામ સત્તામાત્રથી થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે; અને થોડુંક કામ પોતાની જાતની ક્રિયાથી કરવું પડે છે. ઉત્તમ પુરુષ અથવા પુરુષોત્તમને કોઇ કામ જાતે કરવું પડતું નથી. રાજાની માફક તેની સત્તાથી, હાજરીથી, તેનું બધું કામ બરાબર થયા કરે છે.

આ પૃથ્વીમાં એક સેકંડમાં લગભગ ૩૦૦૦ માણસ જન્મે છે. પશુ, પક્ષી વગેરેની ગણત્રી જૂદી. આ રચના સામાન્ય મનથી સમજાય તેવી નથી; છતાં બીજી રીતે જોઇએ તો આપણા પોતાના શરીરમાં અનેક ઝીણા જીવ છે; તેમાં ઘણા દરેક સેકંડે મરે છે અને ઘણા ઉત્પન્ન થાય છે; પણ જેવી તે જીવને લાગણી છે તેવી આપણને નથી. તેનું કારણ તે આપણામાં સમાઈ ગયા છે. તેવીજ રીતે પરમાત્મામાં સમાઇ ગયેલ આ વિશ્વમાં માણસને જન્મમરણની જેવી લાગણી થાય છે તેવી તેને નથી. તેવી લાગણી મુક્ત આત્માને પણ નથી; કારણ કે મુક્ત આત્મા તેજ પરમાત્મા છે.

જ્યારે મન ચંચળ હોય, વિક્ષિપ્ત હોય; ત્યારે તે પ્રભુતા પ્રાપ્ત કરવાને લાયક હોતું નથી. એકાગ્રતાના અભ્યાસથી જ્ઞાન મળે છે. શરીર અને મન શાંત રાખવાથી મનોબળ વધે છે, ઘણા કાળે મન વશ થાય છે, વિચાર દૂર થાય છે, તેની જગ્યાએ અંધકાર દેખાય છે, તે પછી અંધકાર પણ દૂર થાય છે અને તે જગ્યાએ તેજ, શક્તિ, આનંદ ઉભરાય છે. જીવને એમ લાગે છે કે, તે જાણે સમુદ્રમાં મોજારૂપે અથવા માછલારૂપે અથવા ઘડારૂપે ફરતો હોય. આવી દશામાં પ્રભુતા પ્રગટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારની જરૂર ન હોય ત્યારે તે મૂકી દેવાની શક્તિ પ્રાપ્ત કરવી જોઇએ. મૂર્ખ કારીગર પોતાનાં સાધન લઇ લઇને ફરે છે. ડાહ્યો કારીગર તે એક જગ્યાએ રાખે છે અને જરૂર પડે ત્યારે ઉપયોગમાં લે છે. તેવીજ રીતે વિચારની જરૂર ન હોય ત્યારે મન એક બાજુ મૂકી દેવું જોઇએ. તે મૂકાય ત્યારે નવું ચેતન અંદર પ્રગટે છે, જગત નવે રૂપે દેખાય છે, દૃષ્ટિ એટલી ફરી જાય છે કે બીજાને મદદ કરવાનો વિચાર પણ જતો રહે છે; કારણકે તે દૃષ્ટિએ બધું એકરૂપ લાગે છે. તે દૃષ્ટિમાં વેપારી બુદ્ધિ રહેતી નથી. છતાં તેના આત્માનું તેજ તેના સંબંધમાં આવે તેને લાયકાત પ્રમાણે મળે છે.

કેટલાકને જગતની ઉત્પત્તિના જેવો અનુભવ આત્મામાં લાગે છે. એટલે પહેલાં આત્મા આકાશની માફક વ્યાપક લાગે છે, પછી વાયુની માફક ચાલતો લાગે છે, પછી સૂર્યની માફક સર્વદ્રષ્ટા બને છે, ત્યાર પછી જળની માફક પ્રેમથી દ્રવે છે અને અંતે પૃથ્વીની માફક ઘટ અથવા ચિદ્‌ઘન અથવા આનંદઘન બની જાય છે. જેમ પંચભૂતનાં તત્ત્વો આત્મામાંથી ઉત્પન્ન થાય છે તેવીજ રીતે તે આત્મામાં લય થાય છે. મનને તો મૂકવું જ પડે છે. તે ઘણું અઘરૂં લાગે છે, પણ તેની જગ્યાએ નવી સારી દશા ઉત્પન્ન થાય છે, તેથી આશાનાં કિરણ જણાય છે. એ દશામાં દ્રષ્ટા અને દૃશ્ય એક થાય છે. જોનાર માણસ વસ્તુ સાથે એકદમ એક થાય છે; આજ સાચું જ્ઞાન છે, સાચું જીવન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં અખૂટ આશ્ચર્યકારક આનંદ છે. લોભ, ભય, ક્રોધ નાશ પામે છે અને નવું જગત જન્મે છે; એટલે કે આ જગત નવે રૂપે દેખાય છે.

પણ જેમ જંગલી માણસને સામાન્ય લખવા-વાંચવાની ભાષા શીખવામાં વખત લાગે છે; તેમ આકાશ, ઝાડ, ફળ, ફૂલ વગેરેની ભાષા સમજવામાં પરાવિદ્યાની જરૂર રહે છે. તે સંસ્કાર આવશે ત્યારે 'હું અને મારું' એ બોલવામાં શરમ આવશે. બીજાને નુકસાન થાય એવું કોઇ કાર્ય કરવાની વૃત્તિ થશે નહિ.

આત્મદૃષ્ટિએ બધું આત્મારૂપ લાગે છે. ઝાડ, પશુ, પક્ષી, સૂર્ય, ચંદ્ર, તારા આપણા શરીર કરતાં પણ આપણી વધારે નજીક છે. તે જ્ઞાન માટે દૂર જવાની જરૂર નથી; તે બધામાં છે.

ત્યારે એમ લાગે છે કે, જાણે કે આપણે નવું જગત રચતા હોઇએ. મન શાંત કરી પ્રેમથી બધામાં પોતાને જોવું તે ખાસ જરૂરનું છે. તે વખતે દોષ અને પાપ અદૃશ્ય થાય છે. આપણે આપણા મૂળમાં જઇએ છીએ. તે શાંતિમાં આનંદ મળે છે. શક્તિ, પ્રેમ, વિશાળતા, જ્ઞાન, તેજ વગેરે મળે છે. તેમાંથી નવા વિચાર, નવી લાગણી જન્મે છે. તે માટે થાક લાગે તેવી મહેનતની જરૂર નથી. ઉલટું નિષ્ક્રિય ભાવથી, સત્તામાત્રથી ઘણી ક્રિયા બને છે. ત્યાં ક્રિયા છે, પણ નવા સ્વરૂપે રહે છે. જેમ એન્જીનનો ડ્રાઇવર પોતે નીચે ઉતરીને દરેક વખતે પૈડાને ચલાવતો નથી પણ માત્ર એક લીવરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેરવી આખી ટ્રેનને ગતિમાં મૂકી શકે છે, તેમ આત્માની સૂક્ષ્મ ક્રિયાથી પ્રયત્નવગર જગતને ગતિ મળે છે.

પણ વિચાર અને લાગણીને ગતિમાં મૂકવા માટે આવી શક્તિ પ્રાપ્ત થયા પહેલાં મુશ્કેલી નડે છે. જ્યારે તે પ્રાપ્ત થાય છે ત્યારે બહુજ સરળ હોય તેમ જણાય છે.

માણસમાં ફેરફાર તો થયાજ કરે છે; પણ ખરો ફેરફાર ત્યારેજ થાય છે કે જ્યારે માણસમાં આત્મભાવ દાખલ થાય છે. ત્યારે તેને પોતાનું શરીર પોતાથી જૂદું દેખાય છે, અને બહારનું જગત પોતારૂપ લાગે છે. જ્યારે અંદરની દશા આવી શક્તિને લાયક થાય છે, ત્યારે આવી શક્તિ દાખલ થાય છે; છતાં નવો ભાવ લાંબો વખત ટકતો નથી. તેમાં ચઢ-ઉતર થયા કરે છે. દૃઢતાથી અંતે જિત મળે છે. તે ફેરફાર માટેજ મનુષ્ય વારંવાર જન્મ લે છે.

આખરે વિચાર બંધ પડે છે, અને તે જગ્યાએ શાંત લાગણી રહે છે, જૂદા વિચાર માટે જગ્યા રહેતી નથી. બધું જીવન ફરી થાય છે, પોતે પોતાનો નિયંતા બને છે, પવન તેનો દૂત બને છે, અગ્નિ તેની સેવા કરે છે, તે કાન વગર સાંભળી શકે છે, આંખ વગર દેખી શકે છે, જીભ વગર સ્વાદ લઇ શકે છે, નાક વગર સુંઘી શકે છે, ચામડી વગર બધાને સ્પર્શ કરી શકે છે. એક આત્માના જ્ઞાનથી સર્વ વસ્તુનું જ્ઞાન થાય છે. આત્મજ્ઞાની પરાવાણી બોલે છે.

પરાવાણી ઋગ્વેદના વાક્‌સૂત્રમાં આત્મભાવે પોતાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપ નીચે પ્રમાણે સંભળાવે છેઃ—

"હું વિશ્વદેવ બનીને જગમાં રમું છું,
આદિત્ય, રુદ્ર વળી હું વસુરૂપ જામું;
હું મિત્ર ને વરુણને ભરીને રહી છું,
ઇંદ્રાગ્નિને જગવું છું વળી અશ્વિનોને. ૧
જે રાજધાની વસુની ચિતિ જ્યોતિવાળી,
યજ્ઞો વડે પ્રથમ સંગમની ગણાતી;
દેવો પ્રવેશી બહુ પૌરજનો ગણાતા,
તે દિવ્ય રૂપ મુજનું બળકાવતા આ. ૨
હું સ્પષ્ટ વાણી વદું છું અનુભૂતિની આ,
દેવો તથા મનુજના હિતની ગણાતી;
જેનો પ્રકર્ષ કરવા મનમાં હું ધારું,
તેને બનાવું ઋષિ હું વળી આદ્ય દ્રષ્ટા. ૩
શ્રદ્ધા તમારી શ્રુતિવાક્ય મહીં વસે જો,
તો હું વદું શ્રુતિમુખે શ્રવણે ધરો આ;
જે શ્વાસધારી જીવ આ મુજ બીજમંત્રે,
મારા રહસ્ય સ્વરને સુણતાં રહે છે. ૪
જેઓ વિચારગ્રસ્ત થઇ મનમાં જુએ છે,
તે જાણતા મુજ બળે ભુવનો ઝગે છે;
જેઓ બહિર્મુખ બની ભમતા ફરે છે,
તે ક્ષીણ થાય બલયોગ વિના સૂકાતા. ૫
હું રુદ્રને ધનુષ અર્પું અમોઘ વીર્ય,
બ્રહ્મ દ્વિષો ઝટ હણાય શરપ્રહારે;
અંતર પ્રવેશી કરું છું જનને સુમસ્ત,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્યાવા પૃથિવી ધરીને રહું છું સમર્થ. ૬
હું સોમની વિકલતા હણીને બનાવું,
પૂર્ણેન્દુ રૂપ વળી મંડળ સૂર્યનાને !
ત્વષ્ટા બનાવું વળી પૂષણ નામ આપું,
તેના વિનાશી બલથી ભગ નામ આપું. ૭
જે અર્પતાં હવિષને રસ સોમ કાઢી,
તેને ઘણું દ્રવિણ અર્પું જગે અગાધ;
ચૈતન્ય વર્ષણ કરી પિતૃને પ્રબોધું,
અંતઃ સમુદ્ર જલમાં મુજ ચેાનિ રાખું. ૮
ત્યાંથી સચેત કરૂં છું ભુવનેા અનંત,
વિશ્વાત્મ રૂપ ધરીને પ્રતિ અંડ ચેાગી;
વાયુની મુક્તિ કરીને સઘળે ફરૂં છું,
વિશ્વે અનંત ભુવનેા મહીં હું રમું છું." ૯

તપસ્વી હુસેન મન્સૂર હમેશાં "અનલ હક" એટલે "હું ઇશ્વર છું" એમ પરાવાણીથી બેાલતા; તેથી કેટલાક આસુરી પ્રકૃતિવાળા માણસેાને ક્રેાધ આવ્યેા. તેઓએ તેમની જીવતા ચામડી ઉતારી તેમના શરીરના કટકા કરી નાખ્યા. ત્યારે પણ તે કટકામાંથી "અનલ હક, અનલ હક" એ પ્રમાણે અવાજ નીકળ્યેા હતેા. તે પછી તે કટકાને બાળી નાખવામાં આવ્યા, ત્યારે પણ તેમની રાખમાંથી અવાજ નીકળ્યેા કે "અનલ હક" अहं ब्रह्मास्मि।

ॐ शांतिः शांतिः शांतिः ॥

समाप्त

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગ્રંથનો સારાંશ

तत् कर्म हरितोषं यत् ।
सा विद्या तन् मतिर्यया ॥

જે કર્મથી હરિને સંતોષ થાય તેજ કર્મ છે,
જે વિદ્યાથી હરિમાં બુદ્ધિ રહે તેજ વિદ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સંસ્થાના પુસ્તકો

૧–પોસ્ટેજ ઉપરાંત વી. પી. ખર્ચ ૩. ૧૦) સુધીનો ૩. ૦।। જૂદો લાગે છે. ૨–મંગાવેલામાંનાં જે પુસ્તકો ન આવે તે ખલાસ સમજવાં. ૩–પૂરૂં મૂલ્ય તથા વધારાના પેકીંગ–પોસ્ટેજ ઈ૦ નો ૩ ૦। પ્રથમથી મોકલી ૮–૧૦ ૩। નાં પુસ્તક રેલરસ્તે મંગાવવાથી ટપાલ કરતાં બહુ ઓછો ખર્ચ આવશે. ૪–ઘણાંખરાં પુસ્તકોની અમદાવાદમાં હજી કિંમત ચાલુ છે.

ઉત્તમ ધાર્મિક ગ્રંથો	પૃષ્ઠસંખ્યા	મૂલ્ય
સંપૂર્ણ મહાભારત–શુદ્ધ ગુજરાતી ભાષાંતર	૫૨૦૦	૩૬)
શ્રીવાલ્મીકિ રામાયણ–ઉત્તમ ભાષાંતર. ૩૨ ચિત્રો.	૧૩૨૦	૬)
તુલસીકૃત રામાયણ–ઉત્તમ ભાષાંતર.૪૦ ચિત્રો.	૧૩૫૦	૬)
મહાભારતનું શાંતિપર્વ–ઉત્તમ ભા૦, નવી આવૃત્તિ.	૯૦૦	૫)
ગિરધરકૃત શુદ્ધ રામાયણ	૭૮૪	૨।
શ્રીયોગવાસિષ્ઠ મહારામાયણ–ઉ૦ ભા૦,બે ભાગમાં.	૧૬૦૦	૧૦)
શ્રીદાસબોધ–ઉત્તમ ભાષાંતર	૬૨૦	૨।।
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા–ઉત્તમ ભા૦,નવી આવૃત્તિ.	૮૦૦	૨)
શ્રીભગવતી ભાગવત–ઉત્તમ ભાષાંતર	૮૬૪	૪।।
શ્રીમદ્ભાગવત–ઉ૦ ભા૦,૧૬ ચિત્રો,નવી આવૃત્તિ.	૧૦૪૮	૩)
શ્રીરામકૃષ્ણકથામૃત–બંને ભાગ ભેગા	૬૫૦	૨।।
પંચરત્ન ગીતા–ગુ. ટીકા સાથે સામાન્ય અક્ષર ૦।, મોટા અક્ષર ૦।।		
ભગવદ્ગીતા–સરલાર્થસહિત–કદ ૩।।×૫।।,	પૃષ્ઠ ૨૫૬,	૦)ૐ, પા.કુ ૦)ૐ
,, ,, મોટા અક્ષર, કદ ૫×૬।।।	પૃષ્ઠ ૨૭૨	૦।, ૦।ૐ,
,, ,, શ્રીધરી ટીકાનુસાર, ૩।।।×૫।।।	,, ૪૮૦	૦।ૐ
ભગવદ્ગીતા–મરાઠી કે હિંદી ટીકાસહિત	૨૩૦	૦।
ભગવદ્ગીતા–મૂલમાત્ર–મધ્યમ અક્ષર ૦।, મોટા અક્ષર ૦।।		
પંચરત્નગીતા-મૂલમાત્ર-નાના,મધ્યમ તથા મોટા અક્ષરમાં ૦।,૦।ૐ,૦।।।		
મહાભારત અને રામાયણવિષે કેટલાક વિચાર	૨૦૦	૦।।ૐ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીમહાભારત વિષે-ખાસ જાણવા જેવા વિચાર ... ૩૨૮ ... ૧॥
અખાની વાણી-મનહરપદ સાથે ૧॥, **પ્રીતમની વાણી** ... ૧॥
છોટમની વાણી-ગ્રંથ પહેલો ૧, બીજો ૧॥, ત્રીજો ૧, ત્રણેના ૩. ૩)
ધર્મતત્ત્વ-બંકિમચરિત્રસાથે ૩. ૦॥ ... **યોગતત્ત્વ** ... ૧।
સ્વામી રામતીર્થ-ગ્રંથ ૧ લો-ભાગ ૧ થી ૫ ... ૫૮૦ ... ૨)
,, ,, ગ્રંથ ૨ જો-ભાગ ૬ થી ૯ ... ૬૮૦ ... ૨।
,, ,, ગ્રંથ ૩ જો-ભાગ ૧૦-૧૧ ... ૫૨૮ ... ૨)
,, ,, ગ્રંથ ૪ થો-ભાગ ૧૨-૧૩ ... ૬૪૦ ... ૨)
સ્વામી વિવેકાનંદ ગ્રંથ ૧ લો-ભાગ ૧ થી ૩ ... ૫૭૫ ... ૨।
,, ,, ગ્રંથ ૨ જો-ભાગ ૪-૫ ... ૬૦૦ ... ૨।
,, ,, ભાગ ૬ થી ૮ નોખા ... ૧૦૦૦ ... ૩।
,, ,, ભાગ ૯ મો-સંપૂર્ણ ચરિત્ર ... ૭૪૦ ... ૨॥
,, ,, ભાગ ૧૦ મો-રાજયોગ... ... ૩૦૦ ... ૧।
શ્રીભજનસાગર-કદ ૫×૬॥॥, પૃષ્ઠ ૨૩૬, સાદુ પૂંઠું ૦॥ પાકું ૦॥-
સ્વર્ગનું વિમાન... ... ૧॥ **સ્વર્ગની કુંચી** ... ... ૧॥
સ્વર્ગનો ખજાનો ... ૧॥ **સ્વર્ગનો પ્રકાશ** ... ... ૧॥

ઉત્સાહ અને ચેતનાપ્રેરક પુસ્તકો

શુભસંગ્રહ-ભાગ પહેલો ૦।, બીજો ૨॥, ત્રીજો ૧॥, ચોથો ... ૧॥
આગળ ધસો-નવી આવૃત્તિ... ... ... ૪૬૮ ... ૧॥॥
આદર્શ દૃષ્ટાંતમાળા-ભાગ પહેલો ૧)-, ભાગ બીજો ... ૧।
બંકિમનિબંધમાળા-ધર્મતત્ત્વસાથે ... ... ૫૬૦ ... ૧॥॥
પ્રભુમય જીવન (નવી આવૃત્તિ) ... ... ૧૪૪ ... ૦॥

ઇતિહાસ અને વૈદકસંબંધી પુસ્તકો

રાજસ્થાનનો ઇતિહાસ-બે મોટા ગ્રંથોમાં... ... ૧૫૩૦ ... ૧૦)
આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ ... ... ૭૦૦ ... ૪)
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન-ગાંધીજીકૃત... ... ૧૪૦ ... ૦-

બોધદાયક ઉત્તમ જીવનચરિત્રો

સ્વામી ભાસ્કરાનંદ તથા **વિજયકૃષ્ણ ગોસ્વામી** ૪૩૨ ... ૧॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતવર્ષ વીર પુરુષો ... ... ૨૮૮ ... ૧)
સ્વામી રામતીર્થની જીવનકથા ... ... ૬૪૦ ... ૨)
સ્વામી વિવેકાનંદનું સંપૂર્ણ ચરિત્ર ... ... ૭૪૦ ... ૨॥
શ્રી શિવાજી છત્રપતિ... ... ... ૩૫૨ ... ૨।
સક્રાટ્ અકબ્બર પૃષ્ઠ ૩૫૦ રૂ. ૧।, વીર દુર્ગાદાસ ૨૪૦ ... ૦॥)
શ્રીભક્તચરિત્ર અથવા ભક્તિરસામૃત... ... ૪૦૮ ... ૧॥
મુસ્લીમ મહાત્માઓ ... ... ૫૯૨ ... ૧॥)
ભારતનાં સ્ત્રીરત્નો–ત્રણ ગ્રંથોમાં પૃષ્ઠ ૨૧૦૦ રૂ. ૬, દરેક ભાગના ૨।
દાનવીર કાર્નેગી... ... ... ૪૦૦ ... ૧॥
કાઉન્ટ ટૉલ્સ્ટૉયનું જીવનચરિત્ર ... ... ૬૨૦ ... ૨॥
મહાન નેપોલિયન બોનાપાર્ટ ... ... ૮૪૦ ... ૩)

સ્ત્રીઓ તથા પુરુષોમાટે બોધપ્રદ વાર્તાઓ

ટુંકીવાર્તાઓ–ભાગ ૧ થી ૪ લેખા રૂ. ૨), ભાગ ૫ મો ૦॥।-
ટુંકીવાર્તાઓ–ભાગ ૬ ટ્ટો રૂ. ૧) ... ...ભાગ ૭ મો રૂ. ૧॥
દયાળુ માતા અને સદ્‌ગુણી પુત્રી... ... ... ૧૬૦ ... ૦।

બાળકોમાટે ખાસ ઉપયોગી પુસ્તકો

સદ્‌ગુણી બાળકો–૬૯ બોધ આપનારા બનાવોનો સંગ્રહ ... ૧૨૮ ... ૦।
બાળસદ્‌બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ... ... ૧૧૨ ... ૦।
બાળકોની વાતો–રસિક વાતચીતરૂપે ૨૧ પાઠ ... ૯૬ ... ૦)
દુઃખમાં વિદ્યાભ્યાસ–સચોટ સાચાં દૃષ્ટાંતો... ... ૯૦ ... ૦।
સુબોધક નીતિકથા ... ... ૧૮૪ ... ૦।-

ચિત્રો અને ચિત્રાવલીઓ

શ્રીમહાભારત ચિત્રાવલી અને શ્રીરામાયણ ચિત્રાવલી દરેકનો ૧)
શ્રીકૃષ્ણમુરારીનું અને દ્રૌપદીવસ્ત્રાહરણનું ત્રિરંગી ચિત્ર દરેકના ૦।-
જ્ઞાનપટ અને સોપાનપટ ... ... ૦)-

અસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, અહમદાબાદ અને કાલબાદેવી રોડ, મુંબઈ નં૦૨

Gurukula Library

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gurukula Library
Kangri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gurukula Library
Kangri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar